[illegible]

સંભાજીનું રાજ્યારોહણ

[illegible]

17 "પ્રજાબંધુ" ની સને ૧૯૨૨ ની ભેટ.

સંભાજીનું રાજ્યારોહણ

લખનાર

કેશવલાલ હરગોવિંદદાસ શેઠ

રીચીરોડ, કોઠારી પોળ, અમદાવાદ.

મુદ્રક અને પ્રકાશક:

ચીમનલાલ મોહનલાલ મોદી, બી. એ.

પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ,

ખાડીયા, જેઠાભાઇની પોળ, અમદાવાદ.

સને ૧૯૨૨. સંવત ૧૯૭૮.

પ્રત ૩૦૦૦. પ્રથમાવૃત્તિ

કિંમત રૂ. ૧૯

વસ્તુનિર્દેશ

શિવાજી મહારાજના સાયંકાળ પછી યુવરાજ સંભાજીને રાજ્યાભિષેક થયો. રાજ્યાભિષેકનું એ કથાનક વિકટ પ્રસંગો અને કઠિન સંજોગોવાળું છે. આ કથાનક મરાઠી પુસ્તક 'અસ્તોદય' ને આધારે લખાયલું છે. તેમાં એવો ઉલ્લેખ થએલો છે, કે રાજારામને ગાદી મળે તેટલા માટે તેની માતા સોયરાબાઇએ—અથવા શિવાજી મહારાજની એક પત્નીએ—શિવાજીને ઝેર દીધું હતું; પરન્તુ મહારાષ્ટ્રનો ઇતિહાસ જુદી જુદી કલમે લખાયલો છે. જુદા જુદા લેખકોએ શિવાજી મહરાજના અવસાનનું કારણ એકબીજાથી નિરનિરાળું જણાવેલું છે; એ હકીકત અહીં નિવેદન ન કરૂં તો વાચકને આ મુદ્દાની વાત વિષે શંકા રહે એ સ્વાભાવિક છે.

ચિત્રગુપ્ત એમ લખે છે કે શિવાજી મહારાજને શીતજ્વર લાગુ પડયો હતો અને તેના જ તે ભોગ થઇ પડયા હતા. ચિટણીસ અને રાયરીની તવારીખમાં પણ લગભગ એવો જ ઉલ્લેખ થએલો છે. ગ્રાન્ટ ડફ લખે છે કે શિવાજી મહારાજને ઘુંટણમાં સંધિવા થયો હતો અને તેની પીડામાં જ તેમનું અવસાન થયું હતું. બુંદેલાની તવારીખમાં જુદું જ કારણ દર્શાવેલું છે. તેમાં એમ લખેલું છે કે શિવાજી મહારાજે જાલના શહેરપર હૂમલો કર્યો, તે વેળાએ તેમના સિપાહીઓએ ત્યાંના ફકીરોપર ત્રાસ ગુજારેલો; તેથી તેઓ બિમાર પડયા ને સ્વર્ગવાસી થયા! ડૉ. ફ્રિયર અને ઇતિહાસકાર આર્મિના ગ્રંથમાં વળી એનાથી છેક જ ભિન્ન કારણ જણાવેલું છે. તેમાં લખ્યું છે:—"ઔરંગાબાદના સૈનિકોના ખર્ચ વાસ્તે પુષ્કળ નાણું આવે છે, એવી મહારાજને બાતમી મળી. તરત જ પોતાના ઘોડેસ્વારો સહીત ગુપ્ત રીતે મહારાજે મોગલાઇ ત્રિજોરી લાવનાર માણસોપર હૂમલો કર્યો અને તમામ દ્રવ્ય કબજે કરી, શત્રુદળ પોતાના માર્ગ આડે આવે તે પહેલાં, વાયુવેગે મહારાજ રાયગઢ જઇ પહોંચ્યા. હદ ઉપરાંતની તે દોડધામને લીધે મહારાજ અતિ શ્રમિત થઇ ગયા અને તેમની છાતીએ દુઃખાવો ઉત્પન્ન થયો. ગળેથી લોહી પડવા માંડયું. વેદનાથી જીર્ણજ્વર લાગુ પડયો. મોરોપંત જ્યારે ગુજરાતમાંથી ખંડણી વસુલ કરીને રાયગઢ પાછો ફર્યો ત્યારે મહારાજ છેક જ લથડી ગયા હતા. ત્યારપછી તેમનું એ વ્યાધિથી જ અવસાન થયું હતું."

આ બધાથી છેક જ ઉલટી વિગત 'શિવ દિગ્વિજય' માં છે. તેમાં એમ લખેલું છે કે મહારાજનાં બીજાં પત્ની સોયરાબાઇએ તેમને વિષ આપેલું; કેમકે સંભાજી પન્હાળગઢમાં કેદ થએલો હતો તે લાગ જોઇને પોતાના પુત્ર રાજારામને ગાદીએ બેસાડવાની તેની મહત્ત્વાકાંક્ષા હતી. આ કથાનકમાં 'શિવ દિગ્વિજય' નો જ આધાર લેવાયલો છે—આધાર જ લેવાયલો છે—અર્થાત્ સંપૂર્ણ ઐતિહાસિક કથાનો દાવો મારાથી થઇ શકે તેમ નથી; કેમ કે નવલકથાને અનુકૂળ નવાં પાત્રો અને નવું વસ્તુ, ઉચિત પ્રસંગે અન્દર ઉતારેલું છે.

પરન્તુ હકીકત આટલી જ નથી. આરંભે જણાવ્યું છે તેમ શિવાજી મહારાજના આખા ઇતિહાસમાં એવા ઘણા પ્રસંગો છે, જેની વિગત એકબીજાથી નોખી નોખી પડી જાય છે. સંભાજીના રાજ્યરોહણ સાથે શિવાજી મહારાજનો સ્વલ્પ ઇતિહાસ પણ સંકળાયલો જ છે; એટલે મતાંતરના થોડાક નમૂના જો અહીં હું ઉતારૂં તો ઇતિહાસરસજ્ઞોને ઉહાપોહ વાસ્તે તે ઉપયોગી નિવડયા સિવાય નહિ રહે એવો નમ્ર મત છે.

થોડાં વર્ષોથી દક્ષિણ વિભાગમાં શિવાજી મહોત્સવ ઉજવાય છે, તે શિવાજી મહારાજની **જયંતી** ઉજવાય છે કે **સંવત્સરી**, તેની બરાબર ખબર નથી. જો **જયંતી** જ ઉજવાતી હોય તો તે કયા લેખકના ગ્રંથને પ્રમાણભૂત ગણીને ઉજવાય છે એ પ્રશ્નનો નિષ્કર્ષ નીકળે તો વધારે સારૂં: કેમ કે શિવાજી મહારાજની જન્મતિથિ માટે પણ જેવો તેવો મતભેદ નથી! ઇતિહાસકારોના ભિન્નભિન્ન મત જોયા પછી અને શિવાજી મહારાજની આસપાસના પ્રસંગો અને સંજોગોનો વિચાર કરતાં શકે ૧૬૦૨, રૌદ્રનામ સંવત્સરે ઉત્તરાયણી ચૈત્ર સુદિ પૂર્ણિમાને રવિવારે મધ્યાહ્નકાળે એટલે તા. ૫–૪–૧૬૮૦ ને રોજ મહારાજનું અવસાન થયાની વાત ગળે ઉતરે છે; પણ જન્મતિથિ કઇ સ્વીકારવી, તે સવાલ તો શંકાસ્પદ જ રહે છે. મલ્હાર રામરાવકૃત તવારીખમાં અને શિવ દિગ્વિજયમાં જન્મ–માસમિતિ વૈશાખ સુદિ બીજ ને ગુરૂવારની જણાવેલી છે; પરંતુ તે મિતિએ ગુરૂવાર જ નથી આવતો! રાયરીની તવારીખમાં શકે ૧૫૪૮, ક્ષય નામ સંવત્સર અને વૈશાખ સુદિ ૫ ને સોમવાર લખાયલો છે; પરન્તુ તે તિથિએ સોમવાર પણ નથી આવતો! તથાપિ મરાઠી સામ્રાજ્યની તવારીખમાં અને વિલ્કીઝકૃત મ્હેસુરના ઇતિહાસમાં પણ વૈશાખ સુદિ ૫ લખાયલી છેઃ એટલે બહુમતી વૈશાખ સુદિ ૫ની આવે છે. જો વારની ભાંજગડમાં ન પડાય, તો તે દિવસ શિવાજી મહારાજની જયંતી વાસ્તે નિયત થઇ શકે.

શિવાજી મહારાજનો જન્મ ભોંસલે કુળમાં અને શિવનેરીના કિલ્લામાં થએલો, એ તો નિર્વિવાદ વસ્તુ છે; પરન્તુ તેમને કેટલી પત્નીઓ હતી, તેનો ચોક્કસ નિર્ણય થએલો જણાતો નથી. આ કથાનકમાં ત્રણ પત્નીઓ હોવાનો ઉલ્લેખ થયો છે; પરન્તુ ઇતિહાસકારોની દૃષ્ટિએ એ ઉલ્લેખ કેટલો વજૂદવાળો ઠરે છે, તે જોવાનું બાકી રહે છે. કેમ કે અગાઉ જણાવ્યું છે તેમ જુદા જુદા બખરકારોએ જુદું જુદું લખેલું છે. શિવાજીનો એક લગ્ન પ્રસંગ એવી રીતે વર્ણવાયલો છે કે શાહજીરાજા કર્ણાટકપરની ચડાઇમાંથી વિજય મેળવીને પાછા ફર્યા, ત્યારપછી શિવાજી મહારાજને વિજાપુર તેડી આણી તેમનો વિવાહ કરવાનો તેમને વિચાર થયો. તે ખબર શિવાજીએ જાણી, એટલે તેમણે તરત જ પિતાશ્રીને લખી જણાવ્યું કે "યવનોની વસતીમાં" [વિજાપુરમાં] મારો વિવાહ નથી ઇચ્છતો. ત્યાર પછી શિરકેની કન્યા સઇબાઈ સાથે ઇ. સ. ૧૬૪૦ માં વિજાપુરને બદલે પૂનામાં જ તેમનું લગ્ન થયું હતું. [સઇબાઇનો અવસાન કાળ ૧૬૫૯ નો જણાવેલો છે.] સઇબાઇની કૂખે અવતરેલો, એ જ સંભાજી (૧૬૫૭) સઇબાઇની પછી સોયરાબાઇ સાથે મહારાજનું લગ્ન થયાનો ઉલ્લેખ છે. તે કથા એવી છે કે વિજાપુરમાં આદીલશાહની, શાહજીરાજા નોકરી કરતા હતા. શિવાજી મહારાજ પોતાનાં માતુશ્રી જીજાબાઇ સાથે પૂનામાં હતા. દરમિયાન એક દિવસે શાહજીને આદીલશાહે ભર્યા દરબારમાં પૂછ્યું, કે "શિવાજીનું લગ્ન થયું છે કે નહિ?" શાહજીએ હા કહી, ત્યારે શાહે કહ્યું:—"મારી હાજરીમાં તો નથી જ થયું ને? ફરીથી પરણાવો." ત્યાર પછી મરાઠા સરદારની કન્યા સોયરાબાઇ વેરે શિવાજીના વિવાહ થયા હતા, જેની કૂખે અવતરેલો એ જ રાજારામ. (૧૬૬૪)[1] આ કથાનકમાં આ બન્ને રાણીઓનો ઉલ્લેખ તો થએલો જ છે. ઉપરાંત શિવાજી મહારાજ પાછળ સતી થનાર પત્ની પુતળાબાઇ વિષે પણ નિર્દેષ થએલો છે. એ ત્રણ રાણીઓ ઉપરાંત ગ્રાન્ટ ડફના લખવા પ્રમાણે શિવાજીને ચોથાં પત્ની પણ હતાં. ડો. ફ્રિયર એમ લખે છે કે ચોથાં પત્ની સાથેનું લગ્ન, શિવાજી મહારાજે પોતાના રાજ્યાભિષેક પ્રસંગે કર્યું હતું. રામદાસ સ્વામીની તવારીખમાં જુદી જ વિગત વંચાય છે. તેમાં એમ લખેલું છે કે સઇબાઇ, સોયરાબાઇ અને સગુણાબાઇ નામે, મહારાજને ત્રણ પત્નીઓ હતી. કલ્પીએ કે પુતળાબાઇનું જ બીજું નામ સગુણાબાઇ હોય; પરંતુ એ જ તવારીખમાં

---

૧ કેટલાક ઇતિહાસકારોએ ૧૬૬૧ ની સાલ લખેલી છે.

આગળ એમ જણાવેલું છે કે તે ત્રણ પત્નીઓ ઉપરાંત વધુ બે પત્નીઓ હતી. સભાસદ વળી એમ લખે છે કે સઇબાઇ સિવાય બીજી છ પત્નીઓ હતી.

આ પ્રમાણે પ્રસ્તુત કથાનકમાં ગૂંથાયલા વસ્તુ પૈકી જે મુખ્ય મતભેદવાળા બે મુદ્દા–શિવાજી મહારાજના જન્મકાળનો અને તેમની પત્નીઓનો–છે, તે વિષે આટલો ખુલાસો કર્યા પછી શિવાજી મહારાજના જીવનના ચીરસ્મરણીય પ્રસંગોમાંથી બે ત્રણ પ્રસંગોનો ઉલ્લેખ કરી, વસ્તુનિર્દેપ પતાવી દઇશ.

શિવાજી મહારાજના જન્મના સમ્બન્ધમાં કથા એવી છે કે યવનોનો મહા ત્રાસ વર્તી રહ્યો હતો, ત્યારે ભવાની દેવીએ જીજાબાઇને વરદાન આપ્યું હતું, કે ભોંસલે કુટુમ્બમાં શક પ્રવર્તક પુરૂષનો પ્રાદુર્ભાવ થશે અને યવનોના ત્રાસથી તે પુરૂષ સમસ્ત હિન્દુઓને ઉગારશે. [શકે ૧૫૯૬ ના જેઠ સુદિ ૧૩ અથવા ઈ. સ. ૧૬૭૪ ના જૂન માસની છઠ્ઠી તારીખથી શિવાજી મહારાજનો શક પ્રવર્ત્તાયો હતો.] જે કુળમાં જીજાબાઇનો જન્મ થયો હતો, તે કુળ, એક કાળે દેવગિરિનો રાજવૈભવ ભોગવતું હતું. તે રાજવૈભવ યવનોએ હરિ લીધે; ત્યારથી તે કુળને દરિદ્રતા અને પરવશતા પ્રાપ્ત થએલી. જીજાબાઇને પણ તે જ સમયથી યવનો પ્રત્યે વિરૂદ્ધ લાગણી ઉત્પન્ન થઇ હતી અને શિવાજી મહારાજમાં પોતાની જનનીનો જ એ ગુણ–જન્મથી ઉતરી આવેલો: ભવાની દેવીનું વરદાન અને જીજાબાઇનો આ વૃત્તાન્ત, બન્નેનો ઠીક બન્ધબેસતો આવે છે.

સ્વરાજ્ય સંસ્થાપક જીજાબાઇના એ કુળદીપક પુત્રનું નામ શિવાજી શાથી પડ્યું, તે વિષેનો વૃત્તાન્ત પણ જાણવા જેવો છે. એમ જણાવવામાં આવે છે કે શાહજી રાજાએ નિઝામશાહીનો ત્યાગ કર્યો, અને લુકજી જાધવરાય મોગલ સૈન્યને લઇ તેમને પકડવા દોડયો, તે વેળાએ સગર્ભા જીજાબાઇ જુન્નરના કિલ્લામાં હતાં. તેમને પોતાના સ્વામીપર આવી પડેલી આફતની વાત સાંભળીને બહુ દુઃખ થયું. તેમને ચિંતાજ્વર લાગુ પડયો. તે કિલ્લામાં શિવાઇ દેવીનું પ્રતિષ્ઠાસ્થાન હતું. જીજાબાઇએ તે દેવીની બાધા રાખી કે શાહજી મહારાજ ભયમુક્ત થશે ને અને પુત્રપ્રાપ્તિ થશે તો તેનું નામ, દેવી! આપના નામ જેવું જ રાખીશ; તે પરથી શિવાજી નામ પડ્યું.

શિવાજી મહારાજને જે એક સમશેર જીવનપ્રિય હતી, તેનું નામ ભવાની. તે સમશેરની કથા પણ સ્મરણીય છે. ઇતિહાસ એમ કહે છે કે શિવાજી મહારાજ એકવાર હરિહરેશ્વરનાં દર્શન કરીને પાછા ફરતા હતા,

ત્યારે તેમને કોઇએ ચાડી ખાધી કે ગોવલકર સાવંતને ત્યાં ત્રણુસો 'હોન'ની કિંમતી ને મશહૂર સમશેર છે. મહારાજે તો સ્પષ્ટ ઉત્તર આપ્યો છે કે તે છીનવી લેવાનો મને શો અધિકાર છે? તે વાત ગોવલકર સામંતને કર્ણગોચર થઇ અને સ્વયં ખુશીથી જ તે પવિત્ર સમશેરની મહારાજને તેણે ભેટ કરી. મહારાજ તે ભવાની સમશેરની પૂજા કરતા. નવરાત્રિના તહેવારોમાં દેવીના પ્રતિષ્ઠાસ્થાન આગળ ભવાનીને મૂકવામાં આવતી અને દશેરાને દિવસે તે સમશેરથી જ સજ્જ થઇને નવી ચડાઇએ મહારાજ નીકળતા.

અને છેલ્લી વાત શિવાજી મહારાજની 'નિરક્ષરતા' સંબંધી છે. ગ્રાન્ટડફનું વિધાન એવું છે કે મહારાજ નિરક્ષર હતા. તે આધારે બીજા ગોરા ઇતિહાસકારો પણ એમ જ માની રહ્યા છે; પરંતુ તે મંતવ્ય કપોળકલ્પિત હોવાનું અનેક પ્રમાણોથી પુરવાર થાય છે. દાખલા તરીકે 'શિવાજીની સાક્ષરતા' નામનો વિસ્તૃત લેખ 'સરસ્વતી મન્દિર' ના પાંચમા વર્ષના પાંચમા અંકમાં લખાયલો છે. વળી રાજવાડે કૃત ઇતિહાસમાંથી પણ શિવાજીને મળેલા શિક્ષણ વિષે જોઇએ તેટલી માહિતી મળી શકે છે. મહારાજે કેટલાંક પદ અને આરતિયો રચ્યાનું કહેવાય છે. તેમાં ઉર્દુ ભાષાના ઘણા શબ્દો આવે છે. દાદાજી કોંડદેવને ત્યાં તેમને જીજાબાઇદ્વારા શિક્ષણ મળતું, એવો ઇતિહાસમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. મહારાજ ફારસી ભાષાજ્ઞ પણ હતા, એવું વંચાય છે. થોડું થોડું સંસ્કૃત પણ જાણતા હતા, એમ 'છત્રપતિ શિવાજી' માં લખેલું છે; વળી એક સ્થળે તો એવો ઇશારો પણ થએલો છે કે શિવાજીના સમયના, તેમની પૂર્વે થઈ ગએલા, ઘણા મરાઠા સરદારોને સારી રીતે લખતાં વાચતાં આવડતું હતું.

ઇતિહાસજ્ઞો આવી વિગતોથી અનભિજ્ઞ હોય એવું હું માનતો જ નથી; છતાં અહીં કેટલાક પ્રસંગોનું સ્મરણ તાજું કરાવ્યું છે—તે એક જ હેતુથી, કે આવાં પ્રસંગો હમેશાં હૃદયપટપર તાજા ને તાજા જ રહે અને શિવાજી મહારાજનો યશોજ્જ્વલ ઇતિહાસ વાચવા જ નહિ, પણ તે વાચીને તેમાંથી લેવાય તેટલો બોધ લેવા હજુએ જે ન પ્રેરાયા હોય, તે પ્રેરાય; એવી પ્રેરણા માત્ર જ આ વસ્તુનિર્દેશથી થશે, તો પણ મને સંતોષ મળશે.

કેશવ હ. શેઠ

સાંકળિયું:—

પ્રકરણ		પૃષ્ઠ
૧	વિજયાદશમી	૧
૨	ડંખ	૬
૩	ઝેરીલી મહત્ત્વાકાંક્ષા	૯
૪	પન્હાળગઢ માં	૧૨
૫	રાણીનાં કારસ્થાન	૧૮
૬	સંભાજી	૨૪
૭	શિવાજી અને સોયરાબાઈ	૨૯
૮	વિષમય વાતાવરણમાંથી આનન્દનો ઉદ્ભવ	૩૨
૯	હિંમતનું ખૂન	૩૭
૧૦	" એ સાકર નથી, સોમલ છે. "	૩૯
૧૧	અગ્નિહોત્રિનો અંગારો	૪૧
૧૨	પુત્રોત્સવ	૪૪
૧૩	બાળાજી ચિટણીસ	૪૭
૧૪	રાજારામ	૫૨
૧૫	શિવાજીનો સાયંકાળ	૫૮
૧૬	સત્તાની વાતો	૬૩
૧૭	પ્રવાસી	૬૮
૧૮	પરસ્પરનો વિરોધાભાસ	૭૩
૧૯	કર્મફળ	૭૬
૨૦	ખાડો ખોદનારનું જ પતન	૮૨
૨૧	ગુરૂ—આશિષ	૮૭
૨૨	પ્રપંચનું પરિણામ	૮૯
૨૩	રાજ્યારોહણ	૯૭
૨૪	ઉપદેશામૃત અને સ્વપ્નલીલા	૧૦૦
૨૫	અન્નદાતા	૧૧૦
૨૬	નિષ્કંટક રાજ્ય	૧૨૧

સંભાજીનું રાજ્યારોહણ

પહેલું પ્રકરણ

વિજયાદશમી

આ જેવ બ્રાહ્મણની, દીવાળી વૈશ્યોની, હોળી શુદ્રોની અને વિજયાદશમી—દશેરા—ક્ષત્રિયોની: એવો સામાન્ય લોકવ્યવહાર છે. એ લોકવ્યવહારને સૌ કોઇ માથે ચડાવે છે—પછી તે રાજા હોય કે રંક હોય. વિશુદ્ધ આર્યકુટુમ્બોએ નિજ કુલાચારને તરછોડ્યો સાંભળ્યો નથી; તેની અવગણના થએલી ઇતિહાસમાં વંચાતી નથી.

ખરાં ક્ષત્રિ કુટુમ્બોના યશોજ્જ્વલ નામથી નામાંકિત થએલા મરાઠા કુળની આજ વિજયાદશમી હતી; 'આજ' એટલે ઇ. સ. ૧૬૭૯ની સાલની. તે કાળના મહાપ્રતાપી મરાઠાઓ પોતાના—વિજયાદશમીના—વ્રતનો મહિમા વિવિધ રીતે વધે, તેવો ઉત્સવ ઉજવી રહ્યા હતા. પ્રભાતના પહોરમાં અશ્વપૂજન અને તે સાથે આત્મપૂજનની મંગલ ક્રિયા થઇ રહી હતી. અશ્વચારી અને વિજયની વધાઈ સૂચનારી શરતબાજી હરિફાઇ માટેની ધાલમેલ ચાલી રહી હતી. પોતાના કુળને, જાતને, અંગને અને સ્વદેશને શોભાવનારો ગૌરવવંતો પોષાક સજવાને સૌ કોઇ વીરનાયકો સજ્જ થઈ રહ્યા હતા. પ્રજા પણ એ પવિત્ર ઉત્સવની ઉજવણીમાં રસપૂર્વક ભાગ લઇ રહી હતી. બાલકોનાય ઉત્સાહમાં મણા ન હતી. સમરાંગણમાં કેસરીઆં કરવા શણગારીને પોતપોતાના સ્વામીને વીરાંગનાઓ મોકલતી હોય, તેમ આજે સન્નારીઓ પણ મ્હાલામ્હાલ કરી રહી હતી. આમ જ્યાં જુઓ ત્યાં આનન્દ—આનન્દ છવાઇ રહ્યો હતો. એકનો એક જ સૂર્ય આજે જાણે ઈશ્વરના આશીર્વાદો વરસાવતો ઉગ્યો હોય એવો સૌ કોઇને આભાસ થતો હતો; પરંતુ આનન્દમાંયે શોકની ઝીણી રેખા ક્યાં નથી હોતી?

છત્રપતિ શિવાજી મહારાજના જીવન તરફ લગીર દૃષ્ટિપાત કરનારને તેમની ભવ્ય મુખમુદ્રાપર જરાય આનન્દ જણાતો ન હતો. શિવાજી મહારાજને પૂછ્યા સિવાય પણ, મુખાકૃતિપર છવાયેલા શોકના આવરણથી, તેમના હૃદયની ઉંડી વેદનાનો ખયાલ જોનારને આવી શકે તેમ હતો.

વિજયાદશમીના મંગલ પ્રસંગે પણ વેદના? એમજ હોય. દુઃખ જેટલું રોજ ના સાલે, તેટલું વારતહેવારે સાલે. ઈ. સ. ૧૬૭૪ના જેઠ મહિનામાં રાજમાતા શ્રી જીજાબાઈનો કાળ થયો, ત્યારથી શિવાજી મહારાજનું ચિત્ત અસ્વસ્થ રહેતું હતું. શિવાજી મહારાજે સ્વારીઓપર સ્વારીઓ કરી અને અનેક નવા નવા પ્રાંતોને સર કર્યા; તે સાથે દક્ષિણથી ઠેઠ રામેશ્વર પર્યંત મરાઠી શાસન પ્રવર્તાયું. એ બનાવ શિવાજી મહારાજ માટે ઓછો આનન્દપ્રદ ન ગણાય, ઓછો ગૌરવ ભર્યો ન ગણાય: પરંતુ એ આનન્દ અને એ ગૌરવ જીજાબાઈના અવસાન સાથે ગળી ગયો. શિવાજી મહારાજનું ફૂલ સરખું પ્રફુલ્લ મુખકમળ, સત્યંકાળે વિલાઈ જતા 'સૂર્યમુખી' પેઠે હંમેશ મ્લાન રહેતું હતું. તેમનો સ્વભાવ જ બદલાઈ ગયો હતો. જાણે પોતાનો સાયંકાળ લગભગ નજીક કેમ ન આવ્યો હોય, એવો તેમને આભાસ પડતો હતો. હૃદયના પ્રત્યેક ધડકારે "પોતાના દેહોત્સર્ગ પછી મરાઠા રાજ્યનું શું થશે." એ શંકાના ભણકારા તેમને ઉઠતા હતા.

એવા ભણકાર ઉઠવા અપ્રાસંગિક ન હતા; કેમ કે પોતાના પાટવી કુંવર સંભાજી તરફનો તેમને જરાય સંતોષ ન હતો. સંભાજી બહુ વિચિત્ર હતો. તેની વિચિત્રતા, એજ શિવાજી મહારાજની મુખ્ય વેદના હતી.

યુવરાજ સંભાજી સઈબાઈની કુખે અવતરેલો હતો. સઈબાઈ ઉપરાંત સોયરાબાઈ અને પુતળીબાઈ એમ બીજી બે ગૃહરાજ્ઞીઓ શિવાજી મહારાજને હતી. + સંભાજીનો જન્મ ૧૬૫૭માં થયો હતો. સોયરાબાઈના પુત્ર રાજારામનો જન્મ ૧૬૬૪ની સાલમાં થયો હતો. ૧ સઈબાઈનું અવસાન ૧૬૫૯ની સાલમાં થયું હતું.

+ ગ્રાન્ટ ડફના લખવા પ્રમાણે શિવાજી મહારાજને ચોથાં પત્ની પણ હતાં. ડૉ. ફ્રિયર લખે છે કે મહારાજે પોતાના રાજ્યાભિષેક સમયે ચોથાં પત્ની સાથે લગ્ન કરેલું; કોઈ કોઈ ઇતિહાસકાર એમ પણ લખે છે કે સઈબાઈ ઉપરાંત શિવાજી મહારાજને ૭ પત્નીઓ હતી.

૧ કેટલાક ઇતિહાસકારો રાજારામનો જન્મ ૧૬૬૧માં થયો લખે છે.

ત્રણ કન્યાઓ અને રાજારામ, એટલાં સોયરાબાઇનાં સંતાન હતાં. સોયરાબાઈ કાળી નાગણનો અવતાર હતી. તેની મહત્ત્વાકાંક્ષા રાજારામને જ રાજ્યાભિષેક થએલો જોવાની હતી. રાજ્યનીતિ સંભાજીને જ ગાદીએ બેસાડવાનું કહેતી હતી. સોયરાબાઇને એવી રાજ્યનીતિ કેમ ગમે ? એટલા માટે સોયરાબાઇએ જુદી નીતિને ગ્રહણ કરી હતી, પણ તે એવી રીતે, કે તે વાતની ભાગ્યે જ કોઇને ખબર પડે. બચપણથી જ સંભાજીને સ્વચ્છન્દી બનાવવામાં સોયરાબાઇએ આબાદ ભાગ ભજવ્યો હતો—એટલે સુધી કે સંભાજીને પન્હાળગઢમાં નજરકેદી તરીકેનું જીવન ગાળવું પડતું હતું. આ તરફ હરકોઈ રીતે રાજારામને મહારાષ્ટ્રની ગાદી મળી જાય, એ માટે શિવાજી મહારાજને સીધી કે આડકતરી રીતે સોયરાબાઇ ચોયપરેણા કરી રહી હતી. પરંતુ શિવાજી મહારાજ કાંઇ બુદ્ધિના બુઠ્ઠા ન હતા, હૈયાસૂના ન નહતાઃ તેઓ કુશળ રાજનીતિજ્ઞ હતા. સોયરાબાઇની પ્રપંચ કલાથી શિવાજી મહારાજ કેમ ચળી જાય ? છતાં એક વાત ગંભીર હતી, અને તે સોયરાબાઇનો ટકટકારો, કાયમની કચકચઃ હરકોઇ બ્હાને ગૃહકલહ. પોતાના ઉત્તર જીવનમાં, જ્યારે તેઓ શાંતિથી પ્રભુભક્તિ કરવામાં અધુરા જીવનની ધન્યતા માનતા થયા, ત્યારથી આવા પ્રસંગો તેમના અંતઃકરણને બહુ ડંખતા હતા.

એ ડંખ કેમ મટે, તેનો પોતે વિચાર કર્યા કરતા હતા. વિચારમાં ને વિચારમાં વિજયાદશમી પણ આવી પહોંચી. વિજયાદશમીને દિવસે શિવાજી મહારાજે શો મનસુબો કર્યો હશે, તે તો તે જાણે. આપણે એટલું જ જાણીએ શકીએ છીએ કે તે દિવસે સંભાજીને પન્હાળાગઢથી ખાસ રાયગઢ તેડાવ્યો હતો. તેડાવીને શિવાજી મહારાજે ઉપદેશના બે બોલ તેને સંભળાવ્યા હતા.

મહારાષ્ટ્રને દીપાવે એવા અસલ મરાઠા સાજથી દશેરાની સ્વારી વગેરેની સઘળી માંગલિક ક્રિયાઓ પત્યા પછી, શિવાજી અને સંભાજીએ નિરાંતથી એકાંતમાં દીવાનખાનાની અન્દર બેઠક લીધી. શિવાજી મહારાજને એ પ્રસંગ યુવરાજને ઉપદેશના બે બોલ કહેવા માટે યોગ્ય લાગ્યો.

શિવાજી મહારાજે સંભાજીને કહેવા માંડ્યુંઃ—"પૂજ્ય ગુરૂવર શ્રી સમર્થ રામદાસ સ્વામીએ મને એકવાર શાંત એકાન્તે જે ઉપદેશ દીધો હતો, તે સારાંશરૂપે આજ કહેવા માટે જ તને તેડાવ્યો છે મારો તો હવે સાયંકાળ નજીક આવતો જણાય છે. મારો કાળ થયા પછી ભવાની ખડ્ગને કલંક ન ચડે તે તારે સંભાળવાનું છે. તું શિવાજીનો રાજકુમાર છે, તે ગમે તે સંયોગોમાં ભૂલીશ નહિ. આર્યભૂમિની ઉજ્જવલ કીર્તિ ઝાંખી પડે

એવું એક પણ કર્ત્તવ્ય કરીશ નહિ. પાન અને ડાંખળી વગરનું વૃક્ષ નકામું છે. એ ધ્યાનમાં રાખી, પાન અને ડાંખળીઓ રૂપ પ્રજાને તું તરૂ રૂપ તરૂણ રાજકુમાર પ્રજાને વળગેલો રહેજે. પ્રજાને કનડગત કરીશ નહીં કે તેનો રાજ્ય પ્રત્યે અભાવ થાય એવું આચરણ આચરીશ નહીં. સૂર્ય જળને શોષી લે છે, પણ શરદ ઋતુમાં, શોષાયલા જળને ચક્રવર્તી વ્યાજ સાથે જમીનને જળ પૂરૂં પાડવામાં આવે છે, એવો જ રાજગુણ અને એવી જ રાજનીતિ ગ્રહણ કરજે. ઔરંગજેબને ભરૂંસે રહીશ નહીં."

આ પ્રમાણે ઉપદેશનાં વચનામૃતો સંભળાવ્યા પછી શિવાજી મહારાજે પોતાની અસ્વસ્થ પ્રકૃતિને લીધે આરામ લીધો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને સંભાજીએ વિદાય માગી અને તે પોતાના મહેલ તરફ ગયો; પરન્તુ જ્યારે શિવાજી મહારાજ સંભાજીને ઉપદેશ દેતા હતા, ત્યારે એક વ્યક્તિ બાજુપર છૂપાઇ રહીને એ બધું સાંભળી ગઇ હતી. પિતાપુત્ર એક બીજાથી છૂટા પડયા ત્યારે પેલી છૂપાયલી વ્યક્તિએ સ્વગત એટલો જ ઉદ્ગાર કહાડ્યો કે "ઠીક છે; સંભાજીને જ રાજગાદી આપવાનાં ચિહ્નો જણાય છે; પણ હવે શું થાય છે તે જોઉં છું." એટલું કહીને તે વ્યક્તિ ત્યાંથી ચાલી ગઇ.

બીજું પ્રકરણ.

ડંખ.

રત્નજડીત હાથાવાળી તલ્વાર, ઢાલ, મંદીલ, શિરપેચ, કલગી અને ભરૂગરઝી યુદ્ધ પોષાક: એટલી ભેટ શિવાજી મહારાજે સંભાજીને છૂટા પડતી વેળાએ આપી હતી તે ઉપરાંત 'દિલપાક' નામનો અશ્વ પણ આપવામાં આવ્યો હતો. એ અરબી ઘોડા સાથે 'ગજદંત' નામનો શુભ્ર હસ્તી પણ બક્ષીસમાં સંભાજીને મળ્યો. બક્ષીસ લઇને સંભાજી શિવાજી મહારાજથી છૂટો પડયો બીજે દિવસે પ્રભાતના પહોરમાં પન્હાળગઢ જવાનું ઠરેલું હતું; એટલે એક દિવસ રાયગઢમાં પોતાનાં અંગત સગાં સંબંધીઓને મળવાની તેણે તક લીધી.

શિવાજી મહારાજ પાસેથી છૂટા પડયા પછી સંભાજી પોતાને ઉતારે ગયો. તેની પત્ની યેસુબાઇ વાટ જોતી આંગણા આગળ ઊભી હતી. સંભાજીને

શિવાજી મહારાજે અંતિમ ઉપદેશ દીધો, ત્યારપછીથી તેની મુખમુદ્રા એકાએક ગંભીર અને શાંત થઇ ગએલી જણાતી હતી. યેસુબાઇ તેનું કારણ શી રીતે સમજી શકે ? તેણે કારણ પૂછ્યું. ત્યારે સંભાજીએ ગોળગોળ ઉત્તર આપ્યો, કે “ અર્જુને જ્યારે કરણનો વધ કર્યો, ત્યારે કરણ પાંડવોનો શો સગો થતો હતો, તે મહર્ષિ નારદે ધર્મરાજાને છાનુંમાનું કહ્યું હતું; પછી ધર્મરાજાએ મહર્ષિ નારદ સમક્ષ શું કહ્યું હતું ?”

“ધર્મરાજાએ એમ કહ્યું હતું કે બીલાડીના પેટમાં ખીર રહે, તો સ્ત્રીના પેટમાં વાત રહે. એટલે તમે મારાથી છાની વાત રાખશો ?” યેસુબાઇ બોલી.

“હમણાં થોડા વખત નહિ કહેવામાં જ નવ ગુણ છે. માટે જવા દે એ વાત; મારી યેસૂ! વહેલી નહિ તો મોડીમોડી પણ તું જાણ્યા સિવાય ઓછી જ રહેવાની છે.”

સંભાજીના આ શબ્દો છૂપી રીતે પેલી ગુપ્ત વ્યક્તિ સાંભળી ગઇ હતી. “ઠીક છે: હું બધું જાણું છું.” એમ મનથી જ બબડીને તે વ્યક્તિ ત્યાંથી ચાલી ગઇ. યેસુબાઇએ સંભાજી સાથે ઝાઝી પડપૂછ કરવાની આજે હઠ ન પકડી. બીજે દિવસે પન્હાળગઢ જવાનું હતું. દરમિયાન જે વખત રહ્યો હતો, તેટલા વખતમાં પોતાના ભાઇ રાજારામ વગેરેને મળી આવવાનું તેણે ઠરાવ્યું અને યેસુબાઇને તેડીને સંભાજી રાજારામને મળવા સારૂ ગયો.

રાજારામે સંભાજીનું સગા સહોદર જેટલા ભાવથી સ્વાગત કર્યું અને ત્યાંથી પછી સંભાજી સોયરાબાઇના ભુવન તરફ ગયો. અહીં જુદો જ રંગ જણાતો હતો! જો કે રાજપુત્રને છાજે, તેવું માન તો સંભાજીને મળ્યું, પણ તે માનના ભાવો ભિન્ન પ્રકારના હતા. ઉદ્વેગ, નિરાશા, મત્સર, ક્રોધ વગેરે લક્ષણો સોયરાબાઇના મુખપર સ્વાભાવિક રીતે જ છવાયલાં જણાતાં હતાં. સંભાજી કાંઇ બોથડ ન હતો. ઓરમાન માતાએ શાથી આવાં ચિહ્નો ધારણ કર્યાં હશે, તે જો કે સંભાજી ન સમજી શકયો, પણ સોયરાબાઇના પુત્ર રાજારામે જે ભાવથી પોતાનું સ્વાગત કર્યું હતું, તે ભાવથી ભિન્ન પ્રકારના જ ભાવો સોયરાબાઇએ ભજવ્યા હતા, એટલું તો એ સ્પષ્ટ સમજી શકયો હતો.

એ ભિન્ન ભાવોનાં આન્દોલનો સાથે સંભાજી પોતાની બાજી અપરમાતા-પુતળાબાઇ-ને મળવા સારૂ સોયરાબાઇના ભુવનેથી વિદાય થયો. સંભાજીના ગયા પછી સોયરાબાઇ પોતાના ભુવનમાં તેની વિશ્વાસુ દાસી સાથે બેઠી હતી. કોઇ શયતાને જાણે ઘેરી લીધી હોય, એવાં ચિહ્નો વ્યક્ત

ફરતી સોયરાબાઇ ગાદીપર આડી પડી પડી ગંભીર તર્ક વિતર્કમાં ગર્ક થઇ હતી. ઉઠે, બેસે, આમ તેમ ફરે, પણ સોયરાબાઇને કાંઈ ચેન જ ન પડે. સોયરાબાઇને માનસિક વ્યથા લાગુ પડી હોય એમ લાગતું હતું. છેવટ પોતાના રાજવૈદ્યને તેડી લાવવા સારૂ દાસીને મોકલી અને સોયરાબાઈ ભુવનમાં એકલી બેઠી બેઠી અંતરનો ઉભરો ખાલી કરવા લાગી:—" શિવાજી મહારાજના સાયંકાળ પછી રાજ્યગાદી શું સંભાજીને મળવાની ? મારો રાજારામ એ ભામટા—સંભાજીના હાથ હેઠળ ! ! છટ, એમ તો બનવા દેનાર નથી. સ્ત્રીચરિત્ર આગળ પુરુષોનું કેટલું ગજું ? શિવાજી મહારાજ પ્રજાના રાજા છે, કાંઇ ઘરના રાજા નથી. ઘરની તો રાણી હું. મારી આગળ બીજી રાણીઓ શી વિસાતમાં છે વારૂ ? સંભાજીનો કાંટો જ કહાડી નાખું તો કેમ ? " આમ વિચાર વમળમાં ગોથાં ખાતી સોયરાબાઇએ તોપનો અવાજ થતો સાંભળ્યો અને તે સ્વસ્થ થઇ તેણે બીજી દાસીને હાંક મારી.

" જી, હુજૂર " કહીને દાસી દીવાનખાનામાં દાખલ થઇ. તેને તોપનો એકાએક શાનો અવાજ થયો, તે વિષે સોયરાબાઇએ પ્રશ્ન પૂછ્યો, ત્યારે દાસી બોલી:—

" યુવરાજ સંભાજી—"

" ચૂપ ! નગણી ! એ શું બકે છે ! કોણ યુવરાજ ?

" મેં કહ્યું ને, કે યુવરાજ સંભાજી—

" જો પાછી ! જીભ જ ખેંચી નાખવી પડશે. યુવરાજ રાજારામ-એમ બોલતાં જીભે કાંટા વાગતા હશે ! "

દાસીએ નીચું જોયું. દાસી એટલે " ચિઠ્ઠીની ચાકરડી ". દાસીથી હઠ પકડાય તેમ ન હતું, દાસીએ શબ્દપ્રયોગ સુધાર્યો. તે ફરીથી બોલી:—

" સંભાજીરાવ—"

"હં, હવે બરાબર બોલી. એ દારૂડીઆને વિષયલંપટ સંભાજીને વળી યુવરાજનું વિશેષણ કેવું ? હં, કહે, તેને ને તોપના અવાજને શો સંબંધ છે ? " સોયરાબાઇએ મગરૂરીથી પૂછ્યું.

" એમ સાંભળ્યું છે કે સંભાજીરાવ આવતી કાલે વાજતે ગાજતે પન્હાળાગઢ જનાર છે, તેની વધાઇ તરીકે શિવાજી મહારાજે તોપો ફોડાવી—"

" એમ ? ઠીક; સંભાજી ! છેવટની સલામી ભોગવી લે. રાજ્યારોહણનો આગલ્યો દિવસ રામને આનન્દકારી હતો. તેની બીજી જ રાત્રીએ કર્મમાં દેશવટો સૃજાયો હતો. તું યે આજનો દિવસ વૈભવ ભોગવી લે." સોયરાબાઇ મનમાં બબડી.

સોયરાબાઇનો એ આખોયે દિવસ અને રાત આવા જ વિષય વિકારોમાં વ્યતીત થઈ. સંભાજીને અગમ્ય રીતે સોયરાબાઈ ડંખવા તૈયાર થઇ છે. સોયરાબાઇને સ્વાર્થાંધતાના લક્ષણ પ્રભાવે સંભાજી જાણે ડંખ રૂપ ખટકી રહ્યો હોય એમ જણાય છે; તે ઉપરાંત ખુદ શિવાજી મહારાજને સોયરાબાઇની વિકળ વૃત્તિનું જાણ્યે અજાણ્યે જાણે ભાન થયું હોય, એમ અત્યારપૂર્વે જણાઈ આવતું હતું. હવે શું બને છે તે આપણે જોઇએ.

ત્રીજું પ્રકરણ.

ઝેરીલી મહત્વાકાંક્ષા.

પ્રાતઃકાળ થયો. પ્રભાતના પહોરની તાજી, ખુશનુમા હવા સારાય વિશ્વને ફૂલ પેઠે પ્રફુલ્લ બનાવી રહી હતી અને નિર્મળ પ્રકાશમાં જગત સ્નાન કરી રહ્યું હતું; પણ સોયરાબાઇની દશા જુદી જ હતી. રોજ ઉગતો હતો એનો એ જ સૂર્ય આજે તેને ભિન્ન પ્રકારના ભાવોમાં જાણે ગરકાવ કરતો હોય એમ જણાતું હતું.

દાસીને રાજવૈદ્યને તેડી આણવા સારૂ મોકલી હતી, તે પરથી રાજવૈદ્ય પ્રભાતના પહોરમાં જ સોયરાબાઇના મહેલમાં આવ્યો. સોયરાબાઇ જરા સ્વસ્થ થઈ અને રાજવૈદ્યને તેણે ઠરેલપણું દાખવતાં પૂછ્યું;—"મારી પ્રકૃતિ એકાએક આમ શાથી થઈ ગઇ હશે, તે કહી શકશો? પ્રકૃતિને સુધારવાની કાંઇ માત્રા દઇ શકશો?" એમ કહીને સોયરાબાઇએ નાડી બતાવી.

રાજવૈદ્યે સોયરાબાઇની નાડી તપાસી. શરીરમાં કાંઇ વ્યાધિ ન જણાયો. થોડીવાર સુધી રાજવૈદ્ય સોયરાબાઇની આંખો સામું ટગરટગર જોઇ રહ્યો; પછી ચિકિત્સા કરીને તેણે શાંત સ્વભાવે સોયરાબાઇને કહ્યું:—"કોઇક રોગે ઘર કર્યું છે એ તો નક્કી વાત છે, પણ તે રોગ શારીરિક નથી; માનસિક વ્યથાથી પીડાતાં હો એમ લાગે છે. માનસિક વ્યથા લાંબી મુદત સુધી રહેશે, તો તેની અસર શરીરપર પણ જરૂર થશે."

"વારૂ, વ્યથા થવાનું શું કારણ હશે—વૈદ્યરાજ?"

"માનસિક કે શારીરિક, ગમે તે પ્રકારનો વ્યાધિ લાગુ પડવાનું મુખ્ય કારણ અપચો અને ચિન્તા છે; અપચો શારીરિક વ્યાધિ ઉત્પન્ન કરે છે, ચિન્તા માનસિક વ્યાધિ ઉત્પન્ન કરે છે."

"એ ચિન્તાને નિર્મૂળ કરવાની કોઇ દવા તમારા વૈદિકગ્રંથોમાં બતાવેલી હશે ?"

"એવી એક પણ વસ્તુ નથી, જેની દવા ન હોય."

"વાહ! બહુ આનન્દ થયો; ત્યારે વૈદ્યરાજ ! મને દવા બતાવો, હું તેનું સેવન કરૂં ને ચિન્તારૂપ વ્યાધિથી મુક્ત થાઉં."

"સુવિચાર અને સારાસાર વસ્તુનો વિવેક કરવાની શક્તિનો સદુપયોગ, એ ચિન્તારૂપ વ્યાધિને નિર્મૂળ કરવાની રામબાણ માત્રા છે."

"ઠીક; ત્યારે સાથે સાથે એટલું વધારે પણ કહી શકશો, કે ચિન્તા શાથી ઉત્પન્ન થઇ છે ?"

"જી; તે કામ વૈદ્યોનું નથી. અધ્યાત્મતત્ત્વવિદોનું છે. મ્હામાના મનની વાત જાણી લેવી એ કામ અતિ કઠિન છે; એને માટે મહાયોગ સાધવો પડે છે અને મહાયોગ સાધનારમાંથી યે વિરલ જ તેમાં ફળિભૂત થાય છે. સંભવ છે કે કદાચ રાજ્યજોષી તમારા છેલ્લા પ્રશ્નનો ઉત્તર દઇ શકે; બાકી હું રહ્યો રાજવૈદ્ય; છતાં મને એવી અટકળ થાય છે કે કોઇ ભયંકર કલ્પનાથી આપનામાં ચિન્તા ઉત્પન્ન થએલી છે."

"ભયંકર હો કે જયકર હો, કલ્પના તો થઇ છે, એટલી વાત નિર્વિવાદ છે. વૈદ્યરાજ ! તમારાથી હું કંઇ જ ગુપ્ત નથી રાખી શકતી. દારૂડીઆ, વિષયલંપટ પેલા સંભાજીને રાજ્યગાદી મળે, તો રાજ્યની શી દશા થાય, એટલું જ હું તમને પૂછું છું. વૈદ્યરાજ ! મને ચિન્તા ન થાય વારૂ ?"

સોયરાબાઇની મનોવૃત્તિ, સંભાજી વિષે વાત કરતી વેળા રક્ત ઢોળાયું હોય તેવી થએલી વિકરાળ આંખો, કર્કશ અવાજ, વગેરે ચિહ્નો રાજવૈદ્ય કળી ગયો. ચિન્તાનું કારણ તેના સમજવામાં આવી ગયું. તેણે વાત હવે ટુંકામાં જ પતાવવા માંડીઃ—

"શિવાજી મહારાજ સંપૂર્ણ વિચાર કરીને જ પગલું ભરશે, એવી મને તેઓશ્રીમાં આસ્થા છે, એટલે મારે આ વાત વિષે આપને કંઇ જ કહેવાપણું ન હોય."

સોયરાબાઇ રાજવૈદ્યની વૃત્તિ સમજી ગઇ; તેણે જોયું કે રાજવૈદ્ય રાજકાજની વાતમાં તટસ્થ રહેવાના સ્વભાવવાળો છે. એટલે સોયરાબાઇએ વાતને પલટાવતાં કહ્યુંઃ—

"વૈદ્યરાજ ! તમારી ગેરસમજ થઇ. હું સંભાજીના સંબંધમાં તમારો અભિપ્રાય નથી માગતી; ચિન્તા મને શાથી ઉત્પન્ન થઇ છે, તે જ મેં

તો જણાવ્યું. વારૂ, એ તો જાણે ઠીક; પણ હું તમને એમ પૂછું છું કે તમારી પાસે તો તરેહતરેહવાર દવાઓ રહેતી હશે, નહિ? દાખલા તરીકે એવાંયે વિષ રાખતા હશો, જેનો ઉપયોગ શત્રુઓનો સંહાર કરવામાં થતો હોય, જેના સેવનથી શત્રુ એકદમ મરણ નહિ પામતાં વિષની ધીરે ધીરે અસર થાય અને એમ કરતાં કરતાં જ તેનો કાળ થાય. અને ઘણીવાર કેટલાક રાજદૂતોદ્વારા એવી ખબર મળેલી, કે યુદ્ધવેળાએ બહુ બહાદુર શત્રુસેનાનીઓનો પરાજય કરવા સારૂ એવા વિષનો ઉપયોગ થાય છે; વારૂ તમારી પાસે એવાં વિષ રહેતાં હશે કે?"

"જવા ઘો એ વાત. મૂળ મુદ્દો તમને લાગુ પડેલા ચિન્તારૂપ વ્યાધિનો છે, તે કેમ મટે એ જ વિચારવાનું છે; તેમાં આવી વાતો કરવાથી શો ફાયદો થવાનો છે?"

"અમારે—સ્ત્રીઓને—એવી વાતો સાથે નિસ્બત પણ શી હોય? આ તો સ્હેજ પૂછતી હતી. ઠીક, તમે જાઓ અને મને જરા સ્વસ્થતા મળે એવી કોઇ દવા મોકલજો. અવારનવાર હું સુવિચાર અને સારાસાર વસ્તુનો વિવેક કરવાની શક્તિનો સદુપયોગ કરતી રહીશ. પછી તો મને આરામ થઇ જશે ને?"

"બેશક." શંકિત નજરે સોયરાબાઇના સામું જોઇને રાજવૈદ્ય ત્યાંથી વિદાય થયો. જતાં જતાં તેને સોયરાબાઇ વિષે અનેક તર્ક વિતર્કો થવા લાગ્યા. રાજવૈદ્યે શિવાજી મહારાજના આવાસ તરફનો રસ્તો લીધો; પણ રાજવૈદ્યનું મન આકુળ વ્યાકુળ થઈ ગયું હતું; તેને કશી સમજણ પડતી નહતી. પોતે ક્યાં જાય છે તેની પણ જાણે શુદ્ધિ ન હોય એમ દેખાતું હતું. રાજવૈદ્યે શિવાજી મહારાજના આવાસ તરફ જવાને બદલે પોતાને જ ઘેર જવાનું રાખ્યું. તેણે રસ્તો બદલ્યો અને નિજ ઘર તરફ તે વળ્યો.

આં તરફ, રાજવૈદ્યના ગયા પછી સોયરાબાઇએ તેની વિશ્વાસુ દાસીને પોતાની પાસે બોલાવી અને રૂઆબ દાખવતાં પૂછ્યું:—"તારા ધણીને રાજવૈદ્યની પાસે સરકારી પગારથી રાખવામાં આવેલો છે. રાજવૈદ્યની સાથે રહીને તેને શું શું કામ કરવાનું હોય છે તે તું જાણે ખરી કે?"

"જી; રાજવૈદ્ય માત્રાઓ ઘૂંટવાનું, તે કહે તેમ દવાઓ બનાવવાનું, કઇ દવાપર કઇ ચિઠ્ઠી ચોંટાડવી, તે અને દવા ઓળખવા માટેની કેટલીક સંજ્ઞાઓ સમજી જવાનું કામ સામાન્ય રીતે હોય છે; એટલું હું જાણું છું."

"ઠીક, એને મારી પાસે મોકલજે, તેની કામગિરી કેવી છે, તે મારે જરા જોવી છે—અથવા એમ શા માટે? લે ને હું તને જ કહી દઉં, રાજ

વૈદ્ય પાસે કઇ કઈ જાતનાં ઝેર રહે છે, તેની તો તારા ધણીને ખબર જ હશે; તે વિષના ઉતાર વિષે પણ કંઇક જાણતો હોવો જોઇએ. જેટલા પ્રકારનાં વિષ હોય અને તેના જે જે ગુણો હોય તે મારે જાણવા છે; મને માત્ર જાણવાનું મન જ થયું છે. હું કાંઇ તેનો ઉપયોગ નથી કરવાની, પણ મારે જોવું છે કે એવાં ઝેર દેખાવમાં કેવાં હોય છે, તેનો રંગ કેવો હોય છે, વગેરે. માટે દરેક ઝેરની ન્હાની ન્હાની પડીકીઓ વાળીને મને આપી જાય, એટલી તારે ખાનગી રીતે ગોઠવણ કરવાની છે. એ ગોઠવણ બને તેટલી વહેલી કરવાની છે, સમજી ?"

"જીઃ આજ સાંજે આવશે ત્યારે બધી વાતની તેમને સમજણ પાડીશ, પછી કહ્યા મુજબ પડીકીઓ લાવવાની ગોઠવણ થઇ શકશે." દાસીએ કહ્યું.

"લે, આ મોતીમાળ; દાસી ! જા સુખી થા; પણ જો જે, અહીંની વાત જીવ જતાં સુધી અહીં જ રહેવી જોઇએ. બીજે કાને ગઇ, તો મોત થયું સમજજે; આપણે તો અમસ્તાં—ઝેરને ઓળખવા જ તે મંગાવીએ છીએ, પણ કોઈ જાણે તો તેનો જુદો અર્થ થાય, માટે જ તને ચેતવણી આપવી પડી છે."

આટલી વાત થયા પછી અમાત્ય રામચંદ્ર પંતનું સોયરાબાઇના ભુવનમાં આગમન થયું. મુજરો કરીને રામચન્દ્રપંતે એક પત્ર કાઢીને સોયરાબાઇના હાથમાં મૂક્યો. મૂકતાં મૂકતાં રામચન્દ્રપંતે આસપાસ ચોર દૃષ્ટિથી જોઇ લીધું. પત્રમાં કોઈ ગુપ્ત મજકુર હોવો જોઇએ, એમ તેની મુખમુદ્રાપરથી જણાતું હતું.

ચોથું પ્રકરણ.

પન્હાળગઢમાં.

પાછલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે રાજવૈદ્ય સોયરાબાઇ પાસેથી ઉઠીને ઘેર ગયા પછી તેને કાંઇ ગોઠ્યું નહિ, તે શિવાજી મહારાજના મહાલય તરફ ગયો. તે વખતે શિવાજી મહારાજ રાજજોષી સાથે બેઠા હતા અને બન્ને જણ વચ્ચે શુક્રતારાના ભયંકર સ્વરૂપ સંબંધી વાટાઘાટ ચાલતી હતી. જોષીજી સમર્થ વિદ્વાન હતા, સ્પષ્ટવક્તા હતા, શિવાજી મહારાજને તેમનાપર સારી આસ્થા હતી. આજ સાયંકાળ વેળાએ જે શુક્રતારો ગમન-

મંડળમાં દેખાતો હતો, તે વિષે જોષીજીએ કોઈ ચમત્કારી પણ ભયપ્રદ ભાવિચિહ્નનો મહારાજને કહી સંભળાવતાં શિવાજી મહારાજ અતિ અચંબો પામતા વિચારમગ્ન થઈ રહ્યા હતા. એ શુક્રતારો જોષીજીના કહેવા પ્રમાણે શિવાજી મહારાજના સાયંકાળનો સૂચક હતો એટલું જ નહિ, પણ પોતાના મહારાષ્ટ્ર રાજકુટુંબમાં જબરી ઉથલપાથલ થશે એવું ગર્ભિત સૂચન કરનારો હતો. મહારાજ ભાવિ પરિણામ શોચતા શાન્ત ચિત્તે બેઠા હતા, એટલામાં જ રાજવૈદ્ય ત્યાં જઈ ચડ્યો. તેણે શિવાજી મહારાજનો ખિન્ન ચહેરો દીઠો અને તેપરથી તેને જુદો જ વિચાર ઉત્પન્ન થયો. જોષીજીએ શુક્રતારક સમ્બન્ધી હકીકત રાજવૈદ્યને કહી સંભળાવી: સાંભળતાં જ સોયરાબાઈની વૃત્તિ ને તેના વિચારોવાળી સ્મૃતિ તાજી થઇ અને રાજવૈદ્ય સખેદાશ્ચર્ય પામ્યો; પણ સોયરાબાઇની વિચિત્ર વૃત્તિ સંબંધી આવે પ્રસંગે શિવાજી મહારાજને વાત કરીને બળતામાં ઘી હોમવા જેવું ડહાપણ રાજવૈદ્યે ન જ વાપર્યું. મહારાજની અસ્વસ્થ પ્રકૃતિની ચિકિત્સા કરીને યોગ્ય દવા આપીને જ તેણે પોતાની ફરજ અદા કરી હોય એમ રાજવૈદ્યે હાલ મન વાળ્યું.

ત્યારપછી રાજ્ય વહિવટના સંબંધમાં કેટલીક ખાનગી મસલત ચાલી. દરમિયાન સ્વાભાવિક રીતે જ શિવાજી મહારાજથી સંભાજી અને રાજારામને શી રીતનો રાજવહિવટ સોંપવો, તે વિષેની ચર્ચા ચર્ચાઇ ગઈ.

શિવાજી મહારાજે મનની વાત પોતાના બન્ને વિશ્વાસુ માણસો—જોષીજી અને રાજવૈદ્યને—કહી સંભળાવી, કે "મોટો સંભાજી છે, તેથી તેને યુવરાજપદાનુસાર આ તરફનો પ્રદેશ શાસન માટે સોંપવો અને રાજારામને તેને યોગ્ય હોદ્દે ચડાવવો. સંભાજી જો કે ઉછાંછળા સ્વભાવનો દેખાય છે, પણ એકંદરે તે મહા શૂરવીર ને પરાક્રમી નિવડશે એમ મને લાગે છે. તેનામાં રાજ્યશાસન ચલાવવાની જે શક્તિ છે, તે રાજારામનામાં નથી જણાતી; છતાં ચડાઉ સ્વભાવ, હઠાગ્રહ, વ્યસન વગેરે તેનામાં જે લક્ષણો જણાયાં છે, તેથી મને રાજ્યને માટે ચિન્તા તો રહે છે જ. ગઈ કાલે જ મેં તેને ઉપદેશ દીધો છે અને જો તે ઉપદેશની સારી અસર લઇને જ ગયો હશે તો મારે માટે ચિન્તાનું કારણ એટલેથી જ વિરમી જશે; પણ હવે જે સમય જાય છે, તે મારા રહ્યાસહ્યા સ્વલ્પ આયુષ્યમાંથી અસાધારણ ઘટાડો કરનારો જાય છે, માટે હું એવા નિશ્ચયપર આવ્યો છું કે આ કાર્ય બને તેટલું વહેલું નક્કી થઇ જવું જોઇએ. તમને—બન્નેને—આજે હું અહીંજ ભોજન લેવાનું કહું તો ? મને લાગે છે કે ઘણે દિવસે આજ

તમે બન્ને એક સાથે મને મળ્યા છો; હજી વધારે વખત આપણે સાથે રહીએ, તો આ મહત્ત્વના કાર્યના ઉકેલમાં મને તમારી સલાહનો લાભ મળે."

"મહારાજની જેવી આજ્ઞા." બન્ને જણે ભોજનનું નિમંત્રણ માથે ચઢાવ્યું.

હવે આ તરફ, પન્હાળગઢમાં શું બને છે, તે આપણે જોઇએ. યુવરાજ સંભાજી રાયગઢથી નીકળી પન્હાળગઢ જનાર હતો, તેથી તેના સ્વાગતને લગતી તૈયારીઓ કરવા સારૂ કબજી નિમગ્ન થઈ રહ્યો હતો.

કબજીનું બીજું નામ કલુશા હતું અને એ નામ તેના કામ-ગુણપરથી જ પડયું હોય એવી અટકળ લોકો કરતા હતા. એ કલુશા મથુરાંનો મૂળ વતની અને પંડયા કુટુમ્બનો આદમી હતો. સંભાજી સાથે શિવાજી મહારાજ ઔરંગઝેબની આંખોમાં ધૂળ નાખી, આગ્રાથી વેષાન્તર કરીને બહાર નીકળી ગયા અને મથુરાંમાં મોરોપંત પિંગળેને ઘેર બન્નેએ આશરો લીધેલો. ત્યાર પછી સંભાજીને ત્યાં જ રાખીને શિવાજી મહારાજ દક્ષિણ તરફ ચડાઇ લઇ ગયા હતા અને ત્યાંથી પાછા ફરતા શિવાજી મહારાજ આ કલુશાને બાહોશ સરદારની ભીડ ભાગનારો સમજીને તેડતા આવ્યા હતા.

જણાવવાની જરૂર નથી, કે યુવરાજ સંભાજી પન્હાળગઢમાં નજર કેદ તરીકે રહેતો હતો. તેની દેખરેખ માટે હીરોજી ફર્જંદ, સોનાજી નાયક સૂર્યાજી માવળા, એટલા અધિકારીઓ પન્હાળગઢમાં શિવાજી મહારાજ તરફથી રહેતા હતા. તેમની સાથે જનાર્દનપંત મુખ્ય અધિકારી તરીકે રહેતો હતો. ઉમાજી નામનો સંભાજીનો વિશ્વાસુ પરિચારક અને કબજી ઉર્ફે કલુશા વગેરે માણસો સંભાજીની તહેનાતમાં રહેતા હતા. સર્વ બંદોબસ્ત શિવાજી મહારાજની આજ્ઞા મુજબ થયો હતો.

પન્હાળગઢમાં હીરોજીના વાડામાં આજ પ્રભાતકાળથી ઉપર જણાવેલા ત્રણે જણ-સોનાજી, સૂર્યાજી અને હીરોજી-પરસ્પર કેટલીયે વારથી વાટાઘાટ ચલાવી રહ્યા હતા. હીરોજી પોતાની તલ્વારપર હાથ નાખી, પ્રતિજ્ઞા લઇને બોલતો હોય તેમ બોલ્યોઃ- "શિવાજીનો હું સગો સહોદર નથી, પણ શહાજી રાજાનું બીજ છું. આગ્રામાંથી શિવાજી અને સંભાજીનો છૂટકારો સુરક્ષિતપણે થવામાં મેંજ ભારે જોખમ ખેડયું હતું. તેવુંજ જોખમ ખેડવાનો સમય ફરીથી પ્રાપ્ત થયો છે. મુદ્દાની વાત એ છે કે શિવાજી મહારાજને હસ્તે સંસ્થાપિત થએલી મહારાષ્ટ્ર રાજ્યની ગાદી અબાધિત કાયમ રહે એવી ખટપટ ઉપાડવાનો મેં દૃઢ નિશ્ચય કરેલો છે. સોયરાબાઇના વચનથી હું બન્ધાયલો છું. એકંદરે શિવાજી મહારાજ સંભાજી માટે ભગનાશ થએલા

હોય એમ લાગે છે. સંભાજીને હાથે શાસનનું સંરક્ષણ થાય કે નહિ, તે વિષે મહારાજને ભારે શંકા છે. એટલા જ માટે સંભાજીને બદલે રાજારામને રાજ્યારોહણ થએલું જોવા મહારાજ આંતરિક દૃષ્ટિયે ઇચ્છતા જણાય છે." એટલું બોલીને પોતાના ગજવામાંથી હીરોજીએ પત્ર કહાડયો અને તે બોલ્યોઃ— "મારી વાતના પુરાવામાં આ પત્ર પ્રત્યક્ષ છે. મહારાણી સોયરાબાઇના હસ્તાક્ષર તો તમે સૌ ઓળખો છો જ."

વચમાં જ ઉમાજી બોલ્યોઃ—"મને પણ એક પત્ર સોયરાબાઇ તરફથી મળ્યો છે! તે આ રહ્યો." ઉમાજીએ પણ ગજવામાંથી કાગળ કાહાડીને બતાવ્યો. સૂર્યાજી આશ્ચર્યચકિત થયો. તેણે પૂછ્યું "પણ આ કેવો ઘાટ? વિજયાદસમીની સ્વારી પછી, શિવાજી મહારાજ પાસેથી ખુશખુશાલ સંભાજી પન્હાળગઢ પાછા ફરનાર છે, પિતા પુત્રની મુલાકાત નિમિત્તે યુવરાજને સારો શિરપાવ મળ્યો છે, યુવરાજનું પન્હાળગઢમાં આગમન થવાની ઘડીઓ ગણાય છે, કબજી તેમના સ્વાગતને લગતી તૈયારીઓ કરી રહ્યો છે અને તમે તો કોઇ બળતી જ વાત કરો છો!"

વિકારી દૃષ્ટિપાત કરતાં હીરોજી બોલ્યોઃ–"સૂર્યાજી! તમારો પ્રશ્ન સિપાહીગિરીને શોભાસ્પદ હશે, પણ મુત્સદ્દીપણાનું તમને ભાન હોય તેમ નથી લાગતું. દિલ્હીરખાનને મળી જઇને મહારાષ્ટ્ર રાજ્યપર સંભાજીએ કેવી આફત આણી હતી, તે ભૂલી ગયા? શિવાજી મહારાજ એવા દ્રોહી પુત્રને ગાદી સોંપીને શું કરે? યુવરાજને નજરકેદમાં રાખ્યે ૭ મહિના થયા. ૭ મહિનામાં તે કેટલો સુધર્યો છે, તેની તપાસ માટે જ મહારાજે તેને રાયગઢ તેડાવ્યો હતો. મહારાજે જોયું કે એ તો" એ ભગવાન એના એ જ "રહ્યા છે. તેથી જ પન્હાળગઢમાં યુવરાજને નજરકેદી તરીકે કલાવી પટાવીને પાછો મોકલવામાં આવ્યો છે. નહિ તો તેને રાયગઢમાં જ રહેવાની ગોઠવણ ન થાત?"

સોનાજીએ હીરોજીના સમર્થનમાં કહ્યું:–"હીરોજીની અટકળ બરાબર લાગે છે, નહિ તો પન્હાળગઢમાં યુવરાજને પાછો શું કરવા મોકલે?"

"તમે સમજ્યા એ ખરૂં." હીરોજીએ સોનાજીનો ખભો થાબડતાં હસતાં હસતાં કહ્યું.

હવે ઉમાજીનો વારો આવ્યોઃ–"મારા પત્રમાં પણ લગભગ એવો જ મજકુર છે. જુઓઃ–" ઉમાજીએ પત્ર વાંચવા માંડયોઃ–"સંભાજીને કોઇ પ્રકારનો સન્દેહ ઉત્પન્ન ન થાય એટલા જ માટે ભારે ઠાઠમાઠ સાથે તેને પન્હાળગઢ તરફ

પાછો મોકલવાની મહારાજે પેરવી રચી છે, બાકી તેની છેલ્લી મુલાકાત પછી મહારાજને ખાતરી થઇ ચૂકી છે કે સંભાજીનું વર્તન સુધરવાનું નથી; તેથી મહારાજે હવે રાજારામને જ રાજ્યાભિષેક કરવાનું ઠરાવ્યું છે. રાજ્યાભિષેકની તિથિ માત્ર હાલમા ગુપ્ત રાખવામાં આવી છે. કેમ કે તિથિ હમણાંજ જાહેર થાય, તો વળી સંભાજી તોફાન માંડે...."

પત્ર વંચાતો હતો, તેની વચમાં જ હીરોજી બોલ્યોઃ—વાહ ! જે મારા પત્રમાં લખ્યું છે, તે જ તમારા પત્રમાં છે ! વધારામાં, મારા પત્રમા રાજારામના રાજ્યારોહણ વખતે આપણને ખાસ ઇનામોની બક્ષીસ મળશે એટલું જણાવેલું છે."

આમ કેટલોક વખત વાતચીત ચાલ્યા પછી ત્રણેય એવા નિશ્ચયપર આવ્યા, કે આ વાત હાલ અહીં જ દાબી દેવી. કોઇ જીવજંતુને કે મન્દમન્દ વહેતા પવનને કાને પણ રાજારામના રાજ્યારોહણની વાત ન જાય, એવી કાળજી રાખવાનું ઠર્યું. હીરોજી ફર્જન્દને બહુ સંતોષ થયો, તેણે છેવટના ઉદ્ગાર કહાડ્યાઃ-" સોયરાબાઇએ આપણને અગાઉથી પત્ર લખ્યો છે, તે આપણાપરના ભરૂંસાને જ લીધે. ભરૂંસાનો આપણાથી જીવસટે પણ કેમ ભંગ થાય ? મિત્રો ! હવે તો આપણે વચનથી-દૃઢ નિશ્ચયથી—બંધાઇ ચૂક્યા; બાકી જે વિચારવાનું રહ્યું, તે એટલું જ કે મહારાણી સોયરાબાઇના વધાઈ પ્રદર્શક સંદેશાને સર્વ રીતે સાનુકૂળ બનાવવા વાસ્તે બનતું કરવું, એટલું જ નહિ પણ રાજારામના રાજ્યારોહણમાં જે કાંટો નડતો હોય તેને નિર્મૂળ કરવો. આપણો બોલ "બ્રહ્માક્ષર" કરવો જોઇએ. આપણી પ્રતિજ્ઞા તે ભીષ્મપ્રતિજ્ઞા જ હોવી જોઇએ. ખરો મરાઠો પ્રાણ જતાં પણ વચન ભંગ થતો નથી. મારી શિરા શિરામાં સાચા મરાઠાનું શોણિત વહી રહ્યું છે. દાખલા તરીકે મારી માતાનું શહાજીરાજ સાથે વિધિપૂર્વક તો લગ્ન થયું યે નહતું, તે પહેલાં પોતે શુદ્ધ પતિવ્રતા સતી જેવું વર્તન રાખતાં હતાં, એ વાત લોકમશહૂર છે. એટલે હું ખરો મરાઠો જ છું, એમાં સંશય નથી. ત્યારે હવે આપણે જે વિચાર કરવાનો છે, તે એ છે કે રાજારામને રાજ્યગાદી મળતાં સંભાજી છાનોમાનો બેસી રહેશે ખરો ? રાજારામના માર્ગમાં તે અંતરાય તો નહિ નાખે ? મને તો સંભાજી કાળભુજંગ જેવો લાગે છે, બલ્કે તમને પણ તેવો જ લાગતો હોવો જોઇએ. તેનો પ્રથમ નાશ કર્યા સિવાય રાજારામનો રસ્તો ખુલ્લો કેમ થશે ? તાત્પર્ય કે એ વિષારી કાળભુજંગનો પ્રથમ જ કાળ આણવો જોઇએ. મિત્રો ! તમે સમજ્યા છો ? જરા ખમીર ખમો, ઉતાવળા ન થાઓ, હું જે કહું છું, તેનો શાંતિથી વિચાર

કરીને જ તમારો મત મને જણાવજો. ઠીક, ત્યારે હું શું કહેતો હતો ? હાં; હું એમ કહેતો હતો કે મારા લલાટે ગોત્રહત્યાનું પાપ લખાયલું લાગે છે. પણ જ્યારે સ્વરાજ્ય સંરક્ષણનો વિચાર કરૂં છું, ત્યારે તેના બદલામાં ગોત્ર-હત્યાનો સવાલ નજીવો જ લાગે છે, એક જીવનું રક્ષણ કરવાથી આખો મહારાષ્ટ્ર પ્રદેશ પાયમાલ થઇ જતો હોય, તો શા સારૂ એક જીવને જમીન-દોસ્ત ન કરવો ? મને ખાતરી છે કે મારા મત સાથે તમે પણ સંમત જ થાઓ છો; વળી હત્યાનો દોષ તો હું જ વ્હોરી લેવા તૈયાર થયો છું, તમારે તો માત્ર મારી મદદમાં જરા આધારભૂત જ રહેવાનું છે." એટલું કહીને હીરોજીએ પોતાના ગજવામાંથી ન્હાની ડબી કહાડી અને કહ્યું:—" જોઇ આ ડબી ? વિષનો ઉતાર વિષ. એ વિષની સંભાળ અત્યાર સુધી મેં રાખી હતી, હવે તે મારા વિશ્વાસુ મિત્રોમાંના એક—ઉમાજીની સંભાળમાં રહેશે." ઉમાજીના હાથમાં ડબી આપતાં હીરોજી બોલ્યોઃ—" ઉમાજી ! ધ્યાન રાખજો, જાસુસોના નાયક ખંડોજી અને ગણોજી દ્વારા ખાનગી રીતે ખાસ સૂચના ન મળે ત્યાં સુધી આ ડબીનો ઉપયોગ કરવાનો નથી, અને સૂર્યાજી ! સોનાજી ! કોઇને પણ આ વાતની ખબર ન પડે, તેટલી ખબરદારી તમારે રાખવાની રહી. ઉમાજી જેવા પોતાનાં કાર્યમાં ફત્તેહમંદ નીવડે, તેવી જ તેમને જે રીતની મદદ કરવાની હોય તે કરવામાં તમારે તૈયાર રહેવાનું છે. આ રીતે આપણું આજનું મહાન અને એટલી જ મહાન જવાબદારીભર્યા કાર્યનું એક પ્રકરણ પૂરૂં થાય છે.".

આટલી પ્રપંચજાળ પથરાયા પછી સૌ સૌને ક્રમે વળગ્યા. આ તરફ સંભાજીના પન્હાળગઢમાં પુનરાગમનની ઘડીઓ ગણાતી હતી. યુવરાજના આગમન પ્રસંગે સલામી દેવા સારૂ ગોલંદાજ સજ્જ થઇ રહ્યો હતો. પ્રજા અને પન્હાળગઢમાંના અન્ય અધિકારીઓ પોત પોતાના દરજ્જા અને ફરજ પ્રમાણે યુવરાજની વાટ જોતા થોભ્યા હતા, એટલામાં 'ભવાની દેવીની જય' નો ગગનભેદક ઘોષ થયો. તોપોના અવાજે સલામી દીધી. કિલ્લાપર રણવાદ્ય વગ્યાં. યુવરાજનું પન્હાળગઢમાં આગમન થયું.

પાંચમું પ્રકરણ.

રાણીનાં કારસ્થાન.

પાછળના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે શિવાજી મહારાજે બાલાજી રાજજોષી અને રાજવૈધને પોતાની સાથે સહભોજન માટે ન્હોતર્યા પછી દીવાનખાનાની બહાર ખુલ્લા વિશાળ ભાગમાં ભોજન–પાટલા નાખવાની તૈયારીઓ થઇ રહી. જ્યાં ભોજન જમવા બેસવાનું હતું, ત્યાં રંગબેરંગી અબીલ ગુલાલાદિવડે ચિત્રવિચિત્ર રંગોળ પૂરવામાં આવી હતી. ઉંચાં દ્રવ્યોવાળા સુગન્ધિત મશાલાયુક્ત અગરબત્તીનો ધૂપ ફેરી રહ્યો હતો. પૂષ્પોની કિનારી બન્ધાઇ હતી. ચાંદીના થાળ અને કટોરા વ્યવસ્થિત રીતે ગોઠવાઇ ગયા હતા અને પોતાના અંગત મિત્રો સાથે શિવાજી મહારાજ ભોજન પાટલે પધાર્યા, કે તરત જ વિશિષ્ટ પ્રકારની સોઇ સાથેની વિવિધ ભોજનવાનીઓ પીરસાઇ ગઇ.

સાદો ભાંડુભાવ વ્યક્ત કરતા શિવાજી મહારાજે સૌની સાથે નિર્મળ વિનોદ સાથે ભોજન લીધું અને બધા જમી ઉઠયા પછી મહારાજે દીવાનખાનામાં વિસામો લીધો. તેમની પાછળ તેમના સહમિત્રો પણ બેઠા. મુખવાસ થયા પછી શિવાજી મહારાજે વાતનો મૂળ પ્રસંગ કલાપૂર્ણ ભાવે ચર્ચ્યો. તેમણે કહ્યુઃ–"બાલાજી ! હાલમાં રાણીવાસમાં કેમ ચાલે છે ? કાંઇ જાણવા જેવી હકીકત હોય તો—"

"નામવર !" બાલાજીએ કહ્યુંઃ–" રાણીવાસ વિષે મારી પાસેથી માહિતી માગો છો ? આ તો નામદારનો ચરણરજ સેવક છે મારે શું કહેવું ?"

"સંકોચ શા સારૂ ? હું પૂછું છું. એટલે તમારે જેવું જોયું કે જાણ્યું હોય એવું કહેવું જ જોઇએ, બોલો "

શિવાજી મહારાજનો આગ્રહ જોઇને બાલાજીએ અચકાતે કંઠે કહેવા માંડયુંઃ–" મારે કાને એવી વાત આવી હતી કે મને રાણીવાસના સંબંધમાં જે બાબતની શંકા થઇ છે, તે શંકાનું નિવારણ કદાચ રાજવૈધ કરી શકશે. મહારાજ ! રાજવૈધ પાસે જ છે."

"બોલો વૈધરાજ" શિવાજી મહારાજે રાજવૈધને સમ્બોધીને કહ્યુંઃ– " રાણીવાસમાં કેમ ચાલે છે, તે સંબંધી તમે શું જાણો છો ? કશા પણ સંકોચ સિવાય ખરેખરી હકીકત મને સંભળાવો."

રાજવૈદ્ય:—" સેવકને એવો ભાસ થઇ રહ્યો છે કે હવે મહારાષ્ટ્ર રાજ્યમાં અને રાજ્યમાં નહિ તો રાયગઢના રાજકુટુમ્બમાં વિષ પ્રવેશ થયો છે કે થવાનો છે. વિષનાયે પ્રકારો હોય છે, મહારાજ! દ્વેશ કે ઇર્ષ્યા પણ એક પ્રકારનું ઝેર જ કહેવાય છે ને ? "

" એવી અસ્પષ્ટ વાણી સાંભળવા હું નથી ઇચ્છતો; વૈદ્યરાજ ! ખુલ્લા શબ્દોમાં તમે જે અનુભવ્યું હોય તે મને કહો; વધારેવાર મને ઇંતેજાર ન રાખો. " શિવાજી મહારાજે કહ્યું.

રાજજોષી:—" મહારાજને વૈશાખ માસ જરા ભારે છે, એ મહિનો સહીસલામત વીતી જાય, તો પછી કાંઈ જ ઉંચો જીવ રાખવા જેવું નથી. બાકી ગ્રહરાશિ અને વૈદ્યરાજને પડતો આભાસ, બન્નેનો ટાળો મને તો કાંઇક મળતો જણાય છે—મહારાજ ! "

" મને લાગે છે કે હજુ તમારે વિશેષ જે કહેવાનું છે, તે બાકી છે. વાત કરવાની બન્નેની પદ્ધતિ જ મને આજ વિચિત્ર લાગે છે. તમને મેં એકવાર કહી દીધું છે કે કોઇ રીતનો સંકોચ રાખવાની જરૂર નથી. ગમે તેવી બાબત હશે તો પણ તમને મારા તરફથી શાસન નથી થવાનું. આમ તો ઉલટા તમે, બહુ મહત્ત્વની વાત કદાચ નહિ હોય તો પણ, મને વધારે ને વધારે તમારી વાતથી ઇંતેજાર બનાવો છો! એ યોગ્ય નથી થતું. બોલો, તમે શું જાણો છો. ? "

શિવાજી મહારાજના છેલ્લા વાક્ય પછી ઉંડો નિશ્વાસ નાખીને જોષીજીએ ખુલાસો કરવા માંડ્યો:—" યુવરાજ સંભાજી મહારાજની રાયગઢથી પન્હાળગઢમાં રવાનગી થયા પછી, આપણા આ રાજવૈદ્યને ત્યાં નોકરી રહેલા હિંમતને મા સાહેબે...... "

" એટલે રાજારામના માતાએ ? " શિવાજી મહારાજે વચમાં જ પૂછ્યું. "

" જી, સરકાર. " જોષીજીએ કહેવા માંડ્યું:—" સોયરાબાઇએ સરકારી હયશાળામાંથી ઉત્તમોત્તમ અશ્વ પસંદ કરીને પન્હાળગઢ તરફ જવા માટે હિંમતને અપાવ્યો. હિંમતને કાંઇ ગુપ્ત કાર્ય સોયરાબાઇએ સોંપ્યું હશે. તેની સિદ્ધિ માટે ચપળ અશ્વપર આરૂઢ થઇને હિંમત પન્હાળગઢ ગયો છે. મને મળેલી બાતમી ખરી હોય તો યુવરાજ સંભાજી મહારાજ પન્હાળગઢ જઇ પહોંચે, તે પહેલાં જ હિંમત ત્યાં પહોંચી ગએલો હોવો જોઇએ. જાણે યુવરાજપર જ કોઇ ભયંકર પ્રયોગ અજમાવવાનો ન હોય, એવો ભણકાર, કોણ જાણે શાથી મને આજે વાગ્યા કરે છે. "

વૈદરાજઃ—" રાણી સાહેબની પ્રકૃતિ એકાએક બગડી જવાથી તેઓએ મને તેમની પાસે તેડાવ્યો હતો. ચિકિત્સા કરીને દવા આપી હું પાછો ફરતો હતો, ત્યારે રાણી સાહેબે રોકીને ઝેરની જુદી જુદી જાતો વિષે મને અનેક પ્રકારના પ્રશ્નો પૂછ્યા. વિષ કેટલા પ્રકારનાં છે, એવો પ્રશ્ન પૂછતી વખતે રાણી સાહેબની આંખોમાં કોઇ જુદા જ પ્રકારનો વિકાર ઉત્પન્ન થયો હોય એવું મને જણાયું. તેમની ભાષા એવી સંદિગ્ધ હતી કે જેથી મને અનિષ્ટ-કલ્પના થયા સિવાય રહી નહિ. મેં ઝેરની જુદી જુદી જાતોનું સંક્ષેપમાં ઓળખાણ તો કરાવ્યું; પરંતુ ઓળખાણ આપ્યા પછી રાણી સાહેબે તો ઝેરની જેટલી જાતો મારી પાસે હોય તેટલાના નમૂના મોકલી દેવાનું મને તેમને ફરમાવ્યું હતું. પરંતુ મારે ઘેર પાછા ફર્યા પછી મેં ચીઠી લખીને મારા નોકર હિંમત સાથે બા સાહેબ ઉપર મોકલી હતી. તેમાં એમ લખેલું હતું, કે મહારાજની આજ્ઞા સિવાય મારાથી આવા નમૂના ન મોકલી શકાય."

"બાલાજી!" શિવાજી મહારાજે મુખમુદ્રા ગંભીર કરીને પૂછ્યું:— "હિંમત સંબંધી બાતમી તમને શી રીતે મળી."

"ખુદ હિંમત મને જ અનાયાસે પન્હાળગઢ જતાં મળી ગયો હતો. મહારાજ સાહેબના ખાસ શિકાર માટેના લાલમણી અશ્વ ઉપર તેને સ્વાર થયેલો જોતાં જ મને સ્વાભાવિક રીતે ભારે અચંબો ઉપજ્યો હતો. મેં જરા દમ ભરાવતાં તેને પૂછ્યું પણ હતું કે "આવો રૂઆબ અને આવું સાહસ કોના જોર ઉપર કરે છે?" ત્યારે હિંમતે મને હિંમત પૂર્વક કહ્યું હતું કે રાણી સાહેબના કોઇ જરૂરી કામ માટે તેમણે જ આ અશ્વ સાથે પત્ર આપીને મને પન્હાળગઢ જવા ફરમાવ્યું છે. મેં તેને પૂછ્યું કે એવું જરૂરી કામ શું છે? ત્યારે કામથી તે અજાણ્યો જણાયો. પરંતુ તેની પાસેથી એટલી તો ચોક્કસ વાત મળી કે એક પત્ર ઉમાજીને અને એક પત્ર હીરોજી ફરજંદને તાબડતોબ પહોંચાડવાનો રાજરાણીનો હુકમ તેને થયો હતો."

"પરંતુ આ વાત સાથે સંભાજીના પ્રાણઘાતક પ્રયત્નને શો સંબંધ છે?" શિવાજી મહારાજે લગીર તિક્ષ્ણ અવાજે પૂછ્યું. ત્યારે બાલાજીએ કહ્યું "હિંમતને મળ્યા પછી હું મારે ઘેર ગયો ત્યારે તેના સંબંધી વધુ વિચિત્ર બાતમી મને મળી. રાણી સાહેબને ચોક્કસ ઓષધની તાકીદે જરૂર હોવાથી વૈદરાજનું ખાનગી કબાટ ઉઘાડીને વૈદરાજની આજ્ઞા સિવાય સોયરાબાઇને તે પહોંચાડવાનો હતો એવી વાત મારે ઘેરથી મને મળી હતી."

આવું સાંભળીને વૈદ્યે કહ્યું. બાલાજીની બાતમી જો ખરી હોય તો દગો થવાનો ચોક્કસ સંભવ છે, તપાસ તાબડતોબ થવી જોઇએ. આજ્ઞા હોય તો હું ઘેર જાઉં અને પછી હિંમતે શી ખટપટ કરી છે તેની તપાસ કરી મહારાજા સાહેબને હું નિવેદન કરવા આવીશ."

રાજવૈદ્યે વિદાયગિરી લીધા પછી શિવાજી મહારાજ અને બાલાજી જોષી બે જણ એકલા પડયા. વધુ વાતચીતને અંતે એવો ઠરાવ થયો કે ઉમાજીની મારફત યુવરાજને કાંઇ અપાય કરવામાં હીરોજી મદદ કરનાર જ હોય, તો આ જ ક્ષણે ઉમાજીને કબજે કરી લેવો. તેની ઝડતી લેવી અને જો કાંઇ જીવલેણ વસ્તુ તેની પાસેથી મળી આવે, તો તેની તપાસ કરવી. હીરોજી ફર્જંદે અત્યાર સુધી વિશ્વાસુપણે સેવા કરેલી છે, તે ધ્યાનમાં લઇને તેના હવેના વર્તન સંબંધી એકદમ પ્રકટપણે અવિશ્વાસ જાહેર નહિ કરતાં તેના પરની દેખરેખ માટે ગુપ્ત પણ સખ્ત પહેરો રાખવો. સૂર્યાજી અને સોનાજીને અહીં જ બોલાવી લેવા. આ યોજનાનો બનતી તાકીદે અમલ કરવાને લગતી પેરવી પણ રચાઇ ચૂકી.

એવી રીતની ગોઠવણ થઈ—ન થઇ એટલામાં તો ગભરાતી મુખમુદ્રા સાથે રાજવૈદ્ય પાછા આવી પહોંચ્યા. રાજવૈદ્યના ચરણો તરૂપર્ણ પેઠે કંપતા હતા અને રાજવદ્યનું મ્હોં એકદમ લેવાઈ ગએલું જણાતું હતું. તેમને શિવાજી મહારાજે બેઠક આપી અને શું બન્યું છે, તે શાંતિથી ને ધીરજથી કહેવાનું સૂચવ્યું. રાજવૈદ્ય બેઠા ખરા, પણ જે અનિષ્ટ વાત નિવેદન કરવાની હતી, તે વાતે તેમને શાંતિ ન આપી. જીવ પડીકે બંધાયા જેવો હતો. તેમણે દીર્ઘ નિઃશ્વાસ નાખતાં કહ્યું:—"બહુ ખેદજનક બનાવ બન્યો છે, મહારાજ! દગો થવાનો ચોક્કસ સંભવ છે. આપણે હવે તરત જ ચેતી જવાનું છે અને યોગ્ય પગલાં અબઘડી લેવાનાં છે. વિલંબ થશે તો પરિણામ વિપરીત આવશે. મારૂં ખાનગી કબાટ ઉઘાડીને હિંમત વિષની ડબી ઉપાડી ગયો હોય એવી નિઃશંક અટકળ થાય છે, કેમકે કબાટમાં તે ડબી નથી. હિંમત વગર કબાટની કુંચી બીજા કોઇના હાથમાં આવે તેમ હતું નહિં." આવી હકીકત સાંભળીને શિવાજી મહારાજે બાલાજી તરફ ફરીને ધીમેથી કહ્યું:—"બાલાજી! આપણે થોડા વખતપર કરેલા નિર્ણયનો અમલ હવે તાકીદે થવો જોઇએ. તમે જાઓ, હું વૈદ્યરાજ પાસેથી બીજું કાંઇ જાણવાનું હશે તે સાંભળી લઉં છું."

બાલાજીના ગયા પછી શિવાજી મહારાજે રાજવૈદ્ય સાથે વાત કરવા

માંડી:—" હિંમત પન્હાળગઢથી પાછો ફર્યો કે નહિ, તેની કાંઇ ખબર મળી શકે ?"

" પાછો ફર્યો હોવો જોઇએ, હમણાં જ તપાસ કરૂં છું."

" જાઓ ત્યારે; તે આવ્યો હોય તો મને તરત ખબર મોકલો અને તે ન જાણે તેમ તેનાપર ચાંપતી દેખરેખ રાખવી; તેને કબ્જે કરવાનો છે."

નમન કરીને રાજવૈદ્યે વિદાયગિરી લીધી. શિવાજી મહારાજ એકલા પડ્યા. એકલા શાના ? જોષીજી અને રાજવૈદ્ય ગયા કે તરત જ સોયરાબાઇનાં કારસ્થાનનો ચિતાર ક્રમે ક્રમે દૃષ્ટિગોચર થવા લાગ્યો. પોતાના જીવનનો નજીક આવતો સાયંકાળ, મહાન ભોગ અને તપોબળ વડે યશોઉજ્વલ બનાવેલું મહારાષ્ટ્ર શાસન, સંભાજીની નહિ સુધરતી મતિ, નિમકહરામ નિવડતા હિંમત જેવા નોકરો, ઝેર દેવા સુધીની સોયરાબાઇએ વાપરેલી દુર્મતી, વગેરે બાબતો શિવાજી મહારાજને શોકમુગ્ધ બનાવવા લાગી. લલાટપર હાથ મૂકી શિવાજી મહારાજ તર્ક વિતર્કમાં ગર્ક થતા હતા:—" કિસ્મત, કિસ્મત ! ઔરંગજેબે શાહજહાંની જે દશા કરી, તેવો પ્રસંગે મારે માટે ? નહિ નહિ, મને ભ્રમ થાય છે. ભવાની દેવીની એટલી બધી મારાપર અવકૃપા શા સારૂ હોય ? પણ, ત્યારે, હું પ્રત્યક્ષ જોઉં છું એ બનાવને ખોટો માનવાને મન કેમ કબૂલ કરે ? ત્યારે સત્ય વસ્તુસ્થિતિ શી હશે ?"

આમ તરેહવાર વિચાર વમળમાં ગૂંથાઇ રહેતાં લગભગ સૂર્યાસ્ત થયો. મહારાજને કેટલો સમય ગયો તેનો ખ્યાલ સરખો શાનો હોય ? જો તે વખતે એક દાસી ત્યાં ન આવી ચડી હત, તો હજુયે ક્યાં સુધી પોતે તરંગ મુગ્ધ રહત, તે નક્કી કરવાનું અશક્ય થઇ પડત

દાસીને શી ખબર, કે મહારાજ આજ ગંભીર વિચારમાં પડેલા છે ? તેણે મહારાજને સન્દેશો સંભળાવ્યો, કે " મહારાણીજીએ પોતાના આવાસમાં રાત્રિ ભોજન લેવાની મારી સાથે વિનતિ મોકલી છે." સોયરાબાઇની વિશ્વાસુ દાસી અથવા હિંમતની સ્ત્રીના પરિચિત શબ્દો કર્ણગોચર થતાં જ શિવાજી મહારાજ સ્વસ્થ થયા. તેમની વિચારમાળા તૂટી. દાસી શિર નમાવી બાજૂપર ખડી રહી હતી. તેનાપર શિવાજી મહારાજે એક કરડો દૃષ્ટિપાત કર્યો. જરા કઠોર અવાજે મહારાજે પૂછ્યું:—" તું જ હિંમતની સ્ત્રી કે ?" સંપૂર્ણ મર્યાદા પૂર્વક હકાર સૂચક સંજ્ઞા કરીને દાસી મૂગી મૂગી ઊભી જ રહી; પણ મહારાજના એટલા ટુંકા પ્રશ્નથી પણ દાસીના હૃદયના ધબકારા વધવા લાગ્યા

હતા. મહારાજે ફરીથી પૂછ્યું:—" હિંમત પન્હાળગઢથી પાછો આવ્યો કે ?" આ પ્રશ્ન સાંભળતાં જ જાણે દઝાતી હોય તેમ દાસી ઉછળી—ચમકી, તેનું ચમકવું મહારાજ બરાબર કળી ગયા. પ્રશ્ન પછી દાસીનામાં જે ભાવ વિકાર થતા હતા, તેની બારીક દૃષ્ટિયે મહારાજે નિરીક્ષા કરી લીધી. દાસીએ ગૂંચવાતે અવાજે કહ્યું:—"જી, તે પન્હાળગઢ ગયા હોય તો મને તેની ખબર નથી, હું તો એમ જાણું છું કે તે તો રાજવૈદ્યને ત્યાં—

દાસી વધારે ન બોલી શકી. તે જે કહેતી હતી તેના ખોટાપણાની સાક્ષી તેના મુખપર થતા ભિન્ન વિકારો જ પૂરી રહ્યા હતા. " સોયરાબાઇએ પાથરેલી જાળમાં તને પણ લીધેલી લાગે છે." મહારાજે મનથી જ એટલો ઉદ્‌ગાર કહાડ્યો ને મનમાં શમાવ્યો; અને દાસીને કહ્યું કે રાણીને કહેજે કે હમણાં જ હું ત્યાં આવું છું."

મુજરો કરીને દાસી વિદાય થઇ. સિંહની ગુફામાંથી જાણે બચીને હરિણી ન્હાસી છૂટી હોય, એવું દાસીને લાગ્યું. ગભરાયલી સ્થિતિમાં જ તે સોયરાબાઇના આવાસમાં જઇ પહોંચી. સોયરાબાઇને શક પડ્યો. ગભરાવાનું કારણ પૂછ્યું. દાસીએ બનેલી બાબત સંક્ષેપમાં કહી સંભળાવી. સોયરાબાઇએ માર્મિક કેવળ સ્મિત જ કર્યું અને દાસીને ધીરજ આપી, તેના મનને શાંત કર્યું. એટલે દાસીએ મહારાજનો સંદેશો સંભળાવ્યો કે " મહારાજ તો રાતે આવવાને બદલે હમણાં જ આવવાના છે."

સોયરાબાઇએ લગીર વિચાર કર્યો અને દાસીને બીજો હુકમ ફરમાવ્યો:—" ઠીક; તું અન્નાજીને ત્યાં જા; તેમને કહી આવ, કે મને તેઓ સવારે મળવા આવે."

દાસી ગઇ અને સોયરાબાઇ આવાસમાં એકલી પડી. હિંમત પન્હાળગઢ ગયો છે, એની ખબર મહારાજને શી રીતે પડી, તે વિષે તે વિચાર કરવા લાગી; પણ સોયરાબાઇ દૃઢ મનની હતી. જે બાઇ કાળું કામ કરવા કટિબદ્ધ થઇ છે તે ઘડી ઘડીમાં હિંમત હારી જાય કે હતાશ થાય એમ બનેજ કેમ? હિંમતને પન્હાળગઢ તો તેણે મોકલ્યો હતો, પણ તેના સંબંધી જે બીજી ગોઠવણ કરી હતી, તે ગોઠવણનું તેને સ્મરણ થયું અને એ સ્મરણથી તેનામાં નવી હિંમત આવી. સોયરાબાઇના હોઠ ફફડયા:— "ખેર; વાત ભલે જાણી, પણ હવે હિંમત અહીં પાછો ફરી શકે તેવું છે જ ક્યાં? હિંમત પાછો નહિ ફરે એટલે એને સોંપેલા કામની વધુ બાતમી મળવાની પણ કોની પાસેથી? ઝખ મારે છે. મહારાજ તરફથી હવે જે કાંઇ ચોકસાઇ થશે, તે થતાં પહેલાં તો ગોઠવણ પ્રમાણેનો ઘાટ ઘડાઇ ગયો

હશે. ઉમાજી અને હીરોજીને ડબી સાથે પત્રો તો કયારના પહોંચી ચૂકેલા જ હોવા જોઈએ. હવે મુરાદ બર આણવામાં ઝાઝી તકલીફ નહિ વેઠવી પડે. મહારાજ આવીને કાંઇ વાતચીત કરે છે કે કેમ તે જ જોવાનું રહ્યું."

આમ વિચારમાં ને વિચારમાં પ્રહર વીતી ગયો. અન્નાજીને સંદેશો પહોંચાડીને દાસી પાછી ફરી હતી અને શિવાજી મહારાજના આગમનની પણ છડી પોકારાઇ.

સોયરાબાઇ એકદમ સાવધ થઇ અને મહારાજના સત્કારને લગતી વ્યવસ્થા થઇ ગઇ છે કે કેમ તેની તપાસમાં ગૂંથાઇ રહી હોય એવા ભાવે મહારાજની વાટ જોતી રહી.

૭ હું પ્રકરણ.

સંભાજી.

યુવરાજ સંભાજી યુવરાણી યેસુબાઈ સાથે વાજતે ગાજતે પન્હાળ-ગઢમાં દાખલ થયો. યુવરાજની સ્વારીને યોગ્ય સત્કારથી વધાવી લેવામાં આવી. કબજીએ અને ઉમાજીએ યુવરાજના કંઠમાં અને સુવાસિની-બાઇએ યેસુબાઇના કંઠમાં પૂષ્પહાર પહેરાવ્યા, યુવરાજ સાથે કબજી અને ઉમાજી રાજમહાલમાં પ્રવેશ્યા. યુવરાણી તેની સાહેલીઓ સાથે રાણીવાસમાં ગઇ.

રાજકુટુમ્બના ખાણાપીણાં માટે ખાસ પરીક્ષકો હોય છે. સંભાજીનું ખાનપાન તપાસવાનું કામ ઉમાજીને હસ્તક હતું. શરબતના ભરાયલા ગ્લાસ તપાસીને યુવરાજની ગાદીપર મૂકવામાં આવ્યા. તે સાથે સુવર્ણજડિત હુકો મૂકવામાં આવ્યો. બન્ને વસ્તુઓને ઇન્સાફ અપાવા લાગ્યો. પછી ઉમાજી ત્યાંથી વિદાય થયો. દીવાનખાનામાં કબજી અને સંભાજી, બે જણ જ રહ્યા. એકાન્ત જોઇને કબજીએ વાત છેડી:—" રાજ મહારાજના ઉપદેશ પછી આપે શો નિષ્કર્ષ કાઢયો—પ્રભો ?

સંભાજી:—" કબજી ! સૌ કરતાં તને હું મારો વધારે વિશ્વાસુ મા-ણસ માનતો આવ્યો છું. ખુલા દિલથી તારી આગળ વાત કરવામાં મને તેથી જ સંકોચ નથી થતો. "

કબજી:—" એવો વિશ્વાસ અખંડ ટકી રહો. "

સંભાજી:—"પિતાશ્રીએ મને જે બોધ દીધો છે, તે અતિ કિંમતી છે. મને એટલું તો સમજાયું છે, કે મારા પ્રત્યેનો પિતાજીનો રોષ જો કે સર્વાંશે નષ્ટ નથી થયો, છતાં ધીમે ધીમે નષ્ટ થઇ જશે એવું તેમનાં વચન ઉપરથી જણાતું હતું. પિતાએ મને ખુલ્લા હૃદયે કહ્યું હતું કે આ રાજ્યનો માલિક તું જ થનાર છે, માટે બહુ સંભાળપૂર્વકનું તારૂં અણી-શુદ્ધ વર્તન હોવું જોઇએ. પિતાજીનો મારાપરનો વાત્સલ્યભાવ યત્કિંચિત પણ કમી નથી થયો, પરંતુ—"

કબજી:—"હું પણ એમ જ પૂછતો હતો, કે પિતાજીનો પ્રેમ ઓછો નથી થયો પણ હવે સોયરાબાઇથી ચેતતા રહેવાનું છે—એમ જ આપ કહેવા કરતા હતા ને?"

સંભાજી:—"એમાં શક શો? એ અપરમાતાનું ચારિત્ર્ય કૈકેયી રાણી-ની ખટપટને પણ ઘડીભર ભૂલાવી દે એવું છે. તે કયારે, શું કરશે તે વિષે કાંઈ કહેવાય નહિ. બચપણમાં મારી માતાનો કાળ થયો અને જનનીસુખથી હું વંચિત થયો. સોયરાબાઇ સ્વર્ગસ્થ જનનીની ભીડ ભાગનારી નહિ, પણ એવડા ભયમાં મૂકનારી છે. મહત્ત્વાકાંક્ષા રાજારામને ગાદી અપાવવાની હોય એવા મને ભણકાર ઉઠયા કરે છે."

કબજી:—"ભણકાર ભલે ઉઠે. હતાશ થવાનું કાંઇ જ કારણ નથી. આપ જાણો છે કે મંત્રસિદ્ધિમાં હું પારંગત છું. મંત્રીને એ માર્ગકંટકપર એવા દાણા નાખીશ, કે લોહી ઓકી ઓકીને આખર આ ફાની દુનિયા તજીને હમેશને માટે તે કંટક હતો—નહતો થઇ જશે."

સંભાજી:—"કેવો હલકો વિચાર! કબજી! તું એમ ધારે છે કે હું જેમ નમાયો છું, તેમ રાજારામને પણ નમાયો બનાવું? ના; તું વત્સલતા શું તે સમજતો જ નથી. જેવો હું શિવાજી મહારાજનો પુત્ર, તેવો રાજા-રામ. બન્નેની માતાઓ જુદી, પણ પિતા તો એક જ છે ને? અથવા તું રાજારામને તો માર્ગકંટક નથી માનતો ને?"

સંભાજીની આ સુન્દર ભાવનાથી કબજી ભડકયો, જરા શરમાયો ને સંકોચ પામ્યો. તેના મુખમાંથી વધુ ઉચ્ચાર ન નીકળ્યો. તેને અવાક્ રહેલો જોઇને સંભાજીએ વાત આગળ ચલાવી:—"કબજી! શો વિચાર કરે છે? હું ખોટું કહું છું?"

કબજી:—"'ખોટું' કહેતાં મારી જીભ કપાઇ જાય. ખોટી તો મારી કલ્પના. વિચાર તો મને એ જ થયો કે આપનો માર્ગ સરળ કેમ કરીને કરવો? નડતો કાંટો નિર્મૂળ શી રીતે થાય? આપની સમક્ષ દિલ્હીના

તખ્તના સંબંધમાં ઔરંગઝેબનું દૃષ્ટાંત તાજું જ છે. સોયરાબાઇ રાજરાણી ગણાય છે. રાજારામ હયાત હોય, ત્યાં સુધી તે તમને ગાદી કેમ પચવા દે?"

સંભાજી:—"न नीचो यवनात्परः" ઔરંગઝેબનું દૃષ્ટાંત અહીં બંધબેસતું નથી. અમારૂં રાજકુટુમ્બ ખરૂં આર્યકુટુમ્બ છે. સાંભળ, કબજી! પિતાજી બિમાર છે. પ્રભુ કરે ને પોતે સાજા થઇ જાય. પછી હું મારૂં પરાક્રમ તેમને બતાવું પિતાજીએ જેવો દક્ષિણ દિગ્વિજય કર્યો છે, તેવો જ હું પણ, તેમની જ પેઠે આ ખડગવડે ઉત્તર દિગ્વિજય કરી બતાવું; તે નીચ ઔરંગઝેબના રૂધીરથી મારી સમશેને પરિતૃપ્ત કરૂં, કપટથી જેણે અમને કેદ કર્યા હતા, તેનો બરાબર બદલો લઉં અને પછી સંભાજી કેવો પરાક્રમી છે તે પિતાજીને પ્રત્યક્ષ બતાવું: કબજી! મારી આ મહત્વાકાંક્ષાનો છે તને ખ્યાલ? આ રીતે જ આપણો માર્ગ આપણે નિષ્કંટક બનાવીએ તો તે દીપી ઉઠે. રાજકુટુમ્બમાં જ દગો કરવાથી ન દીપે."

કબજી:—"આપનો યુક્તિવાદ અને ઉદ્દેશ આવકારદાયક છે, પણ—"

સંભાજી:—"વળી પાછું "પણ"?

કબજી:—"પણ મારો એવો મક્કમ મત છે કે—"

સંભાજી:—"કહી નાખ, શો મક્કમ મત છે?"

કબજી:—"કે જ્યાં સુધી રાજરાણી સોયરાબાઇ હયાત હશે, ત્યાં સુધી તે મહારાજના કાનમાં આપસ્વાર્થસાધક વિષ રેડયા જ કરશે અને આપની મુરાદ બર નહિ આણવા દે."

સંભાજી:—"તે વિષે કાળજી નથી રાખવાની. રાજજોષી અને બાલાજી આવજી પાસેથી તે બધું સમજી શકયો છું."

કબજી:—"શું સમજ્યા છો પ્રભો!"

સંભાજી:—"સોયરાબાઇના રણવાસમાં છેલ્લા પાંચ મહિનાથી જવાનું મહારાજે બંધ કર્યું છે. તેની સાથે બોલવાનો વ્યવહાર સુદ્ધાં બંધ છે."

કબજી:—'એટલા પૂરતો સંતોષ માનવો હોય તો માનો; પણ સોયરાબાઈ હયાત છે—એ વાત ન ભૂલશો. આપે જ હમણાં કહ્યું હતું કે કૈકેયીનાં કારસ્થાનને પણ ભૂલાવે તેવાં સ્ત્રીચરિત્ર સોયરાબાઇને આવડે છે. વિષ પ્રયોગ કરવા સુધી સ્ત્રીનું કાળજું ચાલે છે—ખાસ કરીને રાજકુટુમ્બમાં, તે વાત ભોળપણમાં ભૂલવા જેવી નથી. ગ્હાય તેટલો બન્દોબસ્ત રાખ્યો હોય, તેમાંથી યે સ્ત્રી છટકી જાય છે ને પોતાની નીચ પ્રપંચજાળ પાથરી શકે છે, એવાં તો ઘણાં દૃષ્ટાંતો ઇતિહાસાંકિત છે."

સંભાજી:—"તું કહે છે એમાંની એક પણ વાતથી હું અનભિજ્ઞ

નથી. કબજી! શરાબનો પ્યાલો ભર; હૂકામાં નવો ગડાકુ નંખાવ. ચાલો હવે વધારે કાંઇ કહેવાનું રહ્યું?"

શરાબનો પ્યાલો ભરીને સંભાજીને આપવામાં આવ્યો. ફરીથી હૂકો ભરી, તેની રૂપાનળી યુવરાજના હાથમાં મૂકાઈ. સંભાજી નિર્ભય મ્હેરે શરાબ પી, હૂક્કો ગગડાવતો બેઠો.

અત્યાર સુધી બન્ને જણ વચ્ચે જે ખાનગી વાતચીત થઇ, તે બાજુપર ઊભો રહીને છૂપી રીતે ઉમાજી સાંભળતો હતો. સાંભળતાં સાંભળતાં જલપત્ર પેઠ તેના ચરણો થરથર ધ્રૂજતા હતા. 'ભયવાળો ભયને દેખે' એ કહેવત ખોટી નથી. એનો પ્રત્યક્ષ પુરાવો આજ ઉમાજી આપી રહ્યો હતો. હીરોજી સાથે થએલી વાતચીત અને યોજનાનું દશ્ય ઉમાજીની દૃષ્ટિ આગળ તરવરવા લાગ્યું. ક્ષણભર તેને એમ પણ વિચાર થઇ ગયો કે પેલી વિષકણીને ફેંકી દઉં તો સારૂં; પરંતુ પવનની લહરી પેઠે વિચાર થયો તેવો સહજવારમાં વિરમી ગયો. આ તરફ સંભાજીનો કબજી સાથેનો વાર્તાલાપ ચાલુ જ હતો. સંભાજીએ કહ્યું:—"કબજી! તું જે કહે છે, તે મારા જ હિત ખાતર કહે છે. તારો આશય મને રાજગાદી મળેલી જોવાનો છે. મારો આશય મેં રાજગાદી મેળવેલી જોવાનો છે. બન્નેનો આશય એક છે. આશયની સિદ્ધિના રસ્તા પૃથક છે. તારો રસ્તો મારે ગળે નથી ઉતરતો. રાજગાદી વાસ્તે સોયરાબાઇનો નાશ કરીને માતૃહત્યાનું પાપ વ્હોરવું કે રાજારામનો નાશ કરીને બન્ધુહત્યાનું પાપ વ્હોરવું મને જરાય પસંદ નથી. તેવી રીતે ગાદી મળતી હોય તો મારે તેવી ગાદીને દૂરથી જ નમસ્કાર હો. શુદ્ધ રાજનીતિથી અને ધર્મદષ્ટિયે વિચાર કરવાથી પણ સરળ રસ્તો નીકળી શકે એટલી મને આસ્થા છે. હમણાં જ તે રસ્તો શોધી કાઢવો, એવું કાંઈ છે જ નહીં. કબજી! પુષ્કળ વિચાર કરજે. જોઇએ તો મહિને મને કોઈ યોજના જડે તો બતાવજે—"

કબજી:—"મહિનો? એ તો બહુ દિવસ થયા! પ્રભો! થોડા જ દિવસમાં કોઈ બીજો માર્ગ આપણે શોધી કહાડીશું."

સંભાજી:—"ઇશ્વર આપણને સાનુકૂળ થાઓ. ચાલો, ત્યારે ફરીથી ભરો પ્યાલો,—ઉમાજી!"

ઉમાજીનું નામ યુવરાજના મ્હોંમાંથી સહસા જ નીકળતાં બાજુપર ઊભો રહીને ખાનગી વાત સાંભળી રહેલા ઉમાજીના હાંજા ગગડી ગયા. યુવરાજે જરૂર પોતાને જોયો છે એવો તેને ભ્રમ થયો. ખરી રીતે તે કેવળ ભ્રમ જ હતો. યુવરાજથી ભૂલથી જ કબજીને બદલે ઉમાજીનું નામ બોલાઈ જવાયું

હતું. પણ ઉમાજીથી એવું શી રીતે સમજાય ? ઉમાજી ખૂબ સાવધ થઇ, કંપતા દીલને દબાવીને દીવાનખાનામાં નમન નમતો દાખલ થયો. તેને જોઇને કબજી અને સંભાજી બન્ને તાજુબ થયા. પરંતુ બન્ને જણે તે તાજુબીનો ભાવ વ્યક્ત ન કર્યો. ગંભીર ચ્હેરે સંભાજીએ ઉમાજીને પૂછ્યું:—" તું કયાં ઊભો હતો, ઉમાજી ! બધું સાંભળ્યું ને ? ખબરદાર, જો એક શબ્દ સરખો બહાર ગયો તો આ દુનિયાની બ્હાર ખુદ તારે ચાલ્યા જવું પડશે " શરાબનો પ્યાલો ભરીને કબજીએ આપેલો, તે પીતાં પીતાં સંભાજીએ કહ્યું. ઉમાજી કરસંપૂટ કરીને ગાય જેવા ગરીબ મુખડે ઊભો જ રહ્યો. તેનાથી બની શક્યું તેટલા પ્રયત્ને પોતાની નિર્દોષતા બતાવવાનો તેણે ઢોંગ કર્યો. થોડીવારે તે બોલ્યો:– " નહિ, પ્રભો! અહીં થઇને હું જતો હતો, એટલામાં આપે સેવકનું નામ દીધું. તે પરથી જ સેવામાં હાજર થયો; સિવાય મને કશી જ માહિતી નથી. રજા હોય તો વિદાય થાઉં. "

સંભાજી જરા હસ્યો. તેનું હસવું ઉમાજીને વધારે ભયંકર લાગ્યું. ઉમાજી ત્યાંથી વિદાય થયો. કબજી પણ હવે છૂટો થયો હતો. સંભાજી દીવાનખાનાની બહારના આકાશખુલ્લા ભાગમાં એક ગાદીતકીયાપર જઇ બેઠો. એટલામાં હીરોજીનું યુવરાજની પાસે આગમન થયું. તેણે યુવરાજને નિવેદન કર્યું:– " રાયગઢથી આ (પોતાની પાસેના) ચિટણીસદ્વારા કોઇ મહત્ત્વના કારણસર પત્ર લખીને મને ત્યાં તેડાવ્યો છે. "સરકારી કામ" એવો ઉલ્લેખ પત્રમાં થયો છે. શું કામ, તે નથી જણાવેલું. આપને મારેનો આ બીજો પત્ર છે, લેશો. "

યુવરાજે શાંતિથી વિચાર કર્યો:–" ચિટણીસે લખ્યા પ્રમાણે હૂકમનો અમલ થવો જ જોઇએ, નહીં તો કદાચ અનિષ્ઠ પ્રસંગ પ્રાપ્ત થાય તો તેનું નિમિત્ત મારે માથે ચડે." બીજે દિવસે સવારમાં પાછા ફરવાના ફરમાન સાથે હીરોજીને રાયગઢ જવાની પરવાનગી મળી. તેના ગયા પછી કબજીને સંભાજીએ પોતાની પાસે બોલાવ્યો અને અણધાર્યો પત્ર આવ્યાની તેને વાત કરી. એકાએક શું કામ હશે અને હીરોજીને જ કેમ તેડાવ્યો હશે, એ સંબંધી યુવરાજે પોતાને થએલી શંકા કબજીને જણાવી. કબજીએ તો એક જ શબ્દ કહ્યો:–" દગો, પ્રભો! 'દગા' સાથે રમત રમાતી હોય એવી મને બાટકળ થાય છે. દગો કોને? તે તો વિચારીએ ત્યારની વાત ત્યારે. "

વળી પાછું સંભાજીએ ફરીથી ધીમું હાસ્ય કર્યું અને હવેથી ઉમાજી,

સૂર્યાજી, સોનાજી, હીરોજી વગેરેપર બારીક દૃષ્ટિયે દેખરેખ રાખવાની કુબેજીને તાકીદ આપવામાં આવી.

ભાવિસ્વપ્નનો ભયંકર પડછાયો જોતો સંભાજી ગાદીપર લગીર આડો થયો અને ઉંચી દૃષ્ટિયે અસ્ત પામતા સૂર્યને અને થતા સાયંકાળ વેળાના ચિત્રવિચિત્ર રંગોને નિહાળવા લાગ્યો.

સાતમું પ્રકરણ

શિવાજી અને સોયરાબાઈ

વર્ષાઋતુએ લીલા લ્હેર કરી હતી. મ્હોં માગ્યા વરસી રહેલા વરસાદથી હરિયાળાં ક્ષેત્રો લીલાંછમ થઈ રહ્યાં હતાં. ખેડુતો પાકને માટેની તૈયારીઓમાં પડ્યા હતા. રસકસથી ભરપૂર મહારાષ્ટ્ર ભૂમિનાં ગરીબ ને તવંગર સર્વ કુટુમ્બો કલ્લોલ કરી રહ્યાં હતાં. તે સાથે કુદરત અને કુદરતનાં રમકડાં રૂપ પંખી આદિ તમામ વસ્તુઓ પ્રફુલ્લપણે વિહરી રહી હતી. સર્વત્ર આનન્દ આનન્દ છવાયલો લાગતો હતો. તેવા સંજોગોમાં કેવળ રાયગઢ અને પન્હાળગઢમાં જ આનંદને સ્થાને શોકની સુરખી છવાયલી દૃષ્ટિગોચર થતી હતી. એ પણ વિધિની એક લીલા જ છે !

પાછળના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે આજ શિવાજી મહારાજ સોયરાબાઈના આવાસમાં ખિન્ન અંતઃકરણે બેઠા છે. બરાબર છ મહિને આજ સોયરાબાઈના આવાસમાં શિવાજી મહારાજનાં પગલાં પડ્યાં હતાં. એ પગલાં છેવટનાં જ નિવડશે એવો અત્યારે એમાંથી એકકેયને ભાગ્યે જ ખ્યાલ હશે ! સોયરાબાઈ અને શિવાજી મહારાજ વચ્ચે થતો વાર્તાલાપ તીવ્ર ભાષામય હોઈ એક બીજાના અંતઃકરણનો મેળ મળતો નથી, એવી પ્રતીતિ તે સંવાદ કરાવતો હતો. સોયરાબાઈની છાતીના ધડકાર પ્રતિશ્વાસે વધતા હતા. તેના આંખોમાં ક્રોધની ઝુરકીવાળી રતાશ ઠલવાયલી હતી. તેના શબ્દોચ્ચાર કાળી નાગણના ફૂત્કાર સરખા લાગતા હતા. તેથી ઉલટી સ્થિતિ શિવાજી મહારાજની હતી શાંત ગંભીર મુખમુદ્રા, સ્પષ્ટ ને સચોટ શબ્દોચ્ચાર, શુદ્ધ સારાસાર વિચારશક્તિનું વ્યક્તિત્વ વગેરેનું મહારાજનું અંતર નિદર્શન કરાવતું હતું. વાર્તાલાપ આ પ્રમાણે ચાલતો હતોઃ—

" મારા સવાલનો જવાબ જ નહિ ? એટલી બધી હું મહારાજના મનથી, ઉતરેલા ફળ પેઠ ઉતરી ગઈ છું શું ? " સોયરાબાઈએ પૂછ્યું.

"તારા પ્રશ્નનો ઉત્તર જ ન આપવો એ તને ઉત્તર આપ્યા બરાબર હું સમજું છું." શિવાજી મહારાજે કહ્યું.

"આપ આજ કેમ આમ બોલો છો? મને કશી સમજણ નથી પડતી, નાથ!"

"સ્પષ્ટ બોલું છું, છતાં ન સમજણ પડે, તેમાં મારો દોષ નથી. હું તને એમ કહું છું કે કૈકેયી રાણીને દશરથરાજાએ જેવું વચન આપ્યું હતું, તેવું મેં તને નથી આપ્યું, એમાં કોઇ ઇશ્વરી સંકેત જ મને હવે સમજાય છે. બોલ, બીજું તારે શું પૂછવું છે?"

"પતી ગયું; મારે શું પૂછવાનું હોય? આપની હયાતિમાં રાજ્ય વ્યવસ્થા ન કરી જાઓ, તો નસીબ મારૂં, બીજું શું? મહારાષ્ટ્રની ગાદીને ભલે પછી છિન્નભિન્ન કરી નાખવા સંભાજી—"

"મ્હોં બંધ કર; મારે એવું નથી સાંભળવું. નમાયા પુત્રને સંભાજી જેવું વિશેષણ વગરનું નામ દઇને મને નકામો જીવ ઉકાળો ન કરાવતી."

"ત્યારે ઔરંગજેબે પોતાના કુટુંબી જનની જે સ્થિતિ કરી, તેવી દશામાં મને ફસાયલી જોવા આપ ઇચ્છો છો?"

"એ મિથ્યા ભ્રમ છે. રાજારામને તું તારો ગણે છે અને સંભાજીને સાવકો ગણે છેઃ પણ મારે મન તો બન્ને સરખા છે. તું તો નકામી અકળાય છે ને આંખમાંથી પાણી નિગળવા દે છે."

"એમ થાય છે કે જાણે મરી જાઉં! મહારાજ રાજારામને સારૂ શી વ્યવસ્થા કરી જાય છે, તે જીવતા જીવે હું ન જોઉં, તો મારૂં જીવ્યું ધૂળ જેવું છે; મહારાજ!"

"રાજારામ માટે સંભાજી મહારાજ યોગ્ય અને સંતોષપ્રદ વ્યવસ્થા કરશે, એ વિષે તું નિઃશંક રહે."

"કોણ? શું સંભાજી મહારાજ! રાજાનું એ પદ પણ પામી ગયો? મહારાજ, મને કશી સમજણ નથી પડતી."

"વંશપરંપરાથી ઉતરી આવેલી રાજનીતિ પ્રમાણે સંભાજી યુવરાજ હોઇ ગાદીનો હક્ક એને જ પહોંચે છે મારાથી રાજનીતિ વિરૂદ્ધ શી રીતે વર્તાય? જોઃ તારા મનની અધીરતા કે વ્હેમ એ અધૂરી વત્સલતાનું કારણ છે. સંભાજી રાજારામને પોતાના પ્રાણથીયે અધીક પ્રિય છે. રાજારામને અને સંભાજીને જીવનભરમાં કલહ નહિ થાય એવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. રામને અને ભરતને કલહ થયો સાંભળ્યો છે? કલહનું બીજ કેટલીકવાર સ્ત્રીઓજ વાવતી હોય છે."

"એ બન્ને વચ્ચે ભાઇચારો ક્યાં સુધી ટકવાનો ?"

"ઇશ્વર જ્યાં સુધી ટકાવી રખાવે, ત્યાં સુધી."

"ત્યારે 'મહારાણી'ના નાતાથી મને કાંઇ જ અધિકાર નહિ મળવાનો ?"

"જો સમજે તો તું અધિકારિણી જ છેઃ પરંતુ અધિકાર પણ ધર્માજ્ઞા પ્રમાણે મર્યાદિત હોય છે, તે વાત તું ભૂલી જાય છે."

"ધર્માજ્ઞા શી છે, ન સમજતી હોઉં, તો સમજાવો, હું સાંભળીશ, બોલો; નાથ !"

"રાજ્ય સંરક્ષણ કેમ કરવું અથવા રાજ્યની વ્યવસ્થા શી રીતે કરવી, એ અધિકાર વિધવા મહારાણી પાસે, તેને કિશોર વયનો બાળક હોય, ત્યાં સુધી હોય છે. તું વિધવા નથી; વળી એક તેત્રીસ વર્ષનો અને બીજો ઓગણીસ વર્ષનો એમ પક્વ વયના બન્ને પુત્રો થએલા છે; તે ઉપરાંત હું પોતે હજુ હયાત છું; પછી તું કેવા અધિકારની માગણી કરે છે ?"

"પોતે વિધવા હોય તો સારૂં, એવી કોણ ઇચ્છા કરે ?"

"લોભી સ્ત્રી."

"અમંગલ કલ્પના મને સંભળાવો મા. લોભી સ્ત્રી હોઇ તે ભલે તેવી ઇચ્છા કરે; પણ માનો ન માનો, આજ મહારાજનું મન કોઈ ગંભીર વિચારમાં ગૂંથાયલું લાગે છે મારી સાથે આજે બરાબર મન ખોલીને વાત નથી કરતા; નાથ ! કહો, કિંકરીનો કાંઇ અપરાધ થયો છે ?"

"અપરાધનો મને વિચાર સરખો થયો નથી. મારૂં મન ગૂંચવાયલું છે એ વાત તો ચોક્કસ જ છે."

"મને કહો કે શા કામમાં ગૂંચવાયલું છે ?"

"પેલા હિંમતને મારો શિકારી અશ્વ આપી, પન્હાળગઢ તેં એવા શા અગત્યના કારણસર મોકલ્યો હશે, એ વિચારમાં ગૂંચવાયલું છેઃ છે આનો કંઇ ખુલાસો ?"

"અશ્વ શો ? પન્હાળગઢ મોકલ્યું શું ? શી વાત ને શું ચિત્ત !! મહારાજ, છેક જ હું એ વાતથી અજાણી છું. કોણે નગણાએ મારે માથે આવું દોષારોપણ ઢોળ્યું હશે ! હિંમતને પન્હાળગઢ મેં મોકલ્યો. ?"

"કોણે મોકલ્યો તેની ચોક્કસ ચોકસાઈ થોડા જ વખતમાં થશે. હમણાં તો કાને સાંભળ્યું તે જ કહું છું; પછી બુદ્ધિએ સમજેલું કહેવાશે."

ત્યાર પછી શિવાજીમહારાજ વિદાય થયા. છેલ્લા સવાલથી સોયરાબાઇનું મ્હોં પણ લેવાઇ ગયું. પરંતુ હિંમત પાછો જીવતો ફરે એવું તેણે રાખ્યું જ ન હતું ! એટલા પૂરતું એને આશ્વાસન મળ્યું. મહારાજના ગયા પછી અન્નાજીને તેડી લાવવા માટે દાસીને મોકલી, સોયરાબાઇ ભવિષ્ય નિરખતી વિચારમગ્ન થઇને એકલી બેસી રહી.

આઠમું પ્રકરણ

વિષમય વાતાવરણમાંથી આનન્દનો ઉદ્ભવ

કાર્તિક મહિનો ઉતરીને માર્ગશીર્ષ માસ બેઠો હતો. ઠંડીના ચમકારા શીતળ સમીરણ સાથે વહેતા હતા. વર્ષાઋતુએ મ્હોં માગ્યો વરસાદ દીધો હતો, તેથી હરિયાળાં ક્ષેત્રોમાં શિયાળુ પાક લીલોછમ અને આંખને રઢિયાળો લાગતો હતો. રસકસથી ભરપૂર મહારાષ્ટ્ર ભૂમિનાં ગરીબ અને તવંગર–સર્વ કુટુમ્બો કલરવ કરતાં પંખીપેઠે કલ્લોલતું જીવન નિર્ગમન કરી રહ્યાં હતાં. કુદરતનાં રમકડાં રૂપ સૃજનહારની દરેક વસ્તુ–સ્થૂળ દૃષ્ટિને જડ જણાતી અને ચેતનવંતી–તમામ–પ્રફુલ્લપણે વિહરી રહેલી જણાતી હતી. જ્યાં જુઓ ત્યાં આનન્દ–આનન્દ છવાઇ રહેલો લાગતો હતો.

નહિઃ "જ્યાં જુઓ ત્યાં" એમ કેમ કહેવાય ? સંભાજીના અંતઃકરણમાં આનન્દ હતો ? શિવાજી મહારાજ આનન્દમગ્ન હતા ? તેનો ઉત્તર નકારમાં દીધા પછી આપણે આપણા અંતઃકરણને પૂછીએ, કે સોયરાબાઇનું જીવન આનન્દપૂર્ણ હતું ? કંઇક શોકમિશ્રિત આનન્દ એ રાજરાણી અનુભવી રહી હતી. સંભાજીના જીવનની જડ ઉખેડી નાખવાના પ્રયત્નો થવા માંડયા છે, એવું શિવાજી મહારાજે જાણ્યું છે, એમ સોયરાબાઇને લાગ્યું, ત્યારથી તેના એક વેળાના આનન્દમાં શોકની રેષા દોરાઇ ગઇ છે. શિવાજી મહારાજને જ્યારથી સોયરાબાઇની પ્રપંચયુક્તિની ખબર મળી, ત્યારથી તેમના જીવનમાં કેવળ શોકનાં મોજાં ઉછળી રહ્યાં છેઃ "જ્યાં જુઓ ત્યાં આનન્દ" એમ કેમ કહેવાય ?

સંભાજીના સુરક્ષિતપણા સારૂ શિવાજી મહારાજે ઘટતો બંદોબસ્ત કરવા માંડયો હતો. દાખલા તરીકે સેનાપતિ હંબીરરાવ મોહિતેને કર્ણાટક પ્રદેશના બંદોબસ્ત વાસ્તે નિયત કરવામાં આવ્યો હતો, તેનાપર ખાસ દેખરેખ રાખવાની ગોઠવણ થઇ હતી. અન્નાજીને કોંકણ પ્રદેશ ભણી કહાડવામાં આવ્યો હતો. મોરોપંતને ઉત્તર પ્રદેશ તરફ રહેવાનો હુકમ થયો હતો. રાયગઢમાં બાલાજી આવાજી ચિટણીસ, પ્રહલાદ નિરોજી અને રામચન્દ્ર નીલકંઠ અમાત્ય એટલા અધિકારીઓ રહેલા હતા. જનાર્દનપંત હણમંતે કોલ્હાપુર ભણી અને જનાર્દનપંત સુમંતને સંભાજીની સંભાળ માટે ખાસ પન્હાળગઢ ભણી રાખવામાં આવ્યો હતો.

પાછળના પ્રકરણમાં આપણે વાચી ગયા કે સંભાજી અને કુબજી વચ્ચે સંભાજીના રાજ્યાધિકાર વિષે વાતચીત થઈ હતી. ઉમાજી સંબંધી સંશયયુક્ત આવેલો પત્ર સંભાજી વિચારી રહ્યો હતો. સંભાજીનું મન હવે વ્યાકુળતા ધારણ કરતું હતું. પોતાનું સંરક્ષણ કરનાર નિકટના સાથી—વિશ્વાસુ વ્યક્તિ—પોતાની પાસે કુબજી સિવાય બીજો કોઇ જ નથી, એવું સંભાજીના મનનું મંતવ્ય બંધાયું. સંભાજી ડગલે ને પગલે સંશયની દૃષ્ટિએ જોવા લાગ્યો. પોતાના જીવનનો અંત આણવા સારૂ જાળ પથરાઈ ચૂકી છે અને તે કામમાં ઉમાજીનો સંપૂર્ણ હાથ છે, એ વાત બાળાજી આવજીના ખાનગી પત્રપરથી સંભાજીને સર્વાંશે સાચી લાગી. વાત સાચી લગાડનારાં કારણો મોજુદ હતાં. વિજયાદસમીને દિવસે પોતાનું રાયગઢમાં ગમન, ત્યાંથી પાછા ફરતી વેળાએ સોયરાબાઇને મળવા જતાં તેનું દૃષ્ટિગોચર થએલું ભિન્ન પ્રકારનું વર્તન, વગેરેનું તેને સ્મરણ થયું. સંભાજીએ કુબજીને પોતાની પાસે બોલાવ્યો. પોતાનો ધન હેતુ સાધવા માટે જોઇએ તેવો અનુકૂળ સંયોગ મળેલો જાણી, મનથી મલકાતો, પણ ઉપરથી સંભાજીનો વિશ્વાસ જીતી લેનારા ભાવો વ્યક્ત કરતો કુબજી (કલુશા) સંભાજી પાસે આવીને બેઠો. સંભાજીએ ભવાં ચડાવતાં કહ્યું:—

"કુબજી! પ્રસંગ ભયંકર લાગે છે. માથે કાળચક્ર ફરી રહ્યું છે. વિશ્વાસુ બાળાજીના ખાનગી પત્રથી ઉમાજી વિષે મને ભારે શક ઉત્પન્ન થયો છે: તને શું સમજાય છે?"

"આપ સમજ્યા છો એવું જ સેવકને પણ લાગે છે; પરંતુ કાળચક્રથી આમ ભય પામ્યા છો, જ્યારે હું નિર્ભય છું—"

"કેમ કે કાળચક્ર મારાપર ભમે છે—તારાપર નહિ: તું તો નિર્ભય જ હોયને!" સંભાજીએ કહ્યું.

"એમ નહિ; હું એટલા માટે નિર્ભય છું કે એ કાળચક્રને ય છેદવાની મારી પાસે મંત્રસાધના છે. માટે જ આપના જીવને કોઈ હાની નહિ કરી શકે એ શ્રદ્ધાના બળે હું નિર્ભય છું—પ્રભો!"

"મંત્ર સાધના! વાહ્! ત્યારે આ જ તકે મને તે સાધનાનો કોઇ ચમત્કાર ન બતાવે? મારા મનને આશ્વાસન મળે, પડીકે બન્ધાયલા જીવને જરા વિરાંત વળે, એવું કરે તો?"

"આજ્ઞાનું ક્યારે ઉલંઘન કર્યું છે? પ્રભુની એવી જ મરજી હશે તો સેવક હમણાં જ એ પ્રયોગ અજમાવી બતાવશે. આ રહ્યો કુમ્ભ:

પાણી પણ અંદર ભરેલું જ છે ! ચાલો; કં ત્યારે પ્રારંભ ? પણ, હં; એક વાત ખાસ લક્ષ્યમાં રાખવાની છે."

"કહે,–શી વાત ?"

"તે એ, કે સમાધિસ્થ થયા પછી શયતાનીક શક્તિનો હું પ્રાદુર્ભાવ કરી શકીશ. સંભવ છે કે એ શક્તિના નિદર્શનથી તમે મોહમૂર્ચ્છા પામો. માટે હું કહું ત્યાં સુધી રાજ યુવરાજનાં પોપચાં બીડાયલાં જ રહે તો ઠીક. પછી કહુ ત્યારે નેત્રો ઉઘાડવાં. આ બધું થોડી જ ક્ષણોમાં થઇ જશે. ચાલો ત્યારે, જગદમ્બાનું સ્મરણ કરો. એકાગ્રચિત્તે તે મહામાયાનું ધ્યાન ધરી રહો. મનમાંથી સઘળા વિચારોને સંયમબળે બાજૂપર મૂકી દો. સાવધ થાઓ. સેવક મંત્રસાધનાના પ્રયોગનો પ્રારંભ કરે છે."

એટલું બોલીને કુબજીએ ગુલાબજળનું આચમન કર્યું. મંત્ર ભણતો હોય તેમ હોઠ ફફડાવીને આચમનીમાંનું પાણી ધરતીપર છાંટયું. સંભાજીને પોપચાં બીડવાની સંજ્ઞા મળી. આસન વાળીને કુબજી "ઘટીઘટ ઘંટાઘોર ઘંટુ યદ્દબંધન" નો શ્લોકોચ્ચાર કરતો હતો; પછી આસ્તે આસ્તે મૌન ગ્રહણ કરવા લાગ્યો. થોડી ક્ષણો શાંત સમાધિ ધાર્યા પછી કુબજીએ પોતાનો પ્રાપંચિક અખતરો અજમાવવા માંડયો. કુબજીને વિવિધ કંઠવાણી કહાડતાં આવડતી હતી. તેણે પોતાનો મૂળ સાદ બદલ્યો અને આ વિશ્વાસુ સંભાજી-પર અસરકારક છાપ પાડવા સારૂ અત્યાર સૂધી જેનાથી સંભાજી અપરિચિત હતો, તેવી વાણી કુબજીએ કહાડી. જાણે કુબજીએ પેલી "શયતાનીક શક્તિ" ને ઉત્પન્ન કરી હોય, અને તેને જ સંબોધીને ને બોલતો હોય, તેમ બોલ્યોઃ—

"ઘોર ઘંટા"

"આજ્ઞા મહારાજ !" ઘોરઘંટા જે વાણીથી બોલ્યો હતો, તે પોતાની મૂળ વાણી હતી. 'આજ્ઞા' પૂછનારો સાદ જુદી જ વ્યક્તિ જેવો નીકળ્યો હતો. કુબજીએ આજ્ઞા ફરમાવીઃ—

"એકદમ જા; વિદ્યુત વેગે જા અને યુવરાજની વિરૂદ્ધ કેવી પ્રપંચ-જાળ પથરાઇ છે, કોણે એ જાળ પાથરી છે, તેમાં મૂખ્ય હાથ કોનો છે, વગેરેની તપાસ કરીને મને સૂક્ષ્મ રીતે કહી સંભળાવ. મહારાજ! હવે ખોલો આપનાં લોચન."

સંભાજીએ લોચન ઉઘાડયાં. કુબજીએ સંભાજીપર આબાદ છાપ બેસાડી હતી. સંભાજીએ કહ્યુંઃ–"કેવી મંત્ર સાધના ! આવી અજબ સાધના તારી પાસે હશે એની મને આજે જ પ્રતીતિ થઈ !"

"મહારાજ! પ્રસંગ સિવાય કશું બને છે? બીજો ઇલાજ નહતો, ત્યારે જ મેં મંત્ર સાધનાનો ઉપયોગ કર્યો. આપ સરખા રાજા યુવરાજને જેમ કુતરાં બીલાડાંપર સમશેર ફેંકવી અયોગ્ય લાગતી હોય છે, તેમ અમારા જેવા બ્રાહ્મણોને નજીવા કારણસર મંત્રસાધનાનો પ્રયોગ કરતાં ઉચિત નથી લાગતો. વિકટ પ્રસંગ સિવાય વારે ઘડીએ એવા પ્રયોગો કરીએ તો મંત્રનું મહાત્મ્ય પણ ઘટી જાય ને અમારાં જીવન પણ ભૂંડાં બની જાય."

"બરાબર છે. સિંહનો પંજો મસ્ત હસ્તીના ગંડસ્થળ પર જ પડે તો શોભે."

"જગા લશો?" કબજીએ આ પ્રસંગસાફલ્યની ખુશાલીમાં બે શરાબ-પ્યાલા ભર્યા. તેમાંનો એક સંભાજીના હાથમાં આપતાં કહ્યું. બન્ને જણે તેનું પાન કર્યું. કબજીએ પોતાનો પાઠ ભજવવો ચાલુ જ રાખ્યો હતો. શરાબ પી રહ્યો કે તરતજ જાણે પોતાને પેલી શયતાનીક શકિત કાનમાં કંઈક કહી રહી હોય તેવો ભાવ તેણે વ્યકત કર્યો. પોતે સ્થિર થઈ ગયો. સંયમી સાધુ પેઠ સ્વસ્થ બન્યો. એકાગ્રવૃત્તિઓવાળા ચિત્તવડે સંભાજીનું ધ્યાન ખેંચાય તેવી રીતે તેણે પેલી અણદીઠ—અગમ્ય—શક્તિ પ્રત્યે કહેવા માંડયું:—" શું બોલે છે—એ? ઠીકઃ વારૂં, પછી? (જરા સાંભળી રહ્યા પછી) અરરર! જુલમ! હેં! ઠીક જા. તારી કામગિરીનો બદલો પ્રભાત પૂજા પ્રસંગે મળશે. મને હવે નિરાંતે વિચાર કરવા દે." એટલું બોલીને કબજી પ્રફુલ્લ ચ્હેરો કરી, નેત્રો મિંચી સ્વસ્થ ધ્યાન લગાવતો બેઠો.

પોતાની કૃત્રિમ મંત્રસાધનાની છાપ સંભાજીપર પોતે બરાબર પાડી શકયો છે, એ જ બાબતનો વિચાર ધ્યાન ધરીને કબજી કરી રહ્યો હતો. કબજીનું બીજું નામ કલુશા હતું અને તે નામ તેના કામપરથી પડયું હોય એવું લોકમંતવ્ય હતું, એ ઇશારો પાછલા પ્રકરણમાં થઇ ગએલો છે. કબજીએ પોતાનું પોત સૂક્ષ્મ રીતે આજે સમય જોઇને પ્રકાશવા માંડયું છે. વિશ્વાસુ સંભાજી વિશ્વાસથી આજ તેના હાથનું રમકડું થઇ પડયો છે. અરે વિશ્વાસઘાતક જીવડાંઓ!

કબજીના કાવતરાનાટકનો હજુ તો અડધો જ ભાગ ભજવાયો છે; અડધા ભજવાયલા ભાગમાં પોતે ફત્તેહ મેળવી શકયો એટલે એને બેવડું બળ મળ્યું. તેણે 'મંત્ર સાધના' નો વધુ પ્રયોગ અજમાવવાની શરૂઆત કરી. કબજી ફરીથી ધ્યાનસ્થ થયો. થોડીવાર પછી એકદમ ઉછળ્યો, ચીબાવલાની આંખો પેઠે તેની આંખો ખુલી ગઈ. જાણે ગભરાયલી સ્થિતિમાં હોય તેવો તેણે દેખાવ કર્યો. સંભાજી તાજુબ થયો. સકૌતુક નજરે નિહાળતા સંભાજીએ કબજીને બોલાવ્યોઃ—" કબજી!"

કબજી જરા સ્વસ્થ થયો અને નજરને સ્થિર કરીને તેણે સંભાજીને કહેવા માંડયું:—" મહારાજ! સમાધિસ્થ સ્થિતિમાં કેવા કેવા ચમત્કારો દૃષ્ટિએ પડે છે, તેનું સંપૂર્ણ અને હૂબહૂ વર્ણન કરવું કઠિન બલ્કે અશક્ય છે. શું કહું? અરે...રે."

"જેટલું કહી શકાય એટલું તો કહે; કબજી! ધ્યાનમાં શું શું દીઠું?"

"એ વિચાર જ જવા દો. નહિ કહેવામાં જ નવ ગુણ છે." કબજીએ આબાદ છાપ પાડવાની શરૂઆત કરી. "મહારાજ! પ્રથમ મેં આખું બ્રહ્માન્ડ દીઠું. ત્યાંથી એક જોગિયો મને રાયગઢ તરફ લઈ ગયો. તેણે બતાવ્યું કે સાવકી માતાનાં કારસ્થાન ભયંકર ભુજંગના હળાહળથી ભરેલાં છે. વિષ પ્રયોગને વાસ્તે જ ઉમાજીને આપની સાન્નિધ્યમાં રાખવાની ગોઠવણ સોયરાબાઈએ કરી છે:—"

"મારી શંકા ખોટી નથી, એ વાતની તેં સાબીતી આપી! વારૂ, પછી?"

"એ બધું જોયું; છતાં રાજયુવરાજના જીવન વિષે બીલકૂલ બેફીકર રહું છું કેમ કે એ વિષના ઉતારરૂપ મારી પાસે મંત્રસાધના નથી એમ નહિ."

કબજી બોલતો બંધ થયો અને સંભાજી ગંભીર વિચારમાં પડયો. સૂક્ષ્મ દૃષ્ટિથી કબજી સંભાજીના મુખવિકારો જોવા લાગ્યો. ઉંડો એક નિઃશ્વાસ નાખીને સંભાજી બોલ્યો—"હવે મારે કોનાપર વિશ્વાસ રાખવો! વિશ્વાસુ માન્યા, તે જીવ લેવા તત્પર થયા છે; કબજી! રાજપુત્રોનાં કિસ્મતમાં આવાં કાવતરાંના ભોગ થવાનુંજ નિર્માણ હશે?"

"કાવતરાને કાપીને આપણો રસ્તો સાફ કરવો એ આપણું કામ છે પ્રભો! હરબડવાનું કાંઈ જ કારણ નથી."

"આ બધું શું ચાલી રહ્યું છે, કબજી! હું તો વિચારૂં છું ને વિમાસણમાં જ પડું છું. કોઇ પણ કામ સ્વતંત્રપણે કરવાનો પ્રતિબન્ધ! નજર કેદ! સાવકી માનો રાજ્યલોભ! વિષપ્રયોગ! ઘેરાયલાં વાદળનો કોઇ આરો જ ન મળે? વૈભવહીનતા કરતાં મૃત્યુ શું ખોટું! જન્મ લીધો રાજકુટુમ્બમાં, અને રાજ્યસુખ ભોગવવાનાં મળે જ નહીં! તે કરતાં તો હંબીરરાવ, ધનાજી, નેતાજી વગેરે યોદ્ધાઓની પેઠે સ્વતંત્રતા ભોગવવા સારૂ કોઈ એવા જ કુટુમ્બમાં અવતર્યો હત, તો વધારે સારૂં. પણ હવે તેમાંનું શું?"

"શોક કરવાથી શું વળવાનું છે, મહારાજ! નિમિત્ત હશે તેમ થશે. આપણાથી વિધિના લેખ કાંઇ મિથ્યા થવાના છે?"

કબજીના આ શબ્દો સંભાજીને ગુઢાર્થી લાગ્યા. તે ઘણો ખિન્ન થયો. બાજુપર પડેલી સમશેર તરફ વારંવાર તેની દૃષ્ટિ ફેંકાવા લાગી. તેની આંખોમાં રક્તરંગ ઢોળાવા લાગ્યો. ક્રોધાવેશમાં આવી તેણે જરા દાંત કચકચાવ્યા. તેણે એકદમ સમશેરપર હાથ નાખ્યો. સંભાજીની આવી સ્થિતિ જોતાં જ કબજીના દિલમાં કંપારી છૂટી. તે કાંઇ કહેવા જાય, તે પહેલાં સંભાજી જ બોલી ઉઠયો:—કબજી! કહે, આ ક્ષણે અને દુર્વાસા જેવા પ્રકટ થએલા વિકરાળ સ્વરૂપે આ સમશેર લઇને સોયરાબાઇના આવાસમાં જઇ તેનો વધ કરી દઉં? કહી દે. તારા છેલ્લા વાકયનો ભાવાર્થ હું બરાબર સમજ્યો છું."

કબજીએ મનથી જ વિચારી લીધું, કે ભાવાર્થ સમજવામાં ભૂલ થાય છે. 'નિમિત્ત'ની વાતો રાજયુવરાજ નથી જ સમજ્યા. સોયરાબાઇપર જ સંભાજીએ ગુસ્સો કરેલો એ હવે કબજી સમજી શકયો. પોતાનાપર રોષ નથી, એવી તેની ખાતરી થઈ. કબજીએ ઉતાવળું પગલું ન ભરવાની નમ્ર સલાહ આપી.

આટલી ચર્ચા ચાલી. વધુ વાતચીત થાય, તે પહેલાં તો દ્વારરક્ષકે આવીને રાજયુવરાજને વધાઇ સંભળાવી:– "યુવરાણીના પ્રસૂતિકાળ પછી પુત્રરત્નની પ્રાપ્તિ થઇ છે. મહારાજનો જય હો,"

સંભાજીના મ્લાન મુખપર કંઇક હર્ષની રેષા દોરાઇ. વિષમય વાતાવરણમાં હર્ષની લહરી વાઇ. ખુશાલીના પ્રસંગ નિમિત્તે બન્ને જણે ફરીથી શરાબ ગટગટાવ્યો.

નવમું પ્રકરણ

હિંમતનું ખૂન

સંભાજીને ત્યાં પુત્ર પ્રસવ થયાની વધાઇ રાયગઢમાં પહોંચી. પહોંચતાં જ રાયગઢમાં ડંકો નોબત ને ટકોરખાના સાથે બંદૂકોના બાર થવા લાગ્યા. વધાઇ કહેવા આવનારને શિવાજી મહારાજ તરફથી સારો

શિરપાવ મળ્યો. સમસ્ત રાયગઢમાં સાકર વહેંચાઇ. ખુશખબરનો દિલસોજ પત્ર ચિટણીસ પાસે શિવાજી મહારાજે સંભાજીપર લખાવરાવ્યો અને બન્ધુ વ્યંકોજી ઉપર પણ વધાઇ સૂચક બીજો પત્ર લખવામાં આવ્યો.

વધાઇ આવતા પહેલાં ઉમાજીને કબજે કરવામાં આવ્યો હતો, એ યોજના શિવાજી મહારાજ તરફથી જ ગોઠવાઇ ગઇ હતી. પરંતુ પેલો હિંમત અને તે જે લાલમણિ અશ્વ લઇ ગયો હતો, તેનો કશો પત્તો નહિ લાગવાથી મહારાજ તે વિષે વિચાર કરતા ચિટણીસ પાસે બેઠા હતા. ચિટણીસે વાત કરીઃ—

"ગઇ કાલે હિંમતની સ્ત્રી પણ જનાનખાનામાંથી નાસી છૂટયાની ખબર મળી છે."

"એમ?" શિવાજી મહારાજે શંકાશીલ બનતાં કહ્યુંઃ—"હિંમતની સ્ત્રી પણ રાણીવાસમાંથી જતી રહી છે?"

"હિંમતનો પત્તો મળે તો જ કાવતરૂં કળી શકાય. વિષની ચોરી કરનાર એ જ છે, એટલે એની પાસેથી મુદ્દાની વાત નીકળી શકે; પણ કયાં પત્તો લાગે છે? હિંમત...હિંમત!"

"નવાઇ પામું છું. પરરાજ્યની ગુપ્ત બાતમી ગમે તે પ્રકારે મેળવી શકનાર શિવાજી ખુદ પોતાના ઘરના કાવતરાને પકડી શકતો નથી—એ પણ દૈવલીલાજ ને?" નિરાશ થઇને શિવાજી મહારાજે કહ્યું.

આમ વાતચીત થતી હતી, એટલામાં એક માણસ દીવાનખાનામાં આવવા ઇચ્છે છે, એવી દ્વારરક્ષકે ખબર નિવેદન કરી. શિવાજી મહારાજે તેનું ઓળખાણ પૂછયું ત્યારે દ્વારરક્ષક બોલ્યોઃ—"મધ્યમ કદનો છે, અંગે અંગરખુ પહેર્યું છે. બાંધો મજબૂત પણ જરા પાતળો છે. કોઇ બાતમી લઇને આવ્યો હોય એમ લાગે છે."

"તે કયાંથી આવ્યો છે?" ચિટણીસે પૂછયું.

"પન્હાળગઢથી."

"હિંમતની શોધ માટે જે ગુપ્તચરને આપણે મોકલ્યો હતો, તે જ એ હોવો જોઇએ; જેની સાથે ઉમાજીના સંબંધમાં યુવરાજપર ખાનગી પત્ર મોકલ્યો હતો."

"મને પણ એમ જ લાગે છે." શિવાજી મહારાજે દ્વારરક્ષકને ફરમાવ્યું એટલે પેલો ગુપ્તચર અન્દર દાખલ થયો. તેને વિગત પૂછી. ગુપ્તચરે વંદન કરીને ખબર કહી સંભળાવીઃ—

“ફરમાન પ્રમાણે સેવક પન્હાળગઢ ગયો અને કોઇ ન જાણે તેવી રીતે રાજયુવરાજને મહારાજનો પત્ર આપ્યો; પછી ત્યાંથી પાછા ફરતાં હિંમતની તપાસ ચલાવી. પન્હાળગઢમાં ઘણી બારીક શોધ કરી, પણ પત્તો ન મળ્યો. ભગ્નાશ થઈ પાછો રાયગઢ આવતો હતો, ત્યાં રસ્તામાં જ તાજુબ કરનારૂં કૌતુક સેવકે દીઠું–મહારાજ!

“ઝટ કહી દે; કેવું કૌતુક?” ચિટણીસે ઇંતેજાર થતાં કહ્યું.

“ખૂન! મહારાજ! ધડ સિવાયના એક ઘોડેસ્વારને પડેલો મેં દીઠો. પછી–”

“ધડ સિવાયનો ઘોડેસ્વાર! પછી?”

“પછી તેનું ધડ કેમ મળી શકે તે વિષે હું વિચાર કરવા લાગ્યો. પ્રથમ તે કોનું શબ પડેલું છે, તેની ચોકસાઈ કરી. તે શબના અંગપરના અંગરખાનાં ગજવાં તપાસ્યાં. મહારાજ! હિંમતના નામનું મેં તેના ગજવામાં માદળિયું જોયું. ગળામાંથી ગજવામાં માદળિયું મૂકવાનું શું કારણ હશે તેના વિચારમાં પડું તે પહેલાં આમ હિંમતનું ખૂન કોણે અને કેમ કર્યું હશે, તે વિષે જ વિચારો–”

“હિંમતનું ખૂન થયું, આપણો એક સબળ પુરાવો ઉડી ગયો! ઠીક; ચિટણીસ! પ્રભાતકાળે આ ગુપ્તચરને બક્ષીસ અપાવજો અને હિંમતની સ્ત્રીની શોધ માટે પણ તેને જ નિમવો વાજબી થઇ પડશે–નહિ?”

“એને જ એ કામ સોંપીશું. પણ મને તો તેની સ્ત્રીનું પણ શબ જ હાથ લાગે, એવો ભાસ આ એક પરિણામના પ્રત્યક્ષ અનુભવપરથી લાગે છે.”

“સંભાજીની સાવકી માના રાજ્યલોભે તો હદ કરી!!”

શિવાજી મહારાજે હતાશ થતાં કહ્યું.

દસમું પ્રકરણ

“એ સાકર નથી, સોમલ છે.”

રાયગઢમાં આજ ઘેર ઘેર આનન્દ ઓચ્છવ થઇ રહ્યો હતો. “નન્દ ઘેર આનન્દ ભયો, જય કનૈયાલાલકી” નાં ગીત ગવાતાં હતાં. સંભાજીને ત્યાં પુત્રપ્રાપ્તિ, એટલે રાયગઢની પ્રજાને મન મહાન ઉત્સવ:

કેટલાક લોકો હવે ભાવિકાળના પરિણામ વિષે પણ ચર્ચા ચર્ચતા નજરે પડતા હતા. એવા સંજોગોમાં સોયરાબાઇની સ્થિતિ કેવી હશે, તે આપણે જોઇએ.

પુત્રપ્રાપ્તિની વધાઈ સોયરાબાઇને મન પોતાનાપર વજ્ર પડ્યા સરખી લાગી હતી. ક્રોધથી રક્ત થએલું તેનું વિકરાળ મુખ એકદમ લેવાઇ ગયું હતું. દીર્ઘ અને ઉષ્ણ શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યો હતો. જાણે ફૂંફવાડો મારતો કાળભુજંગ. સોયરાબાઈ સ્વયં વિચારી રહી હતીઃ—"સાકરની લ્હાણી! નહિ નહિ, એ સાકર નથી, પણ સોમલ છે. કાવતરું ફલિત થાય એટલી જ વાર છે. પછી બતાવું છું કે લ્હાણી સાકરની થઇ છે કે સોમલની? હવે તો મારે પ્રલયદેવીનો જ અવતાર ધારણ કરવો જોઇએ. પ્રયત્નની સફળતા તો ખુલ્લી આંખે જોઈ જ રહી છું. જે દશા હિંમતની, એ જ તેની સ્ત્રીની! શાબાશ, ઉમાજી! તને મહારાજ તુરંગમાં ભલે રાખે; પણ લાંબો કાળ તું તુરંગનિવાસી રહેવાનો નથી. લોખંડનાચે ચણા ચાવવા પડે. સંકષ્ટ સિવાય સંપત્તિ નથી. રાયગઢમાં મુત્સદ્દીઓમાં હવે બાળાજી સિવાય બીજું કોઈ રહ્યું નથી, એ પણ અનુકૂળ સંજોગો છે. પન્હાળગઢનો આનન્દ રાયગઢમાં! કોને આનન્દ? મારે આનન્દ શો! હાથીપર થેલા ભરી ભરીને સાકર વહેંચાઇ! જોઉં છું હવે એ સાકરનું સોમલ કેમ બને છે તે. મારે એ સાકર ન જોઇએ. પુત્રપ્રાપ્તિથી તો મારો એક પોબાર ખાલી ગયા જેવું થયું. નીકર એક ઘાથી બે ટુકડા થઇ જાત. યેસુનો જ વધ ના કરી નાખત! પણ તે તક હવે ગઇ છે. ખેર. હજુ ઇલાજ હાથથી નથી ગયો. સમગ્ર મુત્સદ્દીમંડળને સ્વાધીન કરૂં. તે સિવાય રસ્તો નિષ્કંટક બનાવવામાં ભારે મુશ્કેલી નડશે."

વિચારમાં ને વિચારમાં સોયરાબાઇની દૃષ્ટિ સાકરના થાળપર પડી. સાકરને સંબોધીને તેણે બોલવા માંડ્યુંઃ—"રે મીઠડી સાકર! હું રાજરાણી છું અને રાજમાતા બનું તો જ તારો સત્કાર કરૂં. નહિ તો હરગીજ નહિ. રાજારામ રાજગાદી ન મેળવે, ત્યાં સુધી મારી દૃષ્ટિએ તું ચડીશ ના. ચાલ અહીંથી." એમ કહીને સોયરાબાઇએ સાકરથી ભરેલા ચાંદીના તાટને જોરથી એવી લાત લગાવી, કે પોતાની મુખ્ય બેઠકમાં ગોઠવાયલા અન્ય શણગાર સાહિત્યમાં જઇને તે થાળ અથડાવાથી કેટલીક કિંમતી વસ્તુઓ ફૂટી ને તૂટી ગઇ. અવાજ સાંભળીને બે ત્રણ દાસીઓ ત્યાં દોડી આવી. શું થયું, તેનો મૌનવૃત્તિથી વિચાર કરતી દાસીઓ સોયરાબાઇ પાસે જઇ ખડી રહી અને કાંઈ આજ્ઞા માગતી હોય એવો ભાવ તે વ્યક્ત કરતી હતી.

દાસીથી આવી ભાંગફોડનું કારણ તો પૂછાય જ કેમ? દાસીઓ, વાસણના ટુકડા એકઠા કરવા લાગી. એક દાસી વેરાયલી સાકરને સાંભરી લેવા લાગી. સાકર એકઠી કરીને ફરીથી પેલા ચાંદીના તાટમાં દાસી નાખતી હતી, કે તરત જ તેમ કરતાં તેને અટકાવીને સોયરાબાઇએ કહ્યું:—"ખબડદાર! ફેંકી દે એ સાકરને ઉકરડામાં. મારી નજરે તે ચડવી જ ન જોઇએ. તે સાકર નથી, નરક છે. હમણાં ને હમણાં જ એને બહાર ફેંકી દે. ખબડદાર જો એવી નીચ વસ્તુને ચાંદીના તાટમાં મૂકી તો!"

આવું સંભાષણ સાંભળીને દાસીઓ તો આભી જ થઈ ગઇ. રાજરાણીનું ચિત્ત ઠેકાણે નહિ હોય કે શું? એવો તર્ક દાસીઓને થયો અને તેની આવી સ્થિતિમાં અહીં વધારે વાર રોકાવું ઠીક નહિ, એમ સમજી પરસ્પર આંખઇશારો કરીને દાસીઓ આવાસ બહાર ચાલી ગઇ.

દાસીઓના ગયા પછી સોયરાબાઇની વિચારવૃત્તિ વધારે વેગવતી બની ગઈ. "રાજમાતા થઇશ! સ્વર્ગીય વૈભવ ભોગવીશ! સ્વર્ગીય વૈભવ ભોગવતા પહેલાં, એ સ્વર્ગસોપાનના અંતીમ પગથિયે પહોંચતા પહેલાં, અંતરાયો તો નડેસ્તો. જોઉં છું બાળાજીને કબજે કરી શકાય છે કે નહિ! જો તે હાથમાં આવ્યો, તો બેડો પાર. વાહ! હું આજની મહારાણી, આવતી કાલની રાજમાતા! નરમેધ! નરમેધ!" સાયરાબાઇએ 'નરમેધ' નો અંતીમ ઉદ્દગાર કહાડ્યો.

અગિયારમું પ્રકરણ

અગ્નિહોત્રિનો અંગારો

"નમો ભગવતે વાસુદેવાય...હરિ ૐ... યં બ્રહ્મા વરુણેન્દ્ર રુદ્ર મરુતઃ સ્તુન્વન્તિ દિવ્યૈસ્ત વૈ... અલ્યા દીવો કર્યો નહિ કે? ખબર નથી—હું વૈશ્વદેવમાં બેઠો છું તે? જો ને! કોઇ સાંભળતું જ નથી! શાંતાકારમ્ ભુજગ શયનમ્ પદ્મનાભં સુરેશમ્...સુરેશ ક્યાં મુવો? કોઇ ઘરમાં જ નથી? દીવો બીવો તો લાવો. હમણાં રાજવાડામાંથી મેનો આવશે! વેળાસર સન્ધ્યા પુજા ને ગાયત્રી કરીને પરવારવું જોઇએ, ને મારાં વહાલાં કોઇ મારી વાત તો સાંભળતાં જ નથી!"

રાયગઢમાંના એક બ્રાહ્મણના મકાનમાં સન્ધ્યા કરવા બેઠેલા એક ગૃહસ્થના મુખમાંથી ઉપરના શબ્દો નીકળતા હતા. તેમનું નામ નૃસિંહ

દીક્ષિત હતું. આજે તેમને રાજવાડામાંથી સોયરાબાઇનું નિમંત્રણ થએલું હતું. રાજરાણીનું નિમંત્રણ બ્રાહ્મણને? બ્રાહ્મણના હર્ષનો પાર જ રહયો ન હતો. નૃસિંહ દીક્ષિત પોતાને આંગણે આજ સોનાનો સૂરજ ઉગ્યો હોય એમ માનતા હતા.

સેવાપૂજાવાળા સ્થળે ધીનો દીવો પ્રકટ કરવામાં આવ્યો અને નૃસિંહ દીક્ષિત યજ્ઞનારાયણની સેવામાં નિમગ્ન થયા. થોડી વારમાં ભૂતયજ્ઞ આરોપી લઇ મંત્ર ભણતા ભણતા દીક્ષિતજી પરસાળમાં આવ્યા. બીજી ધર્મક્રિયા કરી પરવાર્યા પછી તેમણે જની લીધું. એટલામાં દીક્ષીતની દીકરી વેણુએ આવીને પોતાની બાને, દીક્ષિતજી સાંભળે એવી રીતે કહ્યું:—"બા! હું જઇશ. રાજરાણીને ત્યાંથી આજ મેનો આવ્યો છે. બાપુ જશે, તેમની સાથે હું યે જઇશ."

આમ વાત થતી હતી, એટલામાં જ એક બાઇ અન્દર આવી. તેણે દીક્ષિતજીને કરસંપૂટ સાથે નમન કર્યું અને મીઠાઈ ભરેલું ચાંદીપાત્ર તેમની આગળ રજુ કરવામાં આવ્યું. મીઠાઇની ભેટ જોઇને દીક્ષિતજીની વૃદ્ધાવસ્થાને લીધે ઉડી પડેલી આંખોમાં અજબ તેજ અને મુખડાપર જરા સ્મીત છવાયલું જણાયું. પેલી બાઇએ દીક્ષિતને રાજરાણી સોયરાબાઇનો સન્દેશો સંભળાવ્યો કે "આ પાત્રમાં રાણીજીએ અગ્નિહોત્રના થોડાક અંગારા મંગાવ્યા છે."

નૃસિંહ દીક્ષિતે શ્રી રામ સમર્થના નામનો જયોચ્ચાર કર્યો અને અગ્ન્યાસ્તિ કુમ્ભકર્ણમ્ ચ શનૈશ્ચ વડવાનલઃ આહારં પરિપાકાની સ્મરામિ ચ વકોદરમ્" વગેરે ભણતાં ભણતાં, ડાબા હાથે પોતાનું પેટ પંપાળતાં પોતે હોમશાળામાં ગયા. હોમકુંડમાંથી ભસ્મ કહાડીને પેલા પાત્રમાં ભરી અને અન્દર એકાદ બે અંગારા પણ નાખ્યા. તે લેવા આવનાર બાઇનું નામ સરસ્વતી બાઇ હતું અને તે બાઇ શિવાજી મહારાજના ઉપાધ્યાય ગગાભટ્ટના કુટુમ્બની સ્ત્રી હતી.

મકાનની બહાર બે મેના હતા. એકમાં સરસ્વતીબાઈ અગ્નિહોત્રિની ભસ્મ અને અંગારાવાળું પાકપાત્ર લઇને બેઠી અને બીજા મેનામાં નૃસિંહ દીક્ષિત તેમની દીકરી વેણુ સાથે બેઠા. મેના રાજરાણીના આવાસ તરફ લઇ જવામાં આવ્યા. મેનામાં બેઠાં બેઠાં નૃસિંહ દીક્ષિતને વિચારો થવા લાગ્યા:– "સોયરાબાઇને યજ્ઞનારાયણના અંગારાની ને ભસ્મની શા જરૂર પડી હશે?" નૃસિંહ દીક્ષિતને વળી બીજો વિચાર થયો: "જેને

રાજ્યાશ્રય નહિ, તેના નશીબમાં મેનાનું ને ચાંદીના વાસણ સાથે મેવા મીઠાઇનું સુખ ક્યાંથી હોય ?" વળી ત્રીજો વિચાર થયોઃ—"આજ કાલ રાજવાડામાં દહાડો ઉગ્યે રોજ નવા નવા ચમત્કારો થતા હોય એમ લાગે છે. હિંમતનું ખૂન થયું. તેની સ્ત્રીનો પત્તો નથી. લાલમણિ ઘોડાપર હિંમતને પન્હાળગઢ મોકલવો, વૈદ્યરાજને ત્યાં વિષની ચોરી થવી વગેરે બનાવો ઘડીભર આભા બનાવી દેનારા છે. આજ સાયંકાળે રાજદરબારમાં જવાય તો ઠીક."

આમ વિચારમાં ને વિચારમાં નૃસિંહ દીક્ષિતનો અને સરસ્વતીબાઇનો એમ બન્ને મેના સોયરાબાઇના આવાસની લગભગ આવી પહોંચ્યા. ત્રણેય જણે રાણીવાસમાં પ્રવેશ કર્યો. સરસ્વતીબાઇએ યજ્ઞભસ્મ અને અંગારો સોયરાબાઇને હાથોહાથ આપ્યાં. સોયરાબાઇએ ભસ્મનું ન્હાનું પડીકું વાળી પોતાની શિરવેણીના ગૂંથાયલા અંબોડામાં મૂક્યું. તેનું વદનકમળ પ્રફુલ્લ થતું જણાયું. સોયરાબાઇ ભસ્મને શું કરશે, તે કોઇના કળવામાં ન આવ્યું.

નૃસિંહ દીક્ષિત અને વેણુંનું રીતસર સ્વાગત થયું અને તેમની તહેનાતમાં સરસ્વતીબાઇને રાખી. સોયરાબાઇ એકલી દીવાનખાનામાં બેઠી. નૃસિંહ દીક્ષિતને સુવર્ણ અલંકારથી સંતોષવામાં આવ્યા અને પોતાની દીકરી વેણુને માટે પણ સારી રકમોની ભેટ મળી. ખુશખુશાલ રીતે બન્નેને પાછાં વિદાય કરવામાં આવ્યાં.

આ તરફ મરજી મુજબ યજ્ઞભસ્મ મેળવ્યા પછી સોયરાબાઇને વિચારો થવા લાગ્યાઃ તેણે ભસ્મને ઉદ્દેશીને ગણગણવા માંડ્યું:—"રે ભસ્મ! તને મેં દીક્ષિતના યજ્ઞકુંડમાંથી અહીં કેમ મંગાવી છે, તે પરમાત્મા સિવાય બીજું કોઇ નથી જાણતું. તું નિર્જીવ વસ્તુ છે; પણ તારો પ્રયોગ એવી રીતે જીવતી વસ્તુપર કરવાનો છે, કે જે પ્રયોગ વડે જીવતી વસ્તુ નિર્જીવ બની જાય અને તું જીવતી વસ્તુ જેવી અર્થસિદ્ધિ કરી શકે. મારો હેતુ સિદ્ધ કરવામાં તારા સિવાય મને બીજું કોઇ મ્હોં માગી મદદ આપી શકે તેમ ન હતું, તેથી તને આણવી પડી છે, તું નિર્જીવ છે, એટલે તારાથી વાચાદ્વારા કોઇ ગુપ્ત વાત વ્યક્ત થનાર નથી. જ્યારે વિષ્ણુએ તારો ત્યાગ કર્યો, ત્યારે શંકર ભગવાને તારો સ્વીકાર કર્યો. આજે નૃસિંહ દીક્ષિતને ત્યાંથી તું રાણીવાસમાં આવી છે, તો તારો સહર્ષ સ્વીકાર કરૂં છું: કેમકે તારી સ્હાયવડે રાજ્યલક્ષ્મી અખંડ વશ કરવાનું મેં ધાર્યું છે. પણ જવ દેઃ લાંબા પિંજણની જરૂર નથી."

બારમું પ્રકરણ

પુત્રોત્સવ

" એ જી મોહન ! મુખડા તોરા બતલા દે :
તોરે દર્શન કે લિયે મોરે નેનાં તપે,
મુખડા તોરા બતલા દે :
બાલેપનકી લાગી લગન,
મોરે અંતરકી બુઝા દે અગન,
જરા બંસી દો બજાયે જા મનમોહન !
એ જી ફેર ફેર સુના દે :
એ જી મોહન–"

યુવરાજ સંભાજીના દીવાનખાનામાં આજ પુત્રોત્સવ છે. તે પ્રસંગે સંગીતનો જલસો ચાલી રહ્યો છે. ઉપરનું સંગીત સંભાજીની પ્રાણપ્યારી મોહના ઉસ્તાદી ઢબછબ ને તાલ આલાપ સાથે ઝીણા ને મીઠા સૂરથી ગાઇ રહી છે. કલુશા અને સંભાજી બન્ને એ સંગીતના ઘેન સાથે શરાબના નિશામાં લટ્ટુ બની ગયા છે. અન્ય મંડળી પણ યુવરાજ સંભાજીના આનન્દમાં અભિવૃદ્ધિ કરી રહી હતી. એવામાં બહારથી ફૂટતી તોપોનો કર્ણભેદક અવાજ થતો સમ્ભળાયો. એ અવાજ સામાન્ય માણસોને કર્ણકઠોર લાગતો હતો, પરન્તુ શૂરવીર સેનાનીઓને અપૂર્વ મર્દાનગીનું બળ દેનારો લાગતો હતો એ અવાજ સામાન્ય સગર્ભા સ્ત્રીઓના ગર્ભનું પતન કરનારો ભાસતો હતો, પણ વિરાંગનાઓના ગર્ભને ઓર બળ દેનારો હતો.

ભાવી છત્રપતિ પરંતુ હાલના યુવરાજ સંભાજી મહારાજનાં પત્ની યેસુબાઇની કુખે પુત્ર અવતર્યો અને તેની ખુશાલીમાં રાયગઢમાં સાકર વહેંચાઇ, ત્યારપછી આજે પુત્રનું નામ પાડવાનો દિવસ હતો અને તે પ્રસંગને અંગે પન્હાળગઢમાં આજે આનન્દોત્સવનો સમારંભ થએલો છે.

આ પ્રસંગે શિવાજી મહારાજને પણ હાજર રહેવું ઘટતું હતું; પરન્તુ તેમની તબીઅત સ્વસ્થ ન હતી, તેથી પોતાની વતી પ્રતિનિધિ તરીકે બાળાજી આવજીને પન્હાળગઢ મોકલવામાં આવ્યા હતા.

શિવાજી મહારાજની આજ્ઞા મુજબ બાળાજીએ પન્હાળગઢમાં આવીને તોપોની સલામી અપાવી હતી અને પન્હાળગઢમાં તોપો ફૂટવાની સાથે જ

શિવાજી મહારાજના લગભગ ત્રણસો ને સાઠ કિલ્લાપર એક સાથે આનન્દોત્સવ નિમિત્તે તોપોની સલામી દેવાનું શરૂ થઇ ગયું. આજે સમસ્ત મહારાષ્ટ્રના ભાવિ રાજયુવરાજ—સંભાજીના પુત્રને ઉદ્દેશીને મંગલગીત ગવાઇ રહ્યાં હતાં. યેસુબાઇ સુવર્ણજડિત પારણામાં પોતાના રાજબાળકને પોઢાડી રેશમી દોરી વડે પારણું હિંચોળતાં હિંચોળતાં હાલરડાં ગાતી હતી.

સંભાજીના પુત્રનો નામકરણ સંસ્કાર વિધિ થયો. તે દિવસે ભારે ધામધુમપુર્વક બ્રહ્મભોજન થયું અને ઉદાર હાથે દાનદક્ષિણા વહેંચાઇ. રાજકુટુમ્બ અને રાજમંડળીમાં પણ સારો શિરપાવ અપાયો. યુવરાજના મિત્રવર્ગમાં અને યેસુબાઇના સહિયર વર્ગમાં ઉમદા ચીજોની બક્ષીસોની વહેંચણી થઇ યુવરાજના પુત્ર માટે પણ વિવિધ વસ્તુઓની પ્રજાજનો તરફથી કિંમતી ભેટો મળી.

દીવાનખાનામાં પૂર બહારથી રંગરાગ જામ્યો હતો, તે જ વખતે બાળાજી આવજીનું આગમન પન્હાળગઢમાં થયું હતું; પરંતુ યુવરાજ અને તેનો ખા. ગ. મિત્ર કુબજી [અથવા કલુશા] વગેરે રંગરાગમાં એટલા તો મશગુલ થઇ રહ્યા હતા, કે બાળાજીએ દીવાનખાનામાં બેઠક લીધી, તેનું પણ તેમને ભાન રહ્યું નહતું બાળાજી સંભાજીની સ્થિતિ સમજી શક્યા હતા, તેથી તેમ જ વધુ નિરીક્ષા થઇ શકે તેથી પોતાના આગમન સંબંધી ખાસ ધ્યાન તેમણે ખેંચ્યું નહીં. બાળાજી ખુલ્લી આંખે જોઇ શકતા હતા કે સંભાજી મોહનાના મોહમાં છેકજ લટ્ટુ બની ગયો હતો.

પછી જ્યારે સંગીતનો જલસો ખતમ થયો અને સર્વ મંડળી વેરાવા લાગી, ત્યારે બાળાજીએ યુવરાજની મુલાકાત લેવાનું યોગ્ય ધાર્યું.

સંભાજી પોતાના એકાન્ત આવાસમાં ગયો, તેની સાથે સાથે છાયાની પેઠે ફરતો કબજી તો ખરો જ. બાળાજીને ખાનગી મુલાકાત લેવાની જીજ્ઞાસા હતી. પણ તે શી રીતે બને ? જેમ થાય તેમ ખરૂં, એમ કલ્પીને બાળાજીએ સંભાજીના એકાન્ત આવાસ તરફ પ્રયાણ કર્યું.

તે વખતે સંભાજી સુવર્ણજડિત મયુરાસનપર મઢેલી મશરૂની બરગઝ્ઝી ગાદીપર આરૂઢ થયો હતો. બાળાજીએ એ ભાવી છત્રપતિને યોગ્ય મુજરો કર્યો અને શિવાજી મહારાજ તરફથી મોકલવામાં આવેલી કિંમતી ભેટ સંભાજીની બેઠક આગળ રજુ કરવામાં આવી. મહારાજના આશીર્વાદ કહી સંભળાવ્યા અને "પોતે નાદુરસ્ત તબીઅતને લીધે અહીં નથી આવી શક્યા" એવો સન્દેશો પણ કહી સમ્ભળાવ્યો.

સંભાજીએ બાળાજીનું સાદર સ્વાગત કર્યું અને કબજી તરફ દૃષ્ટિ ફેરવીને યુવરાજે ફરમાવ્યું કે "પિતાજીની પ્રકૃતિ સુધરે એટલા માટે પ્રભાતના પહોરમાં અનુષ્ઠાન કરવા તમારે જ જાતે બેસવું; બીજા કોઇ બ્રાહ્મણ પાસે ન કરાવવું."

"જેવી આજ્ઞા" કબજીએ નમ્રતાપૂર્વક ફરમાનનો સ્વીકાર કર્યો. તે સ્વીકારની સાથે સંભાજીએ બાળાજીની આંખની ઇશારત પણ જોઇ લીધી અને કબજીને પોતાનાથી દૂર કરવા સારૂ યુવરાજે તેને કહ્યું:—"કબજી! તમે જાઓ અને બાળાજી માટે ખાસ રસોઇ તૈયાર કરવાનું રસોઇઆને જણાવો; અમે હમણાં અહીં જ વાતો કરતા બેઠા છીએ."

કબજીને જવું પડયું, જો કે તેને જવાનું મન તો જરાય ન હતું. બાળાજી સાથે સંભાજી શી વાતો કરે છે, તે સાંભળવાનું તેને મન હતું. પણ "મનની મનમાં જ રહી ગઇ" કબજીએ જતાં જતાં મનમાં જ કહ્યું:—"બાળાજી! યાદ રાખજે. મારા હાથમાં સત્તા આવ્યા પછી તારી આ વર્તણૂંકનો યોગ્ય બદલો મળે છે કે નહિ, તે જોજે." એમ કહીને કબજી ત્યાંથી ગયો.

તેના ગયા પછી સંભાજીએ વાર્તાલાપ શરૂ કર્યો:—બાળાજી! રાયગઢમાં આજકાલ ભારે ઉથલપાથલ કરાવનારી બાજી રચાતી હોય એવાં ચિહ્નો જણાય છે—"

"સરકાર! આપની અટકળ તદ્દન વાજબી છે."

"વિષની ચોરી અને ઉમાજીને કબજે કરવો, એ બે બાબતો વચ્ચે શો સંબંધ છે?"

"સંબંધ સીધો છે રાજવૈદ્યને ત્યાંથી હિંમતે વિષની ચોરી કરી અને તેનો પ્રયોગ આપનાપર થવાનો હતો; એટલું જ નહિ, પણ આપના ભાવિ યુવરાજ અને શ્રીમતી યેસુબાઇ સુદ્ધાંને ઠાર કરવાનું કાવતરૂં પણ રચાયું હતું. એ વિષે પાકો શક પડયા પછી જ ઉમાજીને કબજે કરવામાં આવ્યો છે."

"પણ હજુ મારા પ્રશ્નનો ઉત્તર ન મળ્યો. ઉમાજીને કબજે કરવાનું કારણ?"

"કારણ કે તેનો આ કામમાં હાથ હતો."

"એ કાવતરૂં રચનાર મૂળ વ્યક્તિ કોણ હશે? હિંમતનું ખૂન અને લાલમણિ અશ્વનો વધ એ બધું કોના તર્કટને આભારી હશે?"

" તે સંબંધી ચોક્કસ તપાસ હજુ ચાલી રહી છે. પરંતુ અનુમાન તો અત્યાર પહેલાં એટલું થઇ ચૂક્યું છે કે રાજ્યલોભને કારણે આ તર્કટ રચાયું છે. રાજ્યાભિષેક માટેનો લોભ કોને હોય, તે આપણે અટકળથી પણ કળી શકીએ તેમ છે. હિંમત વગેરેનાં ખૂન થયાં છે, પણ હજી ખરો ગુન્હેગાર કોણ છે, તે સાબીત નથી થયું."

" હિંમત સિવાય બીજા કોઇનું પણ ખૂન થયું છે ?"

" હિંમતની સ્ત્રીનું પણ ખૂન થયું છે."

" સોયરાબાઇનો છળ તો નહિ હોય ?"

" આપને જે સંશયની વાસ આવે છે, તે જ વાસ મને પણ આવે છે. યુવરાજ ! હિંમત હારવાનું કાંઇ જ કારણ નથી. રાજ્યલોભ અનેક પ્રપંચજાળ પથરાવે છે. ઔરંગઝેબનો દાખલો મ્હોં આગળ છે. હકીકત આટલી જ નથી. શિવાજી મહારાજની, અગ્નિહોત્રિને ત્યાંના યજ્ઞકુંડમાંથી ભસ્મ આણવાની ડબી પણ એક દિવસ ચોરાઈ હતી. એક દિવસ તે ડબી ન જડી ને બીજે દિવસે, જ્યાં તે મૂકવામાં આવતી હતી, ત્યાંથી જ નીકળીઃ તે પરથી શક ગયો. મહારાજની આજ્ઞા લઇને તે ડબીમાંની ભસ્મની રાજવૈદ્ય પાસે ચિકિત્સા કરાવવામાં આવી."

" વારૂ પછી ?" સંભાજી એકદમ ચમક્યો

" પછી તે ભસ્મમાં, પેલા ચોરાયલા વિષનું મિશ્રણ થએલું માલમ પડ્યું."

" બસ ! એજ સબળ પુરાવો છે–સોયરાબાઇનું જ એ કામ–"

" સોયરાબાઇ ઉપર જ શંકા જાય છે, પણ તે રાજરાણી છે. તેમને સરળ રીતે સ્વાધીનમાં લેવાનું કામ જરા કઠિન છે. પણ તે કઠિનતાનેય ભેદવી, એ કામ આપણું છે. યુવરાજ ! સાવધ રહેવું તે કામ આપનું છે." આટલેથી વાતચીતનો અંત આવ્યો.

તેરમું પ્રકરણ

બાળાજી ચિટણીસ

દુરાગ્રહીને મન પોતાનો દુરાગ્રહ વસતો નથી. તે જે કરે છે; તે વાજબી જ કરે છે, એવું તેનું મંતવ્ય હોય છેઃ પછી ભલે દુરાગ્રહને અંગે

પોતાના અંતઃકરણને, જનતાને અને જનતાની સૃજનશક્તિને ભારે અન્યાય થતો હોય તેનો તેને તમા હોતી નથી. હેતુસિદ્ધિ માટે અનેક પ્રકારનાં બાથડીયાં તે ભર્યા જ કરે છે. બાથડીઆં મારતાં એક પ્રયોગમાં નિષ્ફળતા મળી, તો બીજો પ્રયોગ અને બીજામાં સફળ ન થવાયું, તો ત્રીજો પ્રયોગ: એમ પ્રયોગપર પ્રયોગ અજમાવ્યા જ કરવા, એ તેનો ધંધો થઈ પડે છે. આવી સ્થિતિ ખાસ કરીને લોભી માણસોની હોય છે. તેવા માણસોને પરહિતની તો ગન્ધ સરખી નથી હોતી.

સોયરાબાઇની સ્થિતિ એ પ્રકારની હતી. જેણે પરકીય સત્તાના કાદવમાં ભરાઇ પડેલા સ્વદેશને બહાર ખેંચી કહાડી, સ્વચ્છ બનાવ્યો, અનેક જુલમોથી હતાશ બનેલા સ્વજનોને માટે જેણે સ્વરાજ્યપ્રાપ્તિ અર્થે પરકીય યવનો સામે છત્રીસ વર્ષ પર્યંત અહોનિરન્તર ઝૂંબેશ ઉઠાવી ઉજ્જવલ યશ સંપાદન કર્યો, ગૌબ્રાહ્મણ પ્રતિપાલનાર્થે હાથમાં ભવાનીની શક્તિ ધારણ કરીને જે નરશાર્દૂલે હિંસક પ્રાણીઓને હંફાવી, સ્વરાજ્ય મેળવ્યું તે ફળ પ્રાપ્તિ શ્રી રામદાસચરણે સમર્પણ કરી, અને પરમાર્થ સાધવાનો જે શુદ્ધ સંકલ્પ કરીને જીવનનો સાયંકાળ નિર્ગમન કરી રહ્યા છે, તેવા અદ્વિતીય અને મહાન પ્રતાપી શ્રી છત્રપતિ શિવાજી મહારાજના આંતરવાસમાં તેમની રાણી જ તેમની વિરૂદ્ધ આવાં અધમાચરણ આચરી રહી છે, તે દૈવદુર્વિપાક નહિ, તો બીજું શું કહેવાય ?

હેતુ સારો કે નઠારો, તે વ્યક્તિ પોતાની મેળે પોતાને ફાવતો હોવાનું ધારી બેસે છે; પરંતુ તટસ્થ વૃત્તિથી તેના સારા નરસાપણાનો ઇન્સાફ તો જનતા જ દઇ શકે; પણ સોયરાબાઇને જનતાના અભિપ્રાયની કયાં દરકાર હતી? તેને તો રાજ્યલોભ લાગ્યો હતો. રાજ્યલોભીને ન્યાય સાથે શી નિસ્બત ? સોયરાબાઇએ રાજ્યલોભને પરિણામે અત્યાર સુધીમાં ત્રણ ખૂન કરાવ્યાં. ત્રણેય ખૂનનાં કારણો તો વાચકને વિદિત જ છે, કે પોતે જે કારસ્થાન જેના દ્વારા માંડી રહી છે, તે કારસ્થાનની ખબર બીજાને કાને ન જાય, તેટલા માટે કારસ્થાનને લગતું સોંપાયલું કામ પત્યું, કે તે કામ કરનારનું જીવન પણ એટલેથી જ પતી ગયું! બદલો તો બહુ સારો! ઠીક; હજુ તેના હાથે કોનાં ને કેટલાં ખુન થનાર છે, તે વાચકો અગાડી જોશે. હાલ તો તે પોતાના આવાસમાં શા વિચારો કરતી બેઠી છે તે જોઇએ. સોયરાબાઇ વિચાર કરી રહી હતી:—"હજુ બાળાજી કેમ ન આવ્યા? એ ચિટણીસ જો મને વશ થાય, તો બેડો પાર! અત્યાર સુધીની બધી રચના નિર્વિઘ્ને પાર પડી છે. વાત તો ખરી જ છે કે રાજ્યલક્ષ્મીની અખંડ

પ્રાપ્તિને ભોગે રક્તપાત તો સૃજાયલો જ છે. ફળપ્રાપ્તિઅર્થે યજ્ઞો થાય છે, ભોગ અપાય છે; આ પણ એક ફળપ્રાપ્તિ જ છે ને? તેને અંગે ભોગો કરાય, તેમાં ખોટું શું છે? પન્હાળગઢના નજરકેદી એ સંભાજીનો નાશ કરવાનો ખેલ રચાયો, તેમાં ઉમાજી ફસાયો ને સરકારે તેને કબ્જે કર્યો; ખેર! હજુ હીરોજી ફર્જન્દ અને સોનાજી નાયક જેવા બહાદૂર સરદારો છૂટા જ છે ને! હવે તેમની જ મદદથી કામ લેવાનું રહ્યું. અગ્નિહોત્રીને ત્યાંથી ભસ્મ મંગાવને, તેમાં વિષમિશ્રણ કરાવ્યું અને સરસ્વતીબાઇ દ્વારા તે સરકારની રોજની રત્નજડિત ભસ્મની ડબીમાં મૂકી, પણ તે વાત ફૂટી ગઇ. એટલે હવે સરસ્વતીબાઇનો નિકાલ વેળાસર આણી દેવો જોઇએ નહિ તો વાત બહાર પડી જશે." સોયરાબાઇ આમ વિચાર કરતી હતી. તેટલામાં દાસીએ આવીને ચિટણીસના આગમનની રાણીને ખબર કહી. બાળાજીને અન્દર આવવાની આજ્ઞા થઇ. ચિટણીસે વિનયપૂર્વક નમન કરીને સોયરાબાઇ પાસે બેઠક લીધી. દાસી ત્યાંથી બહાર ચાલી ગઇ. ત્યાર પછી સોયરાબાઇ અને ચિટણીસ વચ્ચે વાતચીત શરૂ થઈ:—

"બાળાજી! કેમ બહુ મોડું થયું?"

"મહારાજના મહેલમાં કોઇ પરરાષ્ટ્રીય કાર્યને અંગે આવેલા પત્રોનો નિકાલ કરવાનો હતો, તેથી અસુર થયું."

"કાંઇ હરકત નહિ. જુઓ, બાળાજી! બહુ મહત્ત્વના કામનો નિકાલ કરવા તમને આજ તેડાવેલા છે. તમે જાણો છો કે મહારાજની તબીઅત દિવસે દિવસે વધારે ને વધારે બગડતી જાય છે. તમે એ પણ જાણો છો કે સંભાજી જેમ મોટો થતો જાય છે, તેમ તે વધારે ને વધારે બગડતો જાય છે. તમે એ પણ કબૂલ કરશો કે મહા મહેનતે સ્થાપિત થએલા સ્વરાજ્યને સુરક્ષિત રાખવા માટે પૂરતી કાળજી રહેલી હોવી જોઇએ. બોલો; તમારો શો મત છે? મને લાગે છે કે અન્નાજી દત્તનો મત પણ આવો જ છે."

"બાઇ સાહેબ! મહારાજની બીમારી વર્ષો પર્યંતના સ્વરાજ્યપ્રાપ્તિ માટેના તનતોડ પ્રયત્નને જ આભારી છે—"

"નહિ, હું એવું સાંભળવા નથી ઇચ્છતી." સોયરાબાઇએ વચમાં જ કહ્યું. "મારો સવાલ જુદો છે."

"આપનો સવાલ હું સમજ્યો છું, તે રૂપમાં કહું તો મહારાજપર આપણે વિશ્વાસ રાખવો જોઇએ. તે કાંઇ ન્હાના બાળક નથી. સમર્થ રાજ્ય-નીતિજ્ઞ ને શાસનકુશળ છે, મહારાષ્ટ્રની ગાદીની કીર્તિ ઉજ્જવલ રહે, તેને માટે પોતાની હયાતિમાં જ તેઓ યોગ્ય વ્યવસ્થા કેમ જાણ્યું કે નહિ કરે?"

"ભરૂસો મહારાજપર ન હોય, એમ તે બને? પણ, બાળાજી! દેહનો કાંઇ ભરૂસો રખાય? વાત કરતાં કરતાંમાં આ ક્ષણભંગુર દેહ છોડીને પ્રાણપંખી ઉડી જાય છે, એવું શું નથી બનતું? આપણે અગાડિથી જ ચેતીએ તેમાં ખોટું શું?

"આપની અગમચેતીની વાત ખરી છે, પણ—"

"હવે સમજ્યા એ ખરૂં, પરંતુ વળી 'પણ' શું?"

"પણ મારી અટકળ જુદી છે. અગમચેતી વાપરવા જેવા સંયોગો નથી. મહારાજ માટે ધારવામાં આવે છે એટલી ગંભીર તેમની માંદગી નથી. પોતે દઢતાપૂર્વક માને છે કે થોડા વખતમાં તેઓ સંપૂર્ણ આરામ લઇને ઉઠશે. મહારાજની મહત્ત્વાકાંક્ષા તો એવી છે કે પોતાની જ આગેવાની હેઠળ નર્મદાપારના પ્રદેશોમાં ઔરંગઝેબ સામે ભયંકર વિગ્રહ તેઓ માંડશે અને રાજારામને સાથે લેશે—"

"બસ કરો; બાળાજી! રાજારામ—મારા રાજારામનો જીવ જોખમમાં ઉતારવાનો જ આ તો પેચ લડાવવા જેવું લાગે છે!"

"એમ શું બોલો છો?" બાળાજી ગંભીર મુખમુદ્રા કરીને બોલ્યાઃ—"મહારાજનો રાજારામ પ્રત્યે અભાવ નહિ, પણ વાત્સલ્યભાવ કેવો સારો છે, એ જ આ ગોઠવણપરથી તો સિદ્ધ થાય છે."

"નહિ; મારે ગળે એ વાત નથી ઉતરવાની. તમે જાણો છો કે માણસનો લોભ વધે છે, તેમ તેની બુદ્ધિ ભ્રષ્ટ થતી જાય છે. બુદ્ધિ ભ્રષ્ટ થતાં હિતાહિતનો તેને વિચાર થતો નથી. મહારાજનો લોભ શાસનસીમા લંબાવવાનો હોય, તેની આગળ મારા રાજારામનો ભોગ પણ અપાય તોયે શું એમ—"

"નમ્ર મત પ્રમાણે મહારાજનો એ લોભ નહિ, પણ ધર્મ કર્ત્તવ્ય છે."

"તે શી રીતે?"

"કહું; આર્યોનું જે પવિત્ર ક્ષેત્ર વારાણસી, ત્યાંનું પુરાતન મંદિર કાશી વિશ્વેશ્વર તોડી ફોડી, તે સ્થળે ધર્માન્ધ ઔરંગઝેબ મસ્જિદ બાંધવાનો ઘાટ રચે, તે ઘાટને છિન્નભિન્ન કરી નાખવો એ રાજ્યલોભ કે ધર્મકર્ત્તવ્ય?"

"એ ધર્મ કર્ત્તવ્ય હશે, પણ જીવનકર્ત્તવ્ય જુદું જ ઘડાયલું લાગે છે. બાળાજી! તમે તમારૂં ચિટણીસપણું મારી આગળ પણ નથી ભૂલતા, એ નવાઇની વાત છે!" સોયરાબાઇએ દમ ભરાવ્યો. "ધ્યાનમાં રાખજો;

મારા કહેવાનો ખરો મર્મ સમજો. હું તમારી આગળ જે પ્રશ્ન ચર્ચી રહી છું, તે રાષ્ટ્રનો જ પ્રશ્ન છે, હું રાષ્ટ્રજીવન વિષે જ વાત કરૂં છું. તેમાં મારો અંગત સ્વાર્થ સુદ્ધાંય નથી. મારા રાજારામના ફાયદાની આમાં ગન્ધ સરખી નથી."

"બહુ સારૂં." બાળાજીએ બેધડક નિખાલસ ઉદ્‌ગારો કહાડયાઃ— "આપનું કહેવું ધ્યાનમાં લઉં છું જ. તે વિષે નિઃશંક રહેશો; રાણીજી! મહારાજને કાને આપની વાત યોગ્ય સમયે નાખીશ. પરંતુ મારા એકલાની સૂચના શા કામની? મંત્રીમંડળની સલાહ લીધી છે? મહારાજના અવસાન પછી રાજ્યગાદી કોને મળવી જોઇએ, તે વિષે બીજાઓનો મત શો છે, તેની તપાસ કરી છે?"

"બધી ગોઠવણ થઇ ચૂકી છે. સંભાજી રાજ્યગાદી માટે નાલાયક છે, એ તો દીવા જેવી વાત છે. મંત્રીમંડળમાં એ વિષે ભાગ્યે જ બે મત પડે. વળી અન્નાજી દત્ત, બાલસાવંત, પ્રહ્‌લાદ નિરાજી અને રામચન્દ્ર પંત અમાત્ય વગેરેની સહાનુભુતિ મારા મતને મળેલી જ છે."

"પરન્તુ મુખ્યત્વે કરીને મોરોપંત પેશવે અને સેનાપતિ હંબીરરાવ મોહિતેની સંમતી મેળવવી પડશે. જનાર્દનપંતને પણ આ વાતથી વાકેફ કરી તેમની સંમતી મેળવવી જોઇએ." બાલાજીએ ભવાં ચડાવતાં કહ્યું.

"તે બધું હું કરીશ. મારા શબ્દનો નિરાદર કરવાની તેમનામાંથી કોઇનીએ હિંમત ચાલે તેમ નથી; માત્ર જે કાંઇ દેહશત છે તે તમારી."

"મારી! હું આજ્ઞા પ્રમાણે પત્રો લખનારો   જ મંત્રીમંડળમાંનો છું! અષ્ટ પ્રધાનો વગેરેની મંજુરી મળ્યા પછી હું વિરૂદ્ધ બોલું તો પણ તેમાં મારૂં શું વળવાનું હતું?" બાલાજીએ ગુપ્તાવેશભરી દૃષ્ટિ કરતાં કહ્યું.

"ઠીક; ત્યારે જુઓ, હિરોજી ફર્જંદ, સોનાજી નાયક, સૂર્યાજી વગેરેને માટે પાકો બંદોબસ્ત હું કરી શકીશ. માત્ર તમારે માટે—"

"તે બદલ કાળજી ન રાખશો. રાણીજી! વારૂં ત્યારે હું હવે રજા લઉં?"

"જાવ; બાલાજી! મેં તમને બહુ તસ્દી આપી છે. પણ મારો છેવટનો શબ્દ હમેશાં ધ્યાનમાં રાખજો."

"જરૂર." એમ કહીને બાલાજી વિદાય થયા. જતાં જતાં મનમાં ને મનમાં ચિટણીસ વિચાર કરતા હતાઃ—"કેવી રાક્ષસી અન્યાયભરી કલ્પના! સોયરાબાઇનો શો સ્વાર્થ! તેણે પોતાનો સ્વાર્થી પંજો ક્યાં સુધી લંબાવ્યો છે! ભવિષ્ય! ભવિષ્ય! તું શું શું કરનાર છે?"

આ તરફ સોયરાબાઇ વિચાર કરતી હતી:—" બાલાજી બડો પક્કો માણસ છે. તેણે જેમ કહ્યું તેમ હાજી હા કરવા માંડયું, પણ કબ્જે થયો હોય તેમ લાગતું નથી. તેને દિલ ઉઘાડીને વાત તો કરી છે, પણ હવે જો વાત વંઠી, તો આખો યે ક્રમ ઉંધો વળવાનો. બહુ સંભાળ રાખવી પડશે."

આમ વિચાર ચાલતો હતો, તેવામાં દાસીએ આવીને ખબર કહી, કે "દાદાજી રઘુનાથ દેશપાંડે મળવા આવ્યા છે." રઘુનાથને અન્દર બોલાવવામાં આવ્યા. સોયરાબાઇએ તેમને બેઠક આપ્યા પછી ગંભીર સ્હેરે કહ્યું:—

"દાદાજી! તમને જે કામ સોંપવાની છું, તે બરાબર બજાવશો ને?"

"શા માટે નહિ? એ બદલ બેફિકર રાખશો."

"મારો હેતુ સિદ્ધ થયા પછી તમને ઠરાવ્યા પ્રમાણે ચિટણીસની જગા હું આપનાર છું, તે વાતની હવે ફરીથી યાદ દેવરાવવાની જરૂર છે? જુઓ ત્યારે, સેનાપતિ વગેરેને ખાસ ખાનગી પત્રો લખ્યા છે, તે લઇને તમે જાતે જ હાથોહાથ આપી આવો. પાછા ફર્યા પછી તમને ભારે બક્ષીસ તો મળશે જ. આ કામમાં જરા પણ વિલંબ ન થાય."

"જી." દાદાજીએ કામ બજાવવાનો આરંભ કર્યો.

ચૌદમું પ્રકરણ

રાજારામ

"કેવું ભયંકર સ્વપ્ન! પિતાશ્રીનું અવસાન શું ને મારો રાજ્યાભિષેક શો! બધું જ વિપરીત! સંભાજી મહારાજ હયાત છતાં મને રાજ્યાભિષેક! શિવ શિવ! માતુશ્રીનો જ કાંઇક મલિન હેતુ લાગે છે. વડીલ બન્ધુ સંભાજીને તુરંગવાસ દઇ હું રાજ્યગાદીપર બેસું? બને જ કેમ? વાસ્તવિક રીતે તો એ જ ગાદીધણી છે. માતુશ્રીની લાલસા મહા ભૂંડી છે. માતુશ્રીએ મને પણ કેવી વિષમ સ્થિતિમાં મૂક્યો છે! દિવસભરમાં એક જ વાર પિતાજીનાં દર્શને જઇ શકું છું! મને ચોક્કસ શક ઉત્પન્ન થાય છે કે માતુશ્રીની દરેક ઘટના અનર્થકારક ને ભયસૂચક છે. મહારાજના માનીતા લાલમણિ અશ્વનો વધ, રાજવૈદ્યને ત્યાંથી વિષ ચોરાવીને, તે ચોરનાર હિંમતનું ખૂન, તેની સ્ત્રીનું યે ખૂન અને ભસ્મ

લાવી આપનાર સરસ્વતીબાઇની પણ એ જ દશા; આમ પરંપરા ચાલ્યા જ કરે છે! ઉમાજી મારફત વડીલ સંભાજીને ઝેર દેવાનો પણ નિષ્ફળ પ્રયત્ન થઈ ચૂક્યો, તે નીચ ઇચ્છા ફલિત થઇ હત, તો કેવું ભયંકર પરિણામ નિવડત! પૂર્ણ પ્રતાપી શિવાજી મહારાજની પછી મહાન મુત્સદ્દી બાલાજી વગેરેના હાથમાં રાજકારોબાર રહે, તો જ ઠીક–પણ એમ શા માટે? કેવી અમંગલ કલ્પના! પિતાશ્રી શું થોડા વખતના જ મહેમાન છે! નહિ નહિ, મારા મનની જ એ ભ્રમણા છે. દેવી ભવાની તેમને સત્વર આરામ આપે.”

પ્રાતઃકાળ થયો હતો. રાજારામને મધ્યરાત પછી આવેલા અશુભ સ્વપ્નની અસર તેના અંતઃકરણમાંથી ભુંસાઇ ગઈ ન હતી. તે અસર જ ઉપર્યુક્ત વિચારો કરાવ રહી હતી. એવામાં એક નોકર ત્યાં આવ્યો. તેણે ખબર કહી કે “અન્નાજી આવેલા છે અને આપની મુલાકાત ઇચ્છે છે.” રાજારામે તેને બહાર થોભવાનું કહેવરાવ્યું. પોતે સ્વસ્થ થયો. વિષ્ણુસહસ્ત્ર નામ સ્મરણ કર્યું. મુખ પ્રક્ષાલન કર્યા પછી અંગવસ્ત્ર સજી શયનગૃહમાંથી બહારના દીવાનખાનામાં રાજારામ ગયો. અન્નાજીને દીવાનખાનામાં દાખલ કરવાનું ફરમાન થયું. નોકરે અન્નાજીને અંદર મોકલ્યા.

અદબપૂર્વક અન્નાજીએ રાજારામની સામે બેઠક લીધી અને રાજારામે આગમનનું કારણ પૂછ્યું. અન્નાજીએ મુત્સદ્દીને છાજતી ઢબે સંભાષણ શરૂ કર્યું:–“આજ મહારાજ પાસે અતિ મહત્ત્વની વાત કરવા આવ્યો છું, જે વાત ખાનગી છે.”

“કહો જે હોય તે: અહીં આપણા સિવાય બીજું કોઈ જ નથી. સ્થળ પણ એકાન્ત છે.”

“ માંજીની ઇચ્છા–”

“મને માલુમ છે.” રાજારામે વચમાં જ કહ્યું. “માજીની ઇચ્છા હું જાણું છું; અન્નાજી! તેમની ઇચ્છા તેમના મતાનુસાર વાજબી હશે, પણ મને તે પસંદ નથી. ખરી વાત છે કે શિવાજી મહારાજની તબીઅત દિવસે દિવસે વધારે બગડતી જાય છે, પણ તેથી નિરાશ થવાનું કાંઇ જ કારણ નથી. આટલાં વર્ષોના પ્રયત્ન પછીની સ્વરાજ્યસિદ્ધિને અંતે મહારાજની પ્રકૃતિ જરા નરમ થઈ જાય, તેમાં શું થયું? કાલે સવારે પોતે સાજાસમા હશે ને મહારાષ્ટ્રનું ભાવિ પોતે જ પોતાની મેળે રચી જશે.”

આવી સ્પષ્ટ ભાષામાં જવાબ સાંભળીને અન્નાજી મનમાં નિરાશ થયો. પોતે જુદા જ ઉદ્દેશથી આવ્યો હતો. રાજારામ પોતાનાથી ભોળવાઇ

જશે, એવી તેની માન્યતા હતી; પણ તે માન્યતા ભૂલભરેલી હોય એમ હવે તેને લાગવા માંડ્યુંઃ છતાં અન્નાજી એકદમ નિરાશ ન થયો—તેણે નિરાશા ભરેલા વિકાર મુખપર આવવા જ ન દીધા. અન્નાજીએ વાત શરૂ કરીઃ—

"આપનું કહેવું ખરૂં છે. પણ સંભાજી મહારાજને હાથે રાજસંરક્ષણ ભાગ્યે જ થાય, એમ સર્વ મંત્રીમંડળને લાગે છે. ગંભીર વિચાર કરતાં આપને પણ એમજ લાગવું જોઇએ."

"સંભાજી જેવા છે, તેવા જ તેમને નહિ જોતાં પોતાની વિકારી દૃષ્ટિવડે કેટલાક તેમનું જુદુંજ સ્વરૂપ ચિતરી કહાડે છે. અન્નાજી! તે "કેટલાક" માંના તમે ય એક લાગો છો! તમે તો પાકા મુત્સદ્દી છો. તમને મારે સમજાવવાપણું ન જ હોય. સો વાતની એક વાત કહી દઉં? માતુશ્રી સોયરાબાઇના કાલ્પનિક તરંગોને આધીન ન થાઓ. સત્ય વસ્તુસ્થિતિ સમજો, તાત્કાળિક લાભાલાભથી લલચાઇ ન જાઓ. તમારામાંની વિવેકશક્તિનો સારામાં સારો ઉપયોગ કરો. તમને શું સારૂં લાગે છે, તે મને પછીથી જણાવોઃ અન્નાજી! હું શું કહું છું, તે તમારાથી સમજાય છે?" આમ બોલતાં બોલતાં રાજારામનો ગૌરવપર્ણ વિશાલ ભાલ પ્રદેશ સંકોચાઇ જતો હતો. તેનાં નેત્રોમાંથી સત્યયુક્ત નિર્મળ પ્રકાશનું તેજ ઢોળાઇ રહેલું જણાતું હતું. તેના સ્પષ્ટ શબ્દોચ્ચાર હિતશત્રુઓને સૂંસરાં તીર જેવા મર્મભેદક લાગતા હતા. રાજારામે કહેવાનું ચાલુ રાખ્યું હતું;—"અન્નાજી! તમારી મસલતમાં મૂખ્ય આગેવાની મારાં માતુશ્રીએ લીધેલી હોઇ, તમે, મોરોપંત પિંગળે, પ્રલ્હાદ નિરાજી, રામચંદ્ર પંત અમાત્ય વગેરે મુત્સદ્દીઓએ મને રાજ્યાભિષેક દેવાની જે ચળવળ ચલાવવા માંડી છે, તે જો ફત્તેહમંદ નિવડી, તો હું તમને ભારપૂર્વક કહું છું કે સંભાજી રાજ જેવા પ્રબળ શાર્દુલ—શસ્ત્ર સિવાય પણ રણમાં ઝુઝનાર બહાદૂર વીરનાયક—તમારા સર્વની ખબર લીધા સિવાય રહેશે નહીં, એ ખાતરીથી માનજો."

અન્નાજી તો આવા શબ્દો સાંભળીને આભો જ થઈ ગયો. રાજારામના મતનું ખંડન કરવાની વાત તો બાજુપર રહી, પણ સોયરાબાઇ પાસે શું મ્હોં લઇને જવું, એજ સવાલ ગંભીર થઇ પડ્યો. રાજારામને પોતાના મતમાં મેળવી દેવાની પ્રતિજ્ઞા લઇને જ અન્નાજી અહીં આવેલો હતો પરન્તુ તપ્ત લોખંડપર પડતા જળબિન્દુ પેઠે તેની મુત્સદ્દીગીરીની અસર રાજારામને બીલકૂલ ન થએલી જોઇ અન્નાજીનું મ્હોં ઉતરેલા ફુગની

માફક લેવાઇ ગયું. તેનું મગજ ભમવા લાગ્યું. વિચારોપર વિચારો થવા લાગ્યા. અહીંથી વિદાય પણ શી રીતે થવું, તેય તેને ન સૂઝ્યું. અન્નાજીને વિચારમુગ્ધ જોઇ રાજારામે પૂછ્યું:–" અન્નાજી! શા વિચારમાં પડયા છો? હું જે કહું છું તે તમને અશકય લાગે છે? ઠીક, લાગવા દો. પરિણામ પ્રસંગ આવ્યે આપોઆપ ખુલ્લું થશે. જાઓ તમે: મારી માન્યતા અને મારો મત માજીને બરાબર સમજાવી શકો તો સમજાવજો. ન સમજે તો પછી "વિનાશ કાળે વિપરીત બુદ્ધિઃ" એવો જ કાંઇ ઇશ્વરી સંકેત માનવો રહ્યો; બીજું શું?"

અન્નાજી રાજારામને નમીને ત્યાંથી વિદાય થઇને સોયરાબાઇના આવાસ તરફ વળ્યો. જતાં જતાં સ્વાભાવિક રીતે જ તેને એવા વિચારો આવવા લાગ્યા કે "સર્વભક્ષક કાળોદરમાં કેવી કેવી વાતો ભરેલી છે, તે કળી શકવું કઠિન બલ્કે અશકય છે. ગમે તેમ થાઓ. જે વડે રાજ્યનું સંરક્ષણ થાય તે જ ઉપાય યોજવો જોઇએ. તેમ કરવું એ જ મારે મારૂં કર્તવ્ય માનવું જોઇએ. ખરી રાજ્યસેવા પણ એ જ ગણાવી જોઇએ. બાલાજી જેવા મુત્સદ્દી ચિટણીસ મારા મતની વિરૂદ્ધ પડે, હું તે ન માનું ને મારૂં ધાર્યું કરૂં ને ન કરે નારાયણ ને મહારાષ્ટ્ર રાજ્યપર આફત આવે તો મારે માથે દોષારોપણ થાય. મારે એવો દોષ વ્હોરવાનો મોખ નથી. પ્રભુ સુઝાડે તે રસ્તે જવું, એ જ ઉચિત છે."

આવા વિચારો કરતો અન્નાજી સોયરાબાઇના આવાસમાં ગયો. આ તરફ અન્નાજીના ગયા પછી રાજારામની પાસે તેની પત્ની તારાબાઈ આવી. રાજારામ શાંત પ્રકૃતિ ધારણ કરી ઉંડા વિચારમાં લીન બની ગયો હતો. તેની દૃષ્ટિ સમક્ષ ભાવિ ભય અને પોતાની માતા સોયરાબાઇનું પ્રપંચ નાટક તરી આવતું હતું. તેને કૈકેયી અને મન્થરાદાસીની ખટપટનાં સંસ્મરણો તાજાં થતાં હતાં. તેના હૃદયના ધબકારા વધતા હતા. પોતે ક્યાં છે, તેનુંએ તેને બરાબર ભાન હોય તેમ જણાતું ન હતું. પોતાની પાસે તારાબાઇ આવીને ક્યારની ઉભી રહી છે, તેની પણ તેને શાની ખબર હોય?

તારાબાઇ આશ્ચર્યચકિત થઈ ગઈ! કોઈ દિવસ નહિ, ને આજ પોતાના સ્વામીની મુખમુદ્રા આટલી બધી ચિંતાતુર અને સ્મીતભરી હોવાને બદલે ગંભીર શાથી હશે તે વિષે સ્વલ્પ ક્ષણોમાં તારાબાઇને સંખ્યાબંધ તરંગો ઉઠયા. તેણે બ્હીતાં બ્હીતાં પૂછ્યું:–" મહારાજને આજ શી ચિંતામાં પડેલા હું જોઉં છું?"

રાજારામે તારાબાઇ સામું જોયું. તેને પણ તારાબાઇનો ચ્હેરો લેવાઈ ગએલો જણાયો. રાજારામે તારાબાઇનો હાથ પોતાની હથેળીમાં લેતાં સ્નેહભાવે કહ્યું:–“ તારા ! મને લાગે છે કે થોડા વખતપર અન્નાજી સાથે થએલી વાતચીત તેં સાંભળી છે.”

“ નાથ ! તેથી જ પૂછું છું કે આપને માજીના આચરણથી મૂંઝવણ શાથી થાય છે ? માજી જે કરતાં હશે તે આપનું કલ્યાણ ઇચ્છાને જ કરતાં હશે ને ? રાજ્યરક્ષણ કોના હાથે થશે, તે વિચારવાનો ને યોગ્ય પગલું ભરવાનો તેમને અધિકાર–”

“ તારા ! તુંયે ઘેલી થાય છે ? જા; રાજ્ય ખટપટનો હજુ તને અનુભવ નથી; અથવા અનુભવ હોય જ શાનો ? તું કેવા અધિકારની વાત કરે છે ? આમાં તો અધિકાર જેવું કાંઇ છે જ નહીં. કેવળ અધમ સ્વાર્થસિદ્ધિનું અને તે સિદ્ધિને અંગે નિર્દોષ જીવોના ભોગ સાથે બીજાઓને ઇરાદાપૂર્વક અન્યાય આપવાનું જ કારસ્થાન મંડાયું છે–ત્યાં તું બીજું શું કહે છે, કહે ?” રાજારામે તારાને ભૂજાવડે દબાવતાં, સ્મીતહાસ્ય કરી, તેને ઉત્પન્ન થએલી શંકાનું નિવારણ કરતાં અને પોતાની અંતરવેદના છૂપાવતાં કહ્યું. તારાને વિશેષ કહેવાનું હતું નહીં. સંસારના અટપટા રંગોથી રંગાયા વિનાની તારાને વાદવિવાદ કરવાનો પણ ક્યાંથી હોય ? તારાએ સ્વામીની ઇચ્છાને પોતાની બનાવી. તારાબાઇ પ્રસન્નવદને રાજારામ પાસે બેઠી.

પરન્તુ સોયરાબાઇના આવાસમાં સોયરાબાઇનું વદન પ્રસન્ન નહતું. રાજારામના આવાસથી નીકળેલો અન્નાજી સોયરાબાઇની પાસે ગયો. તેણે જતાં જ ઉંડો એક નિઃશ્વાસ નાખ્યો. સોયરાબાઇ તેની સ્થિતિ કળી ગઇ. તેણે રાજારામ પાસે જઇને શું કર્યું, તે વિષેની માહિતી પૂછી. ધ્રૂજતે હોઠે અન્નાજીએ સોયરાબાઇને વાત કહીઃ—

“ મા સાહેબ ! ઈશ્વરેચ્છા પ્રમાણે જ બનશેઃ માનવેચ્છા–”

“ અન્નાજી ! ” સોયરાબાઇએ વચમાં જ કહ્યું:– “ મારે ઉપદેશનાં વાક્યો નથી સાંભળવાંઃ રાજારામ પાસેથી તમે નિરાશ થઇને આવ્યા હો તેમ લાગે છે. તમારી નિરાશા મને યે આપવી છે ? માનવીની ને ઇશ્વરની ઇચ્છાની વાતો કરવામાં શો માલ છે ? ઇશ્વરની જ ઇચ્છા માનવીના અંતરમાં ઉતરે છે, તે રહસ્ય તમે ભૂલી જતા લાગો છો ! ”

“ નથી ભૂલી જતો; પણ મા સાહેબ ! મને માફ કરજો; બાળાજી આપના પ્રયત્ન વિષે શું બોલે છે, તેનાથી પોતે અજાણ્યાં જણાઓ છો.

આપની ઇચ્છા ગેરસમજ ભરેલી અને નિંદ્ય સ્વાર્થસાધક હોય એવો તેમનો મત છે. બાલાજી જેવાની વિરૂદ્ધ પડીને—"

"બસ કરો; અન્નાજી! તમને કોઇ જુદા જ પવનની લહરી ભેટી હોય એમ જણાય છે. રાજારામ પણ બાલાજીના મત જેવો મત ધરાવે છે. એમ ને? મર્દ જેવો મર્દ, સ્ત્રીના જેવી ચૂડીઓ પહેરવા કરતાં યે વધારે બાયલા વિચારો ધરાવે એવો રાજારામ મારી કુખે અવતર્યો, એ શરમની વાત જ કહેવાય ન્યાય શો ને અન્યાય કોને કહેવાય, એ વાતો રાજારામ જેવા ન્હાના બાળકને તે વળી કરવાની હોય? અન્નાજી! તમે તમારી કસોટીમાં નિષ્ફળ નિવડ્યા. રાજારામને સમજાવતાં તમે ન ફાવ્યા. એવા ન્હાના બાળકનું મન તમે ન પીગળાવી શક્યા, તો મહાભારત કામનો ફેંસલ તમે કેમ કરી શકશો, એ હવે સવાલ થઇ પડ્યો. ગમે તેમ થાય, પણ હવે તો હાથમાં લીધેલું કામ પૂરૂં કર્યે જ છૂટકો. જનાર્દનપંત સુમંત સંભાજીના બન્દોબસ્ત માટે રોકાયલા હોઇ હુંબીરરાવ સેનાપતિ કર્હાડમાં છે. તમે જાતે જાઓ અને બન્નેને મારી ઇચ્છા તેમને વિદિત કરો; એટલું જ નહિ, પણ રાજારામને રાજ્યાભિષેક દેવાના કાર્યમાં આપણી સાથે તે બન્ને સામેલ થાય તેમ કરો. રાજારામની પાસે જઇને વિલે વદને પાછા ફર્યા એવું ન કરતા. મોરોપંત પિંગળે એકાદ બે દિવસમાં અહીં આવી પહોંચશે એમ લાગે છે. બાલાજી ભલે જુદા વિચારનો રહે, તેનાપર દેખરેખ રાખવાની વ્યવસ્થા કરૂં છું. પન્હાળગઢમાં હીરોજી ફર્જંદ તો આપણો જ માણસ છે. મહારાજની માંદગી દિવસે દિવસે વધતી જાય છે. કાલે શું થશે તે કાંઇ કહી શકાય નહિ. આપણે અગમબુદ્ધિ અત્યારથી જ વાપરીશું, તો પાછળથી પહોંચી વળાશે. જાઓ, અન્નાજી! હવે ક્ષણભરનો પણ વિલંબ કરવાનો નથી."

અન્નાજી નમન કરીને આવાસ બહાર નીકળી ગયો અને થોડી જ વારમાં શિવાજી મહારાજના શયનાગારનો ખાસ નોકર સોયરાબાઇ પાસે આવી પહોંચ્યો. સોયરાબાઇએ પોતાને સોંપેલા કાર્ય મુજબ તેણે કરેલી ગોઠવણની ખબર સોયરાબાઇને નિવેદન કરી. શિવાજી મહારાજના પલંગપર જે ચાદર પથરાતી હતી, તે ચાદરમાં ઝેરના અંશો કેવી રીતે પ્રસારી દીધા હતા અને તેને શી રીતે શય્યાપર પાથરી છે, વગેરે બાબતથી સોયરાબાઇને વાકેફ કરીને નોકર વિદાય થયો અને ભાવિ પરિણામની રાહ જોતી સોયરાબાઇએ જરા આરામ લીધો.

પંદરમું પ્રકરણ

શિવાજીને યંકાળ

મેઘાચ્છાદિત રાયગઢમાં આજ ગમગિની ફેલાઇ રહી હતી. આજે સૂર્યનારાયણનાં દર્શન થતાં ન હતાં. જાણે અશુભ ઘડીઓ સૂચવનારાં જ બધાં ચિહ્નો ક્રમે ક્રમે રાયગઢની પ્રજાની દૃષ્ટિસમક્ષ તરવરી રહ્યાં હોય એવો આભાસ થતો હતો. ઘનની ગાજવીજ ચાલુ જ હતી. ગાજવીજ સાથે કૂતરાંનું ભસવું અને તેમનું રૂદન પણ કોઇ પ્રફુલ્લ અંતઃકરણને ગ્લાનિ ઉપજાવી રહ્યું હતું. શૂન્યકાર–નિરવ, ઘોર અન્ધારી રાત્રિનું પણ સામ્રાજ્ય સ્થપાયું. ત્યાં સુધી એ આખાયે દિવસ દરમિયાન કેવળ આંતરિક અને બાહ્ય ઘોરંભો ઘલાયલો જોવામાં આવતો હતો.

રાત્રિના અન્ધકારભર્યા પડદાને વિંધતા ત્રણ ગૃહસ્થો મરણની શાંતિ અનુભવતા રાયગઢમાં શ્રી શિવાજી મહારાજના મંદિર તરફ જતા હતા. તેમાંના એક બાળાજી આવજી ચિટણીસ હતા. બીજા રાજવૈદ્ય હતા અને ત્રીજા રાજજ્યોષી હતા. ત્રણેય જણ શિવાજી મહારાજના મન્દિર પાસે આવી પહોંચ્યા. શિવાજી મહારાજ પોતાના શયનગૃહમાં નોકરોની સારવાર હેઠળ પલંગપર બેઠેલા હતા. મહારાજનો રોગ દિવસે દિવસે અસાધ્ય થતો જતો હતો. આજ તેમને વધારે વેદના થતી હતી. થએલા ગુમડાની પીડાનો જ્વર પણ શરીરમાં ભરાયો હતો. શિવાજી મહારાજે નોકરને ફરમાવ્યું હતું કે "દેવી ભવાનીની પૂજ્ય પ્રતિમાની સમક્ષ પોતાનું મૃગચર્મ પાથરવું; પોતે ત્યાં જ નિદ્રા લેશે." મહારાજની આજ્ઞા મુજબ નોકરો વ્યવસ્થા કરવામાં રોકાયા હતા. એક નોકર પાકી ઉઠેલા ગુમડાપર મલમપટ્ટો લગાવવાના કામમાં ગૂંથાયલો હતો. તે જ વેળાએ ઉપર જણાવ્યા મુજબ ત્રણેય જણ ત્યાં જઇ પહોંચ્યા. તે વખતે પથારી પથરાઈ રહી હતી. મૃગચર્મપર મશરૂના ઓઢાવાળી ત્રણ મણ રૂની તળાઇ અને તેનાપર બગલાની પાંખ જેવી શ્વેત ચાદર બિછાવવામાં આવી હતી. "પથારી તૈયાર છે" એમ નોકરે મહારાજને નિવેદન કર્યું અને ચિટણીસ વગેરેના ટેકા સાથે શિવાજી મહારાજ તે પથારીપર જઇ બેઠા. બેઠા પછી શિવાજી મહારાજે વિનોદભાવપૂર્વક ચિટણીસ વગેરેની સાથે વાર્તાલાપ કરવા માંડયો. આવી ભયંકર વ્યાધિવેદનામાંયે શિવાજી મહારાજને વિનોદાત્મક વાર્તાલાપ કરતા જોઇને, તેઓ "લવરીએ ચડયા છે કે

શું ?" એવો વિતર્ક પણ કોઇને કોઇકવાર આવી જતો હતો. શરીરમાં તાવ ભરાયો હતો. રાજવૈદ્યે નાડી તપાસી, ઔષધ દીધું. રાજજોષી ગ્રહકુંડલી જોવામાં મશગુલ થયા હતા. તે જોઇને શિવાજી મહરાજે પૂછ્યું:—

"શાનું ધ્યાન ધરી રહ્યા છો જોષીજી ?"

"દશા શનિની બેઠી છે. તેની શાંતિ અર્થે રાયગઢની પ્રજાએ આજ ઉપવાસ વ્રત કર્યું છે. હનુમાનપર તેલનો અભિષેક આજ પ્રભાતકાળથી ચાલી રહ્યો છે. શંકરપર રૂદ્રાભિષેક શરૂ થઈ ગયો છે—"

"વાહ !" એમ કહી શિવાજી મહારાજે કટાક્ષ ભાવ વ્યક્ત કરનારૂં સ્મીત કર્યું તેઓ બોલ્યા:—"ઠીક; અમરપુરીમાં પણ માનવસૃષ્ટિ પેઠે લાંચ રૂશ્વતવડે હેતુ સિદ્ધ થઇ શકે છે, નહિ ? પ્રારબ્ધ અને પૂર્વજન્મના સંસ્કારોને ય ઉપવાસ કે અભિષેક આદિની લાંચથી દેવોને પ્રસન્ન કરી વિધિ-ઘડ્યા છઠ્ઠીના લેખમાં યે સુધારો કરાવી શકય છે ?" શિવાજી મહારાજે યુક્તિવાદ આરમ્ભ્યો.

વૈદ્યરાજે સુવર્ણમાત્રાયુક્ત ઔષધ દીધું. શિવાજી મહારાજે તેના ઘૂંટડા ગળે ઉતાર્યા અને તેઓ બોલ્યા:—

"વૈદ્યરાજ ! આ ઔષધ શા રોગપર આપ્યું ?"

"કૃતાન્ત ભૈરવની માત્રા, જ્વર ઉતારવામાં આબાદ અસર કરનારી રામબાણ દવા છે." વૈદ્યે ખુલાસો કર્યો.

"કૃતાન્ત ભૈરવ !" શિવાજી મહારાજે માર્મિક હાસ્ય કરતાં પૂછ્યું:—બરાબર મળતું જ નામ ! આયુષ્ય પૂરૂં થતું હોય, છતાં તેને લંબાવવામાં ઔષધ ઉપયોગી નિવડે છે—નાહ ? ખરી વાત હશે ! લાગલાગટ છ માસ સુધી સાયંકાળ જ નહતો થયો, એવો એક સતીનો પ્રભાવ હતો એ કથા તો પુરાણોમાં વંચાય છે જ; તેમ મનુષ્યના જીવનનો સાયંકાળ પણ ઔષધ વડે અટકાવી શકાતો હશે!" શિવાજી મહારાજે અટ્ટહાસ્ય કર્યું. એ અટ્ટહાસ્ય ત્રણેય જણને બહુ કારમું—ભયંકર—લાગ્યું.

ચિટણીસ વ્હેમાયા. રાજજોષી વિસ્મયતાથી મહારાજના સામું જોઇ રહ્યા. રાજવૈદ્યને શિવાજી મહારાજની હસતી આંખોમાં વિકરાળતા જણાઇ. મહારાજનું આખુંયે મુખારવિંદ બીહામણું થતું જણાયું. ચિટણીસે એકદમ ઉઠીને છેક નિકટમાં બેઠક લીધી. તે બેઠક લેતા હતા, એટલામાં તો મહારાજ વંટોળિયાથી એકદમ કદળી જમીનપર ઢળી પડે, તેમ પથારીમાં પડયા. તેમની આંખો ફાટી. શ્વાસ રૂંધાયો. રાજવૈદ્યે નાડી તપાસી. નાડીનું ઠેકાણુંજ રહ્યું ન હતું. ચિટણીસને જે વ્હેમ હતો, તે વ્હેમથી ખેંચાઇને તપાસ કરવામાં

માંડી; તપાસ કરતાં જ એકદમ કારમી ચીસ પોતે પાડી ઉઠયાઃ—હાય! આટલા બંદોબસ્ત છતાંય સરકારપર આવો ભયંકર વિષપ્રયોગ! ત્વરા કરો; એ ચાદર ખસેડી લ્યો.”

રાજવૈદ્ય અને રાજજ્યોષીના મુખમાંથી માત્ર આટલો જ ઉદ્ગાર નીકળ્યો. મહરાજની પથારીમાંની ચાદર લઇ લેવામાં આવી. રાજવૈદ્યે ચાદરનું બારીક દૃષ્ટિએ નિરીક્ષણ કર્યું. ચાદરમાં જ વિષનો પાશ દેવાયલો સ્પષ્ટ જણાયો. એ વિષે આસ્તે આસ્તે મહારાજનાં અણુંએ અણુંમાં સંચાર કર્યો હતો અને તેને જ પરિણામે મહારાજ બેશુદ્ધ અવસ્થામાં આવી ગયા છે, એ ચોક્કસ સમજાયું. વૈદ્યરાજે વાટવામાંથી વિષના ઉતાર માટેની માત્રા કહાડી મહારાજના મુખમાં મૂકી. થોડીવાર પછી મહારાજની ફાટી ગએલી આંખોનાં પોપચાં જરા મિચાયાં. ત્યાર પછી થોડીવારે મહારાજે શરીર પાસુ ફેરવ્યું. ચિટણીસે મહારાજને ધીમે સાદે બોલાવી જોયાઃ—“ પ્રભો!”

“ મહારાષ્ટ્રનું કમભાગ્ય! ચિટણીસજી! રાજ્યલોભને પરિણામે તમારા પ્રભુનો ભોગ...”

રાજવૈદ્યની માત્રાવડે મહારાજ આટલું જ બોલી શકયા. એ બોલ તેમના જીવનમાં છેલ્લા જ નિવડયા. મહારાજને ઓચિંતી તાણુ આવી. એક હેડકી આવી. મહારાજનો આત્મા પરમાત્માના નૂર ભેગો ભળી ગયો. ચિટણીસ, રાજવૈદ્ય ને રાજજ્યોષીની આંખો આંસુભીની થઈ.

પરન્તુ આ પ્રસંગ હવે આંસુભીની આંખો કરીને, હાથ જોડી બેસી રહેવાનો નહતો. ચિટણીસ મન્દિર બહાર નીકળ્યા. રાજજ્યોષી અને રાજવૈદ્ય મહારાજના અચેતન દેહનું રક્ષણ કરતા ત્યાં જ બેઠા. ચિટણીસ ધીરપુરુષ છતાં આ વખતે તેમનું અંતઃકરણ દ્રવી રહ્યું હોય એમ તેમના મુખપરથી જણાઇ આવતું હતું. જતાં જતાં તેઓ પુતળાબાઇના આવાસ આગળ આવીને થોભ્યા. હવે શું કહેવું ને શું કરવું તે તેમને સૂઝયું નહિ. ચિટણીસ ખરેખરા મુત્સદ્દી હતા; થોડી જ વારમાં તે સ્વસ્થ અને સાવધ થયા અને પુતળાબાઇના આવાસમાં જઈ પહોંચ્યા. પુતળાબાઇ પોતાના સ્વામી શિવાજી મહારાજને આરામ મળે તે માટે ઇષ્ટપ્રાર્થના કરી રહ્યાં હતાં. દરમિયાન ચિટણીસને આવતા દીઠા. ધ્યાનમુક્ત થયા પછી પુતળાબાઈ આગમનનું ચિટણીસને કારણ પૂછે, તે પહેલાં તો ચિટણીસની આંખોમાંથી ચોધાર આંસુ વહે જતાં જોવામાં આવ્યાં. પુતળાબાઇ ગભરાયાં. અશુભ—માઠા સમાચાર સંભળાવવાનું પોતાના ભાગ્યમાં સરજાયલું જાણી ચિટણીસે ઉંડો

એક નિઃશ્વાસ નાખતાં પુતળાબાઈને શિવાજીનું અવસાન થયાની ખબર ચિટણીસે કહી સંભળાવી.

"વૈદ્યરાજને ત્યાંથી ચોરાયલા ઔષધનો જ એ પ્રયોગ!" પુતળાબાઈને ખાસ તો આ કારણથી મહારાજના અવસાનથી બહુ ઓછું આવી ગયું:—"ખેર! હવે મારે એક જ ધર્મકર્ત્તવ્ય રહ્યું. ચિટણીસ! હું મહારાજની સાથે રહી હતી. બને તેટલી તેમની સેવા જીવનપર્યંત કરી હતી. મહારાજના પરલોકગમન પછી મારે પણ તેમની સાથે જ રહેવું જોઈએ. મહારાજની પાછળ હું સતી થઈશ—મારો આ અટલ નિર્ણય છે."

એમ કહીને પુતળાબાઈએ ચિટણીસને ચંદનકાષ્ટ તરફ આંગળી કરીને તે બતાવ્યાં અને મહારાજની ચિતા સાથે પુતળાબાઈ માટે પણ ચિતામન્દિર રચવાની દૃઢ આજ્ઞા થઈ. પુતળાબાઈએ સતી થવા માટેનો સાજ સજવા માંડ્યો.

તે વખતે પુતળાબાઈના મ્હોંપર ઉદ્વેગની છાયા સરખી જણાતી નહતી. કેસરીઆં કરવા સારૂ સમરાંગણમાં યાહોમ કરીને તૂટી પડતી કોઈ સમર્થ વીરાંગના જેવી ભવ્ય, શૌર્યપૂર્ણ અને એટલી જ શાંત પ્રકૃતિ પુતળાબાઈની જણાતી હતી. ચિટણીસે સતી થવાના વિચાર પ્રત્યે કંઈક નાપસંદગી બતાવવા સરખો ભાવ વ્યક્ત કર્યો, પણ તેમાં તે ન જ ફાવી શક્યા. ચિટણીસથી હાલ વધારેવાર અહીં થોભી શકાય એમ નહતું. તેથી પુતળાબાઈની રજા માગી તે સોયરાબાઈના આવાસે ગયા.

પોતાના આગમનની વર્દી પહોંચાડીને બાળાજી ચિટણીસ સોયરાબાઈની પાસે ગયા. તે વેળાએ તેમના હોઠ સુકાઈ ગયા હતા. આંખો અશ્રુપૂર્ણ હતી. વદન મ્લાન થઈ ગયું હતું. તેમની આવી સ્થિતિ જોતાં જ પોતાનો હેતુ સધાયલો હોય એવી અટકળ સોયરાબાઈએ કરી અને સૂક્ષ્મ રીતે મનમાં તે મોદ પામી; પરંતુ મુત્સદ્દી ચિટણીસ આનન્દની છાયા ન કળી શકે તેટલા માટે ઉપર ઉપરથી શોકમિશ્રિત લાગણી પ્રદર્શિત કરતાં, ગભરાયલે ભાવે સોયરાબાઈએ ચિટણીસને પૂછ્યું:—"બાળાજી! આમ ચિંતામગ્ન કેમ જણાઓ છો! મ્હોં કેમ ઉતરી ગયું છે? મહારાજની તબીઅત તો ઠીક છે ને?"

દુઃખનો દીર્ઘશ્વાસ નાખતાં ચિટણીસે કહ્યું:—"મહારાજની તબીઅતનું પુછવાપણું હવે નથી રહ્યું."

"એટલે? તમે શું કહો છો, તે હું સમજી શકતી નથી; બાળાજી! બરાબર સ્પષ્ટ કહી દ્યો; મારાથી વધારેવાર ઈંતેજાર નહીં રહી શકાય."

"પ્રભુની ને પ્રભુની નહિ તો કોઈ પાપાત્માની મુરાદ આજ બરાબર બર આવી—"

"હજુ તમે ચોકૂખે ચોકૂખી વાત નથી કરતા; શી મુરાદ, ને શી રીતે ખર આવી: મહારાજને કાંઇ થયું છે ?"

"મહારાજને હવે કંઇ જ થવાપણું નથી રહ્યું. વૈદ્યરાજના મકાનમાંથી વિષની ચોરી થઇ, તે તો તમે જાણો છો ને ?" બાળાજીએ માર્મિક કટાક્ષ કર્યો.

"હા; એ કાંઇક આકસ્મિક પ્રસંગ બન્યો હતો."

"અને એવો જ અકસ્માત મહારાજના સંબંધમાં થયો હોય. મહારાણીજી ! મહારાજને તેમની વેદનાનું ઝેર ચડયુ હોય કે કોઇની ઇર્ષાનું ઝેર મહારાજને ચડયું હોય અથવા પેલું ચોરાયલું ઝેર ચડયું હોય કે એ બધાનું તો નિમિત જ હોય ને મહારાજના સાયંકાળની ઘડી જ આવી પહોંચી હોય; ગમે તેમ હોય પણ મહારાજ અક્ષરધામવાસી થયા—"

"ભલા ભગવાન !" સોયરાબાઇએ કૃત્રિમ નિઃશ્વાસ નાખતાં કહ્યું:– "આ હું શું સાંભળું છું ! અરેરે; વારૂં, આ વાતની રાજારામને ખબર પડી ?"

"નહિ; પ્રથમ અહીંજ આવ્યો છું."

' રાજારામને આ ખબર વજ્રાઘાત સમી નિવડવાની. હર, હર, હર !"

ત્યારપછી સોયરાબાઇની રજા માગીને બાળાજી ચિટણીસ રાજારામને ત્યાં ગયા. આ તરફ "હવે પોતાના પુત્રને રાજ્યગાદી મળશે" એ ભાવનાથી સોયરાબાઈ હર્ષોન્માદમાં આવી ગઈ; એવી રાણીને વિધવાપણાના દુઃખથી શોક તો થાય જ શાનો ? હવે રાયગઢનો બંદોબસ્ત શી રીતે કરી દેવો તે સંબંધી વિચાર કરવા સારૂ સોયરાબાઈ એકાન્ત સ્થળે એકલી બેઠી. મહારાજના પ્રેતની તો જેને પરવા જ જાણે ન હોય ! સંભાજીને મહારાજના મૃત્યુની ખબર પડતા પહેલાં જ રાજારામને રાજ્યાભિષેક થઇ જાય, તેવી ગોઠવણ સોયરાબાઇને પસંદ પડી. તેણે એકદમ દ્વારરક્ષકને બોલાવ્યો અને ધીરેથી કાનમાં કંઇક કહીને તેને વિદાય કરવામાં આવ્યો.

રાજારામને માઠા સમાચાર નિવેદન કરવામાં આવ્યા. રાજારામ તો બાલક ! પિતાના અવસાનથી તેને રોવું આવ્યું. બાળાજી ચિટણીસે બનતા પ્રયત્ને તેને આશ્વાસન દીધું. રાજારામનું હૃદય સોયરાબાઈ જેવું મલિન નહતું. બાળાજી પણ એ વાત બરાબર સમજતા હતા. રાજારામને પોતાની સાથે શિવાજી મહારાજના મંદિરમાં ચિટણીસ તેડી ગયા. આ તરફ સોયરાબાઇએ રાયગઢની હકુમત પોતાના હાથમાં લેવાનો પ્રયત્ન આદર્યો અને જે નોકરે શિવાજી મહારાજની ચાદરમાં વિષનો પાશ દીધો હતો,- તે નોકરને

મ્હોંડેથી જાણ્યે અજાણ્યે પણ એ ગુપ્ત કારસ્થાનની વરાળ સરખી બહાર નીકળવાનો ભય જ નષ્ટ થાય તેટલા માટે સોયરાબાઇએ પોતાની કાયમની ખાસિયત પ્રમાણે તેનું પણ ખૂન કરાવ્યું.

સોળમું પ્રકરણ

સત્તાની વાતો

શિવાજી મહારાજનો દેહોત્સર્ગ થયા પછી પુતળાબાઇએ સતી થવાની તૈયારીઓ કરવા માંડી હતી, ત્યારે સોયરાબાઇએ જુદો જ ઠાઠ રચ્યો હતો. તેને મહારાજના અવસાનથી શોકને બદલે હર્ષ જ થયો હતો. પોતે વિધવા થઇ એ ખરૂં, પણ હવે પોતાના પુત્ર રાજારામને રાજ્યગાદી મળશે એ ભાવનાથી સોયરાબાઇના મનમાં "રાજમાતા" પણાનો મદ ચડવા માંડયો હતો. તેને શોક શાનો થાય?

તેણે એકદમ ચિટણીસ બાળાજી આવજીને બોલાવી લાવવા માણસ મોકલ્યો. બાળાજી શિવાજી મહારાજના પ્રેત આગળ રાજારામ અને બીજી વિશ્વાસુ મંડળી સાથે શોકપૂર્ણ ભાવે બેઠા હતા. ત્યાં તેમને માણસ તેડવા સારૂ આવ્યો. બાળાજી સોયરાબાઇના આવાસે ગયા. સોયરાબાઇ ગંભીર થઇને બેઠી હતી. બાળાજીને પોતાની પાસે બેઠક આપી અને સોયરાબાઇએ શાંત પ્રકૃતિ કરીને વાત કરવા માંડી:—

"બાળાજી! રાયગઢનો બંદોબસ્ત મેં મારા હાથમાં લીધો છે. મને લાગે છે કે હાલ મહારાજનો કાળ થયાની તેમ જ રાયગઢનો બંદોબસ્ત મારા હાથમાં લીધાની વાત સંભાજીને ન જણાવવામાં જ સલામતી છે. હવે પન્હાળગઢ અને બીજાં સ્થળોના બંદોબસ્ત માટે જનાર્દન પંતને તથા સેનાપતિ હંબીરરાવને પત્ર લખી દો—"

"કોની સહીથી અને કેવા સિક્કા સાથે પત્રો લખવા?"

"સહી? સિક્કો? રાજારામનો સ્તો; વળી એમાં પૂછવાનું શું છે?"

"રાજારામના નામની આણ વર્તાયા સિવાય મારાથી તેમ કેમ થઇ શકે?"

"એટલે? રાજારામને ગાદીએ બેસવા ન દેવાની જ તમારી ઇચ્છા છે?"

"મારા કહેવાનો ભાવાર્થ આવો થશે એમ હું નહતો માનતો."

"ત્યારે મારે બીજું શું ધારવું ?"

"જે ધારવું હોય તે ધારવાને આપ સ્વતંત્ર છો."

"ત્યારે જો તમે એમ માનો છો, તો બાળાજી! હું કહું તેનો તાત્કાલિક અમલ કરો; હવે નકામા દોઢડાહ્યા ન થાઓ. જનાર્દન પંત ને હંબીરરાવને પત્રો લખવાના કહ્યા, તેમાં શા સારૂ વિલંબ લગાડો છો ? અન્નાજી દત્ત અને મોરોપંતને પત્ર લખી મોકલી હમણાં જ મેં અહીં તેડાવ્યા છે. રામચન્દ્ર પંત પણ રસ્તામાં જ હશે—અબઘડી આવી પહોંચશે."

"તે બધાના આવતા સુધી નહિ થોભી શકો ? મંત્રીમંડળની એકમતીથી જ જનાર્દનપંત વગેરેને પત્રો લખાય તો પાછળથી કોઇ આપણા કાર્યની કસુર ન કહાડી શકે."

"ભલા માણસ! આજ ઢીલા શું થઇ જાઓ છો? જરા સમજો; તમારા ભવિષ્યનોય વિચાર નથી કરતા? આવે વખતે તમારા જેવો મને મદદ નહિ કરે તો મારે કોના સામું જોવું ?"

બાળાજી આ માર્મિક શબ્દો ન સમજી શકે, એવા અબુદ્ધ ન હતા; પરંતુ ચિટણીસ આબાદ મુત્સદી હતા અને શિવાજી મહારાજના સાચા નિમકહલાલ નોકર હતા. તેમણે આ પ્રસંગે સંપૂર્ણ સંયમ જાળવ્યો અને ઠરેલ સ્વભાવથી શાંત ચિત્તે સોયરાબાઇ સાથે તેમણે સંભાષણ કરવું ઉચિત ધાર્યું. બાળાજીને વિચારવશ જોઈ સોયરાબાઇએ કહ્યુઃ—"બાળાજી ! આ પ્રસંગ કટોકટીનો છે. વિચારમાં વખત ગુમાવવાનો નથી. તમારે સમજી જવું જોઇએ કે પેશવાને અને અન્નાજીને પત્ર લખીને મેં અહીં તેડાવ્યા છે, તે જ પ્રમાણે તમનેય આજ્ઞા કરૂં છું કે સુમંતને ને સેનાપતિને પત્રો લખી દો અને મારો માર્ગ સરળ બનાવી આપો."

"આપે પણ જાણવું જોઇએ કે મહારાજે મને મહોર સિક્કો આપેલો ત્યારે દેવી ભવાની અને મહારાજની સમક્ષ મેં બેવફા નહિ નિવડવાની પ્રતિજ્ઞા લીધી હતી."

"બેવફા? તમે શુદ્ધિમાં જ છો ને? મહારાજ તમને હવે શી રીતે હૂકમ કરનાર છે? એ તો એમને રસ્તે પડયા. તેમની હું રાણી, તમને હૂકમ ફરમાવું, અને તે હૂકમનો તમે અમલ કરો તેમાં બેવફા નિવડવાનું રહ્યું જ કયાં ?"

આમ વાત ચાલતી હતી એટલામાં જ મોરોપંત પિંગળે, અન્નાજી દત્ત, રામચંદ્ર પંત અમાત્ય અને માવલાઓના સરદાર સાવંત ને દાદાજી ત્યાં આવી પહોંચ્યા; એટલે સોયરાબાઇને બળ મળ્યું. થોડીવાર સુધી સર્વ

મંડળી અવાક્ રહી. ત્યારે સોયરાબાઇએ દીર્ઘ નિઃશ્વાસ નાખીને કહ્યું:— "કમનસીબની વાત છે! મારા સવાલનો ઉત્તર જ ન મળે! હવે મારે ને મારા રાજારામને કોના સામું જોવાનું રહ્યું ?"

ત્યારે અન્નાજીએ વાત ઉપાડી:—"માજી! આટલાં હતાશ થવાનું કશું કારણ નથી. રાજારામ મહારાજ થોડી જ ક્ષણોમાં ગાદીનશીન થશે અને તેની ક્રિયા આપણા સાબાજી ભોંસલે–શિંગણારપુરને હાથે થશે; પછી તમામ સત્તા—"

"પણ ચિટણીસના મનનું હજુ ક્યાં સમાધાન થાય છે?

"એ વાતેય ખરી. ચિટણીસની હાથચિઠ્ઠી સિવાય આપણું કાર્ય પાર ન ઉતરે—ઉલટું તેથી તો રાજ્યમાં બખેડો કે અશાંતિ ઉત્પન્ન થાય: પણ ચિટણીસજીને તેમાં વાંધો શું કરવા લેવો પડે ? મોરોપંત પેશવાએ કહ્યું.

"કેમ બોલતા નથી? બાળાજી! તમને પત્રો લખવામાં શી હરકત છે? બોલો એટલે ઝટ ખુલાસો થઇ જાય." રામચંદ્ર પંતે પૂછ્યું.

"મહારાજ પાસે મેં શી પ્રતિજ્ઞા લીધી છે, તે તમને ખબર નથી. તમને કહેવાની જરૂર પણ નથી. તમારી બધાની ઇચ્છા હું યથાશક્તિ કળી ગયો છું. તે ઇચ્છા પ્રમાણે હું પત્રો લખી શકીશ નહિ, એટલું જ કહેવું બસ છે." બાળાજીએ ગંભીરતાથી ખુલાસો કર્યો.

"એટલે અમે અમારી ફરજ નહિ સમજતા હોઇએ? મહારાજ પાસે અમેય પ્રતિજ્ઞા લીધી હતી અને તેનું અમને ભાન નથી એમ નહિ, સમજ્યા: શી ડાહી વાતો કરો છો!" મોરોપંતે દાબ બતાવતાં કહ્યું.

"હું એમ ક્યાં કહું છું? તમે તમારી પ્રતિજ્ઞા પ્રમાણે વર્તી રહ્યા હશો; મારે મારી પ્રતિજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ."

બાળાજીએ ઠંડે પેટે ઉત્તર આપ્યો. તેમના છેલ્લા ખુલાસાથી અર્થાત્ ચિટણીસના દૃઢતાભર્યા જવાબથી સોયરાબાઇની આખી મંડળી સ્તબ્ધ થઇ ગઈ. ચિટણીસને કબજામાં લેવાનું કામ બધાના મનને કઠિન લાગ્યું છતાં જુદા જુદા મુત્સદીઓએ શામ, દામ અને ભેદની રમતો રમી જોઈ પરંતુ બાળાજીનું મેરૂ જેવું મન કોઇ પણ રીતે ચળાયમાન ન થયું. સોયરાબાઇની આંખો રાતી થઇ ગઇ. ગોઠવવામાં આવેલી બાજી બાળાજીની આડાઇથી રખે ને બગડી જાય, એવી સોયરાબાઇને ધાસ્તી પેઠી તેણે એકવાર ... સમજાવવાનો પ્રયત્ન કર્યો:—"સંભાજીને પન્હાળગઢથી ... વખત લાગશે. ત્યાં સુધી મહારાજનું શવ રાખી મૂકતાં ...વતાં

સોયરાબાઇની મિથ્યા દલીલને તોડતા બાળાજીએ કહ્યું:–" ભરત મોસાળમાંથી આવી પહોંચ્યો, ત્યાં સુધી દશરથરાજાનું શવ શી રીતે સુરક્ષિત રહ્યું હતું, તે કથા રાણીજીને કાંઇ કહેવી પડે તેમ નથી."

" તે રામરાજ્યના દિવસો હવે વહી ગયા છે." સોયરાબાઇએ કહ્યું.

" રામરાજ્યને બદલે શિવરાજ્ય છેઃ પરંતુ રાજકુટુમ્બનો ઇતિહાસ તો–બન્નેનો–લગભગ સરખો જ લાગે છે."

બાળાજીનો આવો માર્મિક ઉપાલંભ સોયરાબાઇથી સહી શકાયો નહીં. પોતાને કૈકેયીનાં કારસ્થાન સાથે બાળાજી સરખાવી રહ્યા છે, તે વાત સોયરાબાઇ બરાબર સમજી ગઇ હતી. સોયરાબાઇના હોઠ ક્રોધથી ધ્રૂજવા લાગ્યા. તેની આંખોમાંથી અંગારા વરસવા લાગ્યા. તેનો ચ્હેરો વિકરાળ ને કારમો દેખાવા લાગ્યો. તેણે પોતાનું પોત પ્રકાશતાં બાળાજીને દમ ભરાવ્યોઃ—

" તમારા સહી સિક્કા સિવાય બીજા કોઇના સહી સિક્કાથી અમારૂં કામ નહિ થાય, એ જોરપર તમે આટલું ગુમાન રાખો છો ? બાળાજી ! તમારૂં ગુમાન ઉતારવામાં અને મારો હેતુ સાધવામાં મને કેટલી વાર લાગશે તેનું કાંઇ ભાન છે ? લાક્ષણિક દૃષ્ટાંતથી તમે મને કૈકેયીરાણીનાં કારસ્થાન સાથે સરખાવતા લાગો છો, તે કાંઇ હું નથી સમજતી એમ નહીં."

" મને જે યોગ્ય લાગ્યું તે મેં કહ્યું. મહારાણીના મનને ખાલી કલેશ કરાવવાનો મારો સુદ્ધલેય હેતુ નથી અને હોય પણ નહીં. ગરીબ સેવકને વળી ગુમાન શું ? સાચી સલાહ અને શુદ્ધ વર્તન, એનું જ નામ ગુમાન ગણાતું હોય, તો નિરૂપાય છું. પ્રધાનમંડળની એકમતીથી કાર્ય કરવામાં મહારાણી સ્વતંત્ર છે. પોતે મુખત્યાર છો, ફાવે તેમ કરો."

બાળાજીના છેલ્લા શબ્દો સાંભળીને સોયરાબાઇને અને તેના અનુગામીઓને એમ લાગ્યું કે ચિટણીસ પલળ્યા છે. બધાંનાં મન પ્રસન્ન થયાં. એ પ્રસન્નતાનો લાભ લઇને બાળાજીએ કહેવા માંડ્યું:–" આપ સર્વે બુદ્ધિમાન છો. હું તો ચિઠ્ઠીપત્રી લખનાર રહ્યો. હુકમને અધીન રહ્યો. તમે ભલે મને તમારાથી જુદો મા[illegible]. હું તો તેમ માનતો જ નથી. મારે [illegible] કહેવાનું [illegible] મા[illegible] જેવાં ચો[illegible] [illegible]થી કોઇ નાહક દોષારોપણ દે, તેવું [illegible]ગયઃ બાકી મારો હેતુ તો શુદ્ધ જ હતો ને છે. જો આપ[illegible] [illegible] ન ઉતરતી હોય, તો મારી સલાહ મારી [illegible] તમારો હેતુ સધાય એવો

મન
નિમિત્ત ન [illegible]
[illegible]માંથી કોઇને મા[illegible]
[illegible]

વચલો રસ્તો જો નીકળતો હોય તો વધારે સારૂં. આપને જો રૂચતો હોય તો તેવો રસ્તો મને જડ્યો છે."

"બોલો; બાળાજી!" સોયરાબાઈએ ઉત્સુક થઈને કહ્યું.

"રસ્તો એ, કે આપ જે પત્રો મારા હાથે લખવાનું કહો છો, તેને બદલે મારા પુત્રને હાથે લખાવવા."

ચોર દૃષ્ટિએ અન્નાજી વગેરેએ સંજ્ઞા કરી. બાળાજીએ સંજ્ઞાથી જાણી જોઈને અજાણ્યા રહ્યા. થોડો વિચાર કર્યા પછી અન્નાજી દત્તે કહ્યું:—"એ રસ્તો કાંઈ ખોટો નથી. તમે પત્રો લખો કે ફાવે તે લખો: આપણે તો હેતુ સાધવા સાથે કામ છે. જો તમારા પુત્રના હાથે પત્રો લખાવાથી હેતુ સધાતો હોય, તો તેમાં વાંધો કોને છે?"

પત્રો લખવાનો આ પ્રમાણે ફડચો પડ્યો. બાળાજીનો વચલો રસ્તો બધાને ગળે ઉતર્યો. એટલે બાળાજીએ ત્યાંથી વિદાયગિરી લીધી. "કામ પત્યું" સમજીને સોયરાબાઈએ પોતાની મંડળી સામે જોઈને જરા સ્મીત હાસ્ય કર્યું. આ તરફ બાળાજી શિવાજી મહારાજના મન્દિરમાં આવ્યા. કુમાર રાજારામ ત્યાં બેઠેલો હતો. રાજપુરૂષોની પ્રેતયાત્રા અને ક્રિયા માટે ભોંસલે કુટુમ્બ નિમાયલું હતું, તે પ્રમાણે સાબાજી ભોંસલે દહનક્રિયા વાસ્તે ત્યાં હાજર થયા હતા. પુતળાબાઇ સતી થવાની સંપૂર્ણ તૈયારી સાથે સજ્જ થઇ રહી હતી.

સોયરાબાઇના આવાસમાં બાળાજીના ગયા પછી તેણે મોરોપંત, અન્નાજી, દાદાજી રઘુનાથ અને માલસાવંત વગેરેની સમક્ષ દિલ ખોલીને વાત કરી. રાજારામને ગાદીએ બેસાડવો, સંભાજીપર સખ્ત પહેરો રાખવો અને સમય સાધીને તેને કેદ કરવો, વગેરે ગોઠવણ થઇ. અન્નાજીદત્તને રાયગઢના બંદોબસ્તનું કામ સોંપાયું, માલ સાવંતને માવલાઓને કબજે રાખવાનું કામ સોંપાયું. દાદાજી રઘુનાથને સોયરાબાઇના ચિટણીસ તરીકે નિમવામાં આવ્યો.

આ પ્રમાણે ગોઠવણ થયા પછી મંડળી શિવાજી મહારાજના મંદિર તરફ વળી. સોયરાબાઈ પણ મહારાજની દહન ક્રિયાના કાર્યમાં હવે નિશ્ચિંત [illegible] ગિરીનો ભાગ ભજવ્યો છે! બાળાજીએ તો કેવળ સમય વર્તીને, મહારાજના પ્રેતની દહનક્રિયા સહી સલામત થઇ જાય તેટલા જ માટે થાપ દીધેલી છે. રાજારામનું હૃદય સોયરાબાઇથી જુદા જ પ્રકારનું હતું, એમ તેના ઉદ્દાર અને પ્રામાણિક વિચારોપરથી બાળાજીને અત્યાર પૂર્વે સમજાયું હતું જ.

રાજારામ પણ સ્પષ્ટ રીતે સમજી શક્યો હતો કે પોતાને જે વિશુદ્ધ આશ્વાસન બાળાજીદ્વારા મળશે, તેવું બીજા કોઇના તરફથી, સગી જનેતા—સોયરાબાઇ તરફથી પણ મળનાર નથી.

પુતળાબાઇ માટે સતી થવાને યોગ્ય વ્યવસ્થા થઈ ગઇ હતી. મહારાજની પ્રેત સ્વારી સાથે પુતળાબાઇ વાજતે ગાજતે સ્મશાન માર્ગે પળ્યાં. આજે તોપોની સલામતી માટે બંધી હતી. રખેને મહારાજના અવસાનની ખબર બહારના પ્રદેશોમાં પહોંચે અને બંડ થાય એવી સોયરાબાઇને ધાસ્તી હતી. ભયવાળો ભયને દેખે, એ કહેવત કાંઈ ખોટી નથી; એટલે તોપોને બદલે બંદૂકોના જ અવાજો આજે થયા.

સ્મશાન ભૂમિ આજ શિવાજી મહારાજના શવ દહનથી અને ભસ્મથી કે પુતળાબાઇના સતીત્વથી પાવન થઇ.

સત્તરમું પ્રકરણ

પ્રવાસી

"કેવું વિષમ સ્વપ્ન! અનિષ્ટ બનાવનું જ ચિહ્ન સૂચવનારૂં! ભવિષ્યના કોઇ મહાન સંકટભર્યા શોક પર્યવસાયી નાટકના આરંભમાં જાણે નાન્દીની સૂચના ન થઈ હોય! નભોમંડળમાંથી હૃદયભેદક કડેડાટ સાથે ગઇ કાલે તારો ખર્યો હતો, એ ચિહ્ન પણ એટલું જ વિષમ આભાસસૂચક લાગે છે. ઇશ્વરી સંકલ્પ શો હશે? ભૂતળ ભેદીને તેની ભિતર સમાઈ ગએલા તારાવાળું દૃશ્ય દૃષ્ટિ સમક્ષ તરવરી રહ્યું છે. ફાવે તેમ હોય, પણ કોઈ અગમ્ય દગાનો દાવ ખેલાતો હોવો જોઇએ. ચિટણીસનો પત્ર મને દરેક પ્રસંગે સાવધ રહેવાનું સૂચવી રહ્યો છે. કબજીની સલાહ લઉં? શો બંદોબસ્ત રાખવો ને મારે શું કરવું, તે વિષે જરૂર મારે સલાહ લઇને યોગ્ય પગલાં હવે લેવાં જોઇએ. કોણ છે પહેરેગીર?"

અવાજ સાંભળતાં જ પહેરેગીર નમન કરીને દીવાનખાનામાં દાખલ થયો અને "હમણાં જ કબજીને તેડી લાવ" એવો તેને હૂકમ થયો. ત્યાર પછી ઉપર્યુક્ત વિચારોમાં નિમગ્ન થએલો સંભાજી ગાદીપર જઇ બેઠો.

તે વખતે તરતનો જ સૂર્યોદય થયો હતો. છતાં આકાશ મેઘમંડળથી આચ્છાદિત થએલું હતું. જેઠ મહિનો ચાલતો હતો. મૃગ નક્ષત્ર હમણાં જ

એહું હતું. વરસાદના આછા છાંટા પડતા હતા. પક્ષીગણનો કલરવ થઈ રહ્યો હતો. એ પ્રકારના સૃષ્ટિસૌન્દર્યનું અવલોકન કરતો એક પ્રવાસી લાંબી મજલ કાપતો કાપતો આજ યુવરાજ સંભાજીના મહાલયમાં પન્હાળગઢ આવી પહોંચ્યો હતો. પહેરાવાળાને ખાતરી કરી આપ્યા પછી પોતે મહાલયમાં દાખલ થઇ શક્યો. તેના હાથમાં, તેના ઉંચાઇના કદ કરતાં ચે બે વેંત મોટી કડીઆળી ડાંગ હતી. માથે કાળો ફેંટો લપેટયો હતો. અંગે લાંબું અંગરખું પહેર્યું હતું તે ટુંકા ધોતરને ઢાંકી દેતું હતું, પગે ફાટયાં તૂટયાં—આંગળિયો ડોકીઆં કરી શકે, તેવાં પગરખાં પહેર્યાં હતાં. તેનો ચ્હેરો ઘઉંવર્ણો હતો. મુખપર તેજની લાલી ચળકી રહી હતી. તેનું લલાટ ભવ્ય હતું.

એવો પ્રવાસી સંભાજીના દીવાનખાનામાં જ્યાં યુવરાજ બેઠો હતો ત્યાં જઇ પહોંચ્યો. વિચારનિમગ્ન સંભાજીનું તેના તરફ એકદમ ધ્યાન ન ખેંચાયું; પરંતુ "મહારાજનો વિજય થાઓ" એવો શબ્દોચ્ચાર પ્રવાસીએ કર્યો, કે તરત જ યુવરાજની નજર તેનાપર પડી. યુવરાજ એકદમ સ્વસ્થ થયો. તેણે સ્થિર નજરે પ્રવાસી સામું જોયું. પ્રવાસીએ યુવરાજને નમન કર્યું. યુવરાજે નમન ઝીલીને તેને બેઠક આપી. યુવરાજ તે પ્રવાસીને જોઇ હર્ષચકિત થયો. ઘણે દિવસે બે સગા સહોદર મળે અને જેવા ભાવથી ભેટી પડે, તેવો એ ઉભયનો ભેટો થયો. સંભાજી મહારાજની આંખો આંસુભીની થઇ હોય એમ પ્રવાસીને જણાયું. પ્રવાસીએ વાત કરવા માંડી:—" મહારાજ ! આ પ્રસંગ અશ્રુ સારવવાનો નથી, પણ સમશેર ચલાવવાનો છે—"

" સમશેર ! અને તે કોનાપર ? "

સંભાજીને પ્રવાસીએ રાયગઢના સમાચાર—શિવાજી મહારાજના દેહોત્સર્ગની એક જ વાત છૂપાવી રાખીને સોયરાબાઇની રાજ્યલોભયુક્ત વૃત્તિ અને તે લોભને ફલિત કરવા માટેની આબાદ યુક્તિ પ્રયુક્તિઓ તે લડાવી રહી હતી, તે સઘળો વૃત્તાન્ત—સંક્ષેપમાં પણ સ્પષ્ટ રીતે કહી સંભળાવ્યા. ઉપરાંત પોતાની બુકાનીમાં બાંધેલો એક પત્ર હતો, તે સંભાજીને કહાડીને આપ્યો. તેનાપર શિવાજી મહારાજે કરી મૂકેલી સહી અને સત્તાવાર મ્હોરનો સિક્કો સંભાજીએ દીઠો. પ્રવાસીએ પોતાનું કામ પતાવીને સંભાજી પાસેથી વિદાય માગી. સંભાજીએ પ્રવાસીનો ઉપકાર માન્યો અને તે ઉપકારનો સમ્પૂર્ણ બદલો સવેળા વાળી આપવાનો પ્રસંગ પરમાત્મા વહેલો પ્રાપ્ત કરાવે એમ તેણે ઇચ્છયું. પ્રવાસીએ " મેં મારી ફરજ બજાવી

છે." એટલો જ ઉત્તર વાળ્યો. ઉત્તર વાળતાં તેનાં નયન જળથી-ઉન્હાં આંસુથી-ભરાઇ ગયાં હતાં.

પ્રવાસી ગયો. એ પ્રવાસી બીજો કોઇ નહિ, પણ ખુદ ચિટણીસ બાળાજી હતા. શિવાજી મહારાજની ઇચ્છા પ્રમાણે વફાદાર બાળાજી સંભાજીને જ ગાદીનશીન થએલા જોવા ઇચ્છતા હતા. સોયરાબાઇની પ્રપંચજાળમાં બાળાજી એકલા જ ફસાયા ન હતા. જ્યારે ફસાવાની અણી-પર પોતે આવી ગયા, ત્યારે વચલો રસ્તો કહાડીને તેઓ શી રીતે છૂટી પડયા હતા, તે વાચકોને પાછલા પ્રકરણથી વિદિત થએલું જ છે. એક ગરીબ માવળાના વેશમાં પ્રવાસી થઇને છૂપી સહી સાથેનો શિવાજી મહા-રાજનો સત્તાવાર પત્ર સંભાજીને આપવા સારૂ તેઓ જાતે જ પન્હાળગઢ જઇ આવ્યા. વખત એવો હતો કે એ કાર્ય જાત સિવાય બીજા કોઇનાં હાથમાં સોંપાય તેવું ન હતું.

બાળાજીએ સંભાજી પાસેથી છૂટા પડતી વેળાએ કહ્યું હતું કેઃ– "આ પ્રસંગ ઉતાવળે કાર્યસિદ્ધિ કરવાનો નથી. સંયમી રહેજો. ખમીર ન ખોશો. જનાર્દન પંતને સોયરાબાઇએ પોતાને હસ્તક લીધેલો હોવાથી તેને ભરૂંસે ન રહેશો; તેને બને તેટલા પ્રયત્ને કેદ કરવાના પ્રયત્નમાં રહેશો. મેં આપને જે પત્ર આપ્યો છે, તે જનાર્દન પંતને કેદ કરવાની સાથે અને તેના હસ્ત-કના પ્રદેશનો કબજો મેળવવા સાથે સેનાપતિ હુંબીરરાવ મોહિતે તરફ રવાના કરશો. બને તો તેને આપની મદદમાં લેશો. હુંબીરરાવ લશ્કરી નાયક હોઇ તેને બીજાં રાજકારસ્થાનની સૂક્ષ્મ માહિતી નહિ જ હોયઃ એટલે સોયરાબાઇ તરફથી મારા પુત્રની સહી સાથે તેનાપર જે ફરમાન જશે તેના પર તે ભરૂંસો નહીં કરતાં, ખુદ મારી સહી સાથેના આપને આપેલા પત્રને જ તે સત્તાવાર માનીને આપનો હુકમ ઉઠાવશે "

આ પ્રમાણે દિગ્દર્શસૂચન કર્યા પછી બાળાજી પન્હાળગઢથી વિદાય થયા અને આવ્યા હતા તેવા જ વેષાન્તરે પાછા રાયગઢ ગયા. રાયગઢથી પન્હાળગઢ જઇને આવવામાં છ દિવસ વિત્યા. બાળાજીએ વિશ્વાસુ રાજવૈદ્યને અગાઉથી જ પોતાની વાતથી વાકેફ કરેલો હતો. એટલે બાળાજી બીમાર છે અને કોઇને હાલ મળવા દેવાની સ્થિતિમાં તે નથી, એવી વાત રાયગઢ-માં ફેલાવવામાં આવી હતી. રાયગઢમાં પાછા આવ્યા પછી બાળાજીએ જરા સખ્ત રેચ લીધો અને માથું બોડું કરાવ્યું, વળી એક દિવસ ઉપવાસ કર્યો. એટલે શરીર પ્રકૃતિ આબાદ માંદગીમાંથી ઉઠેલા બીમાર જેવી જોનાર-ને જણાવા લાગી: બાળાજી અખંડ પથારીમાં જ પડાવ નાખી રહ્યા હતા.

આ પ્રમાણે તજવીજ થઇ રહ્યા પછી જ તેમને જોવા મળવા આવવાની રાજવૈદ્યે છૂટ આપી હતી. ટુંકામાં સંભાજીને છૂપી રીતે બાળાજીએ પત્ર પહોંચાડવાની ખબર કોઇને ન પડી તે ન જ પડી.

સંભાજીને મળીને બહાર નીકળતાની સાથે જ કુબજી સંભાજી પાસે આવ્યો. સંભાજીનો ચ્હેરો કુબજીને ચિંતાતુર જણાયો, તે ઉપરથી કુબજીએ દીન વચને કહ્યું:—

"ક્ષમા કરશો, પ્રભો! મને આવતાં લગીર વિલંબ થયો."

"કુબજી! આજનો દિવસ આવો ઉગશે, એવું ભયંકર સ્વપ્નપરથી હું સમજતો હતો, તે સમજ આટલી વહેલી ખરી પડી છે."

કુબજીનાથી આ શબ્દોનો અર્થ બરાબર સમજી શકાયો નહિ. તે જરા ગુંચવાયો. કુબજી જાતનો બડો ધૂર્ત અને કપટી હતો, એ તો તેના વર્તનપરથી વાચકે જાણ્યું હશે જ. તેણે વધારે દીન વચને યુવરાજને પૂછ્યું:—
"મહારાજનું કહેવું સેવક સમજી શકયો નહિ."

"નહિ સમજ્યો હોય તો હવે સમજાશે." સંભાજીએ જરા આવેષથી કહ્યું "લે આ પત્ર, સેનાપતિ હમ્બીરરાવ મોહિતેને પહોંચાડવાનો છે અને જનાર્દનપંત સુમંતની છાવણીમાં શી ધાલમેલ ચાલી રહી છે, તેની છૂપી રીતે બાતમી મેળવવાનું બીજું કામ તને સોંપું છું."

"પત્ર શો! જનાર્દનની છાવણીમાં ધાલમેલ શી! મહારાજ! આ બધું શું ચાલી રહ્યું છે! મહારાજની આજ્ઞા હોય તો હંબીરરાવપરનો પત્ર જરા ફોડીને વાંચી લઉં?" કુબજીએ કળા વાપરી.

"વાહ! સિલબંધ પત્ર ફોડવાનું સાહસ કરવા તૈયાર થાય છે! જરા જો તો ખરો, તેનાપર સહી સિક્કો થએલો છે. એ પત્ર ન ફોડી શકાય."

કુબજીની કસુર ઉઘાડી પડેલી જાણી કુબજી શરમિન્દો પડયો અને હૂકમ માથે ચડાવી કુબજી વિદાય થયો.

કુબજી ગયો તો ખરો પણ આજ તેના જીવને ચેન પડ્યું નહિ, કોઇ દહાડો નહિ ને આજે જ પોતાનાથી ખાનગી રીતે પત્ર સિલબંધ, પોતે વાંચ્યા સિવાય હંબીરરાવને મોકલવાનું કારણ તેના કળવામાં ન આવ્યું. "ભયવાળો ભયને દેખે" એ કહેવત પ્રમાણે પોતાના મલિન અંતઃકરણનો મેલ કોઇએ દીઠો તો નહીં હોય, એવા ભણકારા તેને ઉઠવા માંડયા. પરંતુ એ વાતનો ખુલાસો આજ થઈ શકે તેમ ન હતો. આ કામ—પત્ર પહોંચાડવાનું કામ—કયા વિશ્વાસુ ખેપીઆને સોંપવું તે વિષે તે વિચાર કરવા લાગ્યો, વિચારમાં ને વિચારમાં પોતાના મકાનમાં જઇ બેઠો.

બાળાજીએ સંભાજીને સાવધ રહેવાનું સૂચન કરેલું હતું. એટલે ફુબજીના ગયા પછી સંભાજીએ હીરોજી ફર્જન્દને તેડી લાવવાનું પહેરાવાળાને ફરમાવ્યું. પહેરાવાળાના ગયા પછી "એમ જ કરવું જોઇએ; તે સિવાય કસોટી થશે નહિ" એવો શબ્દોચ્ચાર સંભાજીના મુખમાંથી નીકળ્યો.

થોડીવારમાં હીરોજી ફર્જન્દ સંભાજી આગળ આવીને હાજર થયો. હાજર થતાં જ સંભાજીએ રૂઆબભેર દાણો ચાંપી જોયો. તેણે હીરોજીને પૂછ્યું:—

"હીરોજી! તને ખબર છે કે તું કોણ છે?"

"જી; પન્હાળગઢનો સંરક્ષક અને મહારાજે મોકલેલો યુવરાજની સંભાળ રાખનાર સેવક."

"સાચું જ કહે છે?"

"તેમાં જરાય સન્દેહ નથી."

"મહારાષ્ટ્રના એકનિષ્ઠ સેવકપણાનો ભાવ તારામાં છે?"

"જી."

"મારા પૂજ્ય પિતાશ્રી સાથે આગ્રાની સુરંગમાં હું હતો, તે વેળા તેં તારો જીવ અમારે ખાતર વ્હાલો નહતો ગણ્યો, કેમ?"

"મહારાજથી તે ઓછું જ અજાણ્યું છે."

"એવો જ પ્રસંગ ફરી આવ્યો છે."

"સેવક બને તેટલી સ્હાય માટે સજ્જ છે."

"શી સ્હાય?"

"હુજુરની ઇચ્છા મુજબની"

"એમ કે? જો ત્યારે આ પત્ર! સોયરાબાઇએ તે તારાપર લખ્યો હતો! દૈવયોગે તે પ્રથમ મારા જ હાથમાં આવી ચઢયો છે, લે!"

સંભાજીએ પોતાની પત્ની યેસુબાઇને હાથે જ એ બનાવટી પત્ર, સોયરાબાઈની સહી સાથેનો લખાવ્યો હતો. હીરોજી કેટલો સ્વામીભક્ત છે, તેની અજમાયશ દાખલ આ પ્રકારનો કાલ્પનિક પ્રયોગ સંભાજીએ અજમાવ્યો હતો. તે બનાવટી પત્ર વાચતાં વાચતાં હીરોજીના મુખપર વિકારો થતા હતા, તેની સંભાજી બરાબર નિરીક્ષા કરતો હતો.

પત્ર વાચી રહ્યા પછી શોકમિશ્રિત લાગણીથી હીરોજીએ કહ્યું: "મહારાજ! મારાપરનો પત્ર છે, પણ હું નથી સમજી શકતો કે આ બધું શું બને છે? હું છેક જ અજાણ્યો છું. ઉમાજીના પ્રપંચવેળાએ મેં આપને મદદ કરી હતી, તે આપ ભૂલી નહિ જ ગયા હો. આપને ખાતરી

આપું છું કે મારા તરફથી કાંઇ જ ફિતુર થનાર નથી."

"તેનું પ્રમાણ શું?"

"બોલું છું તે જ બ્રહ્માક્ષર છે."

"યાદ રાખજે; હીરોજી! તે ભૂતપૂર્વ પ્રસંગ ગયો. ઉમાજીના વિષ-પ્રયોગવાળા પ્રસંગમાં તું, સોનાજી, સૂર્યાજી વગેરે સામેલ હતા; પરંતુ પુરાવાને અભાવે અમે કોઇને રંજાડયા નહતા. હવે તે સમય ગયો છે. તે પ્રસંગનો પ્રયોગ મારા જ પર થનાર હતો. હવે આખા રાષ્ટ્રપર આફત આણવાનો છળ રચાતો લાગે છે. જો વફાદાર જ હોય તો હવે રાષ્ટ્રનું સંરક્ષણ કરવામાં શક્ય તેટલો ભોગ આપવો તે તારી ફરજ થઈ પડી છે."

"પ્રભુ મને મારી પ્રતિજ્ઞા ઠેઠ સુધી પળાવે."

"ઠીક, ત્યારે જા; પન્હાળગઢપર બરાબર બન્દોબસ્ત રાખજે. જો જરા પણ ફરજભ્રષ્ટ થયો તો જીવતો જ દાટી દેવામાં આવશે, એ યાદ રાખજે."

આજ્ઞા શિરસાવંદ્ય કરીને હીરોજી વિદાય થયો. આજે સંભાજીના આવા શબ્દોચ્ચાર સાંભળીને એ ભયગ્રસ્ત હીરોજી પણ મનથી તો કંપી ઉઠયો હતો. ભવિષ્યમાં શું બને છે, તે હવે જોવાનું રહ્યું.

અઢારમું પ્રકરણ

પરસ્પરનો વિરોધાભાસ

બ્રહ્મચારી બજરંગ[1]ની હનુમાનજયંતી જે દિવસે હતી, તે જ દિવસે રાયગઢમાં શ્રી શિવાજી મહારાજનો દેહોત્સર્ગ થશે એવા ઇશ્વરી સંકેતને કોણ જાણતું હતું?

શિવાજી મહારાજનો અંત્યસંસ્કાર અને પુતળાબાઈનું સહગમન વગેરે વિધિ શિંગણાપુરકર સાબાજી ભોંસલેને હાથે અને રાજારામની દેખરેખ હેઠળ થયાને આજ લગભગ બે મહિના જેટલો વખત વીતી ગયો છે. દરમિયાન અન્નાજી દત્ત વગેરેએ, શિવાજી મહારાજનું અવસાન થયા પછી સુમારે એક માસ અને ત્રણ દિવસ પછી, રાજારામની ઇચ્છા વિરૂદ્ધ,

૧ બજરંગ=બજર+અંગ=વજ્રઅંગ=હનુમાન.

પણ સોયરાબાઇના આગ્રહથી રાજારામને રાજગાદીપર બેસાડી, તેના નામથી મુત્સદ્દીઓએ રાજ્યકારોબાર ચલાવવાનો શરૂ કર્યો હતો.

આ તરફ બાલાજી ચિટણીસે યોગ્ય સમયે અને પૂરતી ચોકસાઈ પૂર્વક સંભાજીને ચેતવણી આપીને સાવધ કરી દીધો હતો, એ પાછળના પ્રકરણપરથી વાચકને સ્મૃતિમાં હશે જ. સંભાજીને બાલાજી સિવાય બીજા કોઇની સહાય પણ ન હતી.

અન્નાજી દત્ત વગેરે મુત્સદ્દીઓએ, ચીટણીસ બાલાજીએ પોતાના પુત્રને હાથે સહી કરવાની મૂકેલી છૂટ મુજબ અને પોતે બીમાર છે, એવું બાનું બતાવી, તે સહી કરવાનું તેથી જ પોતાના પુત્રને કામ સોંપવામાં આવ્યું છે, એવી બીજાઓને ખાતરી આપવાનો વચલો રસ્તો કાઢ્યો હતો તે મુજબ સર્વ પ્રદેશોમાં શિવાજી મહારાજના અવસાનના અને રાજારામના ગાદીએ આવ્યાની ખબર લખવાની વ્યવસ્થા કરી; જેની તળે ચિટણીસને બદલે ચિટણીસના પુત્રે સહી કરેલી હતી. એ જ પ્રમાણે સેનાપતિ હંબીરરાવને અને પન્હાળગઢના બંદોબસ્ત માટે રહેલા જનાર્દન પંતને પણ પત્રો લખાયા. જનાર્દન પંતને લખાયલી આજ્ઞાપત્રિકામાં 'ખાનગી' એટલી લીટી વધારેલી હતી, કે "કોઇ ન જાણે તેમ એકાએક સંભાજી ને કેદ કરી લેવો."

એ પ્રમાણે રાયગઢથી રાજારામની રાજમુદ્રા અને ચિટણીસ બાળાજીના પુત્રની સહી સાથેની આજ્ઞાપત્રિકા હંબીરરાવ સેનાપતિને જે દિવસે મળી, તે જ દિવસે છૂપી રીતે સંભાજીને મળીને હાથોહાથ ચિટણીસે પોતાની સહી સાથેની આપેલી પત્રિકા, જે સંભાજીએ કબજી માર્ફત મોકલાવી હતી, તે, હંબીરરાવને મળી. બન્ને પત્રિકાઓ વાચીને હંબીરરાવ ભારે અચંબો પામ્યો. બન્ને પત્રોમાં એક બીજાથી જુદું જ લખાણ હતું. બન્નેમાં પરસ્પર વિરુદ્ધ આજ્ઞાઓ ફરમાવેલી હતી. એક પત્ર અશ્વના જીનમાં અતિ ગુપ્ત રીતે લાવવામાં આવેલો હતો, અને બીજો પત્ર રાજારામના રાજચિહ્ન સાથેનો. પરંતુ ચિટણીસની નહિ પણ તેના પુત્રની સહી સાથેનો હતો. છૂપી રીતે સંભાજી તરફથી મોકલવામાં આવેલો પત્ર, એવી મતલબનો હતો કે એકદમ લશ્કરી ટુકડી સાથે સંભાજીની મદદે આવી પહોંચવું અને જનાર્દનપંતને કેદ કરવો. બીજા પત્રમાં શિવાજીના અવસાનની અને રાજારામને ગાદીએ આવ્યાની ખબર હતી. કઇ હકીકત ખરી અને કોની આજ્ઞાને માન્ય કરવી એ સવાલે હંબીરરાવને ક્ષણભર મુંઝવણમાં નાખ્યો; પણ કેવળ સિપાહીગિરી બજાવવા જેટલી જ હંબીરરાવમાં બુદ્ધિ ન હતી.

ક્યા પત્રપર કેટલો આધાર રાખવો, તે વિષેનો નિષ્કર્ષ ને કહાડી શકે એટલો સમર્થ હતો. થોડો વખત શાંતિથી વિચાર કર્યા પછી, યુવરાજ સંભાજીનો સ્વભાવ અને ગાદીવારસ માટેનો તેનો નૈતિક અધિકાર, એ વસ્તુને ધ્યાનમાં લઇ સંભાજીને જ મદદ કરવાનો તેણે નિર્ણય કર્યો. સંભાજી તરફના પત્રમાં થએલા સૂચન પ્રમાણે રાત્રે સસૈન્ય કુચ કરી જનાર્દનપંત સુમંતની છાવણીપર એકદમ છાપો મારી તેને કેદ કરી લેવો, એવા નિશ્ચય સાથે છાપો મારવા જવાની યોગ્ય તૈયારીમાં તે પડયો.

હવે જનાર્દનપંતની હીલચાલનું જરા અવલોકન કરી લઇએ. પન્હાળગઢમાં પોતાની છાવણી સાથે પડેલા જનાર્દનપંતને રાયગઢથી રાજારામની રાજમુદ્રાવાળો જેવો પત્ર મળ્યો, કે તરતજ તે ગંભીર વિચારમાં પડી ગયો. ચિટણીસને બદલે તેના પુત્રની સહી જોઇને પ્રથમ તો જરા વહેમાયો; પરંતુ "રાજા બદલાયો, તે સાથે ચિટણીસ પણ બદલાય, એમાં નવાઇ નથી," તેમ સમજી તેણે શંકાનું નિવારણ કર્યું અને સ્વામીબાધ જનાર્દનપંતે, પત્રમાં થએલા સૂચન પ્રમાણે સંભાજીને ઓચિંતો કેદ કરવાની તદબીર રચવા માંડી. કોઇ પણ પ્રકારનું ઝાઝું ધાંધલ નહીં કરતાં, યુવરાજ સંભાજી રાતની વેળાએ શરાબમાં ચકચૂર હશે, તે વખતે તેને એકદમ કેદ કરી લેવાશે, એવા અનુમાનપર આવીને તેણે યોગ્ય ગોઠવણ કરવાનું ઠરાવ્યું. તેને કયાં ખબર છે, કે સંભાજીને કેદ કરવા જતાં ખુદ પોતે જ હંબીરરાવને હાથે કેદ થનાર છે!

હંબીરરાવ મોહિતે સેનાપતિ, સાયંકાળને સુમારે કરહાડથી નીકળીને જનાર્દનપંતને કેદ કરવાની તૈયારી કરી રહ્યો હતો. લગભગ પાંચસો ઘોડેશ્વાર સેનાનીઓને પોતાની સાથે આવવા સજ્જ કર્યા હતા. સૂર્યાસ્ત થયો કે તરત જ લશ્કરી અશ્વોનો હણહણાટ શરૂ થયો. પાંચસો વીર સેનાનીઓએ પન્હાળગઢ તરફ પ્રયાણ કરવાની આજ્ઞા માગી. સમયસર હુકમ મળતાં જ અશ્વની લગામ, બંદૂકોની સલામી સાથે છૂટી મૂકી દેવામાં આવી. શત્રુનાં હૃદયો ભેદતા અશ્વોના પગના દાબડાનો અવાજ થઇ રહ્યો. હંબીરરાવે સરદારી લીધી. આ કુચ તદ્દન છૂપી જ હતી.

આ તરફ જનાર્દનપંત મધ્યરાત્રિનો સમય જોતો પોતાના રહેઠાણપર થોભ્યો હતો અને સંભાજીને શી રીતે કેદ કરી લેવો, તેના જ વિચારમાં તલ્લીન થયો હતો. જનાર્દપંતને પોતાનાપર બીજા કોઇનું, એ વખતે આક્રમણ થવાનું નથી, એવું તે માનતો હતો અને તેથી કાળું કર્મ કરવામાં સંપૂર્ણ નિર્ભય રહ્યો હતો; પરંતુ તેની નિર્ભયતા કરતાં હંબીર-

રાવની નિર્ભયતા જુદા જ પ્રકારની હતી. જનાર્દનપંત લૂણહરામ થનાર હતો, ત્યારે હંબીરરાવ સાચા સરદારને છાજતી વફાદારી બજાવનાર હતોઃ બન્નેના બળની, કર્ત્તવ્યની અને કર્ત્તવ્ય–સફળતા કે નિષ્ફળતાની કસોટી કાઢતા અસંખ્ય તારકગણ નભોમંડળમાં રહી, પોતાનાં તેજસ્વી ચક્ષુઓવડે આ પ્રસંગને નિહાળી રહ્યા હતા.

ઓગણીસમું પ્રકરણ

કર્મફળ

સાયંકાળ થવાને થોડી વાર હતી, તે વેળાએ પન્હાળગઢના મુખદ્વારમાંથી છ ઘોડેસ્વાર બહાર નીકળ્યા. દરેક ઘોડેસ્વારનો અંગપોષાક તમ્બાકુ રંગનો હતો. દરેકે હથિયાર સજેલાં હતાં, દરેક જણ બે–બેની હારમાં ચાલતા હતા. દરેક અરબી ઘોડાપર સ્વાર થએલા હતા. તેમની મધ્યમાં શોભતા ચન્દ્ર પેઠે સંભાજી શોભી રહ્યા હતો. તેની સાથે કબજી હતો. બાકીના ઘોડેસ્વારો સંભાજીના અંગરક્ષકો હતા.

તે સર્વે મુખદ્વારની બહાર નીકળ્યા અને થોડે આગળ ગયા કે તરત જ બે સરકારી ગુપ્તચરનો તેમને ભેટો થયો. સંભાજી મહારાજની સ્વારી જોઇને બન્ને જણે યુવરાજને અભિવન્દન કર્યું અને બે પૈકી એક ગુપ્તચરે પોતાના ફેંટામાંથી કહાડીને પત્ર બીડો સંભાજીને આપ્યો. ત્યાર પછી બન્ને જણ આજ્ઞા સાંભળવા નિમિત્તે સવિનય–અદબપૂર્વક ઊભા રહ્યા.

સંભાજીએ અશ્વની લગામ ખેંચી ઘોડાને ત્યાં જ થોભાવ્યો એટલે બીજા સ્વારો પણ ખડા રહ્યા. પોતાને મળેલો પત્ર ઉકેલ્યો ને સંભાજીએ મનમાં જ તે વાચી લીધો. પત્રમાં વફાદાર ચિટણીસ બાલાજીની સહી જોવામાં આવી બાલાજીએ પત્રમાં કરેલા ગુપ્ત સંજ્ઞા સંભાજી સમજી ગયો. તેણે તરત જ પોતાનો અશ્વ પન્હાળગઢ તરફ પાછો વાળ્યો એટલે બીજા સ્વારો પણ પાછા ફર્યા. સંભાજીએ ઘોડેસ્વારોને પોતાને સ્થાનકે જવાનું ફરમાન કર્યું અને કબજીને લઇને સંભાજી પોતાના આવાસ તરફ વળ્યો. આવાસના અંગની ફૂલવાડી હતી. ત્યાં સંભાજીએ બેઠક લીધી કબજી પણ યુવરાજ કને બેઠો.

ત્યાર પછી થોડીવાર વિચાર કર્યા બાદ સંભાજીએ પોતાના વિશ્વાસુ અંગરક્ષકોને ફૂલવાડીની આસપાસ ફરતા રહેવાનું કબજીદ્વારા સૂચન

ફરાવ્યું અને રાવજી નામના ખાસ વિશ્વાસુ સરદારને પોતાની પાસે બોલાવ્યો. સંભાજીએ રાયજીને ફરમાન કર્યું:—"રાયજી! મને પત્ર આપવા આવેલા બન્ને ગુપ્તચરો અહીંથી હીરોજીને ત્યાં ગએલા હોવા જોઈએ; બન્નેને મારી પાસે તેડી લાવો."

પત્ર ક્યાંથી આવ્યા હશે, તેમાં શું લખાણ હશે અને તે પત્ર આપવા આવનાર ગુપ્તચર હીરોજીને ત્યાં હશે એમ યુવરાજે શી રીતે જાણ્યું, તથા હીરોજીને અહીં બોલાવવાનું શું કારણ, એવા ઉપરાછાપરી તરંગો કબજીને થયા: પણ તેના તરંગોનું સમાધાન હમણાં થાય તેમ ન હતું, તેથી કબજીના તરંગો મનથી ઉદ્ભવ્યા ને મનમાં જ શમી ગયા—જળમાંથી ઉદ્ભવતાં મોજાં જળમાં જ શમી જતાં હોય તેમ.

બન્ને ગુપ્તચરો સંભાજીને પત્ર આપ્યા પછી, બાકીના પત્રો સોનાજી નાયક અને સૂર્યાજી વગેરેના હતા, તેમને પહોંચાડી આવ્યા હતા. તે પત્રોમાં શું લખ્યું હતું, તે ગુપ્તચરો ક્યાંથી જાણે? એ તો ચિઠી લાવવા-લઈ જનારા રહ્યા. હીરોજી ફર્જન્દની મદદ સાથે સંભાજીને કેદ કરવાનો મજકુર સોનાજી ને સૂર્યાજીવાળા પત્રમાં હતો અને તે પત્ર રાયગઢથી સોયરાબાઈની સંમતી પૂર્વક લખાયલો હતો. તે પત્રો વાચતાં કેવી રીતે સંભાજીને કેદ કરવો, તે જ વિષેની મસલત સોનાજી વગેરે ચલાવી રહ્યા હતા.

આ તરફ રાયજી હીરોજીને તેડી લાવવા ગયો હતો. દરમિયાન પોતાને પત્રદ્વારા થયેલા ફરમાન પ્રમાણે મનમાં ફૂલીને ફાળકો થઈ જતા સોનાજી ને સૂર્યાજી પચાસેક સૈનિકો સાથે સંભાજી પાસે જઈ પહોંચ્યા. પોતાને મળેલો રાયગઢનો ફરમાનપત્ર વંચાવ્યો અને સંભાજીને કેદ કરવાનો અન્દરથી ઉલ્લેખ પણ વંચાયો.

કબજી ચમક્યો. સંભાજીએ તો કેવળ સ્મીતજ કર્યું. તેણે સોનાજી ને સૂર્યાજી સામે કરડી દ્રષ્ટિ કરીને કહ્યું:– "કેદ કરવા આવ્યા છો?"

"રાજઆજ્ઞા માથે ચડાવ્યા વગર છૂટકો નથી; દિલગીર છીએ" સંભાજીને જવાબ મળ્યો.

સંભાજીનાં લોચન ક્રોધથી રાતાં થઈ ગયાં, છંછેડાયલા સિંહ માફક સંભાજીએ ગંભીર ગર્જના કરી. પોતાની આસપાસ ફરતા રાખેલા અંગરક્ષકો અને તેની સાથેના બીજા સેનાનીઓને હાક પહોંચી. કબજી તો વૃક્ષ પત્ર માફક કંપવા લાગ્યો. સોનાજી ને સૂર્યાજી જરા ગભરાયા: રખે ને સંભાજીને ગુપ્ત પત્ર મળ્યો હોય ને અગાઉથી જુદો જ સંકેત રચાયો હોય એવો બન્નેને આભાસ થયો, છતાં તેઓ એકદમ હિંમત ન હાર્યા.

સંભાજીએ અંગરક્ષકો સામે નજર કરીને કહ્યું:—

"કુયાજી! તાનાજી! સાબાજી! મારી સામે આ સોનાજી ને સૂર્યાજી થોડુંક સૈનિકદળ લઇને મને કેદ કરવા ખડા રહ્યા છે, રાજઆજ્ઞાને માથે ચડાવી, મારે કેદ થવું જ જોઇએ ને?"

અંગરક્ષકો એકકે અવાજે બોલ્યા:—"આજ્ઞા ફરમાવો મહારાજ!"

"આજ્ઞા?" સંભાજીએ રણહાકલ કરી: "આજ્ઞા શી? રણચંડીના નાચને નમન શરૂ કરો."

આજ્ઞા પૂરી સાંભળતા પહેલાં તો હથિયાર ઉપડયાં. સોનાજી, સૂર્યાજી અને તેમની સાથેના સૈનિકદળને ઘેરી લેવામાં આવ્યું. તેમનાપર શસ્ત્રવૃષ્ટિ થવા માંડી: સામસામે થોડી કાપંકાપા પણ થઇ. બહુ દિવસનો ક્ષુધાતુર સિંહ ભક્ષ મળતાં કેવી ઉન્મત્ત દશામાં આવી જાય છે? તેમ સંભાજીના હાથ ઝાઝા દિવસથી સળવળી રહ્યા હતા. તેણે સમશેર વીંઝી ને નિમકહરામ નોકરો–સોનાજી વગેરેપર તેના પ્રહારો થયા. જે જીવતા રહેલા, પણ ઝખમી થએલા હતા, તેટલાને કબજે કરવામાં આવ્યા; એટલામાં જ પેલા બન્ને ગુપ્તચરોને રાયજી પકડી લાવ્યો હતો તે ત્યાં જઇ પહોંચ્યો. પોતે સંભાજી પાસેથી જઇને પાછો ફર્યો, તેટલામાં તો તેણે સૈનિકોના શોણિતથી જમીનને ભરડાયલી દીઠી એકદમ "નવાજૂની" થએલી તેણે જોઇ.

સોનાજી ને સૂર્યાજી સંભાજીના હાથે કપાઇ મુઆની ખબર પડતાં જ હીરોજી ફર્જન્દ પોતાને આવાસેથી જ્યાં જવાયું ત્યાં મૂઠીઓ વાળીને નાઠો હતો. રાયજી ગુપ્તચરોને પકડી લાવ્યો કે તરત જ હીરોજીને પકડી આણવાનું તેને ફરમાન થયું ફરમાન માથે ચડાવી, ગુપ્તચરોને, બીજા સૈનિકોના સ્વાધીનમાં મૂકી રાયજી ત્યાંથી વિદાય થયો. ત્યાર પછી સંભાજીએ ગુપ્તચર સામે જોઇને સવાલ કર્યો:—

"તારૂં નામ જ ખંડોજી ને?"

"જી; સરકાર!"

"તું ગુપ્તચરોનો નાયક છે, કેમ?"

"જી; નામવર!"

"તારી સાથેનો આ માણસ કોણ છે, તેનું શું નામ?"

"તેનું નામ ગણોજી કાવળા; ગુપ્તપત્રો પહોંચાડવાના કામમાં સરકારે તેને નિમેલો છે."

"સરકાર? કોણ સરકાર?"

"રાજારામ મહારાજ."

"રાજારામ ? રાજારામ ગાદીએ બેઠા ! !"

"જી મહારાજ !"

"ત્યારે હું હવે મહારાજ શાનો, 'નામવર' શાનો, અને 'સરકાર'નું સમ્બોધન શાનું !"

"ખોટું નથી બોલતો. આપની આગળ અક્ષર સરખો જુઠ્ઠો બોલવાની છાતી નથી ચાલતી."

"રાજારામ ગાદીએ શી રીતે આવ્યો, પૂજ્ય પિતાજી–"

"તે મહારાજનો કાળ થયા પછી–"

"અરે ! મહારાજનો કાળ ! ! તું શું કહે છે ? ખંડોજી !"

"શિવાજીનો કાળ થયાની ખબર સંભાજીએ હમણાં જ જાણી. જાણી અને તેની શિરાશિરામાં ક્રોધાવેશની જવાળા ભભૂકી ઉઠી. જોરથી તેણે ભૂમિપર પગ પછાડયો. દાંત કચકચાવ્યા. રક્ત ઢળાયલાં લોચને ખંડોજી સામે તાકી રહ્યો. સંભાજીએ નિઃશ્વાસ નાખતાં ફરીથી પૂછયું:- "મહારાજ ગયા ?"

પવનથી કંપતા તરૂપાન પેઠે થરથર ધ્રૂજતાં ખંડોજી કરસંપુટ કરી હટાર ઉભો, અને બોલ્યોઃ– "મહારાજના અવસાનની ખબર આપને નહિ જાણવા દેવાની મહારાણીની સખ્ત આજ્ઞા હતી–"

"એમ કે ! સોયરાબાઈની આજ્ઞા હતી, નહિ ? વારૂ, કેટલા દિવસ થયા ?"

"ચૈત્ર સુદિ પુનમને દિવસે એકાએક અવસાન થયું."

"અવસાન થયું અને તે વળી એકાએક ! "એકાએક" એટલે જ દગાથી ! વિષપ્રયોગથી ! !"

"જી ! રાયગઢમાં તે એવું કાંઈક બોલાય છે ખરૂં; મહારાજની પાછળ પુતળાબાઈ સતી થયાં."

"મારાં માતુશ્રી જેવાં જ તેય સાચાં સાધ્વી હતાં."

"રાઓજીરાવે રાજારામ મહારાજની દેખરેખ હેઠળ ઉત્તરક્રિયા કર્યા પછી–"

વચમાં જ સંભાજીએ કહ્યું:–"આ નરવ્યાઘ્ર ગાદીનો સ્વાભાવિક રીતેજ વારસ હોઇ હું જીવતો છતાં–"

"રાજારામ મહારાજને ગાદીએ બેસાડી તેમના નામની આવજીની રહી સાથે આણ વર્ત્તાવી, તે મતલબના ઠેકઠેકાણે પત્રો સુદ્ધાં લખાયા." ખંડોજીએ વચમાં જ કહ્યું.

"જે વાતને આજ ત્રણ મહિના થયા, તે વાતને છૂપાવી રાખી મને કેદ કરવાનો સંકેત થયો હતો!! એ તો ઠીક, પણ થોડા જ વખતપર ચિટણીસ બાલાજી મને મળી ગયા હતા, તેમણેય આ સંબંધી મને શાથી ખબર નહિ કરી હોય? કબજી! એનું શું કારણ હશે?"

"મહારાજ! એમાં ચિટણીસનો યે કાંઇક ગર્ભિત હેતુ હશેઃ બોલવાના ને ચાલવાના જુદા. તે આનું જ નામ" કબજીએ કહ્યું

"નહિ કબજી! તું ભૂલે છે. તેમનો હેતુ હતો એમ કહેવાને બદલે તેમાં તેમનો મારા હિત માટેનો જ હેતુ હતો અને આબાદ મુત્સદીપણું, મારો ભાવિ હેતુ સધાવામાં તેમણે બજાવ્યું હોવું જોઇએ, એમ માનવું વધારે બંધબેસતું છે, કેમ કે મારે ખાતર તાપ તડકો ને ભૂખનાં જે દુઃખ તેમણે ભોગવ્યાં છે, તે બીજો ભોગવે જ નહીં."

"એ પણ બરાબર છે, પ્રભો!" કબજીએ રંગ વર્તીને વાત કરવા માંડી. પછી તે મનમાં જ બબડયોઃ—" મામલો હવે હાથથી ગયો છે. ચાલ જીવ! શા જીવ્યા સરૂ! જે દશા સોનાજી વગેરેની થઇ, તે કાલે સવારે મારી પણ થાય; આપણે કાંઇ ઉંચો હોદ્દો નથી જોઇતો. આજથી એ બધાં પ્રલોભનો છોડી દઇને સંભાજીના કહ્યામાં રહીને તેના હિતમાં જ આપણું હિત જોવામાં મઝા છે."

"ઠીક; ખંડોજી!" સંભાજીએ ખંડોજીને પૂછયુંઃ—" આ કારસ્થાનમાં કોણ કોણ ભળેલું છે?"

"જીઃ; અન્નાજી દત્ત. અમાત્ય રામચન્દ્રપંત, પ્રહલાદ નિરાજી, મોરોપંત......"

"અને ચિટણીસ બાળાજી નહિ કે?"

"નહિ નામવર! તેમણે તો પત્રપર સહી કરવાની પણ સાફ ના પાડી હતી. જ્યારે મહારાણી બહુ રોષે ભરાયાં ત્યારે તેમણે પોતાના પુત્રની સહી આપવાનું કહ્યું."

"સાંભળ્યું, કબજી!" સંભાજીએ કબજીનું ધ્યાન ખેંચતાં કહ્યું "એનું જ નામ મુત્સદ્દીપણું. જે અન્નાજી દત્તે સ્વરાજ્ય સ્થાપવામાં ભારે ભોગ આપ્યો હતો અને જેણે તે કામમાં અપૂર્વ મુત્સદ્દીપણું બતાવી આપ્યું હતું, તે એક સ્રી જાતની વાકજાળમાં ભરાઇ પડયો અને ચિટણીસ ન ફસાયા તે ન જ ફસાયા! વૃદ્ધાવસ્થામાં અન્નાજી દત્તને આ શું સૂઝ્યું હશે! વારૂ, ખંડોજી! બીજું કોઇ વિશેષ?"

"વિશેષમાં એટલું જ, કે લોકોને એકઠા કરી, સભા ભરી મહારાણી સોયરાબાઇએ સૌને ફરમાન કર્યું છે કે આપ નામદારને અમારે રાજા ન માનવા. તે માટે પ્રતિજ્ઞા પણ લેવરાવી છે."

"ત્યારે તો તમે બધાએ પ્રતિજ્ઞા પાળવાના જ ને?"

"અત્યાર સુધી તો પાળી; પણ હવે મહારાજનાં દર્શન થયા પછી પ્રતિજ્ઞા પલટાઇ ગઇ છે; ખરૂં કહું છું: નીકર આટલી છૂટથી ખુલ્લી રીતે ખરેખરી વાત વિગતવાર હું ના કહી શકત." કંપતા હોઠે ને ધ્રૂજતા પગે ખંડોજી બોલ્યો.

સંભાજીએ ચોરદૃષ્ટિથી તેના સામું જોયું. તેના મુખવિકારનું સૂક્ષ્માવલોકન કર્યું. પોતાનાપર બાળાજીના આવેલા ખાનગી પત્ર વિષે વિચાર કર્યો. તે પત્રમાં લખ્યા પ્રમાણે જ મ્હોંડેથી મિઠું બોલી, પાછળથી ભૂરક પેઠ ફેલી ખાનારો ખંડોજી છે, એમ સંભાજીને નિઃશંક લાગ્યું, એટલે તેણે છેલ્લું ફરમાન જાહેર કર્યું:-

"મારી ગેરહાજરીમાં મારી વિરૂદ્ધ તેં જે વર્તન ચલાવ્યું છે તે તારી વાતોપરથી મારી જાણમાં આવી ગયું છે. તારી પાસેથી મારે કેટલીક માહિતી મેળવીને, મને મળેલી બાતમીની તૂલના કરવી હતી, તે થઇ ગઇ. અહીંથી છૂટયા પછી તું તારા સ્વભાવપર જ જવાનો, એમ ન્યાયદેવતા મને સંજ્ઞા કરે છે. ધનના પ્રલોભનથી લોભાઇને અને ખરા ધણીના મ્હોં આગળ સરળતા બતાવીને, પાછળથી છેહ દેનાર તારા જેવા લુચ્ચા નાયકોના સરદારને જીવતો જવા દેવામાં નુકસાન જ છે. સરદારો! રણચંડીના નામનું નમન શરૂ થએલું છે. ખંડોજી ને તેની સાથેના ગણોજી કાવળાનો બળી એ રણચંડીને આપવો જોઇએ. ચાલો, ત્વરા કરો."

સંભાજીની આજ્ઞા થતાં જ રાજ્યમાં ફિતુર ફેલાવનારને જડ મૂળથી જ ઉખેડી નાખવાના નિશ્ચય સાથે સૈનિકોએ બન્ને જણપર સમશેર ઉગામી

"મરવાને તૈયાર છીએ. છેલ્લી વાત સાંભળી લ્યો. નમ્ર મત પ્રમાણે રાજ્યમાં દરેક સ્થળે સરકારની વિરૂદ્ધનું વાતાવરણ ફેલાઇ રહેલું છે, તેવા સંજોગોમાં—"

ખંડોજીનું આમ લાંબુ લાંબુ ભાષણ ચાલુ હતું, તે દરમિયાન નિરાશ વદને રાયજી ત્યાં આવી પહોંચ્યો અને તેણે હીરોજી ફર્જન્દ પોતાના સ્ત્રી પુત્ર સહીત ગુપ્ત માર્ગે ગઢપરથી પલાયન થઇ ગયાની ખબર કહી.

"કાંઇ હરકત નહિ." સંભાજીએ ગર્જના કરતાં કહ્યું:—"જઇને ક્યાં રહેવાનો છે? આત્મહત્યા કરે તો જ તે છૂટી શકે. નહિ તો પાતા-

ળામાંથી પણ તેનો પત્તો મેળવવામાં આવશે. શોધીને તેના રાઈ રાઇ જેટલા ટુકડા કરવામાં આવશે; મને તેને માટે પૂરી હિંમત છે. ઠીક, રાયજી ! હવે તને બીજું કામ સોંપવામાં આવે છે. આ બન્નેને બુરજપર લઇ જઇ 'રાજદ્રોહી' તરીકે લોકો સમક્ષ જાહેર કરી તેમની કત્લ કરી ગઢપરથી ફેંકી દેવરાવો. "

ફરમાન મુજબ રાયજી એ બન્નેને લઇ ચાલ્યો અને ફરમાનનો અમલ થયો.

લોકો સજ્જડ થઇ ગયા અને સંભાજી વિરૂદ્ધના વિચારની વરાળ સરખી મુખબહાર કહાડવાને હવે કોઇ તૈયાર રહ્યું નહીં.

ત્યાર પછી સંભાજી રાજની આજ્ઞા અને ગોઠવણ પ્રમાણે શિવંદી-ગઢપરનો મુખ્ય અધિકાર રાયજીને મળ્યો. પન્હાળગઢ સર્વાંશે પોતાને હસ્તક લઇ લેવામાં આવ્યો. મધ્યરાત્રિએ આ પ્રમાણે વ્યવસ્થા થઇ ગઇ. પન્હાળગઢમાં કોઇ દ્રોહી રહ્યું નહીં, એટલે મધ્યરાત પછી પોતાના વિશ્વાસુ અંગરક્ષકો સાથે સંભાજીએ શયન કરવાનો સંકલ્પ કર્યો. એટલામાં જ પન્હાળગઢમાં કાંઇક ગરબડાટ થતો સંભળાયો.

સુમંત જનાર્દનપંતને સંભાજીની ધાસ્તી ઓછી ન હતી. તે બહુ છળભેદુ માણસ હતો. ઓચિંતો આવીને પોતાને કેદ કરી લે, એવો તેનો સ્વભાવ હતો તે સંભાજીથી અજાણ્યો ન હતો. એટલે કિલ્લામાં શાની ગરબડ થઇ રહી છે, તેની ચોકસાઈ કરવાનું કામ કબજીને સોંપી, સંભાજી યેસુબાઇના આવાસમાં ગયો.

વીસમું પ્રકરણ

ખાડો ખોદનારનું જ પતન

મધ્યરાત્રિ થઇ હતી. જનાર્દનપંત પોતાના સૈનિકો સાથે ચુપચુપ રીતે પન્હાળગઢપર જઇને સંભાજીને કેદ કરી લેવાને તૈયારી કરી રહ્યો હતો. એટલામાં જ તેની છાવણીમાં કંઇક ગરબડાટ થતો જણાયો. અણધર્યો ગરબડાટ થયો જાણી તે તાજુબ થયો. તેના કળવામાં કોઈ કારણ ન આવ્યું પણ તેથી તે ડગ્યો નહિ. નિર્ભયપણે ખુલ્લી સમશેર સાથે પોતે તંબુ બહાર નીકળ્યો. તેણે શું જોયું ? સેનાપતિ હંબીરરાવ મોહિતે નગ્ન સમશેર સાથે તેની સામે ખડો રહેલો જણાયો. જનાર્દનપંત ગભરાયો; છતાં ધૈર્ય દાખ-

વતાં ઠરેલપણે તેણે હંબીરરાવને પૂછ્યું:–"વાહ! કોણ–હંબીરરાવ! શો મામલો છે આ?"

"મામલો હમણાં જ સમજાશે." હંબીરરાવે રૂઆબથી કહ્યું. "એકદમ હથિયાર હેઠળ મૂકી દે, ને મારે સ્વાધીન થા."

"રાયગઢનો આજ્ઞાપત્ર હજુ આપને નથી મળ્યો કે શું?"

"મળ્યો છે; જનાર્દનપંત! રાજારામના નામના સિક્કા સાથે ચિટણીસના દીકરાની સહીવાળો આજ્ઞાપત્ર મને મળ્યો છે; પરન્તુ જ્યાંસુધી ખુદ્દ ચિટણીસ હયાત છતાં તેમની સહી આજ્ઞાપત્રમાં ન હોય તેમ જ મહારાજના અવસાન પછી ગાદીવારસાનો હક્ક સંભાજી મહારાજનો છતાં રાજારામના નામનો સિક્કો પડે ને એવી રીતના આજ્ઞાપત્રો આવે, તેનાપર ખરા રાજનિષ્ટ નાયકો વજૂદ કેમ રાખી શકે? સાચા સ્વામીભક્ત તરીકે મને થએલા ફરમાનને આધારે તને ફરીથી કહી દઉં છું કે એકદમ મારે સ્વાધીન થા; હથિયાર હેઠળ મૂકી દે."

હંબીરરાવનું સંભાષણ સાંભળીને જનાર્દનપંત જરા ચોભીલો તો પડ્યો; પરંતુ પોતે સોયરાબાઇનો માનીતો થઇ પડેલો હોવાથી તે છેક હિંમત ન હાર્યો. તેણે હથિયાર હેઠળ ન મૂક્યું. તે વિનય જાળવતાં બોલ્યો:–

હંબીરરાવ! તમને ખબર છે કે શિવાજી મહારાજની ઇચ્છા સંભાજીને રાજગાદી નહિ આપવાની—"

"અને રાજારામને જ ગાદી આપવી, એવું ઠર્યાનો તારી પાસે શો પુરાવો છે, વારૂ?" હંબીરરાવે વચમાં જ પૂછ્યું.

"ભલા માણસ!" જનાર્દનપંતે જરા કટાક્ષ કરતાં કહ્યું:–"તમને ને મને શા ઉદ્દેશથી મહારાજે સસૈન્ય નિમેલા છે, તે તમને ખબર જ હશે."

"કેમ ન હોય; પણ તે નિમણુંક સાથે આ વાતને શી નિસ્બત છે? નિમણુંક પ્રમાણે અત્યાર સુધી વફાદારીથી નોકરી બજાવી છે, ને જીવ જતા સુધી બજાવીશ; જનાર્દનપંત! ગાદીવારસ હવે સંભાજીરાજ હોઇ મારે તો તેમની જ આજ્ઞા માથે ચડાવવી જોઇએ ને મેં તેમ કર્યું છે."

"એવો દુર્વ્યસની, લંપટ સંભાજી ગાદીને શોભાવી શકે નહીં. ગાદી પર તો લાયકની જ નિમણુંક—"

"બસ! હદ આવી રહી. તારૂં અંતઃકરણ જોયું. લાયકાતની કસોટી કે પરીક્ષા મારે કે તારે નથી કરવાની. રાજ્યભક્ત રહી વફાદારીથી સિપાહીગીરી બજાવવી એજ કર્તવ્ય આપણું છે. ચાલ; શો જવાબ દે છે? બીજી

લાંબીચોડી વાતો કરવી ભૂલી જા. હથિયાર હેઠળ મૂકી શરણે થાય છે કે લોહીથી ધરતીને રાતી બનાવવાનું ચ્હાય છે ?"

"એવા ગેરવાજબી વર્તનવાળા હુકમને હું કેમ આધીન થાઉં ?" જનાર્દનપંત સાવચેત થતો બોલ્યો.

તેના બોલતાની સાથે જ 'ઠીક' કહેતાં હંબીરરાવે હુંકાર કર્યો. 'જય ભવાની' ની ગર્જના સાથે હંબીરરાવના સેનાનીઓ ત્યાં આવી પહોંચ્યા. જનાર્દનના સેનાનીઓ પણ દૂર ન હતા, રાત અંધારી ઘોર હતી, અંધારામાં બન્ને વચ્ચે હથિયારો ખખડયાં, બન્નેના માણસો કપાયા, ઘવાયા, મુવા.

તે વખતે સંભાજી કુંવરજી યેસુબાઇના આવાસમાં પોતાના પુત્રને રમાડતો બેઠો હતો અને માથે ભય ઝઝુમતો હોઇ યેસુબાઇ અને બાળકના સંરક્ષણનો વિચાર કરી રહ્યો હતો. છેવટ વિશ્વાસુ રાયજી સાથે યેસુબાઇને પુત્રસહ યોગ્ય સ્થળે સુરક્ષિતપણે મોકલી દેવાની યોજના કરી અને સંભાજી ત્યાંથી પોતાના એકાન્ત આવાસે જતો હતો, તેટલામાં જ તપાસ કરવા ગએલો કબજી તેને મળ્યો.

તેણે ઘોર અંધારી રાતે જનાર્દનપંતની છાવણીમાં કાપંકાપા થતી હોય એવું દુર્બીનવડે દેખેલું તે કહી સંભળાવ્યું. સંભાજીને હવે વિચાર કરવાનો વખત રહ્યો જ ન હતો.

જનાર્દનપંતના મુઠ્ઠીભર માણસો માર્યા ગયા અને તેના હાથ હેઠા પડયા. તે હંબીરરાવને શરણ થયો. છાવણીમાં શાંતિ પ્રસરી. જનાર્દનપંતના હાથ પગ બાંધી તેને પન્હાળાગઢમાંના રાજયુવરાજના આવાસ તરફ લઇ જવાનો હંબીરરાવે બંદોબસ્ત કર્યો. આ પ્રમાણે જે જનાર્દનપંત સંભાજીને કેદ કરવા તૈયાર થયો હતો, તેને પોતાને જ સંભાજી સમક્ષ કેદી તરીકે હાજર થવાનો વારો આવ્યો.

કબજીની વાત સાંભળીને તરત જ સંભાજી પોતાના અંગરક્ષકો સાથે તે છાવણી તરફ જવાને તૈયાર થયો; પણ તે પહેલાં તો હંબીરરાવનો તેને ભેટો થયો. છેક આટલી મોડી રાતે સેનાપતિનું આગમન થએલું જોઇ સંભાજીને જરા નવાઇ લાગી. વધારે નવાઇ તો તેથી લાગી કે હંબીરરાવને એકલો જ આવેલો યુવરાજે દીઠો હતો! પરંતુ સંભાજી કાંઇક પૂછવા જાય તે પહેલાં તો સેંકડો સૈનિકોનાં પગલાં ખખડયાં. હંબીરરાવ એકલો નથી, એવી સંભાજીને ખાતરી થઇ ત્યાર પછી એ વફાદાર સેનાપતિએ બેત્રણ મુદ્દાની વાતો કરી, એટલામાં પેલા જનાર્દનપંતને પકડીને સૈનિકો ત્યાં આવી

પહોંચ્યા. સંભાજીને જનાર્દનપંતની છાવણીમાં થએલા ગરબડાટનો હવે બરાબર ખ્યાલ આવ્યો. જનાર્દનપંતને અહીં લાવતાં પહેલાં હંબીરરાવે સંભાજીને આગળ આવીને બધી વાત કરેલી હતી તે પરથી સંભાજીએ જનાર્દનપંતને ટકોર લગાવતાં કહ્યું:–"મ્હોં કેમ કાળું કલાડા જેવું પડી ગયું છે? જનાર્દનપંત! તારે મને જ કેદ કરવો હતો?" જનાર્દને કેવળ નીચું જ જોયું. ત્યારપછી સંભાજીએ તેને રાજકેદી તરીકે રાખવાનો કબજીને હુકમ કર્યો અને પન્હાળગઢમાં જનાર્દન રાજકેદી થઇ રહ્યા.

ત્યાર પછી બીજે દિવસે પ્રભાતના પહોરમાં રાત્રે નક્કી થએલા સંકેતાનુસાર, નાસ્તાપાણીથી પરવાર્યા પછી પન્હાળગઢ ઉતરીને સજ્જનગઢ તરફ સસૈન્ય સંભાજીએ, હંબીરરાવ સાથે પ્રયાણ કર્યું.

પન્હાળગઢનો અને યુવરાજ્ઞી યેસુબાઇ તથા પોતાના બાળકનો બંદોબસ્ત રાયજીને હસ્તક મૂકાયો.

સૈન્યનું આધિપત્ય હંબીરરાવને હસ્તક હોઇ, યુવરાજ પોતાના અંગરક્ષકો સાથે કબજીને લઇ સૈન્યની મધ્યમાં ચાલતો હતો. સજ્જનગઢપર શ્રી રામદાસ સ્વામીનાં દર્શન કર્યા પછી અને તેમની આશિષ–પ્રસાદી મેળવ્યા પછી રાયગઢ તરફ કુચ કરવાનો સંકેત હતો. રસ્તામાં સતારા આવતું હતું. સતારામાં અંતરાય નડવાનો સંભવ હતો. ખંડોજી નાયકદ્વારા મોરોપંત પેશવે સસૈન્ય બંદોબસ્ત કરનાર હતો તેવી સંભાજીને ખબર મળેલી હતી; પણ 'રામ રાખે તેને કોણ મારે' એ સૂત્ર પ્રમાણે દેવી ભવાનીની કૃપાથી એ માર્ગ યુવરાજ માટે નિષ્કંટક બન્યો હતો.

પન્હાળગઢથી લશ્કર સાથે ઉતરીને સતારાને રસ્તે વળતાં જ સામેથી ધૂળ ઉડતી જણાઇ. હંબીરરાવે લશ્કરને આગળ વધતું અટકાવ્યું અને દુર્બિનવડે જોવામાં આવ્યું. મરાઠા સૈન્ય જ પોતાની સામે દોડતું આવતું હોય એમ જણાયું. હંબીરરાવે સામેથી આવતા સૈન્યને થોભાવવા સારૂ નિશાન ઉંચું કર્યું. જો પોતાની વિરૂદ્ધનું નહિ હોય તો તે સૈન્યે ત્યાં જ થોભવું જોઇએ, તેવી તેની અટકળ હતી, તે અટકળ ખરી પડી. સૈન્ય થોભ્યું. હંબીરરાવ વગેરેએ પોતાના લશ્કર સાથે આગળ કુચ કરી. સામેથી આવતા સૈન્યનો સરદાર મોરોપંત હતો. મોરોપંતનો વિચાર તો જુદો જ હતો; પણ મામલો જુદો જોઇને તેણે વિચાર બદલ્યો અને સંભાજીના અશ્વ આગળ મોરોપંત પોતાનો અશ્વ લઇ ગયો. તેણે સંભાજીને નમન કર્યું અને પોતાની સમશેર સંભાજીના ખોળામાં મૂકી. મોરોપંત પોતાના હજાર સેનાનીઓ સાથે સંભાજીને શરણ થયો.

સંભાજી અશ્વપરથી નીચે ઉતર્યો. આવો એકાએક મોરોપંતમાં થએલો ફેરફાર જોઇ તેને જરા નવાઇ તો લાગી; પરંતુ ફેરફાર શાથી થયો, તે સંભાજી સમજી ગયો હતો. તેથી તે વાતને નકામી વધારે ચૂંથવામાં જ ન આવી. સંભાજીએ પ્રસન્ન વદને મોરોપંતને કહ્યું:—"મોરોપંત ! તમે પિતાજીના હાથ હેઠળ તાલીમ લીધી છે. સમયસૂચકતા વાપરીને મારે શરણ થવામાં તમે ડહાપણ જ વાપર્યું છે. બાકી તમારો સૈન્ય સાથે કુચ કરવાનો આશય અમને ક્યારનોય માલમ પડી ચૂકેલો હતો."

"બાળાજી ચિટણીસદ્વારા જાણ્યું હશે."

"એ જ તેમનું મહાન મુત્સદ્દીપણું છે. આજે ન્હાય તો તમે કે ન્હાય તો અમે, એમાંથી એક તો જરૂર આ જગતમાંથી ઉખડી જનાર હતા, પણ તમારા ડહાપણભરેલા પગલાંએ કથળી જતો મામલો સુધાર્યો છે."

"ક્ષમા કરશો, મહારાજ! હવે, આજથી હું આપનો જ છું, એ વિના શંકાએ આપ માનશો. રાયગઢનું વાતાવરણ અન્નાજી જેવા ધન ને હોદ્દાલોભી મુત્સદ્દીએ ને મહારાણી સોયરાબાઇએ છેક જ બગાડી નાખેલું છે. આપને—અથવા હવે 'આપને' શા માટે, 'આપણે' બહુ ચેતીને ચાલવાનું છે."

"એ વાજબી કહ્યું; પરંતુ જેટલી ધાસ્તી આપણને હશે, તેનાથી હજારગણી વધારે એ ધન ને હોદ્દાલોભીઓને હોવી જોઇએ. આપણું અંતઃકરણ શુદ્ધ છે, તે લોકો મલિન અંતઃકરણના છે. આપણાં કર્ત્તવ્ય ખુલ્લાં છે, તે લોકોને બ્હી બ્હીને કારસ્થાન રચવાનાં હોય છે. શુદ્ધ અંતઃકરણવાળી દરેક વ્યક્તિપર દેવી ભવાનીનો ને પરમકૃપાળુ પ્રભુનો આશીર્વાદ ઉતરતો હોય છે. મોરોપંત! સદ્‌ગુરૂ શ્રી સમર્થસ્વામીના દર્શનાર્થે સ્વારી નીકળી છે. રાયગઢમાં પ્રવેશ કરતાં પહેલાં તે પરમપૂજ્ય સ્વામીની આશિષ મેળવવી, એવો નિશ્ચય કર્યો છે. આપણે અહીંથી સધળાએ સજ્જનગઢ તરફ પ્રયાણ કરવાનું છે."

ત્યાર પછી લગભગ અઢીહજાર સેનાનીઓ સાથે હંબીરરાવ અને મોરોપંતની સરદારી હેઠળ સજ્જનગઢ તરફ રાજ્યુવરાજની સ્વારીએ પ્રયાણ કર્યું.

એકવીસમું પ્રકરણ

ગુરૂ–આશિષ

વર્ષાઋતુનો પ્રારમ્ભ થયો હતો. નદીમાં નવાં જળ ભરાયાં હતાં. મૃગનક્ષત્ર ઉતરીને આર્દ્રા બેઠું હતું. વાહન મહિષીનું હોઈ શરૂઆતમાં વરસાદ ઉત્તમ પડયો હતો. પશુ પક્ષી કલ્લોલ કરી રહ્યાં હતાં. ધરતીએ લીલી લીલોતરીના નવપલ્લવ વાઘા સજ્યા હતા. તેવા અતિ આહ્લાદપૂર્ણ પ્રસંગે યુવરાજ સંભાજી પોતાના લસ્કરને કર્હાડપૂલપરથી નીચે ઉતારી ઇસ્લામપુર અને ત્યાંથી સતારા જઇ પહોંચ્યો. સેનાપતિ હુંબીરરાવે ત્યાં લસ્કર સહ પડાવ નંખાવ્યો.

સજ્જનગઢપર શ્રી સમર્થગુરૂની આજ્ઞા સિવાય સંભાજીએ જવાનું વાજબી ન માન્યું. તેને જેટલી ધાસ્તી છત્રપતિ શિવાજીની નહતી, તેટલી શ્રી સમર્થગુરૂની હતી. તેથી સતારામાં છાવણી નાખ્યા પછી સંભાજીએ પોતાના ખાસ માણસને સદ્દગુરૂના મઠમાં મોકલ્યો અને "ગુરૂદર્શને આવવા સંભાજી પરવાનગી માગે છે" એમ નિવેદન કરવાનું ફરમાવ્યું. માણસ સજ્જનગઢમાં દાખલ જઇ, ગુરૂશ્રીના મઠમાં દ્વાર આગળ જઇ ઉભો. તે વેળાએ સમર્થગુરૂની પાદપૂજા થતી હતી. ઉદ્ધવસ્વામીએ સંભાજીનો માણસ આવ્યાની ખબર ગુરૂશ્રીને કહી. ગુરૂશ્રીએ ક્ષણેક વિચાર કર્યા પછી "સસૈન્ય ભલે આવે" એવી આજ્ઞા પેલા માણસને સંભળાવી.

ઉત્સાહભેર માણસ છાવણીમાં પાછો આવ્યો અને ગુરૂશ્રીની આજ્ઞા કહી સંભળાવી. સંભાજી બહુ હર્ષ પામ્યો અને બીલકૂલ વિલંબ કર્યા સિવાય હુંબીરરાવ વગેરેની સાથે સસૈન્ય તેણે મઠ તરફનો રસ્તો લીધો.

સજ્જનગઢની નવકુંજગૂંથી વાટિકાની શોભા અપૂર્વ હતી. તે શોભામાં વર્ષાની અમીવડે ઓર વધારો થયો હતો. તે કુદરતી લીલાનું પેટભરીને અવલોકન કરતો સંભાજી સજ્જનગઢનો મૂખ્ય દરવાજો ઓળંગી પટાંગણમાં દાખલ થયો. તે વખતે ગુરૂશ્રીની પૂજા થતી હોઇ મંત્રપૂષ્પાંજલિની વિધિ-ક્રિયા ચાલતી હતી. ગુરૂશ્રીને સંભાજીના આગમનની વર્દી પહોંચાડવામાં આવી. તરત જ સમર્થગુરૂએ કોણ કોણ સરદારો સાથે આવેલા છે, તે પૂછાવ્યું. સેનાપતિ હુંબીરરાવ, મોરોપંત પેશવે અને કુબજી એટલા જણ સાથે હતા, તે ખબર ગુરૂશ્રીને નિવેદન કરવામાં આવી. હુંબીરરાવ

અને મોરોપંત સાથે યુવરાજ સંભાજીને મઠમાં આવવાની શ્રી આજ્ઞા થઇ. આથી કુબજીનું મ્હોં નેપાળો ગળ્યા જેવું થઇ ગયું. "પોતાને ગુરૂદર્શન નહીં!" એ વિચારથી તેનું મ્હોં લેવાઈ ગયું હતું. પરંતુ વિશ્વાસુ સંભાજીને એકથી વિશેષવાર વિશ્વાસઘાત કરવા જેવા ઘાટ જે જીવે રચ્યા છે, તેને ગુરૂદર્શનનો અધિકાર કયાંથી હોય? એ વિચાર તરત જ તેને થયો અને પોતાની પૂર્વ કરણીનો, શ્રીગુરૂના મઠ આગળ તેને પશ્ચાતાપ થયો—અથવા હવે એમ કહીએ તો ચાલે, કે પશ્ચાતાપના પ્રાયશ્ચિતથી હવે તે પાવન થયો.

કુબજીને સૈન્ય પાસે રાખી સંભાજી, હંબીરરાવ અને મોરોપંતની સાથે ગુરૂશ્રી સમર્થસ્વામીની ગાદી પાસે આવ્યો. ગુરૂને ત્રણેયજણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને આજ્ઞા લઇ ગાદી નજીક તેમણે બેઠક લીધી. ત્યારપછી સ્મીતપૂર્વક શ્રી સમર્થસ્વામીએ સંભાજીને પુછ્યું:—"આજ શા ઉદ્દેશથી બન્ને સરદારો સાથે અહીં આવવાની ઇચ્છા થઇ, સંભાજી!"

સંભાજીએ શિવાજી મહારાજના દેહોત્સર્ગની અને બીજી થોડી સુરાસર વાતો ગુરૂશ્રીને નિવેદન કરી. શિવાજી મહારાજનો દેહોત્સર્ગ સાંભળી ગુરૂજી જરા ક્ષોભ પામ્યા હોય એવું અનુભવતા સંભાજીએ, પછી એમ કહ્યું કે "હવે રાજ્યધુરા આ દાસને માથે આવશે, તે પહેલાં પૂજ્ય પિતાશ્રીની પેઠે ગુરૂવરનો ઉપદેશ ને આશિષ હું મેળવી આવું તો સારૂં એવી મને ઇચ્છા થઇ."

સંભાજીની આવી ભલી ઇચ્છા સાંભળીને ગુરૂશ્રી પ્રસન્ન થયા. તેમણે ઉદ્ધવસ્વામી તરફ જોઇને કહ્યું:—

"આ ત્રણેય જણે શ્રીનો અનુગ્રહ—પ્રસાદ તો લીધેલો જ છે. હવે નવા અનુગ્રહની જરૂર નથી. ત્રણેયને તીર્થપ્રસાદ લેવરાવો."

પ્રસાદ લેવરાવ્યા પછી ગુરૂશ્રીએ રાજયોગ અને વિશુદ્ધ રાજનીતિ વિષે કેટલોક આવશ્યક ઉપદેશ સંભાજીને આપ્યો; સાચા રાજધર્મનું સ્વરૂપ સમજાવ્યું. પ્રજાના હિતનું ખૂન કરી આપસ્વાર્થ સાધનાર રાજાઓનું કલ્યાણ થતું જ નથી, ઇત્યાદિ સૂક્ષ્મ વાતોની હાલ સંક્ષેપમાં સમજણ પાડવામાં આવી.

ઉપદેશ વિધિ પત્યા પછી ગુરૂશ્રીએ ઉદ્ધવસ્વામી દ્વારા મહાન નૈવેદ્યની તૈયારી કરાવી અને સૈનિકોને માટેની પણ ભોજન સામગ્રીની સંપૂર્ણ વ્યવસ્થા કરવાનું સૂચવ્યું. સમર્થ ગુરૂની આજ્ઞા પ્રમાણે ઉદ્ધવસ્વામીજી બંદોબસ્ત માટે ગયા, ત્યારે સંભાજીએ પ્રસંગ જોઇને રાજ્યાભિષેકનું ગુરૂશ્રીને મંગલ મુહૂર્ત પૂછ્યું. "નાગપંચમી" નું મુહૂર્ત ઠરાવવામાં આવ્યું. રાજ્યાભિષેક થાય, તે જ દિવસથી સંભાજીએ પોતાના નામનું સિક્કાનાણું શરૂ કરવું,

એમ નક્કી થયું. ત્યાર પછી "જય જય રઘુવીર સમર્થ" ના જયઘોષ સાથે સંભાજીની સ્વારી ગુરૂશ્રીના મઠમાંથી વિદાય થઇ. વિદાય વેળાએ ગુરૂશ્રીએ કલ્યાણક આશીર્વાદ આપ્યો, તે સાથે જાણે સંભાજી નવજીવન પામ્યો હોય એમ લાગતું હતું.

કબજી, સંભાજી, હંબીરરાવ અને મોરોપંત સાથે સઘળા સેનાનીઓએ વાજતે ગાજતે મહાગુરૂના મઠમાંથી પ્રયાણ કર્યું. ઘોડેસ્વાર કબજીને કોઇ ગંભીર વિચારમાં પડેલો જોઇ યુવરાજને જરા શંકા થઇ. કબજીનું જીવન પણ ફરી ગયું હતું. છળ પ્રપંચ કે પ્રલોભનમાં કાંઇ જ સુખ નથી એમ હવે તેને ચોક્કસ સમજાઇ ગયું હતું. પ્રપંચી પુરૂષોની દશા તો તેણે પ્રત્યક્ષ નજરે નિહાળેલી હતી. સંભાજી આગળ પોતાના છેતરપંડી કરનારા સ્વભાવની દીન વદને ક્ષમા માગવામાં તેણે ડહાપણ માન્યું. સંભાજી જેટલો સ્વભાવનો કઠિન હતો, તેટલો જ ઉદાર પણ હતો; સંભાજી જાણતો હતો કે બૂરી સોબતને લીધે કબજી જેવા ભોળા માણસે 'મંત્ર સાધના'-ની રમત માંડી હશે; સંભાજીએ ઉદારતાથી કબજીને મ્હોં માગી માફી આપી અને ભૂતકાલને ભૂલી જવાનું સૂચવ્યું. મોરોપંત અને હંબીરરાવ સંભાજી સાથે આજ સમર્થ ગુરૂનો પ્રસાદ પામી, જીવનમાં નવીન ચેતન અનુભવતા વાટ વટાવતા સસૈન્ય આગળ ચાલતા હતા અને સુગન્ધભર નિર્મળ વાયુ, મન્દ મન્દ લહરીઓ વડે તે આખીયે રાજ્ય સ્વારીને વધાવી રહ્યો હતો.

બાવીસમું પ્રકરણ

પ્રપંચનું પરિણામ

સોયરાબાઇ અને તેનું મુત્સદ્દીમંડળ, તેલ ખૂટયો દીવો, જેમ આખર ઘડીએ ઝબૂકતો હોય, એવા ચમત્કારો આદરી રહ્યું હતું. માલસાવંતે રાયગઢના માર્ગ આડગે અણધાર્યા અંતરાયો ઉભાં કર્યાં હતાં અને તે કામમાં સોયરાબાઇનો પૂરો હાથ હતો. સંભાજીને રાયગઢમાં પ્રવેશતાં પહેલાં એ અંતરાયોને ભેદવાં પડે. તે ભેદાય તો જ સહીસલામત પોતે રાયગઢમાં દાખલ થઈ શકે; પરંતુ મોરોપંત પેશવાને માલસાવંતની એ કપટજાળની પ્રથમથી જ ખબર હતીઃ તેથી સંભાજીને તે વિષેની ચેતવણી પોતે આપી શકયો હતો.

માલસાવંતે નવો જ કિલ્લો બનાવ્યો હતો. તે કિલ્લો પાંડવોને ભસ્મિભૂત કરવા માટે કૌરવપક્ષે બન્ધાવેલા લાખાગૃહ જેવો હતો. કિલ્લામાં સંભાજી દાખલ થાય કે તરત જ તે ઘેરાઇ જાય અને અગ્નિદેવતાનો ભક્ષ થઇ જાય એવી ગોઠવણ માલસાવંતે કરેલી હતી.

રાયગઢ તરફ એવી અફવા ફેલાઇ હતી કે સંભાજી કેદ થયો છે અને તેને હંબીરરાવ તથા મોરોપંત કબજે કરીને રાયગઢમાં લાવનાર છે. માલસાવંતના કાનપર એ અફવા અથડાઇ, ત્યારે તેનું અંતઃકરણ અતિ પ્રફુલ્લ થયું. તેની પ્રફુલ્લતામાં અભિવૃદ્ધિ થાય, તેવો બેત મોરોપંતની સલાહથી સંભાજીએ રચ્યો હતો. સંભાજીએ મોરોપંતને હાથે માલસાવંત પર 'ખાનગી' પત્ર એ મતલબનો લખાવ્યો, કે "સંભાજીને કેદ કરીને રાયગઢ લઇ જવામાં આવનાર છે. હું રસ્તામાં છું. તમારી હદમાં થઇને રાયગઢ તરફ પસાર થવાનું છે. તમે અમારી મદદમાં રહેશો–" વગેરે.

માલસાવંતને તો જે ભાવતું હતું તે જ વૈદે બતાવ્યા જેવું લાગ્યું. સંભાજીને સપડાવવાને લગતું કાવતરું રચવામાં ભય ભારે હતો. એક નરશાર્દુલની સામે એ પ્રપંચદાવ ખેલવાનો હતો. એટલે તેમાં જીવનું તો જોખમ સમાયલું જ હતું. પરંતુ હવે તે દાવ ખેલવાનો જ ન રહ્યો, એ વિચારથી તેને આનન્દ થતો હતો.

મોરોપંત માટે માલસાવંતને શક આણવાનું કાંઇ જ કારણ ન હતું; કેમ કે મોરોપંતે પોતાના સૈનિકો સાથે પન્હાળગઢ તરફ પ્રયાણ કર્યું હતું, તે જ વેળાએ માલસાવંતને આ વાત કરેલી હતી; પરંતુ સંભાજીને કેદ કરી લાવવાનો છે, એ ગોઠવણ અગાઉથી થએલી હતી, તે રસ્તામાં ફેરવાઇ ગઇ, અને મોરોપંત સંભાજીનો થઈ રહ્યો છે તેની માલસાવંતને શાની ખબર હોય? એટલા માટે મોરોપંતના પત્રપર માલસાવંતે વિશ્વાસ રાખ્યો અને પોતાની હદમાં સંભાજીને કબજે કરવાને લગતી પોતે જે તૈયારી કરી રહ્યો હતો, તે તૈયારીઓની તેને હવે જરૂર ન લાગી.

છતાંય માલસાવંત કાંઇ છેક જ બોથડ ન હતો. પોતાનાપર મોરોપંતનો આવેલો પત્ર અને તેમાં લખેલી વિગત સાચી જ છે કે કેમ, તે વિષેની ખાતરી કરી લેવાને સ્વાભાવિક રીતે જ તે તૈયાર થયો. મોરોપંતનો પત્ર લઇને જે વિશ્વાસુ માણસને માલસાવંતને ત્યાં મોકલવામાં આવ્યો હતો, તેના દ્વારા મોરોપંતને ખબર પડી કે માલસાવંત પત્રપર વિશ્વાસ તો રાખે છે છતાં કાંઇક ખાતરી કરવાને ઉત્સુક થઇ રહેલો છે. પોતાના વિશ્વાસુ માણસદ્વારા મળેલી પ્રસ્તુત બાતમીપરથી સંભાજી મહારાજને પોતે

કેદી જ હોય તેવા સ્વરૂપે મોરોપંતની દેખરેખ હેઠળ રહેવાની મોરોપંતે વિનતિ કરી. હંબીરરાવને કેટલાક જબ્બર સેનાનીઓ સાથે પશ્ચિમ તરફ રવાને કરવામાં આવ્યો. હંબીરરાવે જવાલાગ્રહી પદાર્થોની સાથે માલસાવંતની પશ્ચિમની હદ તરફ સસૈન્ય કુચ કરી.

આ તરફ માલસાવંત મોરોપંતને આવવાના રસ્તા તરફ પોતાના થોડાક સેનાનીઓ સાથે વળ્યો અને પશ્ચિમના માર્ગે થઇ હંબીરરાવ માલસાવંતની હદમાં દાખલ થયો.

માલસાવંતને મોરોપંતનો, પોતાની છાવણીથી થોડે જ છેટે મેળાપ થયો. મોરોપંતની સાથે સંખ્યાબંધ સૈનિકો તો હતા જ; પરંતુ સૈનિકોનાં હથિયાર નીચાં નમેલાં હતાં અને મોરોપંતના કબજામાં સંભાજીને જોવામાં આવ્યો, એટલે માલસાવંતને કોઇ પ્રકારની શંકા ન થઇ. આદરમાન સાથે માલસાવંત મોરોપંતને પોતાની છાવણીમાં સૈન્ય અને "કેદી" સંભાજી સાથે તેડી ગયો.

છાવણીમાં સારી રીતે આદરસત્કાર કર્યા પછી સરદાર માલસાવંતે સંભાજી શી રીતે કેદી થઇ શક્યો, એ વાત હસતા ચ્હેરે પૂછી, અને પોતાની પાસેના સૈનિકોને હવે પોતપોતાને સ્થાનકે જવાનું ફરમાન કર્યું. માલસાવંતના સેનાનીઓ વેરાઇ ગયા. ત્યાર પછી મોરોપંત પ્રત્યે અતિ સુહૃદ્ભાવ બતાવવા સાથે માલસાવંત પોતાની મૂછના આંકડાનો વળ ચડાવતો મગરૂરીભર્યા ભાવે 'કેદી' સંભાજી પાસે ગયો અને શુષ્ક શિષ્ટાચાર કરતાં તે બોલ્યોઃ– "કિસ્મત ક્યાં દોરી જાય છે ને તે શું નું શું કરી નાખે છે! યુવરાજ સંભાજી આજ કેદી થયા!"

સંભાજીએ શાંત અને રાંક મુખમુદ્રા કરીને માલસાવંત પ્રત્યે કહ્યુંઃ– "માલસાવંત! આપણું કિસ્મત આપણી ઇચ્છા પ્રમાણેનું રચવું, એમાં જ ખરો પુરુષાર્થ છે ને?"

"જો એમ હત," માલસાવંત બોલ્યો :– "તો યુવરાજ તમારી આવી શોચનીય સ્થિતિ કદી ન થાત."

"હોય : આજ આવી સ્થિતિ છે, તો કાલે વળી બીજી સ્થિતિ થશે : એ તો જાણે ઠીક, પણ માલસાવંત! મને દુરાચરણી ગણીને મોરોપંતે કેદી બનાવ્યો; સોયરાબાઇએ અને મુત્સદ્દીમંડળે મને રાજ્યગાદી માટે નાલાયક ઠરાવ્યો. શિવાજી મહારાજના દેહોત્સર્ગ પછી રાજારામને ગાદી અપાવવામાં આવીઃ રાજારામ, રામરાજ્ય જેવું શાસન પ્રવર્તાવો એટલી જ મારી અંતરેચ્છા છે; મોરોપંત, અન્નાજી, સોયરાબાઇ અને આપ પોતે તથા આપના જેવા અન્ય સરદારોએ મને શી સજા કરવાનું ઠરાવ્યું હશે તે

વિષે હું કાંઇ જ તમને પૂછતો નથી કે કહેતો નથી; પરંતુ એટલું તો કહીશ જ કે મહારાષ્ટ્રની ગાદી પૂજ્ય પિતાશ્રીએ જે રીતે દીપાવી છે, તે જ રીતે હમેશને માટે તે દીપતી રહે, તેવી શાસનપદ્ધતિ રાજારામ કાયમ રાખે એમ ઇચ્છી રહ્યો છું."

સંભાજીની એ ઇચ્છા સાંભળીને માલસાવંતે કહ્યું:—"ઠીક છે; તમારી એ વિનતિ—"

'વિનતિ' શબ્દ સાંભળતાં જ યુવરાજ સંભાજી એકદમ ક્રોધમત્ત થયો. સિંહ પેઠે તેણે માલસાવંતપર તરાપ મારી. વળી જરા થોભી ગયો અને સિંહગર્જના પેઠે ગર્જના કરતાં તેણે માલસાવંતને કહ્યું:—

"માલસાવંત! 'વિનતિ' શબ્દને આ હૃદયકોષમાં ક્યાંય પણ સ્થાન નથી ને તેને માટે સ્થાન થનાર પણ નથી. આ શિવસિંહનો સિંહબાળ છે, એ અચૂક લક્ષ્યમાં રાખજે. ચાલ; મૂગે મૂગો અમારે સ્વાધીન થઇ જાય છે કે નહિ?"

સંભાજીના મુખમાંથી આવા ઉગ્ર ને ભયાનક શબ્દોચ્ચાર થતા સાંભળીને માલસાવંત ઊભો હતો ત્યાં ને ત્યાં જ સજ્જડ ચોંટી ગયો—તે સ્તબ્ધ થઇ ગયો. પોતે ક્યાં છે અને ખરેખર સંભાજી કેદ થએલો છે કે પોતે જ કેદી થનાર છે, તે વિષે તેને મૂંઝવણ થઇ. સંભાજીએ ક્યારનોય મોરોપંતને આંખઇશારો કરેલો હતો. માલસાવંતે પોતાની આસપાસ થોડાક સૈનિકો ફરતા રાખેલા જ હતા. પરંતુ તેમનું શું ચાલે? આ તરફ મોરોપંત અને પાછળથી સૈનિકો સહ હંબીરરાવનું આગમન બન્નેની મધ્યમાં માલસાવંત ઘેરાઇ ગયો હતો. માલસાવંતે એકદમ "દગો" એવો પોકાર કર્યો. તેના માણસો છાવણીની અન્દર સશસ્ત્ર દોડી આવ્યા. હથિયારો પરસ્પર અથડાયાં: પણ એ ખેલ તો સ્વલ્પક્ષણો પુરતો જ નિવડ્યો હતો. માલસાવંતને કબજે કરી લેવામાં આવ્યો તે પહેલાં હંબીરરાવે પોતાના સંખ્યાબંધ સૈનિકોવડે તેની આખીયે હદની પ્રજાને અને માલસાવંતના બીજા સૈન્યને પોતાની હકુમતમાં લઇ લીધેલું હતું.

માલસાવંતે આ બધી ઘટના જોઇને દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો. તેણે મોરોપંત સામે કરડી દૃષ્ટિ કરીને કહ્યું – "આવી રીતે દગો કરવો, તમારા જેવા સમર્થ સરદારને શોભાસ્પદ ન ગણાય."

"બહુ સરૂં; ભલા માણસ! પોતાના પગ તળેના રેલાનો વિચાર જરા કરે તો કેવું સારૂં? રાજ્યના ખરા માલિક પ્રત્યે દગો કરવાને નોકર તૈયાર થાય તો તેને યોગ્ય ન્યાય મળવો જ જોઇએ ને?"

"બતાવવાના જુદા ને ચાવવાના જુદા, એવી તમારી પદ્ધતિ હું જાણતો ન હતો: નહીં તો તમારા પત્રપર ભરૂંસો શું કરવા રાખત ?"

એ શબ્દો સાંભળીને સંભાજીએ માલસાવંતને કહ્યું:–'આર્થિક લોભને ખાતર તારા જેવા નિમકહરામ નોકરો રાજકુટુમ્બમાં કલહ ઉત્પન્ન કરાવે અને અસત્યને સત્ય ઠરાવી ખરા શાસકને કેદી બનાવવા તૈયાર થાય, તેને તો આ સ્થિતિ જ યોગ્ય છે."

"પાંજરામાં ફસાઇ પડેલા વાઘને નાનાં બાળકો પણ સતાવે ને વખતે મારે પણ ખરાં; એ સૃષ્ટિ નિયમ જ છે." માલસાવંતે જરા આવેશથી કહ્યું.

"એવી જ સ્થિતિ તું મારી જોતો હતો ને ?" સંભાજીએ બોલવાનું ચાલું રાખ્યું:– "માલસાવંત! હિંમતે મર્દા તો મદદે ખુદા," એ સૂત્રપર ભરૂંસો રાખીને અમે પ્રયત્ન કર્યો અને ઇશ્વરે અમને અત્યાર સુધી સ્તેહજ આપી છે. રાજ્યનું સંરક્ષણ કરનારૂં જે સૈન્ય તમને અને મુખ્યમંત્રી પેશવે, બન્ને બલિષ્ટ સરદારોને સોંપાયલું હતું, તે સરદારો તો અવળા ફરી બેઠા. તમે અને જનાર્દનપંત સંભાજીને જ કેદ કરવાની પેરવીમાં પડયા. ગમે તે લોભ હોય કે ગમે તે કારણ હોય પણ એ પગલું રાજા–પ્રજા ઉભયને વફાદાર એવી શુદ્ધ વ્યક્તિને છાજતું ન હતું. તમને તમારા કૃત્ય બદલ શરમ આવવી જોઇએ. હંબીરરાવ ! જનાર્દનપતંને પન્હાળગઢથી તાબડતોબ બંદોબસ્તપૂર્વક રાયગઢમાં લાવવાની વ્યવસ્થા કરો. જે જે દુષ્ટ અધિકારીઓએ અમારા માર્ગમાં આડખીલી નાખીને સોયરાબાઇના કહ્યા પ્રમાણે કર્યું છે, તે તમામની યાદી મારી પાસે છે, તેમણે ખોદેલા ખાડામાં તે લોકોને જ ધકેલી મૂકવાના છે. "બુદ્ધિ કર્માનુસારિણી" એ કહેવત ખોટી નથી."

હંબીરરાવને હુકમ થયા પ્રમાણે પોતાનાં વિશ્વાસુ માણસોને પન્હાળગઢમાં જનાર્દનપંતને રાયગઢ લઇ આવવા માટે મોકલવામાં આવ્યાં. તે વખતે સૂર્યાસ્ત થયો હતો એટલે સર્વ મંડળી સ્નાનભોજનાદિ ક્રિયામાં ગૂંથાઇ.

સંભાજી મહારાજે પોતાની સાથે હંબીરરાવ અને મોરોપંતને બેસાડી રાત્રિ ભોજન કર્યું. માલસાવંતને પણ ભૂખ્યો રાખવામાં આવ્યો ન હતો. જણાવવાની જરૂર નથી કે કબજીનો સ્વયંપાક નિરાળો હતો; કારણ કે પોતે બ્રાહ્મણપણાનો આબાદ ફાંકો ધરાવતો હતો.

તમામ સૈનિકો વગેરેને વાળુપાણીથી પરવારતાં લગભગ મધ્યરાત્રિ વીતી ગઇ. તેવામાં સંભાજીની છાવણીમાં કંઇક હીલચાલ થતી જણાઇ. એક ભિક્ષુક સૈનિકો પાસે આવીને ભીક્ષા માગતો હતો. "મધ્યરાતે ભીખારી હોય ખરો ?" એકાદ સૈનિકને શંકા થઇ, તેથી ભીખારીને પકડીને હંબીરરા-

વના તંબુમાં લઈ જવામાં આવ્યો. હંબીરરાવની પાસે ભીખારીને ખડો કરવામાં આવતાં જ દરબારી ઢબે મુજરો કરીને હંબીરરાવને તે ભિક્ષુકે પત્ર આપ્યો. હંબીરરાવ તાજ્જુબ થયો. તેણે પત્ર વાચ્યો. પત્ર વાચ્યા પછી ક્ષણભર મનમાં વિચાર કર્યો. મોરોપંત પેશવાને પોતાની પાસે બોલાવવામાં આવ્યો. પેલા ભિક્ષુકને, પોતાનો કૃત્રિમવેષ કહાડી નાખવાની હંબીરરાવે વિનતિ કરી. ભિક્ષુકે પોતાનો ખરો પોષાક પરિધાન કર્યો.

થોડી જ વારમાં મોરોપંત પેશવા હંબીરરાવના તંબુમાં જઈ પહોંચ્યો. જતાં જ પેલા ગૃહસ્થની દૃષ્ટિમાં પોતાની દૃષ્ટિ મળી. મોરોપંતે તે ગૃહસ્થ સાથે પ્રથમ કશી વાતચીત ન કરી, પણ હંબીરરાવને જ પૂછ્યું:–" આ ગૃહસ્થને તમે ઓળખો છો ?"

હંબીરરાવે તરત જ કહ્યું, કે એ તો આપણા બાળાજી ચિટણીસના બન્ધુ શ્યામજી!"

"પણ આમ મધ્યરાતે અહીં ક્યાંથી ?"

મોરોપંતે પૂછેલા પ્રશ્નના ઉત્તરરૂપે હંબીરરાવે પેલો પત્ર તેમના હાથમાં મૂક્યો. પેશવાએ તે પત્ર મનનપૂર્વક વાચ્યો. ત્યાર પછી તેમણે કહ્યું:– "આ પત્રપર વિશ્વાસ રાખવામાં કાંઈ જ હરકત નથી. પત્રમાં દર્શાવવામાં આવેલી વિગતનો અમલ થયો હોય તો હવે સંભાજી મહારાજનો સિતારો સિકંદર જ થયો સમજવો. શ્યામજી! સોયરાબાઈના આટલા સખ્ત બંદોબસ્ત છતાં તમે શી રીતે અહીં સુધી આવી શક્યા ?"

"દક્ષિણ બુરજપરના પહેરાવાળાને ચિટણીસજીએ મહા પ્રયત્ને ફોડ્યો હતો. એટલે ભિખારીને વેષે આ પત્ર લઈને હું બહાર નીકળી શક્યો. અહીં આવી મને એવો જ વિચાર થયો કે આપને મળવાનો એક જ માર્ગ છે અને તે એ કે સૈનિકોને જરા શક આવે તેવી રીતે મારે છાવણીમાં દાખલ થવું; પછી શક આવશે એટલે વિના હરકતે આપની સમક્ષ તે સૈનિકો જ મને હાજર કરી દેશે. નહીં તો આપની મુલાકાત મને આટલી સરળ ન નિવડત."

"બહુ સારી યુક્તિ!" વચમાં જ હંબીરરાવે કહ્યું.

"પછી ?" મોરોપંત પેશવાએ પૂછ્યું.

"પછી હંબીરરાવ સેનાપતિ પાસે મને સૈનિકે ખડો કર્યો. મેં તેમને પત્ર આપ્યો. તે પત્ર આપ બન્નેએ વાચ્યો. એ બધું તો આપને ખબર જ છે." પોતે ભિખારી વેષમાં અહીં આવેલો હતો, તે હકીકત હંબીરરાવ પાસેથી મોરોપંતે જાણી, ત્યારે તેને ઘોર આનન્દ થયો. ત્યાર પછી હં-

બીરરાવ, મોરોપંત અને શ્યામજી ત્રણેય જણ સંભાજીના નિવાસસ્થળે ગયા. પોતાના આગમનની યુવરાજને વર્દી પહોંચાડવામાં આવી. પરંતુ 'મહારાજ હમણાં જ જંપ્યા છે' એવો સન્દેશો ત્રણેય જણે સાંભળ્યો, તથાપિ હંબીરરાવે અત્યારે જ 'જરૂરી કામસર' મળવું છે, એવી હઠ પકડી અને પહેરાવાળાએ ત્રણેય જણને અન્દર જવા દીધા, જો કે પહેરાવાળાને તો સુડી વચ્ચે સોપારી જેવું હતું. જવા દે તો કદાચ યુવરાજના ઠપકાપાત્ર થવાય, ન જવા દે ને જરૂરી કામ કથળે, તો પણ યુવરાજના ઠપકાપાત્ર થવાયઃ હંબીરરાવે પહેરાવાળાની જવાબદારી પોતાને માથે જ્યારે વહોરી લેવાની ખાતરી આપી, ત્યારે જ પહેરાવાળાના જીવમાં જીવ આવ્યો.

ત્યાર પછી સંભાજીને જાગ્રત કરી હંબીરરાવે અને મોરોપંતે શ્યામજી જે પત્ર લાવ્યો હતો, તે વિષે વાત કરી. તે પત્ર સંભાજીને આપવામાં આવ્યો. તે વાંચી રહ્યા પછી સંભાજીએ બન્ને સરદારો સામું જોઇને કહ્યું:—"હવે ઝાઝો વિચાર કરવાની શી જરૂર છે? પત્રમાં સૂચન થયું છે તે પ્રમાણે અત્યારે જ ગઢ ચઢવાનો પ્રારંભ કરવો જોઇએ." ત્યાર પછી શ્યામજીને સારો શિરપાવ ને બક્ષીસ આપ્યા બાદ તેના પ્રત્યે સંભાજીએ કહ્યું કે "બાળાજી પ્રમાણે અમે તને પણ ભૂલીશું નહીં."

ત્યાર પછી શ્યામજી હંબીરરાવ વગેરેની સાથે રહ્યો અને હંબીરરાવે તથા મોરોપંત પેશવાએ પોતાના સૈન્યને માર્ગક્રમણ માટે સજ્જ કર્યું. ડુંગરના ઉંદરો જેવી સર્વ સેના મૌનપણે સૂર્યોદય પહેલાં તો નિયત સ્થળે જઇ પહોંચી. બાળાજી ચિટણીસે આબાદ મુત્સદ્દીપણાથી તટપરના પહેરાવાળાને ફોડીને સંભાજીના સૈન્યદળને કશી હરકત ન પહોંચે એવી ગોઠવણ કરી મૂકી હતી, એટલે સહીસલામત સૈન્ય સંકેત સ્થાને પહોંચી શક્યું.

પહો ફાટતા પહેલાં રાયગઢના દરવાજા ઉઘડયા. ઉઘડતાની જ સાથે નગ્ન સમશેર હાથમાં લઈ સંભાજી રણકેસરીઆં કરવા અન્નાજી દત્ત વગેરે હેતના ટુકડાઓ તરફ તૂટી પડયો. પાછળ જ સેનાપતિ હંબીરરાવ અને મોરોપંતનું બાધેપીધે રૂષ્ટપુષ્ટ સમર્થ અને મહાન સૈન્યદળ, જળના જબ્બર પ્રવાહ પેઠે એકદમ આગળ વધ્યું. પહો ફાટતાં જ રાયગઢનો મામલો, થતા ધરતીકંપ જેવો ખરો ખળભળાટ મચાવનારો થઇ પડયો. વિરોધી પક્ષની કાંઈ જોઇએ તેવી તૈયારીઓ હતી જ નહીં. પોતાના માર્ગની આડે કંટકરૂપ નિવડનાર જે કોઇ વચમાં આવ્યું તેનાં સમશેરવડે ડીંગલાં ઉડાવી દેવામાં સંભાજી અને બન્ને સરદારો જરાય પાછું વાળીને જોતા ન હતા. એ પ્રમાણે પોતાનો રસ્તો સાફ બનાવીને સંભાજી પ્રથમ જે સ્થળે છત્રપતિ

શિવાજીના મૃતદેહની દહનક્રિયા થઇ હતી, તે સ્થળે ગયો અને સજળ નેત્રે તે સ્મશાનભૂમિમાંના સ્થળને વંદન કર્યું. ત્યાર પછી છૂપાઇ રહેલા અન્નાજી દત્ત વગેરેને શોધીને કબજે કરવામાં આવ્યા. રાયગઢમાં એકાએક સંભાજી અને તેના બન્ને સમર્થ વફાદાર સરદારોએ સસૈન્ય જે છાપો માર્યો અને તેમ કરીને જે અસરકારક છાપ પાડી હતી, તેને લઇને બીજા ન્હાના ન્હાના બેવફા નોકરો તો ક્યારનાય સોયરાબાઇથી ફરી બેઠા હતા. અન્નાજીના હાથમાં હવે શી સત્તા હતી? તેને માટે જીવન–મરણનો સવાલ થઇ પડયો હતો. શું કરવું, તેના વિચારમાં તે જે સ્થળે ભરાઇ બેઠો હતો, ત્યાંથી તેને પકડી લેવામાં આવ્યો અને રાયગઢપર પોતાનો અધિકાર જમાવી, જ્યાં સંભાજીએ પડાવ નાખ્યો હતો, ત્યાં તેને બાંધીને ઊભો કરવામાં આવ્યો. બાલસાવંતને પણ ત્યાં જ ઇન્સાફ આપવાનો હતો. દરમિયાન દોડતા ઘોડેસ્વારો આવી પહોંચ્યા. તેમણે જનાર્દનપંતને દોરડાવડે બાંધીને રજુ કર્યા. ત્યાર પછી ગુન્હેગારો સમક્ષ સંભાજીએ કહ્યું:—"

"સ્વરાજ્ય પ્રાપ્તિને પરિણામે જેમણે ઉજ્જવલ યશકીર્તિ સંપાદન કરી હતી, તેમનું લુણ ખાઇને સ્ત્રીજાતિના વિષભર્યા ફૂત્કારને અમૃત માની મહારાષ્ટ્રની દૂધ જેવી શુદ્ધ કીર્તિને કલંક લાગે તેવાં કાવતરાં કરવા તમે તૈયાર થયા. શિવાજી મહારાજનો દેહોત્સર્ગ થયાની ખબર તમે લોકોએ ત્રણ માસ પર્યંત મારાથી છૂપાવી અને મને નજરકેદ કરી લેવાનું ચિટણીસની નહીં, પણ તેમના પુત્રની સહી સાથે ખાનગી રીતે ઠરાવ્યું. એ બધું કેટલું અયોગ્ય છે, તે તો ઇતિહાસમાં જ અંકિત થશે. રાજારામને ગાદીએ બેસાડવાની ને મને સખ્ત કેદ કરવાની જ સ્વર્ગસ્થ પિતાશ્રીએ તમને આજ્ઞા ફરમાવી હતી કેમ? જે કુલટા રાજ્યલોભને કારણે સ્વામીહત્યા કરી પોતે હાથે કરીને વિધવા થઇ, એવી રાક્ષસણીનો પક્ષ કરીને જેનું આજપર્યંત નિમક ખાધું છે, તેનું જ ખાઇને ખોદવામાં તમને જરા પણ સંકોચ થયો નહીં: તમારે માટે બીજી સજા હોઇ જ ન શકે. ત્રણેય જણની ત્વરાથી કત્લ કરી નાખો."

એટલું બોલતાંની સાથે જ સંભાજીએ પોતાના અંગસંરક્ષકો સમું જોયું. જોતાં જ યુવરાજના હૂકમનો અમલ થયો. ત્રણેય બેવફા મુત્સદ્દીઓની કત્લ થઇ.

આ તરફ કત્લ અને આ બાજુથી રાજારામનું આગમન થવું, બન્ને બનાવ એક સાથે બન્યા. રાજારામનું દિલ કંચન જેવું સ્વચ્છ હતું. સંભાજીને મળવા માટે તેને શા સારૂ નાસભાગ કરવી પડે? રાજારામ સંભાજીને મળ્યો. સંભાજીએ સગા ભાઇ પેઠે, રામચન્દ્રજી ભરતને મળે, તેવા

ભાવથી મળીને ભેટયો અને રાજારામે સંભાજી જ રાજગાદીનો અધિકારી છે, એ વાત વિના સંકોચે, સંભાજીના પૂછયા સિવાય જ સ્વીકારી લીધી.

બાકીમાં હવે સોયરાબાઇ રહી. સંભાજી સોયરાબાઇના મહાલય તરફ ગયો. સોયરાબાઇએ ક્યારનીય સંભાજીના ઉત્પાતની વાત જાણી હતી. પોતાના માનીતા મુત્સદ્દીઓની થએલી કત્લની વાત જાણી કે તરતજ તેના પેટમાં તેલ રેડાયું. સોયરાબાઇને હવે ઉગરવાનો સંભવ ઓછો બલ્કે નહિ જેવો જ જણાયો. સંભાજીના હાથે મરવું, સ્વાધીન થઇને મરવું, તે કરતાં સ્વમાન જાળવીને આપઘાત કરવો તેને વધારે વાજબી લાગ્યો. જે બાઇ નિર્દોષ જીવોનાં બોલતાં બોલતાંમાં ખૂન કરવા કે કરાવવામાં કશો સંકોચ પામતી ન હતી, એવું જેનું કઠિન કાળજું હતું, તે બાઇને પોતાના જ પેટમાં ખંજર ભોસી દઇ મરી જવામાં શાની ગભરામણ થાય? સંભાજી, સોયરાબાઇના મહાલયમાં આવ્યો અને સોયરાબાઇની શોધ કરતાં તેને માલમ પડ્યું કે સોયરાબાઇ આપઘાત કરીને ક્યારનીયે શબરૂપે ભૂમિપર પડી હતી. એ પાપી પ્રેતપર ફીટકારનો એક શબ્દ ફેંકી સંભાજી ત્યાંથી પાછો ફર્યો.

રાજારામને સોયરાબાઇએ આપઘાત કર્યાની ખબર પહોંચાડવામાં આવી. તેના હાથે યોગ્ય વિધિપૂર્વક દહન ક્રિયા થઇ, અને એ રીતે સંભાજીનો માર્ગ સરલ થયો.

તેવીસમું પ્રકરણ

રાજ્યારોહણ

સંભાજીનો રસ્તો સરલ થયો, એટલે પન્હાળાગઢથી સંભાળપૂર્વક તેના પુત્રને અને યેસુબાઇને રાયગઢ તેડી લાવવામાં આવ્યાં. રાજારામ અને તારાબાઇ, સંભાજી અને યેસુબાઇ સાથે સાચા કુટુમ્બસંબંધના વિશુદ્ધ ભાવ સાથે ભળી ગયાં. રાજારામને પોતાની પ્રપંચમૂર્તિ સોયરાબાઇના ઘાતથી શાનો ખેદ થાય?

મોરોપંત, હંબીરરાવ, કબજી વગેરે વફાદાર ને વિશ્વાસુ માણસો સાથે સંભાજી જરા નિરાંતવાળીને બેઠો હતો, એટલામાં બાકી રહી ગએલા હીરાજી ફર્જન્દના છૂપાઇ રહ્યાની બાતમી તે મંડળીને મળી. તેને શોધી કહાડવામાં આવ્યો અને હાથીના પગતળે કચરી નાખવાનો તેને માટે હુકમ થયો. એવા હુકમનાં અમલ માટે વિલંબ પણ શાનો થાય?

ત્યાર પછી શ્રાવણ સુદિ બીજને દિવસે સર્વ સૈન્યગણ સાથે યુવરાજ સંભાજીએ રાયગઢના મૂખ્ય મહાલયમાં પ્રવેશ કર્યો. સૈન્યને નિયત સ્થળોએ વિદાય કરવામાં આવ્યું. મોરોપંત, હંબીરરાવ, કબજી અને પોતાના અંગરક્ષકોને હાલ સાથે જ રાખવામાં આવ્યા હતા.

સદ્‌ગુરૂ શ્રી સમર્થ આજ્ઞા પ્રમાણે નાગપંચમીનો દિવસ રાજ્યાભિષેક માટે નિયત થયેલો જાહેર કરવામાં આવ્યો અને તેને માટેનો દરબાર યથાવિધિ ભરવાનો દિવસ માઘ સુદિ દશમનો ઠરાવવામાં આવ્યો.

નાગપંચમીનો દિવસ આવવાને ઝાઝી વાર ન લાગી. રાજ્યારોહણને લગતી તૈયારીઓ સંપૂર્ણ રીતે થઇ ચૂકી હતી. સમસ્ત રાયગઢને ધજાપતાકા ને તોરણ આદિથી શણગારવામાં આવ્યું હતું. રાયગઢવાસીઓએ પોતપોતાનાં મકાનોને ને દુકાનદારોએ દુકાનોને સારી રીતે સુશોભિત બનાવી હતી.

મહારાજ શિવાજીનું જે સ્થળે રાજસિંહાસન ગોઠવાયલું હતું તે સ્થળને ઇંદ્રપુરી જેવું બનાવી દેવામાં આવ્યું. હાથી અને અશ્વો ઉપર પણ આજે કિંમતી પોષાક ચડયો હતો. ડંકા અને નિશાન રાજ્યારોહણની તૈયારીઓની ચેતવણી આપી રહ્યાં હતાં. રાજ્યારોહણને પ્રસંગે શ્રી સમર્થ આજ્ઞા પ્રમાણે દરબારમાં માત્ર ગઢપરના જ માનકરી અને રહેવાસીઓને નિમંત્રણ થયું હતું. સમસ્ત રાજ્યના સરદારો વગેરેને માઘ સુદિ દશમના મહા સમારંભ સમયે ન્હોતરવાનું ઠર્યું હતું.

સંભાજીના રાજ્યારોહણ માટેના નિયત મુહૂર્તને હવે માત્ર બે જ ઘટિકાની વાર હતી. બે ઘટિકા પછી ‘યુવરાજ’ ને બદલે ‘મહારાજ’ નું પદ ધારણ કરનાર સંભાજી વીરોચિત પોષાક સજી સજ્જ થયો હતો. સમય થતાં જ છડીદારે છડી પોકારી. નોબત ને ડંકો વાગ્યો. સંભાજીએ મનમાં માતુશ્રી સઇબાઇ અને પિતાશ્રી શિવાજીનું પવિત્ર સ્મરણ કર્યું અને સૂક્ષ્મભાવે તે માતપિતાને વન્દન કર્યું. ઘોડેસ્વાર થઇને સંભાજી વાજતે ગાજતે દરબારમાં આવ્યો. દરબારમાં દાખલ થતાં જ પ્રજાજન તરફથી તેનાં ઓવારણાં લેવાયાં. સેંકડો શ્રીફળ વધેરાયાં અને તેનો પ્રસાદ વહેંચાયો. દરબારમાં દાખલ થતાં જ મહેશદાસ નામના ચારણે રાજ્યસભાશોભન સુન્દર કવિત લલકાર્યું. કવિત ગવાતાં હતાં અને આ તરફ દરબારમાં વિરાજેલા દરબારી સભ્યો, નાગરીકો, માનકરીઓ, અને અષ્ટપ્રધાન વગેરેનાં નમનને હસતે મુખડે ઝીલતાં ઝીલતાં સંભાજી પોતાના સામાન્ય આસને આરૂઢ થયો. બહારના ભાગમાં સુમધુર નાદથી વિવિધ પ્રકારનાં વાદિંત્રો વાગી રહ્યાં હતાં, તે હવે બંધ કરવામાં આવ્યાં. સભામાં શાંતિ પ્રસરી.

સંભાજીની જમણી બાજુ રાજારામને બેસાડવામાં આવ્યો હતો. તેની સાથે બાળાજી ચિટણીસ હતા. ત્યારપછી બીજા હોદ્દેદારોએ પોતપોતાના નિયત આસને બેઠક લીધી હતી. સંભાજીએ સર્વને સંબોધીને ભાષણ કર્યું:– “ચિટણીસજી, પ્રધાનો, શહેરીઓ, માનકરી વર્ગ, સરદારો, વગેરે, શ્રી સમર્થ આજ્ઞા પ્રમાણે આજ રાજસિંહાસનારૂઢ થતી વેળાએ બે શબ્દો મારે આપને સંભળાવવા, એ હું મારૂં પરમ ધર્મકર્ત્તવ્ય માનું છું. આજથી મારી સમગ્ર પ્રજાને મારા સાચા કુટુમ્બ તુલ્ય માનીશ. સ્વર્ગસ્થ મહારાજાએ સંપાદન કરેલી ઉજ્જ્વલ કીર્તિમાં, ચન્દ્રની ચઢતી કલા પેઠે અભિવૃદ્ધિ થયાં કરે, તેવાં ભલાં કર્ત્તવ્યો મારે હાથે, આપની મદદ સાથે થાઓ એમ હું ઇચ્છું છું. કબજીએ મારી અત્યાર સુધી બજાવેલી સેવાને અને તેનું અંતઃકરણ હવે સર્વાંશે નિર્મળ થયું છે, તે બાબતને ધ્યાનમાં લઇ હું આજથી તેને ‘છંદોગામાત્ય’ની પદવી, તેની કવિત્વશક્તિને અવલંબીને આપું છું, જે અધિકારથી પોતે દરબારમાં બેઠક ધરાવી શકશે. ચિટણીસજીની સેવાને ધ્યાનમાં લઇ વંશપરંપરાને માટે તેમની ચિટણીસની જગા કાયમ કરવામાં આવે છે. મોરોપંત અને હંબીરરાવની અપૂર્વ વફાદારીની કદર કરી, તેમને ચીરકાળ સંભારણું રહે તેવી તેઓની મરજી મુજબની બક્ષીસ આપવાનું આ તકે હું જાહેર કરૂં છું. ચિટણીસ બાળાજીના બન્ધુ શ્યામજીને પણ યોગ્ય હોદ્દાથી સંતોષવામાં આવશે. આ ઉપરાંત મારે જે મહત્વનો એક બોલ બોલવાનો બાકી રહે છે, તે એ છે કે સમસ્ત પ્રજાને હું ઇશ્વરને સાક્ષીભૂત રાખીને વચન આપું છું કે પ્રજા પ્રત્યેના રાજ્યધર્મને હું સર્વાંશે પાળીશ અને પ્રજાના હિતમાં જ હું મારૂં હિત ઇચ્છીશ.”

આટલું સંભાષણ થતાં જ શ્રી સમર્થગુરૂના શુભાશીર્વાદસૂચક શ્લોકો કર્ણગોચર થયા. સજ્જનગઢથી શ્રી સમર્થ શિષ્ય ઉદ્ધવસ્વામી સંભાજીને પત્ર આપવા સારૂ આવેલા હતા, તે હકીકત પ્રતિહારદ્વારા સર્વને વિદિત થઇ, “ચિરાયુ વીરવાન્ ભવ” એવા આશીર્વાદ સાથે ઉદ્ધવસ્વામીએ દરબારમાં પ્રવેશ કર્યો અને શ્રી સમર્થની આશીર્વાદયુક્ત ઉપદેશપત્રિકા સંભાજીને આપવામાં આવી. તે જ વખતે ભર્યા દરબારમાં “જય જય રઘુવીર સમર્થ” ના નામનો જયઘોષ થયો.

ત્યારપછી શ્રી ઉદ્ધવસ્વામીની યથાવિધિ પૂજા થઇ, ઉદ્ધવસ્વામીએ ‘યુવરાજ’ સંભાજીને રાજધર્મને યોગ્ય ક્રિયા કરીને રાજ્યાભિષેક કર્યો અને સંભાજીને “મહારાજ સંભાજી” એ પ્રમાણે સમ્બોધન કરી કલ્યાણક આશિષ દેવામાં આવી. તે જ વેળાએ નોબત–ડંકો થયો. રાયગઢમાં તોપો ફૂટી.

સંગીત ચાલ્યું, અડધો કલાક કંચનીઓનો નાચ થયો. ફરી એકવાર "જય જય રઘુવીર સમર્થ" નો મંગલ નાદ થયો. તેની સાથે જ "સંભાજી મહારાજનો જય હો" એવા એક સામટા સૂરથી આખો દરબાર ગાજી રહ્યો.

આ રીતે સંભાજીનું રાજ્યારોહણ થયું અને દરબાર બરખાસ્ત થયો. રાયગઢમાં આજ અપૂર્વ ઉત્સવ ઉજવાઇ રહ્યો હતો. આજથી "સંભાજી મહારાજની" આણ વર્તાઇ અને તેમની જ છાપનું નાણાંચલણ શરૂ થયું.

ચોવીસમું પ્રકરણ

ઉપદેશામૃત અને સ્વપ્નલીલા

સંભાજીને રાજ્યાભિષેક તો થયો, પણ તેના અંતઃકરણનો અનુભવ વાચકને નથી થયો. તેણે પિતાની રાજ્યગાદી મેળવી, તે પ્રજાનો રાજા થયો, પણ તેના મનોરાજ્યનો વાચકને પરિચય કરાવવો બાકી રહ્યો છે. મહાપુરુષોનું વચન છે, કે પોતાના જ આત્માપર શાસન જેણે મેળવ્યું નથી, પોતાના જ મનોરાજ્યનો જે વિજેતા થયો નથી, તે જો પ્રજાનું આધિપત્ય મેળવે તો પણ તે આધિપત્ય દીપી ઉઠતું નથી; તેવું આધિપત્ય લાંબી મુદત ટકતું પણ નથી, ટકે તો તે આધિપત્ય નામના વગરનું--કેવળ નામનું--જ રહે છે.

સંભાજીને રાજ્યાભિષેક થયો તે દિવસ તેણે પોતાના જીવનમાં અદ્વિતીય માન્યો. એક રીતે તે દિવસ અદ્વિતીય તો ખરો જ. પોતાનું જીવન આજથી ઓર આનન્દ અનુભવવા લાગ્યું. સંભાજીના આનન્દમય જીવનને અંતરાયભૂત નિવડનાર કંટકો હવે હતા નહિ. તેના હિતશત્રુઓ સંભાજીદ્વારા તેમ જ સંભાજીને હાથે ધરતીપરથી હતા ન હતા થઇ ગયા હતા. સંભાજી યુવરાજ હતો તે હવે શાસક-મહારાજ થયો. સંભાજીને આનન્દ કેમ ન થાય?

આનન્દની સુમધુર લહરીઓમાં ડોલતો સંભાજી આજે નિરાંતે તેની પત્ની-યેસુબાઈ સાથે છત્રીસી રસોઇ જમ્યો. યેસુબાઇને મન પણ જાણે સોનાનો સૂર્યોદય આજે થયો હોય તેવું સમજાતું હતું. યેસુબાઇ પોતાના ભાગ્યથી સંતોષ પામતી દેવી ભવાનીનો ને પરમકૃપાળુ પ્રભુનો ઉપકાર માનતી પોતાના પતિ-સંભાજી સાથે આનન્દમગ્ન થવા લાગી. એ રીતે

સંભાજી અને યેસુબાઇ, બન્ને આજે અદ્વિતીય દાંપત્યભાવોમાં ગરકાવ થતા રાજમહાલયની ઉંચી, આકાશખુલ્લી અટારીએ ચડી નિર્મળ વિનોદ કરી રહ્યાં હતાં.

આનન્દમાં વહી જતો કાળ ગમે તેટલો લાંબો હોય, છતાં તેનો ખ્યાલ આનન્દ ભોગવનારને થતો નથી. "બ્રહ્મનિષ્ટ પંડિત" મણીલાલ નભુભાઇએ કાન્તા નાટકમાં ઉચિત લખ્યું છે, કે:—

" જો પ્રેમમાં જુગ વહે, પણ સ્વલ્પ દિસે,
ઉડે પળેપળ ખુબી નવલી વિશેષે. "

પ્રેમ અને આનન્દ અનુભવતાં રાજદંપતીને પણ એમ જ હતું. એ આનન્દનો પ્રસંગ પણ તેમને એટલો જ સાનુકૂળ હતો. ચન્દનીનો પૂર બ્હાર ખીલી રહ્યો હતો. જગત્ જંપ્યું હતું. સઘળે શાંતિ પથરાઇ હતી. વાયુની મન્દ મન્દ લહરીઓ ચાલી રહી હતી. પુષ્પોની પરિમલ તે વરસતા વાયુ સાથે ફોરી રહી હતી દૂર દૂરથી કોઇ મધુરવાં પંખીનો ઉંડો–ઝીણો ટહૂકાર–માત્ર–થતો હતો; સિવાય સઘળું જ શાન્ત હતું. તે વેળાએ સંભાજી અને યેસુબાઇ વચ્ચે અગમ્ય ને અનનુભૂત તારામૈત્રિક થઇ ગયું. યેસુબાઇથી સહસા જ પૂછાઇ જવાયું:—" નાથ! આપણે કયાં છીએ ? "

સંભાજીથી સહસા જ બોલાઇ જવાયું:—"સ્વર્ગમાં, વ્હાલી–મારી યેસુ ! "

આનન્દની રસિક લિજ્જતમાં દંપતીએ માઝમરાત ગુજારી અને બરાબર મધ્યરાત પછી બન્નેની આંખોમાં નિદ્રા ભરાઇ. મહારાષ્ટ્ર ભૂમિનો શાસક નિદ્રાદેવીને સ્વાધીન થયો. નિદ્રા જેવી વસ્તુને સ્વાધીન થઇ જનાર શાસક પ્રજાને કેટલી મુદત અને કેવા પ્રકારે સ્વાધીન રાખી શકે, એ પ્રશ્ન આ પ્રકરણમાં વાચકને અસ્થાને લાગશે, પણ એ પ્રશ્ન સંભાજીના મનોરાજ્યનો વિચાર કરતી વેળાએ અતિ મહત્ત્વનો છે, એટલા જ વાસ્તે તે હાલ યાદ કરાવેલો છે. એમ કહેવાય છે કે નેપોલિયન ધારતો ત્યારે ઉંઘી શકતો, તો હુકમ કરે ત્યારે જ નિદ્રાદેવી, "દેવી" તરીકે નહિ, પણ દાસી તરીકે તેની સેવામાં હાજર થતી; હવે નેપોલિયન નથી, છતાં નેપોલિયનનાં યશોગાન તેથી જ ગવાતાં હશે.

સંભાજી નેપોલિયન ન હતો. તે સંયમી શાનો હોય? તેણે તો રાતની રાત પાસાં તપાવ્યાં છે, નિદ્રાદેવીને સેંકડોવાર નિમંત્રણ કર્યાં છે, નિદ્રાદેવી તેને અધીન થઇ ન હતી. હજુયે તે નિદ્રાને અધીન છે, નિદ્રા તેને અધીન નથી એ તો આપણે હમણાં જ જોયું.

નિદ્રાની સહીઅર પણ હોય છે. પોતાને પોતાનું વિશુદ્ધ ભાન

ન થયું હોય, ત્યાં સુધી તે વ્યક્તિ નિદ્રાવશ કહેવાય છે; જો સંભાજીએ પોતાને બરાબર ન ઓળખ્યો હોય, કાચનિર્મળ જળમાં પડતા પોતાના પ્રતિબિમ્બને જેમ દૃષ્ટિ દેખી શકે છે, તેમ સૂક્ષ્મ દૃષ્ટિવડે સ્વાત્માનુભવ જેને ન થયો હોય, તે સુષુપ્તિ સંચિત જીવ–ગમે તેટલો સમર્થ શાસક હોય, છતાં પામર જીવ જ રહે છે. સંભાજી–મહારાષ્ટ્રનો શાસક છતાં પામર જીવ હતો કે નહીં તે તો તેનું જીવન સર્વાંશે જે આલેખી શકે તે જ કહી શકે.

પ્રતિવ્યક્તિનું જીવન આલેખવાનું કાર્ય ન્હાનુંસનું નથી. તેને માટે તો મહાન શક્તિ જોઇએ. અપૂર્વ સંયમબળ જોઇયે, સમર્થ વિચાર ને અવલોકન બળ જોઇએ, બે કાંટે બરાબર તોળીને વજન માપનારી સારાસાર વિવેક શક્તિથી તે અવલોકનકાર પારંગત ને પાવરધો હોવો જોઇએ.

શ્રી સમર્થગુરૂ તેવા હતા. સંભાજીનું જીવન આલેખી શકે તેટલા પોતે શક્તિસંપન્ન હતા. સંભાજીને રાજ્યાભિષેક થયો, ત્યારથી શ્રી સમર્થ ગુરૂને સંભાજી વિષે એક પ્રકારની ચિન્તા ઉત્પન્ન થવા માંડી હતી. મહારાષ્ટ્રની યશોજ્જ્વલ ગાદી નિષ્કલંકિત રહેલી જોવાને શ્રી સમર્થ ગુરૂ હમેશાં ઇંતેજાર રહેતા હતા. એટલા જ માટે સંભાજીને ખાતર (અથવા મહારાષ્ટ્રને જ માટે) સમર્થ ગુરૂ ચિન્તાશીલ રહેતા હશે.

દોરડાં વગરના તાર સન્દેશાની પરિશોધ થઇ ન હતી, તે પહેલાંયે આર્યાવર્ત્તમાં તે વિદ્યાનો ઉપયોગ ચાલુ જ હતો. બીજાના મનની વાત જાણી શકાય અને પોતાની પ્રેરણાનું પાન બીજાને કરાવી શકાય, તે પરિશોધ–તે આધ્યાત્મિક તત્ત્વ–ભરતખંડમાં સનાતન છે. શ્રી સમર્થ ગુરૂએ એ તત્ત્વ-વિદ્યાનો પ્રયોગ આજ અજમાવ્યો.

પાછળ જણાવ્યું છે તે પ્રમાણે છેક મધ્યરાત પછી સંભાજી ને યેસુ નિદ્રાધીન થયાં, ત્યાર પછી શ્રી સમર્થ ગુરૂનો પ્રયોગ ભજવાયો. લોકો ભલે એમ માને કે નિદ્રાધીન થયા પછી વ્યક્તિમાત્ર નિષ્ક્રીય બને છે; કુદરત તે વાત પ્રત્યક્ષ પ્રમાણથી તદ્દન જુદી છે, એમ પુરવાર કરી બતાવે છે. સૂર્યાસ્ત પછી બગીચામાં વિલાઈ ગએલા ફૂલ, છોડ, બીજા દિવસના પ્રભાતકાળે કેવા પ્રફુલ્લ દિસે છે? એ એ જ બતાવે છે કે રાતની વેળાએ પણ કુદરત તો તેનું કાર્ય કર્યે જ જાય છે. જેમ કુદરત માટે, તેમ મનુષ્ય અને તમામ પ્રાણી માત્ર માટે પણ છે. ભરનિદ્રામાંયે સમસ્ત પ્રાણીની આંતરિક સંચલન-ક્રિયા તો ચાલુ જ હોય છે. કોઇ કોઇ વાર ભરનિદ્રામાં આ સૃષ્ટિથી પર કોઇ અન્ય સૃષ્ટિના અનુભવો પણ મળતા હોય છે જ.

સંભાજીને આજે તે સત્યનો સાક્ષાત્કાર થયો. સંભાજી મધ્યરાત પછી ભરનિદ્રામાં પડયો, ત્યાર પછી તેને અલૌકિક વિશ્વનાં દર્શન થયાં. રંગભૂમિપરનો પડદો ઉઘડતાં દૃશ્ય થતી લીલા જેવી લીલા તે અનુભવવા લાગ્યો. ભરનિદ્રામાં તેણે દૃષ્ટિ આગળથી એક પડદો સરકી જતો દીઠો. પડદો સરકી જતાં પ્રકાશમાં તે અંજાવા લાગ્યો. પ્રકાશવડે તેણે જોયું કે પોતાની સમક્ષ, એકવાર પોતે જે સજ્જનગઢમાં શ્રી સમર્થ ગુરૂના મઠમાં ગયો હતો, તે સજ્જનગઢ ને તે મઠ ખડાં થએલાં હતાં. મઠની મધ્યમાં, આસપાસ વીંટળાઇ વળેલા તારકગણની વચ્ચે ચળકી રહેલા ચન્દ્ર પેઠે, શ્રી સમર્થ ગુરૂ બેઠા હતા. તેમની આસપાસ ઉદ્ધવસ્વામી અને બીજા શિષ્યો બેઠેલા દૃષ્ટિગોચર થતા હતા. સંભાજીએ સ્વપ્નદશામાં સમર્થ ગુરૂને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. ગુરૂએ કલ્યાણક આશિષ દીધી અને સંભાજીના મસ્તિકપર અમીભર્યો ગુરૂએ હાથ મૂકયો. અહીંથી હવે શ્રી સમર્થ ગુરૂએ સંભાજીને સૂક્ષ્મ રીતે, તે શાસક થયો ત્યાર પછી, શાસકને છાજતો ઉપદેશામૃત દેવા માંડયો.

સંભાજીએ શ્રી સમર્થ ગુરૂને વિનતિ કરીઃ— "પ્રભો! કાંઇ આદેશ ?"

શ્રી સમર્થ ગુરૂએ આદેશ સાથે ઉપદેશામૃતનું સંભાજીના ઉગતા જીવનમાં સિંચન કરવા માંડયું. શ્રી સદ્‌ગુરુએ ગિર્વાણ પ્રવાહ વહેવરાવ્યોઃ—

"સાંભળ, સંભાજી! હવે તું યુવરાજ મટીને મહારાજપદને પામ્યો. તે પદ જેટલું મહાન છે, તેટલી જ તેની જવાબદારી પણ મહાન છે. તે પદને યથાર્થ રીતે સમજ અને તે સમજણ જીવનમાં ઉતાર. છત્રપતિ શિવાજીનું ભવાનીખડ્ગ અદ્યાપિપર્યંત નિષ્કલંકિત રહ્યું છે, તેવું જ નિષ્કલંકિત રાખવાનું ને મહારાષ્ટ્રની ગાદી યશોજ્જ્વલ રાખવાનું કામ હવે તારૂં છે. સ્વર્ગસ્થ પિતાના આત્માને પરિતોષવા સારૂ તારે કેવાં કર્તવ્યો અદા કરવાનાં છે, તે બાલાજી ચિટણીસ તને કહેશે, તેપર પૂરતું લક્ષ્ય આપજે. આર્યમાતાની ધવલ કીર્તિ ટકાવી રાખવાનું પુરૂષાર્થ વિલાસમોહના છન્દમાં મુગ્ધ બનીને ભૂલીશ નહિ. પિતા પ્રત્યેનો પુત્ર પ્રેમ પ્રજાને પ્રેમથી જ જીતીને જગતને પુરવાર કરી આપજે. ચંડિયાગ અને અશ્વમેધ કરવાની શિવાજી મહારાજને મહત્વાકાંક્ષા હતી, તે તારે હાથે સફળ થાઓ એવી મારી શુભાશિષ છે. શહાજી રાજાનો તું વંશ જ છે અને શિવાજી મહારાજનો પુત્ર છે, તે હમેશાં સ્મરણમાં રાખજે અને પૂર્વજની કીર્તિથી ગૌરવ ધરાવી, અહોનિરંતર ગૌરવવન્તોજ તું રહે, તેવાં ધર્મકર્તવ્યો કરતો રહેજે. નર્મદાથી રામેશ્વર પર્યંતનો પ્રદેશ મહારાષ્ટ્ર સત્તા હેઠળ મૂકાયલો છે, તે જ

પ્રમાણે ઉત્તર પ્રદેશ સર કરી એકછત્રી રાજ્યસ્થાપના કરવાના શિવાજી મહારાજના આંતરઅભિલાષને ફલિત બનાવજે. ઔરંગઝેબપર જરાય ભરૂસો ન રાખતો. તેના કપટી સ્વભાવનો તને તારા બચપણથી જ, આગ્રા-ના અને દિલેરખાનની છાવણીના બનાવથી અનુભવ છે. મોટાં મોટાં આશ્વાસનો અને પ્રલોભનો દઇને કયારે ને કેવી રીતે તે ફસાવી દેશે તે કાંઇ કહેવાય નહીં. માટે તેનાથી હમેશાં સાવધ રહેજે. રાજા એટલે અનાથનો નાથ. રાજાની પહેલી ફરજ એ છે કે પ્રજાને સર્વ પ્રકારે સંકટમુક્ત બનાવવી. રાજા પ્રજાવડે રળિયામણો છે. પ્રજાની આબાદાનીથી રાજાની ખાનદાની ખીલી ઉઠે છે. પેટનાં સન્તાન જેવા સદ્‌ભાવપૂર્વક પ્રજાનું પાલન કરવું એ સાચો રાજધર્મ છે. તારે માથે ઇતર પ્રજાનો ભાર ઝઝુમી રહેલો છે. ફિરંગી, આરબ, મોગલ, પોર્ટુગિઝ, અંગ્રેજ વગેરે પ્રજા પરદેશી ને પરધર્મી હોઇ તેના કાવાદાવાથી ભૂલભૂલામણીમાં રખે પડતો. રાજારામને સહોદર સમજી તેના પ્રત્યે મોટાભાઇને છાજતો ભ્રાતૃભાવ કાયમ રાખજે. વ્યંકોજી પ્રત્યે જેવું સદ્દવર્તન શિવાજી મહારાજનું હતું, તેવું જ વર્તન રાજારામ પ્રત્યે તારૂં હોવું જોઇએ. રાજારામ એટલે સોયરાબાઇ, એવું સમજવાની કસુર કરતો નહિ. મરાઠી સિંહાસનના બે ભાગલા ન પડે એમાં જ ખરી વિશિષ્ટતા છે. ખેતીના સંરક્ષણ વાસ્તે ખેડુત જેમ ખેતરની આસપાસ વાડ બાંધી લે છે અને જાતે માળો બાંધી દેખરેખ રાખે છે તેમ રાજ્ય સંરક્ષણાર્થે કિલ્લાબંધી કરવી અને હાથ હેઠળના અમલદારોને ભરૂસે જ નહિ રહેતાં સ્વયં દેખરેખ રાખવાથી જ રાજ્યનું સંરક્ષણ થઇ શકે છે અને તે સુવ્યવસ્થિત રહી શકે છે, એ મુદ્દાની વાત વિસ્મૃત ન થતો. ખુશામતખોર સેવકો શત્રુ કરતાં યે મહા ખરાબ ગણી તેને દૂર રાખજે. રાજ્યને સશક્ત રાખવું એ તેના ટકાવ માટેનું સર્વોત્કૃષ્ટ ઔષધ છે. ક્રોધના, ભયના, પ્રલોભનના, ઘણા પ્રસંગો આવશે; તેવે વખતે ખમીર ન ખોતો. મનપરનો કાબુ ન ગુમાવતો. સંયમવડે સારાસાર વિવેકશકિતથી પ્રાપ્ત પ્રસંગનો સૂક્ષ્મ વિચાર કરીને અને હિતાહિત તપાસીને પગલું ભરજે. ઉતાવળ કે અધીરાઇથી કાર્ય કરતાં વિપરીત પરિણામ વેઠવું પડે છે. એકપત્નીવ્રતનું પાલન કરજે. ગુનીઆત જાતના વીરપુરૂષોને યોગ્ય આશ્રય દઇ તેમની મદદ વડે રાજ્યવૃદ્ધિ કરતો રહેજે. રાજ્યગુહ્ય વાત કોઇને કાને પણ નાખીશ નહિ. વિશ્વાસુ સેવકોને હાથે જાણેઅજાણે કદાચ અયોગ્ય કાર્ય થઇ જાય, તો પણ તેની પૂર્વ સેવાઓને લક્ષમાં લઈ તેમને ક્ષમા આપવી, એ રાજ્યભૂષણ છે, તેમાં દૂષણ જરાય નથી. પ્રધાનો પ્રત્યેનું સન્માન જાળવી રાખજે. 'ઐકય' એ શબ્દને વિભક્તિ પ્રત્યય લગાડી

તેનું મૂળ સ્વરૂપ બદલવા દઇશ નહીં. હિંસકમાનવીની મૈત્રી રાખીશ નહિ. માદક પીણાં, વારાંગનાનાં ગાનતાન, વિલાસભોગી સ્થૂળ વૈભવો, આદિનો ગુલામ ન થતો. તું ચતુર છે, હુંશિયાર છે, રણબહાદૂર છે; છતાં ક્રોધી છે, વિલાસભોગી છે, વ્યસની છે, તે તત્ત્વો તારામાંનાં સુન્દર તત્ત્વોપર આવરણ છાઇ દે છે. તેથી કેટલીક વાર વિશુદ્ધ હેતુની સિદ્ધિ થતાં અટકી પડે, એ દેખીતું છે, હવે તું રાજા થયો, અનિષ્ટ તત્ત્વો ને નષ્ટ કરવાં એ તારૂં પ્રથમ કર્ત્તવ્ય છે. સંભાજી! તારૂં કલ્યાણ થાઓ."

સમુદ્ર કિનારે વહેતી મન્દ મન્દ શીતળ સમીરણ લહરી જેવી શ્રી સમર્થગુરૂની ઉપદેશવાણીનો વહેતો પ્રવાહ આટલેથી અટકયો. નીચી દૃષ્ટિ ઢાળી, કરસંપૂટ કરી, સમ્પૂર્ણ વિનયપૂર્વક ઉપદેશને સાંભળી રહેલા સંભાજીએ સમર્થગુરૂને ફરીથી નમન કર્યું. પોતાના જીવનમાં આજે અમૃતસિંચન થતું હોય તેવો અનુભવ સંભાજીને થઇ રહ્યો હતો. મઠની સામે જ ફુલવાડી હતી, ફુલવાડીમાં ખીલી રહેલાં પ્રફુલ્લ પુષ્પો જેવું પોતાનું જીવન પણ સુમધુર બન્યું હોય તેવું સંભાજી અનુભવવા લાગ્યો. સંભાજીએ ઉપદેશામૃતનું આટલું પાન કર્યાં છતાં જાણે તેને તૃપ્તિ ન થઇ હોય, તેમ ફરીથી શ્રી સમર્થગુરૂને વિનતિ કરીઃ—"મહારાજ! કાંઇ વિશેષ?"

"વિશેષ કશું નહિ; સંભાજી! એકની એક વાત પુનઃ પુનઃ કહેવાથી તેની મધુરતા નષ્ટ થાય છે; છતાં એક વસ્તુ તને ફરીથી કહી દઉં છું, કે તું એકપત્નીવ્રત પાળજે."

શ્રી સમર્થગુરૂની આ પુનરુક્તિથી સંભાજી જરા ચમકયો. તેણે ગુરૂપ્રત્યે સહજ શંકિત મને જોયું. પોતાને આમ પુનઃ શાથી શિખામણ દેવાઇ છે, તે વિષે સંભાજી વિચાર કરતો હતો, એટલામાં તેની શંકાનું ગુરૂશ્રીએ જં નિવારણ કરવા માંડયુંઃ—"સંભાજી! તું તાજુબ થાય છે? કે તને એકપત્નીવ્રતની વાત વારંવાર શાથી સંભળાવી રહ્યો છું, તે તું ન કળી શકયો? પન્હાળગઢની લીલાનું સ્મરણ કર; ત્યાંની ત્હારી પેલી મોહના—"

સંભાજીનો શક ખરો પડયો. જે મોહનાનું નામ હજુ તેણે હૃદયના એક ભાગમાં કોતરી રાખ્યું હતું, તે મોહના ગુરૂશ્રીથી છૂપી રાખી શકાઇ નહીં. પુત્રોત્સવ પ્રસંગે જે મોહનાને નાચ કરવા પોતાને ત્યાં તેડાવી હતી, તે જ મોહના વિષે શ્રી સમર્થગુરૂ અત્યારે વાત કરી રહ્યા હતા. ગુરૂશ્રીએ કહ્યુંઃ—"સંભાજી! મોહનાનો મોહ હવે ભૂલી જજે. રાજા થઇને પ્રજા પ્રત્યે તારે કેવો આદર્શ બેસાડવો છે? લંપટ રાજા પ્રજાને પવિત્ર ન રાખી શકે; લંપટ રાજા પ્રજામાં પવિત્રતાની આશા ન ધરાવી શકે. તારા પૂજ્ય

પિતાને પગલે ચાલશે, તો જ તારો અને મહારાષ્ટ્રની ગાદીનો જયજયકાર છે.”

ઉપદેશ પૂરો થયો. તેની સાથે જ રંગભૂમિપર જાણે પડદો પડતો હોય, તેમ સ્વપ્નદશા ભોગવતા સંભાજીની આંખ આડે પડદો પડયો. પ્રકાશ ઢંકાઇ ગયો. સંભાજી હજુ વિચારમગ્ન હતો. પૂજ્યપિતાને પગલે એક પત્નીવ્રતપણાથી ચાલવાનું ગુરૂશ્રીએ શાથી કહ્યું હશે, તે વિષે તેને વિચારો થતા હતા. તે વિચારોના વાતાવરણથી અથવા શ્રી સમર્થગુરૂની કૃપાથી, કે ખુદ શ્રી શિવાજી મહારાજની જ પ્રેરકશક્તિના પ્રભાવથી, ગમે તે કારણથી, સંભાજીની દૃષ્ટિ સમક્ષ બીજી લીલા ભજવાવા લાગી.

ભજવાતા નાટયપ્રયોગનો એક પ્રવેશ પૂરો થતાં જાણે બીજો પ્રવેશ દૃષ્ટિગોચર થતો હોય, તેમ સંભાજીએ, પોતાની સ્વપ્નદશામાં, શ્રી સમર્થગુરૂના ઉપદેશામૃતવાળી લીલા અનુભવ્યા પછી બીજી લીલા ભજવાતી દીઠી. એકપત્નીવ્રતપણા માટે “પૂજ્ય પિતાશ્રીને પગલે ચાલજે” એ ગુરૂવાણીનો સાક્ષાત્કાર થવા લાગ્યો. સંભાજીએ જોએલો ચિતાર આ પ્રમાણે હતોઃ—

પ્રથમ તેને ભારતવર્ષમાં મોગલ સલ્તનતનો પાયો મજબૂત રીતે રોપનાર પરાક્રમી ને સમદૃષ્ટિયુક્ત અકબ્બર શાહનાં દર્શન થયાં. ઘડીક ઝબકીને વિલય પામતા, ખરતા તારાપેટે અકબ્બરના દર્શનનો ચમત્કાર મીટ માંડતામાં લુપ્ત થયા પછી અકબ્બર શાહને પગલે પગલે ચાલીને શાસનતંત્ર ચલાવનાર શાહેનશાહ જેહાંગિર અને શાહજહાંનાં સંભાજીને દર્શન થયાં; ત્યાર પછી દિલ્હીના જીવંત શાહ ઔરંગઝેબની પ્રતિમા ખડી થઈ. સંભાજી સ્તબ્ધ થયો. “સમર્થગુરૂના ઉપદેશામૃતના પાન પછી પણ ઔરંગઝેબ જેવાનાં દર્શન!” આ વિચારથી સંભાજી શંકાશીલ બન્યો અને કુતૂહલ દૃષ્ટિયે ઔરંગઝેબ સામે જોઇ રહ્યો. થોડી જ ક્ષણો થઇ, એટલામાં ઔરંગઝેબની
અશુદ્ધ પ્રતિમાને પોતાના પ્રચંડ પણ નિર્મળ તેજવડે છાઈ દેતી શ્રી શિવાજી ૮
મહારાજની પૂજ્ય પ્રતિમા ખડી થઇ. સંભાજીએ તે પ્રતિમા આગળ શિર ઝુકાવ્યું અને ઔરંગઝેબની ભોંઠી પડેલી પ્રતિમા ત્યાંથી અલોપ થઇ.

શિવાજીની પ્રસ્તુત પ્રતિમા, ૧૬૬૪ની સાલમાં તેમણે તોરણાનો ૯
પહાડી કિલ્લો સર કર્યો તે વખતની હતી; અર્થાત્ ઓગણીસ વર્ષના રાજયુવરાજ શિવાજીની એ કિશોરપ્રતિમા હતી.

ત્યારપછી સિનેમાની ફિલ્મપરનાં ચિત્રો ક્રમેક્રમે દેખા દઇ અલોપ થતાં હોય, તેમ સંભાજીની દૃષ્ટિ આગળ થઇને તરેહવાર ભૂતકાલીન ચિત્રો

પસાર થવા લાગ્યાં. તોરણાનો કિલ્લો જોયા પછી, તે કિલ્લાની અગ્નિખૂણે ત્રણ માઇલપર બન્ધાયલો રાયગઢ દૃષ્ટિગોચર થયો. ત્યાર પછી ચાકણ, સિંહગઢ અને પુરંધર શિવાજી મહારાજે સર કરેલો, તે ભૂતકાળ સંભાજીએ દીઠો; તેની સાથે જ સહ્યાદ્રિ પર્વતપરના ઘાટમાથાના સઘળા કિલ્લાઓ–ઉત્તરે છેક કલ્યાણ સુધી, દક્ષિણે પ્રતાપગઢ સુધી અને કોંકણમાં તલા, ઘોસાળા અને રાયરીનો કિલ્લો મળીને સર્વ પ્રદેશ-શિવાજી મહારાજે સર કરેલો, તે ચિતાર ખડો થયો. ત્યાર પછી બીજું દૃશ્ય જોવામાં આવ્યું. કલ્યાણપર છાપો મારી ત્યાંના સુબા મુલાણા અહ-મ્મદને કેદ કરવામાં આવ્યો હતો, તે પ્રસંગ પ્રકટ થયો. એ ચડાઇના હંગામમાં આબાજી સોનદેવ નામના સરકારે મુલાણાની પુત્રવધૂને કેદી બનાવી કબજે કરી હતી, તે દૃશ્ય આવ્યું. શિવાજી મહારાજે કલ્યાણમાં પ્રવેશ કર્યો ત્યારે આબાજી સોનદેવે શિવાજી મહારાજને અરજ ગુજારી હતી, તે સમયની સર્વ લીલા ભજવાતી સંભાજીએ દીઠી. શિવાજી મહારાજને આસનારૂઢ થએલા જોવામાં આવ્યા. સામે જ આબાજી સોનદેવ ખડો હતો. તેણે મહારાજને વિનતિ કરી, કે “પ્રભો! યુદ્ધમાં એક અતિ લાવણ્યવતી નવયૌવના સ્ત્રીને પકડી છે; મહારાજની સેવા કરવા યોગ્ય તે લાગવાથી તેને કબજે કરી રાખી છે; હુકમ હોય તો હાજર કરૂં.” ત્યારે શિવાજીએ કહ્યું, કે “સત્વર હાજર કરો” ત્યાર પછી સંભાજીએ જોયું કે રૂપરૂપના અંબાર સરખી, શત્રુપુત્રની પત્ની શિવાજી આગળ ખડી કરવામાં આવી હતી. તેનું અનુપમ સૌન્દર્ય જોઇને શિવાજી મહારાજે તમામ સરદારોના સાંભળતાં જે કહેલું તે સંભાજીએ સાંભળ્યું; સાંભળ્યું અને “પૂજ્ય પિતાજીને પગલે” એક પત્નીવ્રતપણાના સદ્‌ગુણાનુંસાર ચાલવાનું ગુરૂશ્રીએ પોતાને કરેલું સૂચન સંભાજીથી બરાબર સમજાયું. શિવાજી મહારાજે તે સૌન્દર્યવતી શત્રુપુત્રની પત્નીને જોઇને કહ્યું હતું, કે “મારાં પૂજ્ય જનનીનું સ્વરૂપ આ યુવાન સ્ત્રી જેવું હોત, તો હું પણ તેના જેવો જ સુન્દર હોત. સરદારો! મનુષ્ય માત્ર–ખાસ કરીને નૃપાલ, જેને રાજ્ય ચલાવવું છે–તેણે કદી પણ પરસ્ત્રીની અભિલાષા ન રાખવી જોઇએ કે તેનાથી પરસ્ત્રીનો અંગિકાર થઇ શકે નહિ. પરસ્ત્રીના મોહથી રાવણ સરખા અતિ બલવાન નૃપાલનો નાશ થયો છે, તો મારા જેવાની શી સ્થિતિ થાય? મારે મન એ સ્ત્રી, માતા સમાન છે.”

સંભાજીના હોઠ ફફડયા. એક પત્નીવ્રતપણાનું રહસ્ય તે “સ્વપ્નદશા” માં સમજ્યો, પણ સ્વપ્નદશામાં સમજાયલું સત્ય જાગ્રતાવસ્થામાં

અનુભવમાં ન મૂકાય, ત્યાં સુધી શા કામનું? સંભાજીની આંખ આગળથી શિવાજી મહારાજવાળી એ આખીયે લીલા અલોપ થઈ. ત્યાર પછી ક્ષણભર તેને વિચાર થયો. "ખરી વાત છે. નૃપાલે એકપત્નીવ્રત પાળવું જ જોઈએ. यथा राजा तथा प्रजाः રાજાને ચારિત્ર્યશીલ રહેવું જ પડે." આમ સંભાજી વિચાર કરતો હતો, એટલામાં તેની દૃષ્ટિએ ત્રીજી સ્વપ્નલીલા ભજવાતી દીઠી. સંભાજી ચકિત થયો. "રાજ્યારોહણને બીજે જ દિવસે આ શા ખેલ!" સંભાજીથી કાંઈ કળી શકાયું નહિ. એ તો માત્ર કલાપીના કહ્યા પ્રમાણે આ તર્કે "ખુશ થઈ પ્રવાહે ભળી જવા"માં જ સંતોષ માનવા લાગ્યો.

એકપત્નીવ્રતપણાનું રહસ્ય સંભાજી સમજ્યો ન સમજ્યો એટલામાં એની આંખ આગળ નવીન લીલાનું નિદર્શન થયું. સંભાજીએ "ગુજરાતના નાથ" ગણાતા રાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહની પ્રતિમા નિહાળી. સિદ્ધરાજ ખોદાતા તળાવના તટે ખડો હતો અને ખોદકામ કરતી કામદાર સ્ત્રી જસમા ઓડણ પાસે પ્રેમની ભિક્ષા યાચી રહ્યો હતો. રાજા જેવો રાજા, વિના અધિકારનો પરપ્રેમ યાચતાં કેવો ગરીબ ગો જેવો બની ગયો હતો, તે સંભાજીએ બરાબર દીઠું. તેણે એ પણ દીઠું કે જસમા પ્રેમ ન દઈ શકી, પ્રેમ–શીયળના સંરક્ષણ ખાતર સ્વાત્મભોગ દઈ શકી હતી. વિલે વદને સિદ્ધરાજ ત્યાંથી પાછો ફરતો જણાયો. એકપત્નીવ્રતની સાથે એકપતિવ્રતપણાનું રહસ્ય સંભાજીને જસમા ઓડણે આડકતરી રીતે પઢાવ્યું; પરન્તુ પછી? પછી તે વિષે કાંઈ પણ વિચાર થાય, તે પહેલાં સંભાજીએ પાછા એ જ સિદ્ધરાજને, જૂનાગઢના રાખેંગારની પત્ની રાણકદેવીને વશ કરવાના પ્રયત્નમાં મશગુલ બનતો જોયો.

આ પ્રમાણે પ્રથમ શિવાજીની કર્તવ્યદક્ષતા અને પછી સિદ્ધરાજનો વિલાસ વૈભવ, એમ બે દૃશ્યો સંભાજીએ નિહાળ્યાં. સંભાજીની પ્રકૃતિ વિલાસ વૈભવયુક્ત હતી, તેથી વિલાસ વૈભવના ભોગ ભોગવવાને ટેવાયલી પ્રકૃતિએ સિદ્ધરાજના જીવન તરફ સંભાજીનું વધારે આકર્ષણ કરાવ્યું અને શ્રી સમર્થ ગુરૂના પ્રથમના ઉપદેશામૃતને પોતે ઘડીભર ભૂલવા લાગ્યો. એમ કહીએ તો ચાલે, કે સંભાજીની દશા "હર્ક્યુલિસની પસંદગી" જેવી થવા માંડી હતી. નીતિ અને અનીતિ દેવીની મધ્યમાં જાણે પોતે ઊભો હોય અને બન્ને બાજુથી એ બન્ને દેવીઓ સંભાજીને પોતપોતાના તરફ ખેંચી રહી હોય એવો આભાસ થતો હતો. સંભાજી જે તે એક વૃત્તિને વિવશ થાય, તે પહેલાં તેના હૃદયમાં અજબ મરતી મચી રહી હતી.

એક તરફથી સંસારસૃષ્ટિના લલિત વિહાર અને સુખોપભોગ પ્રત્યે તેનું આકર્ષણ થતું હતું, ત્યારે તે જ વેળાએ શ્રી સમર્થગુરૂના ઉપદેશામૃતિની સૂક્ષ્મ અસરવડે વળી આંતરવૃત્તિઓ જુદી જ સંજ્ઞા સંભળાવી રહી હતી. એમ કહેવામાં આવે છે કે ચોરી કરવા જનાર ચોર લોકોને પણ તેના અંતઃકરણનો અવાજ ચોરી કરવી એ સારૂં ન કહેવાય એવી સૂક્ષ્મ સંજ્ઞા તો એકવાર કરે છે જ; પછી તે સંજ્ઞાની અવગણના કરવામાં આવે કે તેના પ્રત્યે બેદરકારી દર્શાવવામાં આવે તે જુદી વાત છે. એ જ પ્રમાણે સંભાજીને વિષયોપભોગમાં નહિ, પણ મનુષ્યજીવનની સફળતા ઉમદા ચારિત્ર્યવડે પવિત્ર ને આદર્શ સદ્દવર્તનમાં જ સામયલી છે, એવી સૂક્ષ્મ સંજ્ઞા તેને અંતરના ઉંડાણમાંથી મળતી હતી. વસ્તુસ્થિતિ આમ છતાં વિષયોપભોગવાળી વૃત્તિનું મોહક આકર્ષણ જમ્બર હોવાથી સંભાજીને વારે ઘડીએ તે તરફ ઢળી જતાં વાર લાગતી ન હતી. આમ વિષયોપભોગ અને સદ્દવર્તન વચ્ચે હિંચોળારૂપ બનતા સંભાજીની સ્થિતિ જોવા જેવી થઇ રહી હતી. વિષયોપભોગવાળી વૃત્તિ સંભાજીને સંભળાવી રહી હતી કે 'જો મારી સલાહ પ્રમાણે ચાલીશ તો મનગમતી સુખ સાહ્યબી, એશઆરામ, રાજવૈભવ ને વિલાસ—ભોગ સારી રીતે ભોગવી શકીશ. ખાનપાન ને ખાતર જ જીંદગી છે. તેવી રીતે જીંદગી ગાળવામાં પરિશ્રમ પડશે નહિ. દુઃખ ચિંતા, ભય આદિ સ્વપ્ને પણ જોઇ શકીશ નહિ."

સંભાજી ઉપર્યુક્ત વૃત્તિને અધીન થતો હતો તેટલામાં તેની આગળ શ્રી સમર્થગુરૂના ઉપદેશામૃતનું તત્ત્વ ખડું થયું. સંભાજી તે પવિત્ર તત્ત્વના તેજમાં અંજાયો. તે તત્ત્વે સૂક્ષ્મ સંજ્ઞાથી સંભાજીનું વિશુદ્ધ જીવનવાટિકા તરફ ધ્યાન ખેંચ્યું:—

'જો મારૂં કહ્યું કરીશ, તો તારા જીવનને આરંભે કદાચ વિકટતા લાગશે પણ તેની મધ્યમાં આનન્દ છે અને પરિણામે મોક્ષ છે. એક જીવન અનેક જીવનનો ઉદ્ધાર કરી શકે તેવું તારૂં જીવન રચાશે. તું પ્રજા શાસક છે, તે ઉપરાંત સ્વાત્મશાસક થશે. મારી પાસે મિથ્યાડંબર નથી, ખોટાં વચનો નથી; મોહક પ્રલોભનો નથી. ખરેખરી વાત તને કહી દઉં છું કે માણસાઇ મેળવ્યા સિવાય મનુષ્ય થવાતું નથી. માણસાઇ મેળવવાનો માર્ગ ગુલફૂલની શય્યા જેવો સુંવાળો નથી."

તે પવિત્ર તત્ત્વને બોલતાં થોભાવીને વિષયોપભોગવાળી વૃત્તિએ વચમાં જ કહેવા માંડ્યું:—"કેવો વિષમ પન્થ! શી ઉલટી સલાહ! સંભાજીરાજ! મારે અધીન થાઓ અને જીવનભરમાં ભોગવાય તેટલા ભોગ ભોગવો."

એમ કહીને જેવી તે વૃત્તિ તેને ભેટવા જતી હતી, તેવું જ પેલા પવિત્ર તત્ત્વનું તેજ તે વૃતિપર પડ્યું અને દુર્વૃતિની આકૃતિ કાળી મેશ જેવી પડી ગઇ. સંભાજી તે તેજથી નવીન તેજ પામ્યો. તેની આંખો એકદમ ઉઘડી ગઇ. આંખો ઉઘડતાની જ સાથે તેને સ્વપ્નદશાનું ભાન થયું. પડખે જ યેસુબાઈ ભરનિદ્રામાં પડેલી દીઠી. સંભાજીએ સ્વપ્નદશાનો ગૂંચવાડાભરેલો તર્ક કરતાં કરતાં યેસુનાં બીડાયલાં પોપચાંવાળા શાંત, નેત્રકમળ સામું જોયું. જોતાં જ સંભાજીને વિચાર થયો:—

"કેવું શાંત ને શીયળશોભન મુખકમળ! સ્વામી પોતાની જ પાસે અને તે પોતાનો જ છે—બીજા કોઇનો નહિ—એવો વિશ્વાસ સૂચવતાં બીડાયલા કમળ જેવાં બન્ને ચક્ષુ તેનાં મિંચાયલાં છે! નહિ, નહિ, મારાથી યેસુ જેવી યેસુને ભૂલીને, તેને ત્યજીને, સુંદર બાજની વૃત્તિ ગ્રહણ થઇ જ શકે નહિ. શિવાજી મહારાજનું નામ તેના પુત્રે તેમના જેવા જ ચારિત્ર્યવડે દીપાવવું જોઇએ. વહાલી મારી યેસુ!"

'યેસુ' ના શબ્દોચ્ચાર સાથે જ સંભાજીથી એક મીઠું ચુમ્બન થઇ ગયું અને યેસુ ઝબકી ઉઠી. "શું થયું, નાથ!" એમ બોલીને તે બેઠી થઇ. સંભાજીએ શાંત ચિત્તે કહ્યું:—કાંઇ નહિ. યેસુ! સ્વપ્નાએ મને જગાડ્યો, ને એકલા જાગતા પડી રહેવાનું ન ગોઠ્યું, ત્યારે મેં તને જગાડી અને વાહ! હવે તો મળસ્કું થવા આવ્યુ, આપણે શય્યા ત્યજવી જોઇએ."

પચ્ચીસમું પ્રકરણ

અજ્ઞાતા

બીજે દિવસે પ્રભાતના પહોરમાં રાજદંપતી સ્નાનાદિ ક્રિયાથી પરવાર્યાં, ત્યાર પછી આગલી રાતના સ્વપ્નની કથા યેસુએ સંભાજીને પૂછી. સંભાજીએ અથથી ઇતિ સુધી તે રસિક સ્વપ્નલીલા કહી સંભળાવી અને બંને જણ અતિ મોદ પામ્યાં.

એમ કહેવાય છે કે સ્ત્રીના પેટમાં વાત રહેતી નથી. યેસુબાઇએ એ માન્યતાને સાચી ઠરાવી. સંભાજીએ સ્વપ્નની કહી સંભળાવેલી વાત, થોડું મીઠું મરચું ભભરાવીને પોતાની સહિયરોને યેસુએ કહી દીધી અને વાત

વાયુદ્વારા ફેલાય, એ નિયમે મૂળ વાતનું રૂપાન્તર થતાં થતાં રાયગઢનાં ઘણે ઘેર પહોંચી

રાયગઢમાં એક સંન્યાસિનીએ આવીને થોડાં દિવસથી અડ્ડો લગાવ્યા હતા. રાયગઢની શ્રધાળુ વસતી તે સંન્યાસિનીનાં દર્શને જવા ઉભરાઈ જતી હતી. સંન્યાસિનીની વાણીમાં એવું આકર્ષણ હતું કે રાયગઢની પ્રજા–ખાસ કરીને સ્ત્રીઓ– તેના પ્રત્યે લોહચુમ્બકવત્ આકર્ષાયેલી રહેતી હતી.

વંઝા સ્ત્રીઓને સંતાનપ્રાપ્તિ થાય તેવી પોતે દૈવી પ્રસાદયુક્ત માત્રા ધરાવતી હતી, એવું સંન્યાસિનીએ ઘણી સ્ત્રીઓને ઠસાવ્યું હતું; એટલું જ નહિ, પણ યેસુબાઈ સંતાનવાળી થવામાં પોતાની જ ચમત્કારી માત્રા મૂખ્ય આધારભૂત હતી, તેવું આડકતરી રીતે તે સંન્યાસિનીએ કહેવા જેવી સ્ત્રીઓ આગળ બેધડક કહીને લોકવિશ્વાસ મેળવ્યો હતો.

એ જ પ્રમાણે પોતે વશીકરણ વિદ્યામાં પારંગત હતી. રાજ્ય અને પ્રજાની આબાદાની કે ઉદ્ધાર તેના આશીર્વાદમાં જ સમાયલો હતો એવો વિશ્વાસ પણ લોકોને પડ્યો હતો. તે ઉપરાંત ગૃહસંસારના ઘણાય વિષયો, જે પ્રતિકૂળ હોય, તેને અનુકૂળ બનાવી આપવાની તે ચમત્કારીક શક્તિ ધરાવતી હતી એવું લોકમંતવ્ય બન્ધાતું હતું. એટલા માટે પ્રજા તેના તરફ ખાસ માન અને ભક્તિની દૃષ્ટિયે આકર્ષાયલી રહેતી હતી.

યેસુએ પોતાની સહિયરોને કહી સંભળાવેલી સંભાજીની સ્વપ્નલીલાની કથા ક્રમે ક્રમે સંન્યાસિનીને પણ કર્ણગોચર થઈ. સંન્યાસિનીએ તે કથામાંથી એ સાર પણ કહાડયો, કે હવે સંભાજી એક પત્નીવ્રતપાલક થયો છે અને મોહના–પોતાની એકવારની પરમપ્રિય મોહિની–સાથેનો સમ્બન્ધ, સર્પ પોતાની કાંચળી ઉતારી નાખતો હોય, તેમ ભુલી જવાના નિશ્ચયપર આવેલો છે. સંન્યાસિનીમે એ નિશ્ચય સાથે સમ્બન્ધ હશે કે નહિ, અને તે નિશ્ચય જાણ્યા પછી સંન્યાસિની શું કરવા મથે છે, તે આપણે હવે પછી જાણી શકીશું. હાલ તો સંભાજી સમ્બન્ધીનું પ્રકરણ અવલોકીએ.

કુશલ રાજ્યનીતિજ્ઞ ચિટણીસ બાલાજી પણ સંભાજીની સ્વપ્નલીલા સાંભળીને આશ્ચર્યચકિત થયા હતા. તેમણે તે સ્વપ્નકથા સાંભળ્યા પછી અને સંભાજીએ પોતાના જીવનને સ્વર્ગસ્થ છત્રપતિ શિવાજી જેવું સુન્દર, રસિક, પવિત્ર અને આદર્શ બનાવેલું રાખવાનો કરેલો નિશ્ચય જાણ્યા પછી, ગુપ્ત વેષે નગરચર્યા જોવા જવાનો તેમણે મનસુબો કર્યો. સોયરાબાઈની સઘળી રચના ધૂળમાં મળી, રાજારામ ગાદીનો માલિક ન થયો અને સંભાજીને રાજ્યાભિષેક થયો, ત્યારપછી હવે રાયગઢમાં સંભાજી વિષે શો મત છે;

સોયરાબાઇનાં કાવતરાંનું કોઇ હિસ્સાદાર કે હિમાયતી હવે રાયગઢમાં રહ્યું છે કે કેમ, વગેરેની બાતમી ગુપ્ત રીતે મેળવવી સંભાજીને પણ વાજબી લાગી.

સંભાજીએ બાલાજી ચિટણીસ સાથે ગુપ્ત રીતે અને વેષાન્તર સાથે નગરચર્યા જોવાનો નિશ્ચય કર્યો. તેને માટેનો સમય મધ્યરાત્રિ વેળાનો પસંદ કરવામાં આવ્યો. મધ્યરાત્રિ વેળાએ જ આખા રાયગઢની રોજ રોજની ઘટનાનું સિંહાવલોકન કરનારૂં, ખુલ્લે અવાજે અને મોકળા મને ચર્ચા ચર્ચનારૂં મંડળ નિયત સ્થળે મળતું હતું અને તે વિષેની ખબર બાલાજી ચિટણીસને ક્યારનીયે પડેલી હતી.

સંકેત પ્રમાણે બન્ને જણ રાયગઢની ભરવસ્તી વચ્ચે ગુપ્ત વેષે નીકળી પડયા. ભરવસ્તીથી દૂર, રાયગઢને છેડે પેલું ચર્ચા ચર્ચનારૂં મંડળ મળતું હતું. બન્ને જણ ત્યાં જઇ ચડયા. તેમણે મંડળમાં ચર્ચાતી ચર્ચામાંથી જે સાર કહાડયો, તે એ હતો કે સંભાજી રાજ્યગાદીને દીપાવે તેવોય છે અને લજવાવે તેવોય છે; પોતે બળવાન છે, બુદ્ધિમાન છે, કલાનિપૂણ છે; તે સાથે વ્યસની છે, સ્વચ્છન્દી છે, મતાગ્રહી છે. શક્તિ જે માર્ગે ખપાવે, તે રીતે રાજગાદી શોભે કે કલંકિત બને.

સંભાજીના જીવનની આ વહીવંચના વસ્તુતઃ સાચી હતી એટલે સ્વમ-લીલાનો સાક્ષાત્ અનુભવ લીધા પછી સંભાજીને પ્રસ્તુત ચર્ચાપરથી માઠું તો ન જ લાગ્યું—બલ્કે પોતે રાજગાદીને શોભાસ્પદ જ નિવડશે તેવા તેના નિશ્ચયને વધારે દૃઢ બનાવનારી ચર્ચા નિવડી હોય એવું બાલાજી ચિટણીસને સમજાયું.

ચર્ચાનો બીજો વિષય સંન્યાસિની સમ્બન્ધી હતો. સંન્યાસિની વિષે એટલી રસભરી ચર્ચા બન્ને જણે સાંભળી, કે તેને મળવા જવાનું ઉભયને મન થયું, બન્ને જણ આટલી મોડી રાતે સંન્યાસિનીના મુકામ તરફ વળ્યા.

રસ્તામાં હરિયાળાં ક્ષેત્રોની હાર પડેલી હતી. વર્ષાઋતુએ લીલાલ્હેર કરી હતી, તેથી ખેતરોમાંનો પાક લીલોછમ લાગતો હતો. તે તરફ સંભાજીનું ધ્યાન ખેંચાયું. ઉગતા પાકથી લખલખી રહેલાં ક્ષેત્રો જોઇને તેણે બાલાજી ચિટણીસને કહ્યું:—

"કેવી રઢિયાળી ભૂમિ! બાલાજી! જગતમાં સૌથી સુખી કુટુમ્બો ખેડુતનાં જ હશે, નહિ?"

"ખરી વાત; પણ મહારાજ!" બાલાજીએ સંભાજીની વૃત્તિ કળી જતાં કહ્યું: "ખેડુતોને સુખી થતા પહેલાં લોહીનું પાણી કરી નાખવું પડે

છે. લોહીનું પાણી બનાવી દેતાંય પરિશ્રમનું પરિણામ સફળતામાં આવવું કે નિષ્ફળ નિવડવું એ અદ્ધર–દૈવાધીન–વાત રહે છે.”

“એ તો જાણે ઠીક છે” સંભાજીએ કહ્યું; “પણ ચિટણીસજી! મને પાકથી ઉભરાઈ જતાં આ ખેતરો જોઈને શો વિચાર થયો છે તે ખરેખરૂં કહી દઉં? રાજ્યની તિજોરી તર રાખવાનું સૌથી સબળ સાધન પણ જમીન મહેસૂલ જ છે. આવા રૂડા પાકના પ્રમાણમાં ખેડુતો પાસેથી હાલ લેવાતો કર છેક જ નજીવો લાગે છે.”

“મહારાજ! ખેડુતો તરફ આવી દૃષ્ટિએ જોતા પહેલાં આપણે તેમના જીવનનો અનુભવ લેવો જોઈએ. આજે આવો પાક જોયો તેથી જ એક સિદ્ધાંત કે ચોક્કસ નિર્ણયપર કેમ અવાય? મેં હમણાં જ આપને કહ્યું હતું તેમ ક્ષુધા, તૃષા ને તાપ તડકો વેઠી વેઠીને લોહીનું પાણી કરી નાખનાર ખેડુતો કદાચ અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિ થાય છે, તો વાવેલું બીજ પણ ગુમાવી દે છે અને મ્હેનતાણાનો બદલો ઢોરઢાંખર કે ઘર–ઘરેણાં વેચવા પુરતો જ મળે છે, એ વાત પણ વિસરી ન જવાય.”

‘જ્યારે અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિ થશે ત્યારે મહેસૂલ બાકી રખાશે.”

“બાકી રાખો કે ન રાખોઃ અનાવૃષ્ટિ થાઓ કે મ્હોં માગ્યો મેહ વરસી સોનાનો પાક ઉતરો; મહારાજ! મારો નમ્ર મત તો એવો છે કે ખેડુતોની આંતરડી કકળાવવાથી જેવારો નથી થતો. ખેડુતો જગતના અન્નદાતા છે. ખેડુતો જ જગતના ખરા પાલક છે; ખેડુતોનાં કુટુમ્બોને જેટલાં સુખી, સંતોષી ને આબાદ રાખીશું, તેટલું જ રાજ્ય પણ સુખી, સંતોષી ને આબાદ રહેશે. બધું મળશે, પણ જો ખેડુતોને ગુમાવ્યા, તો સર્વ ગુમાવ્યું એમ સમજજો. ખેડુતો પાસેથી–”

“ચિટણીસ જી! ખેડુતો પ્રત્યેનો તમારો પક્ષપાત જોઈ મને નવાઇ લાગે છે.”

“પક્ષપાત છે તે હું કબૂલ કરૂં છું; પરંતુ પક્ષપાત પ્રામાણિક છે, એ વાત પણ એટલી જ સાચી છે. આપ રાજકુટુમ્બમાં અત્યાર સુધી ઉછર્યાં છો. આપની દૃષ્ટિયે રાજવૈભવ જ રમતો હોય, એ સ્વાભાવિક છે; પ્રજાનાં દુઃખદર્દો અનુભવવાના પ્રસંગો તો હવે જ આવશે. એવા પ્રસંગો આપને મળશે, ત્યારે જ આપને ખાતરી થશે કે ખેડુતોનો ખેતીયજ્ઞ સર્વ યજ્ઞો કરતાં વધારે કઠિન છે. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ પહો ફાટતાં પહેલાં ઉઠવું, બળદને હળ જોડી, ઠંડીથી થરથરતી કાયાએ ખેતરમાં જવું, બપોરે કાચો સુકો રોટલો કે ભાથું ઘેરથી આવ્યું હોય તે ખાવું, નમતે પહોર

થાકયાપાકયા ઘેર આવવું: ઉન્હાળાના પ્રખરતાપમાં ને ચોમાસાના મુસળધાર વરસતા વરસાદમાં, એમ ત્રણેય ઋતુમાં કાયાને કાષ્ટના ટુકડા પેઠે પલોટી નાખવી; એટલાથી જ ખેડુતોનો જીવ ઠેર બેસતો હોત તો ધૂળ નાખી; તેમની વાંસે ધીરધારનો ધંધો કરનારા શાહુકારો પડેલા જ હોય છે. સૃષ્ટિને અનાજ દેનાર ખેડુતોનાં ખેતરો અન્નથી ભરછક ભરેલાં હોય છે, પણ તેમના ઘરની કોઠીઓમાં કેટલું ધાન્ય પડેલું હોય છે, તે તો અનુભવ લઇએ ત્યારે જ જણાય: કહો, મને ખેડુતોનો પક્ષપાત કેમ ન હોય? દૂધ, દહીં, માખણ છાસ ને ઘીનું પંચામૃત નિત્ય નૈવેદ્યરૂપે પ્રજા આરોગે છે ને આરોગ્યને તંદુરસ્ત રાખે છે, તે પણ ખેડુતની જ મહેનતના ફળને આભારી છે. એવા ખેડુતો પાસેથી તો સો કરતાં ઓછામાં ઓછી મહેસૂલ લેવી જોઇએ. કરથી ત્રિજોરી ભરવાનાં બીજાં ઘણાંય સાધનો છે. ગરીબના ગરીબ રહેતા બાપડા ખેડુતો ઉપર તો આપણે કુણી જ નજર રાખવી જોઇએ. જમીનપરના પાણીને ઉન્હાળાના પ્રખર તાપથી તપતા ભગવાન ભાસ્કરદેવ સોશી લે છે, પણ તેનાથી બેવડું પાણી વ્યાજ સાથે વર્ષાઋતુમાં જમીનને પાછું મળે છે: એજ નિયમ શાસકે મહેસૂલ માટે ગ્રહણ કરવાનો તે કુદરતી તત્ત્વ આડકતરી રીતે બોધી રહેલ છે. મહારાજ! આપ કાંઇક ઉંડા વિચારમાં પડયા જણાઓ છો. મારા વિચારો આપને ન રૂચતા હોય એમ લાગે છે.”

“નહિ; છેક જ એમ તો નહિ; પણ ચિટણીસજી! મને તમારી વાતો કેટલેક અંશે વાણીઆશાહી ડહાપણવાળી લાગે છે, એટલું તો હું કહી શકીશ કે સાચા રાજ્યનીતિજ્ઞને છાજે તેવી સલાહ મને આજે તમે નથી આપી શકતા.”

“તે મારી બુદ્ધિનો દોષ હોવો જોઇએ; અથવા હું જે સમજુ છું, તે આપને સમજાવી શકવાની મારામાં શક્તિની ઉણપ હોવી જોઇએ; બાકી મને ખાતરી છે કે મારી જ સમજ આપના અંતરમાં ઉતરે તો આપ પણ મારા જ વિચારના થઈ જાઓ, તેમાં જરાય શક નથી.”

“તમે ખેડુતને પ્રજાપાલક કહો છો, જગતનો અન્નદાતા કહો છો, તેમનામાં જીવ ચોરાય, તો બધું જ રસકસ વિનાનું થઇ જાય એમ મને મનાવો છો, ચિટણીસજી! મારી સમજમાં એ વાત શી રીતે ઉતરે, કહો?”

“મેં કહ્યું કે અનુભવથી એ વાત સમજમાં ઉતરે. મને આ પ્રસંગે એક કથાનક યાદ આવે છે; રજા હોય તો:—”

‘રજા માગવાની જરૂર નથી. કહો, પ્રસ્તુત વિષય સામેના તમારા

વિચારો ન ગમે તે જુદી વાત છે; પરંતુ વિષય તો મકરન્દનો જ ચર્ચાય છે, તેટલું તો મને સમજાયું છે જ; બાળાજી! કેવું કથાનક યાદ આવ્યું છે ?"

"સાંભળો ત્યારે" બાળાજી ચિટણીસે રસ્તામાં ચાલતાં ચાલતાં ધીમા અવાજે કથાનક કહેવા માંડ્યું: "પ્રભાતનો પહોર હતો. તરતનો જ સૂર્યોદય થએલો હતો. નભોમંડળ નિર્મળ હતું. સમીરણની શીતળ ને મન્દમન્દ લહરીઓ વાતી હતી. મધુરવાં પક્ષીગણના ટહુકાર થતા હતા. તે વેળાએ શેલડીના એક ખેતરમાં ખેડુતનાં નાનાં બાળકો પણ પંખી પેઠે નિર્દોષ રમતે ખેલતાં હતાં. બાળકોની બુઢ્ઢી માતા ને વૃદ્ધ પિતા દાતણપાણીથી પરવારીને, પાસે સઘડી રાખી તાપતાં બેઠાં હતાં. એટલામાં આઘેથી ધૂળ ઉડતી તે બન્ને જણે જોઇ. થોડી વારમાં જ ઘોડેસ્વાર ખેતર આગળ આવી ઊભો. વૃદ્ધ ખેડુત તરત જ ઊભો થયો ને તે યુવાનને સદ્ભાવપૂર્વક આદર દીધો. અપરિચિત યુવાનને ખેતરમાં આવેલો જોઇ, અનિમિષ નજરે તેના સામું જોતાં પેલાં બાલકોએ રમત રમવી પડતી મૂકી અને સૌ પેલી સઘડી આગળ, જયાં વૃદ્ધ ખેડુત યુવાન સાથે ખડો રહેલો હતો ત્યાં, આવી ઊભાં. યુવાન સવારના શિકારે નીકળ્યો હતો. શિકારેથી પાછા ફરતાં તેને તરસ લાગી હતી. તરસ એટલી બધી લાગી હતી કે તેનો કંઠ છેક જ સૂકાઇ ગયો હતો. તેણે પેલા ખેડુત પાસે પીવાનું પાણી માગ્યું. બાળકો તરત જ બોલી ઉઠયાં. "મા! એમને શેલડીનો રસ પીવડાવો ને: લાગલી તરસ મટશે." બુઢ્ઢી ડોસી અને વૃદ્ધ ખેડુત બન્ને પણ એમ જ ઇચ્છતાં હતાં. પોતાની જ ઇચ્છા બાલકોએ વ્યક્ત કરી તેથી તેમના પ્રત્યે વાત્સલ્યભાવ સ્ફૂર્યો. તેમના માથાપર માબાપે વ્હાલભર્યો હાથ ફેરવ્યો. યુવાન પણ ખુશી થયો. પછી વૃદ્ધા પેલા યુવાનને શેલડીની હાર આગળ તેડી ગઈ. હાથમાં એક પ્યાલો હતો ને તલ્વારની ધાર જેવી ધારવાળી છરી હતી. લીલા ઘાસપર યુવાનને બેસાડયો; ને વૃદ્ધાએ છરી વડે શેલડી કાપી, તેની કાતલી પાડી, તેટલામાં રસની ધારા છૂટી ને પેલો ખાલી જામ શેલડીના રસથી છલ્લોછલ ભરાઈ ગયો. યુવાને આ દૃશ્ય દીઠું ને મહારાજ! આ હરિયાળાં ક્ષેત્રો જોઇને જેમ આપને વિચારો ઉદ્ભવ્યા છે, તેમ તેને પણ કાંઇક તર્કવિતર્કો થયા. તર્કવિતર્ક કરતાં કરતાં યુવાન શેલડીના રસથી ભરેલો પ્યાલો ગટગટાવી ગયો. તે પીવાથી તેની તૃષા છીપાઇ હશે કે નહીં ?"

"તૃષા છીપાવી જ જોઇએ."

"તૃષા છીપાઈ હોય કે ન છીપાઇ હોય, પણ ફરીથી એટલો જામ ભરીને રસ પીવા તેણે માગણી કરી. ઉદાર ખેડુતની માયાળુ વૃદ્ધાએ ફરીથી જામ

ભરવા માંડયો. શેલડી કાપી, તેને છોલી, તેની કાતળી પાડવા માંડી, પણ માંહયથી રસનું ટીપું સરખું પ્યાલામાં ઝમ્યું નહિ! વૃદ્ધા અને પેલો યુવાન બન્ને તાજુબ થયાં. વૃદ્ધાએ પાંચ–સાત શેલડી બગાડી, એકકેમાંથી રસ ન નિતર્યો. લીલીછમ શેલડીમાં એકાએક આવો તફાવત શાથી પડયો હશે તે વૃદ્ધા ન સમજી શકી. ભગ્નાશવદને તેણે ઉંચુ જોયું. ઉંડો એક નિઃશ્વાસ નાખ્યો. "પ્રભુ! તું તો નથી કોપ્યો?" તેણે હોઠ ફફડાવ્યા. યુવાન તો વિચારમાં જ પડી ગયો હતો. આ કૌતુક જોવા સખેદ પેલા વૃદ્ધ ખેડુતને હાંક મારી. ખેડુત પણ જાણીને નવાઇ પામ્યો. ખેડુતે કલ્પના કરીઃ—"ગમે તો ધરતી રસકસ વિનાની થઇ ગઇ હોય, ગમે તો દેવ રૂઠયો હોય કે ગમે તો નૃપાલ નિર્દય થયો હોય—બાકી આવું ન બને; થોડી જ વારપર ભરાયલો રસપ્યાલો, હવે રસહીન રહે નહીંઃ એની એ શેલડી છે, એનો એ પ્યાલો છે, એની એ છરી છે, શેલડી કાપનાર એની એ વૃદ્ધા છે ને રસ પીનાર એનો એ યુવાન છે—"

"ખેડુતનો છેલ્લો ઉદ્‌ગાર સાંભળતાં જ યુવાન ઝંખવાણો પડી ગયો. તે શરમાયો. પોતે કોણ છે, તેની પરવા કર્યા સિવાય એકદમ ખેડુતને ચરણે પડયોઃ ને યુવાન બોલ્યોઃ—માફ કરજો. રસ પીનાર હું એનો એ છું, પણ પહેલીવાર રસ પીધા પછી મારી વૃત્તિઓ એની એ નથી રહીઃ"

"ખેડુતનું કુટુમ્બ યુવાનના શબ્દોચ્ચાર સમજી શકયું નહિ. ખેડુતે માયાળુ હસ્તવડે યુવાનને આશ્વાસન દીધું અને તે શું કહે છે, તે વધારે સ્પષ્ટ રીતે જાણવા ઇચ્છયું."

"બીલકુલ સંકોચ સિવાય યુવાને સાચેસાચી વાત કહી સંભળાવી, કે હું પોતે જ નૃપાલ છું; શેલડીનો મિષ્ટ રસ પીતાં જ મને એવો તરંગ ઉઠયો કે ખેડુત લોકોની આવક અઢળક લાગે છે; તો જમીન મહેસૂલ વધારવી જોઇએ. તે વિચારથી રસ નષ્ટ થયો હોવો જોઇએ. હવે હું તે વિચારને આજથી હમેશને માટે ભૂલી જાઉં છુંઃ પ્યાલો શેલડી તરફ રાખો; ભલા ખેડુત! મને ખાતરી છે કે મારૂં અંતઃકરણ પ્રથમ જેવું હવે નિર્મળ થયું છે, એટલે પ્યાલો રસથી ભરાઇ જશે."

"ત્યારપછી ફરીથી પ્યાલામાં રસ ભરાયો, તે પીને નૃપાલ પરિતૃપ્ત થયો અને ખેડુતની આશિષ લઈ, પાવન થઈ ત્યાંથી વિદાય થયો; મહારાજ! આ કથાનકઃ એનો સાર તો આપ જે કહાડો તે."

બાળાજી આટલી વાત કરી રહ્યા અને સંન્યાસિનીનો મુકામ આવી પહોંચ્યો. ચિટણીસ બરાબર જોઇ શકતા હતા કે સંભાજીને પ્રસ્તુત કથાનકે

સારી અસર કરી હતી. સંભાજીએ માત્ર એટલું જ કહ્યું, કે આ પણ સ્વપ્નલીલા જ અનુભવી. ચિટણીસજી! સ્વપ્નલીલા જેવો જ અનાયાસે અને તમે ઉત્તમ લાભ આપ્યો. મારા જીવનમાં તમે ઉદાર ભાવનાનું બીજારોપણ કર્યું, મારે તમારો અહેશાન—"

"અહેશાન ઇશ્વરનો જ માનવાનો છે."

આટલી વાતચીત થતામાં તો સંન્યાસિનીના દ્વાર સુધી બન્ને જઇ પહોંચ્યા હતા. અન્દર ઝીણો દીવો બળતો હતો. એકલી જ સંન્યાસિની મૃગચર્મપર આડી પડી હતી. બન્ને જણે અન્દર પ્રવેશવાની આજ્ઞા માગી. તરત જ સંન્યાસિની મૃગચર્મપરથી ઉઠીને બેઠી થઈ અને જાણે સંભાજી પોતાનો પરિચિત હોય, તેમ તેને જોતાં જ થોડી વાર સુધી તેના સામું અનિમિષ નજરે તે જોઇ રહી. પછી બન્નેને અન્દર આવવાનું સૂચન થયું.

આટલી મોડી રાતે અને વળી પુરૂષોને અહીં આવવાનું શું કારણ હશે, તે સંન્યાસિની એકદમ ન સમજી શકી.

બાળાજી ચિટણીસ પક્કા મુત્સદ્દી હતા. સંન્યાસિનીને જે શંકા થવી જોઇએ, તેની અટકળ કરીને તેમણે જ વાત ઉપાડીઃ— "અજાણ્યા પથિક છીએ. રાયગઢ જવું છે, રાત ઘણી ગઇ છે. દીવો બળતો દેખીને આ તરફ આવ્યા છીએ; થોડા કલાક પડી રહેવા દેશો?"

સંન્યાસિની એટલી ઉદાર થઇ, બન્નેને નિરાંતે બેસાડયા. ત્યાર પછી સંભાજીએ યુક્તિ વાપરીઃ—"સાંભળ્યું છે કે રાયગઢમાં કોઇ સંન્યાસિનીની પધરામણી થઈ છે—આપ એ વિષે કાંઇ જાણો છો?"

આવો પ્રશ્ન સાંભળીને સંન્યાસિનીએ ચોર દૃષ્ટિથી સંભાજી સામું જોયું. ચાલાક સંભાજીથી તે સંન્યાસિનીનું નિરીક્ષણ છૂપું રહ્યું નહિ. સંભાજીએ તરત જ તે સંન્યાસિનીને ઓળખી લીધી. સંન્યાસિની પણ બોથડ ન હતી. રોજના સહવાસી માનવીને ચીર પરિચિત વ્યક્તિ ન ઓળખે એવું તો જવલ્લે જ બને. સંન્યાસિનીએ સંભાજીને પણ—તેના વેષાન્તર સ્વરૂપમાં યે—ઓળખી લીધો. બન્ને વચ્ચે દૃષ્ટિ—તાર સંધાયો. તટસ્થવૃત્તિથી અવાક્ નિરીક્ષા કરી રહેલા બાળાજી ચિટણીસને કાંઈક "દાળમાં કાળું" હોય તેવો આભાસ થયો. તેમણે વખત વિચારીને હાલ તો મૌન સેવવું જ ઉચિત ધાર્યું; એટલું જ નહિ, પણ સંભાજીની મનોવૃત્તિ સમજી જઇને તેમણે તેનાથી છૂટા પડવાનું ડહાપણ વાપર્યું. બાળાજી ચિટણીસે ઠાવકી રીતે સંભાજીને કહ્યું:—

રાયગઢની આસપાસનો આ રમણીય પ્રદેશ ઘોર અન્ધારી રાતમાંયે મને તો રઢિયાળો લાગે છે; આપ અહીં બેસશો ? હું તો બહાર ફરીને જ વખત નિર્ગમન કરીશ."

સંભાજીએ સંજ્ઞાસૂચક ભાષામાં બાળાજીને પોતાના મકાને જવાનું જ જણાવ્યું, પોતે થોડીવારમાં એકલો પાછો મળશે એવી સંજ્ઞા પણ બાળાજીને મળી. બાળાજીએ કૃત્રિમ શિષ્ટાચાર વાપરી, તે સંન્યાસિનીને અજાણી બાઈ તરીકે નમન કરી, ત્યાંથી વિદાયગિરી લીધી.

બાળાજીના ગયા પછી થોડીવાર સુધી સંન્યાસિનીના નિવાસસ્થળે શાંતિ પથરાએલી રહી; પણ બોલ્યા સિવાય વધારે વખત સંભાજીથી ન રહેવાયું. તેણે વાત છેડી:—

"મોહિની ! તું પન્હાળગઢથી અહીં કયાંથી ? કેટલા વખતથી આવી છે ? આવા વેષે કેમ આવવું થયું છે ?"

"મારે તો જયાં આપ ત્યાં હું; પન્હાળગઢ આપે છોડયું, ત્યારથી મને તે ભૂમિ ખાવા ધાતી હોય એમ સ્મશાન સૂની લાગવા માંડી. આપના સિવાય એકલાં રહેવું ત્યાં ન ગોઠયું ત્યારે મારે આ રસ્તો લેવો પડયો છે. આપ હવે નૃપાલ થયા. નૃપાલને મોહિની શી રીતે મળી શકે ? આસ્તે આસ્તે અવનવા અખતરા કરીને મળી શકાશે તે ધારણાએ આવા દિદારમાં હું અહીં આવી છું. ઇશ્વરે જ આવા શાન્ત એકાન્ત સમયે અને અનાયાસે આપણો ભેટો કરાવ્યો–"

"બહુ તાજુબ થાઉં છું ! મોહિની ! તું ધારત તો મને સીધી રીતે જ અને સહીસલામત મળી શકત; આવો વેષ ભજવવાની શી જરૂર હતી ?"

"આપની તાજુબી, તે મારે મન મહાવેદના છે; મહારાજ ! આપ યુવરાજ ફીટીને 'મહારાજ' થયા ત્યારથી જ આપને તાજુબી ઉપજવા માંડી જણાય છે. આપની પ્રાણપ્રિય મોહનાં પ્રત્યેનો મોહ–"

"ભૂલ્યો નથી, પણ ભૂલવા તો મથું છું જ; મોહિની ! તું ચમકે છે ? શાંત થા; મારૂં કહેવું શાંતિથી સાંભળ; જો, હું એમ કહેતો હતો કે તારી માયા હું ભૂલ્યો નથી; ભવિષ્યમાં ન ભૂલાય તેવી તે માયા છે; એટલા જ વાસ્તે ભૂલવા મથું છું, એમ મેં કહ્યું."

"કાનને હું ગીરો નથી મૂકી આવી. મેં અક્ષરેઅક્ષર સાંભળ્યો. સાંભળ્યો એટલે જ સંતાપું છું. અત્યાર સુધી જેને મેં મારો જીવજાન યાર ગણ્યો છે તે હવે મને ભૂલવા મથે છે. અરરર ! આવુ સાંભળવા વાસ્તે જીવ ન રહ્યો હત તો બ્હેતર હતું."

"તું તો ઘેલી છે; અમસ્તી અકળાય છે, મોહિની! મારી મોહિની–

"હવે 'મારી' શું કરવા કહો છો?"

"તારી સમજફેર થાય છે; મેં જે કહ્યું છે તે વિષે ગંભીર વિચાર કરી જો. મારા શબ્દપ્રયોગમાં જરાય ભૂલ નથી, એમ તને વિચાર કરતાં જણાશે. જો, મેં એમ કહ્યું કે તારી માયા ભૂલવા મથું છું–તને ભૂલવા મથું છું એમ ક્યાં કહ્યું છે? તને ન ભૂલવા મથું, ત્યાં સુધી તું મારી જ છે અને રહેશે."

"એવી અટપટી શબ્દજાળમાં નાખીને મને ગૂંચવી ન નાખો. તમે શું કહો છો તે મારાથી કાંઇ જ સમજી શકાતું નથી."

"હું સ્પષ્ટ કહું છું, તારાથી સમજાય તેવી રીતે જ કહું છું, પણ મોહિની! તારૂં મગજ જુદા જ વિચારથી ભરાઈ ગયું હશે: તેથી મારા કહેવાની મતલબ સમજવાને તે અશક્ત થઇ ગયું હશે. હું એમ કહું છું કે આપણી વચ્ચેની સંસારને લજાવનારી માયા હવે આપણે ભૂલી જઇશું; તે ભૂતકાલીન લીલાપર પડદો નાખીશું અને આપણે પ્રસંગોપાત નિર્મળ વિહાર ને વિનોદ કરીને જીવનને આનંદ દઇશું."

"સંસારને લજાવનારી! આપણી વચ્ચેની માયા "સંસારને લજાવનારી!"

"શાંતિથી વિચાર કરતાં મને એમ જ લાગ્યું છે. મારે જે વહેલું સમજવું જોઇતું હતું તે અસુરેથી સમજાયું છે; મોહિની! જે હું સમજ્યો છું, તે હવે તું પણ સમજતી થા ને જીવનને પવિત્ર બનાવી, પવિત્ર જીવન પૂરૂં કરે, એમજ હું ઇચ્છી રહ્યો છું."

"આપ શું સમજ્યા? કોણે સમજાવ્યું?"

"મને સમજાવ્યું સ્વપ્ને: મોહિની! તે સ્વપ્નલીલાની કથા હું તને નિરાંતે કહીશ. શું સમજ્યો તે સંક્ષેપમાં અત્યારે જ કહું; સાંભળ, સામે દીવો બળે છે, તેવો આપણી વચ્ચે સ્નેહ હતો—"

હતો? "હતો" એટલે હવે નથી, એમ જ ને!"

"એ તો તું સમજે તે: મોહિની! ઉતાવળી ન થા; હું જે કહું તે એકચિત્તે શાંતિથી સાંભળી લે તો મને સારૂં લાગે."

"જે કહેવું હોય તે કહો; આજે તો તમે મને ઠંડીગાર બનાવી દીધી છે; મહારાજ! મારે બોલવાનું કશું જ નથી રહ્યું: બોલવાનું પણ કોની સાથે? પહેલાંના યુવરાજ જ ક્યાં છે?"

એ છેલ્લા શબ્દપર સંભાજી જરા હસ્યો ને તેણે વાત આગળ ચ-

લાવી:—"સામે ઝીણો દીવો બળી રહ્યો છે, તેના જેવો જ આપણી વચ્ચેનો સ્નેહ હતો. તે દીવો જેવો પ્રકાશ આપે છે, તેવો જ આપણી વચ્ચેનો સ્નેહ એકમેકનાં જીવનને તાજગી દેતો હતો. દીવાની ઉજ્જ્વલ જ્યોતિની મધ્યમાં જ મેંશ ગૂંથાયલી છે; તે મેંશ પ્રયોગવડે જોઇ શકાય છે: આપણી વચ્ચેના સ્નેહની મધ્યમાં પણ એમ જ હતું, તે "તું કોણ ને હું કોણ" તેનો વિચાર કરતાં મને જણાયું અને આ દીવો પવન તેની કારમી પાંખ ફફડાવે કે તરત જ ગુલ થવાનો છે, તે પ્રમાણે આપણી વચ્ચેનો સ્નેહ પણ આકસ્મિક કારણ આવી પડતાં વીરમી જવાનો, એવી મને ખાતરી થઈ છે. આપણી વચ્ચેનો સ્નેહ શાશ્વત નથી, એમ સ્વપ્નલીલાદ્વારા હું સમજ્યો છું."

"પવન તેની કારમી પાંખ ફફડાવે ને કદાચ દીવામાંથી ભડકો પણ ઉઠે, એટલું કહેવાનું આપ ચૂકી ગયા લાગો છો!"

"ભડકો ઉઠે તેવા પ્રસંગ પ્રાપ્ત ન થાઓ એવી મારી આંતરેચ્છા છે, તેથી જ હું તેવું નહતો બોલ્યો; મોહિની! સંસારનાં સુખ ભોગવવાની પ્રભુએ મનુષ્યને છૂટ આપી છે, પણ તે નીતિપૂર્ણ સુખ, અનીતિયુક્ત નહિ. જે સુખ ભોગવતાં સંસારથી, સગાંથી, સંબંધીથી, વહાલાંથી, કોઇથી શરમાવાપણું ન રહે, જે સુખ જીવનને ઉન્નત, રસિક ને પવિત્ર રાખે, તે સુખ નીતિપૂર્ણ કહેવાય: તેવાં સુખ ગૃહરાણી સાથે જ ભોગવી શકાય. તું મારી સ્નેહરાણી ખરી, પણ ગૃહરાણી તો નહિ જ ને એટલા જ વાસ્તે તારી સાથે નિર્મળ વિનોદ કરવા હું તૈયાર રહીશ—ચક્ષુ ખુલ્યા પછી મારાથી આડે રસ્તે કેમ જવાય?"

"એકનાં ચક્ષુ ફોડીને પોતાનાં ચક્ષુ ખોલવાં એના જેવું ખૂની પગલું બીજું એકકેય નથી, હાય!"

મોહિની મૂર્છા પામી. સંભાજી ગૂંચવાયો, ગભરાયો, તેણે આસપાસ નજર ફેરવી.

બાલાજી ચિટણીસ ક્યાંયે દૂર નહતા ગયા. બહાર જઇ તે છૂપી રીતે સંભાજીની ચર્ચા સાંભળતા થોભ્યા હતા. તે અન્દર આવ્યા. સંભાજીને નમન કર્યું. સંભાજીના પવિત્ર ને નીતિભર્યા વિચારો સાંભળી તેના પ્રત્યે અપૂર્વ માન અને ભક્તિભાવ ઉત્પન્ન થયો હતો. "મને માફ કરશો; આપને આવા સ્થળે એકલા મૂકીને જવું મને યોગ્ય નહિ લાગવાથી હું બહાર જ રોકાયેલ હતો. આપની વાતનો હવે આરો આવ્યો છે. મહારાજ! આપ નવું જીવન પામ્યા છો, એની આજ મને પ્રત્યક્ષ પ્રતીતિ થઈ. મોહિનીને થોડીવારમાં

મૂર્છા વળશે ને તે સ્વસ્થ થશે. અહીં આપણે હવે ઝાઝીવાર રહેવામાં માલ નથી."

બાલાજીની સલાહને સ્વીકારીને, ઉંડા નિઃશ્વાસ સાથે, એકવાર મોહિની તરફ દયાભર્યો દ્રષ્ટિપાત કરી, સંભાજી બાલાજી ચિટણીસ સાથે મહાલય તરફ વળ્યો.

છવ્વીસમું પ્રકરણ

નિષ્કંટક રાજ્ય

એમ કહેવાય છે કે ઘોર અન્ધારી રાત્રિ ઘુવડને ગમે છે. એટલે જે ઘુવડ ન હોય પણ ઘુવડ જેવા સ્વભાવનાં હોય તેને પણ અન્ધારી રાત્રિ જ સારી લાગતી હશે. ઘોર અન્ધારી રાતનો દિદાર કાળો અને ઘુવડ કે ઘુવડવૃત્તિના ચોર લૂંટારૂ કે કાળાં કર્મ કરનારનો દિદાર પણ કાળો: કાળામાં કાળાશ ઠીક ભળી જાય ! એટલે એવી શ્યામ રજની શ્યામ કામ કરનારાઓને પ્રિય લાગે તેમાં નવાઇ નથી.

આજે જગતના ન્હાના મોટા તમામ જીવજંતુ જંપ્યા હતા. સમસ્ત રાયગઢમાં સર્વ સ્થળે શાંતિ પ્રસરી રહી હતી. કોઇની અવરજવર ન મળે. કશો ગણુસારો સરખો કર્ણગોચર ન થાય. કશી હીલચાલ પણ નહિ. આખા દિવસના થાક્યાપાક્યા લોક નિરાંતે નિદ્રાદેવીના અંકમાં મીઠી ગુલાબી લહરીઓ લેતા પોઢ્યા હતા. નભોમંડળમાં ઘેરાયલાં વાદળાંથી તારકગણ પણ જાણે વાદળાં રૂપ તળાઇ–રજાઇમાં લપાઇ ગયા હોય એવો આભાસ થતો હતો. ચન્દ્રનાં દર્શન પણ આ મધ્યરાત્રિ વેળાએ દુર્લભ થઇ પડયાં હતાં. રાયગઢના સરિયામ રસ્તાપર કોઈ કોઇ સ્થળે ઝીણા ઝબુકદીવા જેવા દીવા હોલવાઇ જવાની તૈયારી જણાવતા ઝાંખા ને ઉંઘના નિશામાં જાણે ઘેરાતો હોય તેવો પ્રકાશ ફેંકતા હતા. રાયગઢનો મુખ્ય દરવાજો સંભાજીનો શાસનયુગ બેઠા પછી બન્ધ થતો ન હતો. દરવાજે દ્વારપાળ બેસતો હતો. મુખ્ય દરવાજે ડુંગાર ચડાવીને એક દ્વારપાળ ચોકી વાસ્તે બેઠેલો હતો. મૂળે તો મધ્યરાત્રિનો સમય વીતી ગએલો અને ભાઇએ ડુંગાર ચડાવેલો એટલે મૂળ મિયાં ગાંડા અને ભાંગ પીધા જેવો ઘાટ બન્યો હતો. દ્વારપાળ વારેઘડીએ ઝોકાં અને બગાસાં ખાતો હતો અને તેની આંખો ઘેનથી ભરાયેલી જણાતી હતી.

તેવે વખતે એક વ્યક્તિ રાયગઢના સરિયામ રસ્તા વચ્ચેથી પસાર થઈને સંભાજીના રાજમહાલય તરફ બેધડક જતી હતી. સરિયામ રસ્તાપર રીતસરનો ચોકી પહેરો રહેતો હતો, પણ તે વ્યક્તિને તેની તમા ન હતી. વ્યક્તિનો ચ્હેરો ઘઉંવરણો ને મોહક હતો. તેનો બાંધો મજબૂત હતો. તેણે માથાપર મોટો ફેંટો લપેટેલો હતો. ફેંટાવડે તેના માથાના બાલ ઢંકાઈ ગયા હતા. અંગપર તેણે અંગરખું અને સુરવાળ પહેર્યો હતો. હાથમાં કાંઈ હોય તેવું જણાતું ન હતું. વીજળીના તેજ પેઠે પ્રતિક્ષણે ચમકતી અને ચારે દિશાએ નિહાળતી તેની આંખોમાં ખુની ભાવો ભરેલા હોય એવી અટકળ થતી હતી. મારવું કે મરવું, એવો જ તેનો મક્કમ નિર્ણય હોય તેવો આભાસ પણ થતો હતો.

રાજ્યમાર્ગપરથી સંભાજીના મહાલય સુધી જઈ પહોંચતા સુધી તો તેનું કોઈ નામ લેનાર ન નીકળ્યો; પણ મહાલય આગળ આવી પહોંચતાં જ સિપાહીએ તે વ્યક્તિને ટોકી:—

“ કૌન હય, વો બડી રાત કે અન્ધમેં કીધર જાતે હય, ખડે રહો. ”

તે વ્યક્તિ ઉભી રહી. તેણે હિંમતપૂર્વક જવાબ આપ્યો:—“ રૈયત છું; કારણુસર બહાર ગએલો, ત્યાં અસૂર થયું, તેથી આટલો મોડો મારે ઘેર જાઉં છું. ”

સિપાહીને તેના અંગપોષાક અને ચાલુકારી ભાષાપરથી તે વ્યક્તિ પર વ્હેમ ન ગયો. વ્યક્તિ ત્યાંથી આગળ ચાલી. રાજમહાલય હવે નિકટ આવી પહોંચ્યો હતો. મહાલયના મુખદ્વારે એક દ્વારરક્ષક ખડે પગે ઉભો હતો. તેની દરકાર કર્યા સિવાય તે વ્યક્તિ દ્વારની અંદર જવા લાગી. દ્વારરક્ષકે તે વ્યક્તિને રોકી અને તેનું ઓળખાણ તથા અંદર જવાનું કારણ પૂછ્યું. વ્યક્તિએ આસ્તેથી અને દ્વારરક્ષકને વિશ્વાસ પડે તેવા વિનય તથા વાણીથી કહ્યું:—“ ગરબડ ન કરશો. મહારાજની ખાસ ફરમાસથી મારે પન્હાળગઢથી તાબડતોબ અહીં આવે વખતે આવવું પડયું છે. મને ખાતરી જ હતી કે રસ્તામાં રોકાણ થશે. તેથી મહારાજ પાસે મેં દ્વારરક્ષકોને ખાતરી કરી આપવાની નિશાની જેવી વસ્તુ મંગાવી લીધી હતી. આ રહી —”

વ્યક્તિએ પોતાના ગજવામાં હાથ નાખ્યો અને સંભાજીની ન્હાની મુદ્રા તેણે બહાર કહાડીને દ્વારરક્ષકને બતાવી. દ્વારપાળ જરા ગૂંચવાયો. વ્યક્તિને અન્દર જવા દેવી કે નહિ, તે વિષે તે વિચારમાં પડયો. દ્વારપાળને વિચારમાં પડેલો જોઇ વ્યક્તિએ રૂઆબ બતાવતાં કહ્યું:—

"ક્યા શોચ કરતે હો—મિયાં સાબ! ક્યા કુચ્છ ઇન્સાન જૈસે ઇન્સાનપર વ્હેમ આતા હય? યાદ રખના, ખુદ્ રાજમહારાજકી તસ્બીરકી ભી તુમ પરવા નહિ કરોગે, ઔર મહરાજકે કામમેં કુછ ડખલ કરોગે, ઉન્હોકી જવાબદારી કે જવાબ તુમારે દેના હિ પડેગા."

'મિયાંસાબ' ને નવી પંચાત ઊભી થઈ. દ્વારપાળે જરાવાર વિચાર કરી જોયો. ધારી ધારીને તે વ્યક્તિ સામું તેણે નિહાળ્યા કર્યું: પછી મામલો ખુદાપર છોડીને તે વ્યક્તિને અન્દર પ્રવેશવાની છૂટ મળી.

વ્યક્તિએ છૂટકારાનો લાંબો દમ ખેંચ્યો અને ઉતાવળે ચરણે મહાલયના પ્રવેશદ્વાર તરફ વળી પ્રવેશદ્વારની અન્દર સાંકળ વસાયલી હતી. વ્યક્તિ અન્દર જવા ઇચ્છતી હતી. તેણે પ્રયોગ અજમાવ્યો. મુખદ્વારની બાજુમાં ન્હાના ગોખ અને જાળીઓ હતી તેનો, પગ મૂકીને ઉપર ચડવામાં તેણે ઉપયોગ કર્યો.

નિડરપણે અને સહીસલામત તે વ્યક્તિ ઉપર ચડી ગઇ. તેણે આસપાસ નજર ફેરવી. કશો ભય ન જણાયો. ઉંચે જોયું. તેની કૃતિ ઇશ્વિર નિરખી રહ્યો હોય તેવું તેને ન લાગ્યું. તારકગણ પણ વાદળાંની ભિતરે ભરાઇ ગયા હતા; કદાચ તેની કૃતિ પ્રત્યે તીરસ્કાર દર્શાવીને જ ભિતરે ભરાઇ ગયા હોય!

પોચા પોચા પદસંચારે તે વ્યક્તિ સંભાજીના શયનગૃહમાં દાખલ થઇ. સંભાજી ઘસઘસાટ ઉંઘતો હતો. પાસેના પલંગમાં યેસુબાઇ સૂતેલી હતી. તેના પાસામાં ફૂલ જેવું બાળક ઉંઘતું પડ્યું હતું. વ્યક્તિ ત્યાં આગળ એક ખૂણામાં ભરાઇ રહીને નિદ્રાધીન યુગલને અને યુગલની મધ્યમાંના બાળકને ટગર ટગર જોઇ રહી. પરન્તુ હવે ઝાઝો વિચાર કરવામાં તેને સલામતી ન લાગી. હળવે રહીને તેણે બાળકપરથી દૃષ્ટિ ખસેડીને સંભાજી તરફ ખૂની આંખ ફેરવીને છૂપાવેલું લોહી તરસ્યું ને જીવલેણ ખંજર બહાર કહાડી જમણા હાથમાં લીધું અને જમીનપર જાણે પગલું જ ન પડતું હોય તેટલી કાળજીપૂર્વક તે આગળ વધીને સંભાજીના શિર પાછળ ઊભી રહી. ખંજરવાળો હાથ ઉંચો થયો. પહેરેલા અંગરખાની બાંહ્ય ડાબા હાથવડે ઉંચી ચડાવી. ખંજરવાળો ઉંચો થએલો હાથ જેવો સંભાજીના હૃદયપર પડવા જાય છે, કે તરતજ સંભાજીએ ઉંઘમાં જ જરા પાસુ ફેરવ્યું. ઉપડેલો હાથ પાછો વળ્યો. વ્યક્તિ ત્યાંથી કોરે ખસી ગઇ. પ્રથમ જે ખૂણામાં જઇ ભરાઇ હતી, તે જ ખૂણામાં જઇને ખડી રહી. તેને તરંગો સૂઝ્યાઃ—"શું કરવું?

જેણે મારો ત્યાગ કર્યો છે તેનો જ જીવ લઉં, કે જે મારી હરિફ નિવડી છે, તે યેસુને જમીનદોસ્ત કરી દઉં? અથવા બન્નેને નજરો નજર દુઃખ દેખતાં ને દુઃખ ભોગવતાં બનાવવા સારૂ આ બાળકનો જ વધ કરૂં તો કેમ? હું ભૂલું છું. સંભાજીને મારી જ નાખવામાં મને શો લાભ મળવાનો છે? તે જીવતો રહે અને મારો ચમત્કાર જુએ, ને ચમત્કારથી નમસ્કાર કરીને વળી પાછો તે મારો જ રહે, તો મને લાભ: માટે તેને તો ન જ મારી નાખવો. ત્યારે યેસુને? બાપડી યેસુનો શો વાંક? અહા! કેવી તેની વિશ્વાસભરી આંખો! શી તેની મમતા ને સ્નેહભરી મુખાકૃતિ! અબળા જાતનું ખૂન—મારે હાથે! જા રે જીવ, કેટલું જીવ્યા સારૂ? ત્યારે શું કરવું? પાછા જ ફરવું? આટલુ જોખમ ખેડીને અહીં સુધી આવેલો જીવ એમને એમ તે પાછો ફરતો હશે? હૃદય કેમ ધડકી રહ્યું છે? દરિયામાં દોટ મૂકયા પછી ડર શો? થાય તે ખરૂં. મરૂં છું કે તરૂં છું—હેતુ સધાય છે કે હિત માર્યું જાય છે. તૈયાર થા— ખંજર! પણ—પણ—અરે! ખંજરનો ઉપયોગ શા વાસ્તે!! હં, એ જ વિચાર ઠીક છે. કોઇનો જીવ નથી લેવો. છાનામાના આ બાળકને જ ઉપાડી ચાલ્યા જવું. દહાડો ઉગતાં હો હા થઇ રહેશે. બાળક મારા કબજામાં રહેશે, તો સંભાજીને પણ કબજામાં લઇ શકાશે. બાળક મારી પાસે છે, એવું હું કોઇને જાણવા દઇશ ત્યારે જ ધાસ્તીનો સંભવ છે ને?"

વ્યક્તિ છેલ્લા વિચારને અમલમાં મૂકવાને તૈયાર થઇ. તેણે ગજવામાંથી મોટો રૂમાલ બહાર કહાડયો. તેનાપર કંઇક દવા છાંટી અને વિદ્યુતવેગે પણ પોચા પગલે એકદમ સુતેલા બાળક આગળ જઇ પહોંચી. જાળવીને બાળકના મ્હોંપર રૂમાલ વીંટી લીધો અને તેનું મ્હોં બંધ કરી તરત જ તેને હાથમાં લઇ લીધું. જીવ લેવા આવેલા કોઇ યમરાજના ગણ જેવી તે વ્યકિત સડસડાટ કરતી સીધે દાદરે થઇને હેઠળ ઉતરી પડી અને પૂરપાટ વહેતો નદીનો જળ પ્રવાહ જેમ પાછું વાળીને જોયા સિવાય આગળ ગતિ કરે છે, તેમ બને તેટલી ઉતાવળથી પણ પૂરી હિંમતપૂર્વક ઉંઘતા બાળકને ઉપાડી લઇ વ્યકિત રાજમહાલયની બહાર નીકળીને મુખદ્વાર સુધી આવી પહોંચી.

તે વખતે મૂખદ્વારનો દ્વારપાળ ઝોકાં ખાતો દરવાજા આગળ ખડો રહેલો જ હતો. વ્યકિત તેને જોઇને જરા સંકોચ પામી અને તેણે કતરાતો રસ્તો લીધો. દ્વારરક્ષકની પૂઠ પાછળ તે જઇ પહોંચી. ચાલતાં ચાલતાં જ તેને વિચાર થતો હતો, કે બાળકને લઇને બહાર નીકળવું હવે સલામત નથી. દ્વારપાળને શક ગયા સિવાય રહેશે નહીં. હવે જો જરા પણ ગરબડ થઇ, તો બાજી કથળી જવાની; વ્યકિતએ શકનું કારણ જેનાદ્વારા ઉપસ્થિત

થયાનું જણાયું, તે કારણ જ નષ્ટ કરવાનું આ વખતે યોગ્ય ધાર્યું. તરત જ તેણે પેલું લોહીતરસ્યું ખંજર બહાર કહાડયું. હાથમાંના બાળકને બાજુપર આસ્તેથી સુવાડયું અને પૂઠ પાછળથી એકાએક દ્વારપાળ તરફ દોડી જઇ પાછળથી જ તેને ખંજર ખોસી દઇ જમીનપર પાડયો. વ્યક્તિનો માર્ગ સાફ થયો. બાળકને ઉપાડી લઇ, તે મૂખદ્વારની બહાર સડસડાટ નીકળી છૂપાતે પગલે ચાલતાં ચાલતાં રાયગઢના મૂખ્ય દરવાજા સુધી જઇ પહોંચી. દરવાજાવાળાના હાથમાં નાણું પડયું અને "પેલી સંન્યાસિની દેવીએ મારા માંદા-ધાવણા બાળકને સાજો કરવા આ વખતે જ તેને ત્યાં લઇ આવવાનું જણાવેલું હોવાથી બાગીરાતે નીકળવું પડયું છે-" એમ કહી દ્વારપાળને થનાર શંકાને એટલેથી જ અટકાવી.

આ પ્રમાણે ઘોર અન્ધારી રાતે, સંભાજીના રાજ મહાલયમાંથી, સંભાજી અને યેસુબાઈની સુરક્ષિતામાંથી રાજબાલને ઉપાડી, તે વ્યકિત સહીસલામત રાયગઢના દરવાજા બહાર નીકળી પડી અને પોતાની કૃતિની સફળતાના બદલામાં તે ઘોર અન્ધારી રાતને એ દ્વારપાળનો ભોગ ધરાવતાં પણ તે ન ચૂકી કે ન સંકોચાઇ.

"કહીં તું જાય છે દોરી, દગાબાજી કરી કિસ્મત!" મર્હુમ મણિલાલ નભુભાઈ દ્વિવેદીના પ્રસ્તુત કાવ્ય પ્રમાણે તે ખૂની ને ઘાતકી વ્યકિતને હવે તેનું કિસ્મત કયાં દોરી ગયું, તે જાણતા પહેલાં સંભાજીના રાજ્ય મહાલય તરફ ફરી ડોકિયું કરી આવીએ. સંભાજીએ પોતાની સ્વપ્નલીલાની કથા જ્યારથી યેસુને કહી હતી, ત્યારથી તેના અંતરમાં એ સ્વપ્નકથા કોરા કાગળપર પડતા શુદ્ધ અક્ષર પેઠે કોતરાઇ હતી. તે સ્વપ્નલીલાનું સ્મરણ હૃદયના પ્રત્યેક ધડકારે તેને થતું હતું. સવારનાં સ્મરણો સ્વપ્નો નિપજાવે છે, એ લોકમંતવ્ય ખોટું નથી. યેસુ આજે સ્વપ્નાધીન બનેલી હતી. તેની સ્વપ્નલીલા સંભાજી કરતાં જૂદી જ તરેહની હતી. જાણે તેની નજર આગળ વનની પાંખાળી દેવીઓ ઉડતી આવીને ઠરી હોય તેવું દૃશ્ય તેણે દીઠું. યેસુ સ્વપ્નદશામાં તે દેવીઓને ચરણે પડી અને નમન કર્યું; તે સાથે આદેશ પ્રચ્છયો. દેવીઓએ યેસુના મસ્તકપર હાથ મૂકી કલ્યાણ આશિષ દીધી અને આદેશ આપ્યો કે "સંભાજી તો પ્રજાપાલક છે, પણ સંભાજીની યે ગૃહરાજ્ઞી તો તું છે; સંભાજીને તું એટલું જરૂર ઠસાવજે, કે સમસ્ત પ્રજાને સમશેરથી નહિ, પણ સ્નેહથી જ જીતાયલી રાખી શકાય છે; અને રાજ્યલોભ કોઇ લૂંટારૂના તુચ્છ કહેવાતા લોભ કરતાંયે વધારે હીન દશાએ પહોંચાડનાર છે; રાજા જો પોતાપણું ભૂલીને કેવળ સ્વાર્થી કે વહેપારી

ર્તિ રાખે, તો તેનામાં ને લૂંટારૂમાં જરાય તફાવત નથી, બલ્કે લૂંટારૂ કરતાં પણ તેવો નૃપાલ વધારે અધમ બને છે—" આટલું યેસુએ સાંભળ્યું, એટલામાં તો દેવીઓ અલોપ થઈ ગઇ અને તેની આંખ આગળ નૃપાલ અને લૂટારૂવાળી લોકમશહુર કથાનું દૃશ્ય ખડું થયું. તેની એને એટલી બધી અસર થઇ, કે તરત જ સંભાજીને પોતાની પાસે બોલાવી, પ્રસ્તુત દૃશ્ય બતાવવાની તેને તીવ્ર ઇચ્છા થઇ અને સ્વપ્નદશામાં જ તેણે બેબાકળા ચહેરે બૂમ પાડી.

બૂમ સાંભળતાં જ સંભાજી જાગી ઉઠયો. યેસુના સ્વપ્નમાં ભંગાણ પડ્યું અને તે પણ જાગી ગઈ. સંભાજીએ બૂમનું કારણ પૂછ્યું; યેસુએ સ્વપ્નદશાની વિગત કહી સંભળાવી. સ્વપ્નની પરમ્પરા જોઇ સંભાજી તાજુબ થતો હતો, તેટલામાં જ યેસુનું ધ્યાન બાલક શૈયા તરફ ખેંચાયું. સંભાજીની તાજુબી બીજી દિશા તરફ ફેરવાઇ ગઇ. બન્ને જણ કાષ્ટપુતળીવત સ્તબ્ધ થયાં. "બાળક ક્યાં? આ પણ કોઇ નવીન સ્વપ્નદશા તો નથી ને?"

યેસુના મુખના કરુણ ઉદ્ગારો અને સંભાજીના અંતરનો ઉકળાટ બન્ને ક્રિયાઓનો ખ્યાલ શબ્દોદ્વારા બરાબર તો નજ આપી શકાય, ખચીત આ પણ સ્વપ્ન જેવો જ બનાવ બન્યો હતો ને?

સંભાજીએ એકદમ સિપાહીને હાંક મારી. થોડીવારમાં આખા રાજ-મહાલયમાં હાલાકાર ને ઘોંઘાટ મચી ગયો. ઘોડેસ્વારો સજ્જ થઇ ગયા. તે જ વેળાએ ચિટણીસ બાળાજીને બોલાવવામાં આવ્યા. અણધાર્યું ને અતિ કુતુહલતા ઉપજાવનારૂ કૌતુક બનેલું જાણી ચિટણીસ પણ આભા થઇ ગયા. પોતે પાકા મુત્સદ્દી હતા, પણ આ બનાવ વિષે તેમનાથી તરત કાંઇ અનુમાન કરી શકાયું નહિ.

રાતોરાત ચારે દિશાએ માણસો દોડવવાનો ક્રમ રચાયો. એટલામાં જ સુખકારના દ્વારપાળનું ખંજરવડે ખૂન થયું હતું, તેની ખબર પડી. ચિટણીસ અને ખુદ સંભાજી પોતે તે ખૂનવાળી જગાએ જઇ પહોંચ્યા. સૂક્ષ્મ રીતે જોવામાં આવતાં દ્વારપાળ મરણ પામેલો ન હતો, તેવી ખાતરી થઇ. દ્વારપાળે, મહા પ્રયત્ને કોઈ તરૂણ યુવક બાળકને ઉપાડી લઇ ગયો છે, એમ સમ-જાવ્યું– અડધુંપડધું બોલ્યો ન બોલ્યો ને ખોળિયામાંથી તેનો જીવ ઉડી ગયો– જાણે આટલો સન્દેશો કહેવા પુરતો જ જીવ ટકો હોય!

ત્યાંથી આગળ ચાલતાં રાયગઢના દ્વારપાળની આગળ પૂછપરછ થઇ. તેના ગલ્લાંતલ્લાં અને ભય પામતી વાણીથી ચિટણીસને શક પડયો. સિ-પાહીઓએ દ્વારપાળને, હુકમ થતાં ચોદમું રત્ન ચખાડવા માંડ્યું. દ્વારપાળે

પોતે જે જાણતો હતો તે કહી દીધું કે કોઇ તરૂણ યુવક, પોતાના હાથમાં બાળક લઇ સંન્યાસિનીને ત્યાં ગયો હતો.

આ ભેદ કોઈનાથી સમજી શકાયો નહીં. સંભાજી ગંભીર વિચારમાં પડી ગયો. મુત્સદ્દી ચિટણીસે અટકળ કરવા માંડી. પોતાની સાથે થોડાક વિશ્વાસુ સિપાહીઓ લઇને ચિટણીસે પરિશોધ માટે નીકળી પડવાનો નિશ્ચય કર્યો અને સંભાજીને રાજમહાલય તરફ વિદાય કરવામાં આવ્યો. જતી વેળાએ ખાનગી રીતે ચિટણીસે સંભાજીને પૂછી લીધું:–"મોહિની, એજ સંન્યાસિની ને?"

"જ્યાં આપણે ગયા હતા એ જ તે."

"મામલો મારા ધ્યાનમાં આવે છે; આપે મોહિની સાથે કરેલી વાતચીત બરાબર સ્મરણમાં છે, બધી જ વાત સ્મરણમાં છે?"

"અત્યારે મારૂં મગજ ઝેર મારી ગયું છે. 'બાળક' સિવાય મારા મગજમાં-મનમાં કે ચિત્તમાં બીજું કાંઇ જ નથી. તમે મને શું પૂછો છો તે જ મારાથી કળી શકાતું નથી!"

સંભાજીએ મગજનું સમતોલપણું ગુમાવ્યું છે, એમ જણાતાં ચિટણીસે તેની સાથે વધુ વાતચીત કરી નહી. ચિટણીસે સંભાજીનું મુદ્દાની વાતપર ધ્યાન ખેંચ્યું, કે "મોહિની પ્રત્યેનો પ્રેમ ઝબકદીવા જેવો જણાવવામાં આવ્યા પછી મોહિનીના શબ્દો, "દીવો કદાચ ભડકો ન કરે," એ મતલબના નીકળેલા હતા. તે શબ્દો આબાદ વ્યંગમાં જ બોલાયલા હોય તેવો તે વખતે જ મને ભ્રમ થયો હતો તે ભ્રમ નહિ પણ ચોક્કસ વાત છે, એમ હવે મને લાગે છે. બાલકની ચોરીના કારસ્થાનમાં મોહિનીનો જ હાથ કે તેની જ પ્રેરણા હોવી જોઇએ."

આ અટકળ સાંભળીને તરત જ મોહિની (સંન્યાસિની) ના મુકામે ઘોડેસ્વારો દોડાવવામાં આવ્યા; થોડી જ વારમાં તેઓ વિલા વદને પાછા ફર્યા. મુકામ ખાલી હતો. ત્યાં 'સન્યાસિની' હતી જ નહીં! તે પરથી ચિટણીસનું અનુમાન દૃઢતર થયું. સંભાજી વગેરેને મહાલય તરફ વિદાય કરવામાં આવ્યા અને પોતે થોડાક વિશ્વાસુ સ્વારો સાથે દરવાજા બહાર તપાસ વાસ્તે નીકળી પડયા.

રાયગઢનો દરવાજો વટાવીને એકાદ છેતરવા જેટલે આગે જતાં કાંઇક ગરબડાટ થતો સાંભળવામાં આવ્યો. ઘોડેસ્વારો સાથે ચિટણીસ, ગરબડાટના આવતા અવાજવાળી દિશા તરફ વળ્યા. ત્યાં સાધુઓની જમાત પડી હતી.

"રામ નામ તું ભજ લે પ્રાણી! કયું મગરૂરી કરતા હય" નામના ભજનની ધૂન એક બાજુ ચાલતી હતી, અને બીજી બાજુ સાધુઓના ન્હાનકડા મંડળમાં જુદી જ ધમાલ મચી રહી હતી. મધ્યભાગમાં છાણાં અને લાકડની ધૂણીવાળું તાપણું ધીમું ધીમું સળગ્યા કરતું હતું. ગાંજાની ચલમો ફૂંકાતી હતી અને ચલમ ફૂકતાં ફૂકતાં સાધુ જમાતનો આગેવાન કુતુહલ દૃષ્ટિએ વાત સાંભળી રહ્યો હતો.

હકીકત એવી હતી કે રાયગઢનો દરવાજો વટાવીને આગળ વધેલી પેલી વ્યક્તિને, આટલી રાતે ક્યાં ભરાઇ રહેવું, તે વિષે ગંભીર વિચાર થયો હતો. વિચારમાં ને વિચારમાં સાધુની પડેલી જમાત સુધી તે જઇ પહોંચી. તેને એક જ વિચાર ગોઠ્યો, અને તે એ કે સાધુની જમાત ભેગા અત્યારે ભળી જવું; તે રસ્તો તેને સલામત લાગ્યો. જમાત આગળ જઇને તેણે 'આપવીતી' કહેવા માંડી હતી. "હવે પોતે સાધુ થઇ જવા ઇચ્છે છે અને ગુરૂદીક્ષા લઇને આજથી જ જમાત ભેગાં ભળી જવાનું નક્કી કર્યું છે, સંસાર પ્રત્યે અભાવ ઉત્પન્ન થવાથી રાત્રે જ સંસાર છોડી નીકળી જવાનું સગવડભર્યું પગલું ધારવામાં આવ્યું છે અને જે જ્ઞાન મને માંડું થયું છે, તે જ્ઞાન મારા આ બાળકને બચપણથી જ મળે અને સંસારની મોહમાયાની જાળમાં તે નહિ ફસાતાં યોગમાર્ગી બને, તેટલા માટે તેને સાથે જ લેતો આવ્યો છું." ઇત્યાદિ કૃત્રિમ આપકથા તે વ્યક્તિ કરી રહી હતી અને સાધુ જમાતનો આગેવાન તેના સાથીઓ સાથે તે વ્યક્તિની કથા એક ચિત્તે પણ શંકિત દૃષ્ટિયે સાંભળી રહ્યો હતો.

વ્યક્તિની માગણીનો સ્વીકાર કરવો કે નહિ, તેનો નિર્ણય થતામાં તો ચિટણીસ અને સ્વારદળ ત્યાં આગળ જઇ ચડ્યું. હજુ મૂર્છાની દવાવાળા રૂમાલની અસર ઉતરી ગએલી નહિ હોવાથી બાળક ઘેનમાં હતું. વ્યક્તિ વાત કરતી હતી, તે દરમિયાન દૂરથી ઘોડાના પગના ડાબડા બખડતા સંભળાયા. વાત કરતાં કરતાં તેની જીભ તોતડાવા લાગી. તેના પગ ધ્રૂજવા લાગ્યા. તે ગભરાઇ, અહીંથી એકદમ જતા રહેવાનો મનસુબો કર્યો. સાધુની જમાત, તેની આવી વૃત્તિઓ જોઇ અચૂક વ્હેમાઇ.

પરન્તુ હવે વિશેષ ચોકસાઈ કરવા જેવું રહ્યું ન હતું. ઘોડેસ્વારો સાથે ચિટણીસ જમાતના પડાવવાળા સ્થળે આવી પહોંચ્યા. એક ઘોડેસ્વારે જમાતના આગેવાન આગળ જઇને ધમકી આપતાં રીતસર પડપૂછ કરી: "કેટલા વખતથી અહીં જમાત પડી છે, અહીંથી પડાવ ક્યારે ઉઠવાનો છે, દિવસના વખતમાં ખાસ કરીને કોની કોની આવ-જા હોય છે, આજે

કોણ કોણ બાળકો સાથે આવ્યું હતું–" આટલા પ્રશ્નો તો પૂરા નીકળ્યા ય નહતા, અને ઘોડેસ્વારની નજર પેલી વ્યક્તિ તરફ પડી.

ઘોડેસ્વારની નજર વ્યક્તિપર પડવી, અને ચિટણીસનું જમાતની અન્દર આવવું, બન્ને ઘટના એક સાથે જ બની. ચિટણીસને તે વ્યક્તિપર ચોક્કસ વ્હેમ ગયો. તેને એકદમ કબજે કરવાનો હુકમ થયો. આખી જમાતને ઘોડેસ્વારોએ ઘેરી લીધી; પરંતુ જમાતના આગેવાન પાસેથી, પેલી વ્યક્તિએ જે કાંઇ ગોઠવીને વાતચીત કરી હતી, તે ખરેખરી કહી સંભળાવી, તે પરથી ચિટણીસે જમાતને આ કામથી નિર્દોષ ઠરાવી તેના પરનો કાબુ ઉઠાવી લેવામાં આવ્યો અને હાથમાં રાખેલા બાળકવાળી વ્યક્તિને લઇને ઘોડેસ્વારો સાથે ચિટણીસ ત્યાંથી પાછા ફર્યા.

રાજબાળને પાછો મળેલો જોઇ સંભાજી અને યેસુને આનન્દ કેટલો થયો હશે, તે વગર જણાવ્યે જાણી શકાય એવી સ્પષ્ટ વાત છે. બીજે દિવસે ભર્યા દરબારમાં નહિ, પણ રાજમહાલયમાં જ તે વ્યક્તિની તપાસ ચાલી. વ્યક્તિને ઉગરવાનો હવે એકકેય રસ્તો રહ્યો નહતો, એમ તેને લાગ્યું હતું, એટલે ખરેખરી કથની તેણે કહી સંભળાવી. પ્રથમ તો તેણે કૃત્રિમ વેષ કહાડી નાખ્યો. તેનું ખરૂં સ્વરૂપ ખુલ્લું થતાં જ સંભાજી તાજુબ થયો. તે બોલ્યોઃ–" મોહિની ! આ તારૂં જ કારસ્થાન ?"

" જી. મને–આજ સુધી સાથે જ રહેલીને–એકદમ ઉતરેલા ફૂળ પેઠે ત્યજી દેવાથી આવી મતિ સુઝી હતી. ગુસ્સાવેશમાં ભૂડું કામ થઇ ગયું છે. એકવારની આપની પ્યારી મોહિની હવે અપરાધિણ બનીને ઉભી છે. સજા દેવા અધિકારી છો. સજા સહેવા હું તૈયાર છું. બીજી બધી વાતો હવે કુવામાં નાખી દેશો ?"

મોહિનીએ મન મારીને રૂંધાતે કંઠે કહ્યું.

" સુવર્ણ તે સુવર્ણ ને પિત્તળ તે પિત્તળ; મહારાજ! સ્નેહ અને મોહ વચ્ચેનો પ્રત્યક્ષ ભેદ મોહિનીએ આજે સ્વદૃષ્ટાંતથી પુરવાર કરાવી આપ્યો છે; એને શી સજા કરશો ?"

ચિટણીસે સંભાજીને પૂછ્યું.

" જ્યાં સુધી તને ચાહતો હતો ત્યાં સુધી તું મને મ્હોં માગ્યો આનન્દ દેતી હતી; મોહિની! ચાહવાનું બન્ધ થતાં ઉલટું જ પરિણામ દેવા તૈયાર થઇ; આ તારો પ્રેમ ? તું એવા પ્રેમથી જ મને પુનઃ મળવા સારૂ સંન્યાસેની થઇને રાયગઢમાં અડીંગા લગાવીને પડી હતી ? કહે, સંન્યાસિની બનીને કેટ કેટલી ભોળી પ્રજાને તેં ઠગી છે ?"

"પ્રજાને ઠગવા માટે મારો વેપાન્તર ન હતો. આપની એક વાર હતી, ને હજુયે આપની જ થઇ રહેવા માટેનું એ નાટક હતું; પણ હવે તે ઉમેદ તો કથળી ગઇ. મારૂં સઘળું જીવનનાટક આજથી ધુળધાણી થઇ ગયું છે. હવે જીવવું–ન જીવવું સરખું છે. મ્હોડે માગીને ભારેમાં ભારેય નહિ, પણ આપને જ હાથે મોતની મને સજા થાય એમ માગી લઉં છું–કાંઇ નહિ તો એક વખતના મારા પ્રિયના હાથથી મોત થયું, એટલી ભાવનાવડે પણ મને મરતાં મરતાં સંતોષ મળશે." મોહિનીએ કહ્યું.

"અને તને સજા ન કરૂં, તો હવે તું શી રીતે બાકીનું જીવન ગુજારવા ઇચ્છે છે?" સંભાજીએ પુછ્યું.

"દ્વારપાળનું ખૂન કરનાર જીવતી રહું, તેવી સજા જ કેમ થાય? મને શું કરવા એવું એવું પૂછવામાં આવતું હશે?"

"કેમ કે તારા કર્મનો તને પશ્ચાતાપ થયો છે. તારો જીવ તો હું ન જ લઇ શકું. અધિકાર તો જીવ દેનારને જ છે–બોલ, મોહિની!"

"આપ મને જીવતી જ રાખો, તો જે આજ્ઞા કરશો, તે મુજબ મરૂં ત્યાંસુધીનું જીવતર પૂરૂં કરીશ."

આટલો નિખાલસ દિલનો ખુલાસો સાંભળ્યા પછી ચિટણીસની સલાહ પ્રમાણે મોહિનીને હદપારની સજા થઇ અને બધી વાસનાઓ સંયમબળે ભૂલીને ભગવદ્ભજનમાં જીવન વહન કરવાનું સૂચન થયું. તેની માલ મિલ્કત જપ્ત કરવામાં આવી, તે જે દ્વારપાળનું ખૂન કરવામાં આવ્યું હતું, તેના કુટુમ્બને આપી દેવામાં આવી અને સંભાજીના રાજ્યાભિષેક પછી, મોહિની રૂપ જે ન્હાનો મોહ કંટક રહ્યો હતો, તેનો પણ આ પ્રમાણે નિકાલ થયા પછી તેમ જ સ્વપ્નલીલામૃતનું પાન કરી પાવન થયા પછી સંભાજીએ પોતાનું શાસન પ્રવર્તાવવા માંડ્યું.

સમાપ્ત.

' [illegible] ' ની ભેટ

પુસ્તકનું નામ	[illegible]
* [illegible]	[illegible]
[illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
* [illegible]	[illegible]
[illegible]	[illegible]

* આ [illegible]